# પરમેષ્ઠિ નમસ્કાર

અને

# સાધના

卐

લેખક :

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

# પરમેષ્ઠિ નમસ્કાર

## અને

# સાધના

: લેખક :

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

: પ્રકાશક :
શ્રી નમસ્કાર મહામંત્ર આરાધક મંડળ
ઠે. મહાવીર નગર, ઝવેરી સડક, બંગલો
નં. ૧૬, નવસારી (ગુજરાત)

આવૃત્તિ ત્રીજી
વિ. સં. ૨૦૩૧
વીર સં. ૨૫૦૧
નકલ ૧૧૦૦

મૂલ્ય-રૂા. ૩=૫૦

: મુદ્રક :
શાહ મણિલાલ છગનલાલ
ઠે. ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧

# પરમેષ્ઠિ નમસ્કાર

## વિષયાનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | શ્રી નમસ્કાર મહામંત્રની લોકોત્તરતા | ૩ |
| ૨ | શ્રી નમસ્કાર મહામંત્રની સર્વદૃષ્ટિતા | ૧૧ |
| ૩ | પંચપરમેષ્ઠિ નમસ્ક્રિયાનો પ્રભાવ | ૧૪ |
| ૪ | શ્રી નમસ્કાર મહામંત્રની અચિંત્ય કાર્યશક્તિ | ૧૬ |
| ૫ | શ્રી નમસ્કાર મહામંત્રની વ્યાપકતા | ૨૦ |
| ૬ | નમસ્કાર મનુષ્યનો સ્વભાવસિદ્ધ ધર્મ | ૩૦ |
| ૭ | નમસ્કાર મહામંત્રની સર્વશ્રેષ્ઠ ઉપાદેયતા | ૩૮ |
| ૮ | નમસ્કારની ધારણા | ૪૮ |
| ૯ | નમસ્કાર મહામંત્રનું ધ્યાન | ૫૧ |
| ૧૦ | શુભ ધ્યાનના પ્રકારો અને નમસ્કાર મહામંત્ર | ૫૬ |
| ૧૧ | ભાવમંગલ શ્રી નવકાર | ૬૩ |
| ૧૨ | શ્રી નવકારનું આહ્વાન–ઘોષણા | ૬૭ |
| ૧૩ | સ્વાધ્યાય અને નવકાર | ૬૯ |
| ૧૪ | નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૧) | ૭૩ |
| ૧૫ | નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૨) | ૭૭ |
| ૧૬ | નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૩) | ૮૨ |
| ૧૭ | નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૪) | ૯૦ |
| ૧૮ | નમસ્કાર મહામંત્રનો ઉપકાર (૫) | ૯૬ |
| ૧૯ | શ્રી નવકારમાં નવ રસો | ૧૦૭ |
| ૨૦ | શ્રી નમસ્કારની મંત્રમયતાનાં શાસ્ત્રીય પ્રમાણો | ૧૧૭ |
| ૨૧ | નમસ્કાર મહામંત્ર અંગે પ્રશ્નોત્તરો | ૧૨૬ |
| ૨૨ | મંગલ માર્ગદર્શન | ૧૩૩ |

## પરિશિષ્ટ ૧ થી ૮

(૧) શ્રી પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર સાર્થ ૧૩૭
(૨) આત્મરક્ષાકરં વજ્રપંજરાખ્યં મહા સ્તોત્રં સાર્થ ૧૩૮
(૩) શ્રી મહાનિશીથ સૂત્રોક્ત નામગ્રહણનો વિધિ અને ફળ ૧૪૧
(૪) યોગબિન્દુ ગ્રન્થોક્ત શ્રી નમસ્કારનો મહિમા અને જપનું વિધાન ૧૪૨
(૫) નમસ્કારના અર્થની ભાવના યાને નમસ્કારનો બાલાવબોધ ૧૪૭
(૬) શ્રી પંચપરમેષ્ઠિ બાલાવબોધ ૧૫૮
(૭) મનોવિજ્ઞાનની દૃષ્ટિએ શ્રી નમસ્કાર મહામંત્ર ૧૬૮
(૮) મંત્ર–જપ ૧૭૯
સાધના ૧૮૫

# પ્રકાશકનું નિવેદન

શ્રી '**પરમેષ્ઠિ નમસ્કાર**'ની આ ત્રીજી આવૃત્તિ છે. બીજી આવૃત્તિ પ્રગટ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી ગઈ હતી. ત્યાર પછી તેની ખૂબ જ માગણી ચાલુ હતી. એથી આ નવી આવૃત્તિ પ્રગટ થાય છે.

પરમપૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી **ભદ્રંકરવિજયજી** ગણિવરશ્રીએ, મહામંત્ર શ્રી નવકાર ઉપર ખૂબ જ ચિંતન, મનન અને નિદિધ્યાસન કર્યું છે. આજ સુધીમાં આ વિષય ઉપર તેઓશ્રીએ '**નમસ્કાર મહામંત્ર**,' '**અનુપ્રેક્ષા**' **કિરણ ૧-૨-૩** આદિ મનનીય અને ચિંતનશીલ સાહિત્યનું સર્જન કર્યું છે.

જગતના જીવો શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના દ્વારા કલ્યાણમાર્ગે વળે, એ હેતુથી આ શ્રી '**પરમેષ્ઠિ નમસ્કાર**' ગ્રન્થનું પણ સુંદર અને સરળ, સુવાચ્ય શૈલિમાં તેઓશ્રીએ સર્જન કર્યું છે. આ આવૃત્તિમાં પાછળ '**સાધના**' નામક પુસ્તિકાનું લખાણ પણ દાખલ કરવામાં આવ્યું છે.

સૌ કોઈ તેના વાચન-મનન દ્વારા શ્રી નવકાર મહામંત્રના પ્રભાવને જાણી, શ્રી નવકાર પ્રત્યે આદર-બહુમાનવાળા બની, તેની આરાધનામાં ક્રમે ક્રમે આગળ વધી, અંતે તેમાં એકતાર થઈ આત્મકલ્યાણને સાધનારા બનો, એ જ અભ્યર્થના.

**પ્રકાશક.**

# શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા

**जिणसासणस्स सारो, चउदस पुव्वाण जो समुद्धारो।**
**जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ॥१॥**

**અર્થ**–શ્રી નવકાર એ શ્રી જિનશાસનનો સાર છે અને ચૌદ પૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે. તે (નવકાર) જેના મનને વિષે સ્થિર છે, તેને સંસાર શું કરે? અર્થાત્ સંસાર તેનું કાંઈ પણ અનિષ્ટ કરવા સમર્થ નથી. (૧)

**भोयणसमये शयणे विबोहणे पवेसणे भए वसणे।**
**पंचनमुक्कारं खलु सुमरिज्जा सव्वकालंपि ॥२॥**

**અર્થ**–ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ સમયે, ભય સમયે, કષ્ટ સમયે અને વળી સર્વ સમયે, ખરેખર પંચ નમસ્કારનું સ્મરણ કરવું જોઈએ. (૨)

**नवकार एक्क अक्खर पावं फेडेइ सत्त अयराइं।**
**पन्नासं च पएण पणसयसागर समग्गेणं. ॥३॥**

**અર્થ**–નવકારનો એક અક્ષર સાત સાગરોપમના પાપનો નાશ કરે છે. એક પદથી પચાશ અને સમગ્ર નવકારથી પાંચ સો સાગરોપમના પાપ નાશ પામે છે. (૩)

**एसो मंगल निलओ भव विलओ सयल संघ सुहजणओ।**
**नवकार परम मंतो चिंतियमित्तो सुहं देइ ॥४॥**

**અર્થ**–પરમ મંત્રસ્વરૂપ આ નવકાર મંગલના ઘરસમાન છે, ભવનાશનું કારણ છે, સકળ સંઘને સુખ ઉત્પન્ન કરનાર છે અને ચિન્તવવા માત્રથી સુખ આપે છે. (૪)

# પ્રસ્તાવના

## (બીજી આવૃત્તિમાંથી)

'પરમેષ્ઠિ નમસ્કાર' નામના આ પુસ્તકમાં નમસ્કાર સંબંધી કેટલાક અગત્યના વિચારોનો સંગ્રહ છે. શ્રી 'પંચપરમેષ્ઠિ નમસ્કાર' એ શ્રી જૈનશાસનનું અણમોલું રત્ન છે. જ્યારે ઘરમાં આગ લાગે, ત્યારે બુદ્ધિમાન મનુષ્ય જેમ બીજી બધી વસ્તુઓનો ત્યાગ કરીને સઘળી આપત્તિઓનો પાર પમાડવામાં સમર્થ એવા એક જ મહારત્નને ગ્રહણ કરે છે, તેમ શાસ્ત્રો કહે છે કે–ધીર બુદ્ધિવાળા અને ઉત્તમ લેશ્યાવાળા સાત્ત્વિક પુરુષો સર્વનાશના સમયે અનન્ય શરણ્ય દ્વાદશાંગના રહસ્યભૂત એવા આ એક જ 'પરમેષ્ઠિ નમસ્કાર' રૂપી મહારત્નને ગ્રહણ કરે છે. પરમેષ્ઠિ નમસ્કાર રૂપ ભાવરત્નનું મૂલ્ય સમજવું ઘણું કઠિન છે. એને સમજવા માટે જેટલું વિચારાય અને લખાય તેટલું ઓછું છે. કેવળ શબ્દો અને વિચારો વડે જ તેનું માપ કાઢવું દુષ્કર છે. એનું મૂલ્ય સમજાવવા માટે શાસ્ત્રકાર ભગવંતોને પણ ઉપમાઓ અને રૂપકોનો આશ્રય લેવો પડ્યો છે. જેમ કે– પાપરૂપી પર્વતને ભેદવા માટે વજ્રસમાન, કર્મરૂપી વનને બાળવા માટે દાવાનળસમાન, દુઃખરૂપી વાદળોને વિખેરવા માટે પ્રચંડ પવનસમાન, મોહરૂપી દાવાનળને શાન્ત કરવા માટે નવીન મેઘસમાન, અજ્ઞાનરૂપી અંધકારને ટાળવા માટે મધ્યાહ્નના સૂર્યસમાન, કલ્યાણરૂપી કલ્પવેલડીના અવંધ્ય

બીજસમાન, દારિદ્રરૂપી કંદને જડ-મૂળથી ઉખેડવા માટે વરાહની દાઢાસમાન, સમ્યક્ત્વરૂપી રત્નને ઉત્પન્ન થવા માટે રોહણાચલની ધરતીસમાન, વગેરે અનેક ઉપમાઓ વડે 'પરમેષ્ઠિ નમસ્કાર'ને શાસ્ત્રકારોએ બિરૂદાવ્યો છે-તેને ઓળખાવવા માટે પ્રયાસ કર્યો છે. શ્રી નવકાર ફળ પ્રકરણમાં કહ્યું છે કે—

**किं एस महारयणं, किं वा चिंतामणिव्व नवकारो ।**
**किं कप्पदुमसरिसो, नहु नहु ताणं वि अहिययरो ॥१॥**

'પરમેષ્ઠિ નમસ્કાર' એ શું મહારત્ન છે? અથવા ચિંતામણિ સમાન છે? અથવા કલ્પવૃક્ષસમાન છે? નહિ, નહિ! એ તો સૌથી પણ અધિકતર છે. ચિંતામણિરત્ન અને કલ્પતરુ વગેરે એક જ જન્મમાં સુખના હેતુ છે, જ્યારે શ્રેષ્ઠ એવો નવકાર તો સ્વર્ગાપવર્ગને આપનારો છે.

રૂપકો અને ઉપમાઓ વડે 'પરમેષ્ઠિ નમસ્કાર'નો મહિમા કાંઈક અંશે બુદ્ધિગોચર થાય છે, તો પણ તેનો ખરો મહિમા સમજવાનું એકનું એક સાધન તો તેની વિધિયુક્ત અખંડ આરાધના છે. શ્રી મહાનિશિથસૂત્રમાં તે વિધિ બતાવતાં કહ્યું છે કે-

**तिविहकरणोवउत्तो, खणे खणे सीलसंजमुज्जुत्तो ।**
**अविराहिअवयनियमो, सो वि हु अइरेण सिज्झेज्जा ॥१॥**

ત્રણ કરણોથી (મન-વચન-કાયાથી) ઉપયોગવાળા થઈને, પ્રતિક્ષણ શીલ અને સંયમમાં ઉદ્યમી રહીને તથા વ્રત

અને નિયમોનું અખંડ પાલન કરીને જે શ્રી તીર્થંકરોનું નામ ગ્રહણ કરે છે, તે જીવ અલ્પકાળમાં સિદ્ધિગતિને પામે છે. (૧)

'પરમેષ્ઠિ નમસ્કાર'નો ખરો પ્રભાવ તેની સાધનાથી પ્રાપ્ત થાય છે, તો પણ તે સાધનામાં ઉત્સાહિત થવા માટે તેના શાબ્દિક પરિચયની અપેક્ષા રહે છે અને તે માટે ઉપમાઓ, રૂપકો તથા અલંકારોની પણ આવશ્યકતા રહે છે. તે બધી વસ્તુઓ વિચાર કરવામાં પ્રેરે છે. શાસ્ત્રોમાં એને અનુપ્રેક્ષા સ્વાધ્યાય કહેલો છે. અનુપ્રેક્ષા સ્વાધ્યાયને રત્નશોધક અમલની ઉપમા આપવામાં આવી છે. રત્નને પ્રાપ્ત થએલો અગ્નિ જેમ રત્નના મળને બાળી નાંખી શુદ્ધિને પેદા કરે છે, તેમ આત્મરત્નને પ્રાપ્ત થએલો અનુપ્રેક્ષારૂપી અગ્નિ કર્મમળને બાળી નાંખી આત્મશુદ્ધિને પેદા કરે છે. અનુપ્રેક્ષા વિચારસ્વરૂપ છે. જોયેલા, સાંભળેલા અને અનુભવેલા પદાર્થો ઉપર ફરી ફરી વિચાર કરવો અને ચિંતન કરવું, એનું નામ અનુપ્રેક્ષા છે. એથી જ્ઞાન પરિપકવ થાય છે અને પ્રતીતિ દૃઢ થાય છે. પ્રતીતિપૂર્વકનું દૃઢ જ્ઞાન સંવેગ અને વૈરાગ્યની વૃદ્ધિ કરે છે તથા ચિત્તવૃત્તિને કૈવલ્ય અને મોક્ષ તરફ વાળે છે.

'પરમેષ્ઠિ નમસ્કાર' ઉપરની અનુપ્રેક્ષામાં એ બધા ગુણો રહેલા છે. ઉપરાન્ત કુતર્કોથી ઉત્પન્ન થતા મિથ્યા વિચારોને ભગાડી દેવાનું પણ એનામાં સામર્થ્ય છે. એથી એના પઠન, પાઠન, શ્રવણ, મનન, પ્રતિપ્રત્તિ અને સ્વીકાર વગેરેમાં મન લાગે છે; તેના જાપ, ધ્યાન વગેરેમાં પ્રવૃત્તિ

થાય છે; અનુક્રમે સ્થિરતા આવે છે અને સિદ્ધિ મળે છે. સિદ્ધિ માટે સ્થિરતા જોઈએ, સ્થિરતા માટે પ્રવૃત્તિ જોઈએ અને પ્રવૃત્તિ માટે ઇચ્છા જોઈએ. એ ઇચ્છા પેદા કરવાનું સામર્થ્ય અનુપ્રેક્ષા સ્વાધ્યાયમાં રહેલું છે. એકની એક વાતનો પુનઃ પુનઃ શાસ્ત્રાનુસારી વિચાર કરવાથી કુતર્કોનું બળ ઘટી જાય છે તથા ઇચ્છા અને પ્રવૃત્તિમાં પ્રતિબંધક કુવિકલ્પો શમી જાય છે.

'પરમેષ્ઠિ નમસ્કાર'ના મૂળમાં 'ગુણરાગ' રહેલો છે. ગુણરાગ એ ગુણહીન જીવોની ઉન્નતિમાં મુખ્ય હેતુ છે. જ્યાં સુધી જીવમાં દોષ રહેલા છે, ત્યાં સુધી તે દોષોમાંથી મુક્ત થવા માટે જેમ તેની પુનઃ પુનઃ નિંદા અને ગર્હા આવશ્યક છે, તેમ જ્યાં સુધી જીવમાં ગુણોનો અભાવ છે, ત્યાં સુધી તે ગુણોની પ્રાપ્તિ માટે ગુણસ્તુતિ અને ગુણપ્રશંસા પણ તેટલી જ જરૂરની છે. દોષોના સેવનમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ જે પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે, તેના કરતાં દોષોનું સેવન કર્યા બાદ તેની નિંદા, ગર્હા, આલોચના કે પ્રાયાશ્ચત્ત નહિ કરનારને તે ઘણું વધતું જાય છે, અનંતગુણું પણ બની જાય છે. એ જ નિયમ ગુણોના વિષયમાં પણ લાગુ પડે છે. કોઈ ગુણ જીવમાં ન હોવો એ તેટલું દોષપાત્ર નથી, જેટલું પોતામાં ગુણ ન હોવા છતાં જે ગુણવાન છે, તેની સ્તુતિ કે પ્રશંસા, વિનય કે ભક્તિ નહિ કરવામાં દુષ્ટતા–દોષપાત્રતા રહેલી છે. એ કારણે દોષના પ્રતિક્રમણની જેમ ગુણોની સ્તુતિને પણ શાસ્ત્રકારોએ એક

આવશ્યક કર્ત્તવ્ય તરીકે પ્રબોધેલ છે. ગુણસ્તુતિ બિના નિર્ગુણતાનિવારણનો બીજો કોઈ ઉપાય શાસ્ત્રકારોએ જોયો નથી. જ્યાં સુધી ગુણસ્તુતિના માર્ગે જીવ વળે નહિ, ત્યાં સુધી નિર્ગુણ અવસ્થામાંથી મુક્તિ મળવાની આશા આકાશકુસુમવત્ છે.

'પરમેષ્ઠિ નમસ્કાર' એ ગુણસ્તુતિ રૂપ છે. સ્તુતિ ગુણવાનની જ હોય. પંચપરમેષ્ઠિ પરમ ગુણવાન છે, તેથી તેમની સ્તુતિ રૂપ 'પરમેષ્ઠિ નમસ્કાર' ઉત્કૃષ્ટ મંત્ર રૂપ બને છે. સુવિહિતશિરોમણિ આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ દેવતાની સ્તુતિને વિશિષ્ટ મંત્ર રૂપ કહે છે.

**जपः सन्मंत्रविषयः, स चोक्तो देवतास्तवः ।**
**दृष्टः पापापहारोऽस्माद्विषापहरणं यथा ॥१॥**

અર્થ-જેમ તથાપ્રકારના મંત્રોથી વિષાપહાર થાય છે, તેમ દેવતાની સ્તુતિ રૂપ સન્મંત્રોથી પાપનો અપહાર થાય છે. (યોગબિન્દુ શ્લોક-૩૮૧)

'પરમેષ્ઠિ નમસ્કાર' એ ત્રણેય કાળ અને ત્રણેય લોકમાં થઈ ગએલા, થઈ રહેલા અને ભવિષ્યમાં થનારા મહર્ષિઓને પ્રણામ રૂપ હોવાથી પરમ સ્તુતિ રૂપ છે[1] અને તેથી જ મહા મંત્ર રૂપ પણ છે. તેનાથી સર્વ પાપનો સર્વથા નાશ થાય છે, એટલું જ નહિ પણ તેનાની સર્વ કાળ અને સર્વ લોકના સર્વ મહર્ષિઓનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. સાથે જ

---

१-"से भयवं! किमेयस्स अचिंतचिंतामणिकप्पभूयस्स पंचमंगलमहासुअक्खंधस्स सुत्तत्थं पन्नत्तं? गोयमा!

તેઓ ઉપર પરમ ભક્તિભાવને ધારણ કરનારા ચારેય નિકાયના દેવો અને દેવેન્દ્રો, અસુરો અને અસુરેન્દ્રો, વિદ્યાધરો અને નરેન્દ્રોનો પણ અનુગ્રહ પ્રાપ્ત થાય છે, તેમજ પાંચેય પ્રકારના ભૂતો અને સમગ્ર સચરાચર સૃષ્ટિ અનુકૂળતાને ધારણ કરનારી બને છે. ગુણસ્તુતિનું આ ઉત્કૃષ્ટ ફળ છે.

ગુણરાગનો પ્રભાવ વર્ણવતાં સકલસિદ્ધાન્તવેદી મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજ ફરમાવે છે કે—

**गुणी च गुणरागी च, गुणद्वेषी च साधुषु ।**
**श्रूयन्ते व्यक्तमुत्कृष्टमध्यमाऽधमबुद्धयः ॥ १ ॥**
**ते च चारित्रसम्यक्त्वमिथ्यादर्शनभूमयः ।**
**अतो द्वयोः प्रकृत्यैव, वर्तितव्यं यथाबलम् ॥२॥**

**અર્થ**—ગુણી, ગુણરાગી અને ગુણદ્વેષી—એમ ત્રણ

---

**इय एयस्स अचिंतचिंतामणिकप्पभूयस्स पंचमंगलमहासुअखंधस्स णं सुत्तत्थं पन्नत्तं, तं जहा, जे णं पंचमंगलमहासुअखंधे से णं सयलागमंतरोववत्ती ( १ ) तिल्लतिल्ल ( २ ) कमलमयरंद ( ३ ) सव्वलोअपंचत्थिकाय ( ४ ) मिव जहत्थकिरियाणुवायसब्भूयगुणकित्तणे जहिच्छियफलसाहगे चेव परमथुइवाए, सा य परमथुइ कायव्वा सव्वजगुत्तमाणं, सव्वजगुत्तमे य जे केइ भूए, जे के भविस्संति, ते सव्वे वि अरिहंतादओ चेव नोणमन्नेत्ति, ते य पंचहा, अरिहंते, सिद्धे, आयरिए, उवज्झाए, साहुणो, तत्थ एएसिं चेव गब्भत्थसब्भावो इमो तं जहा—**

પ્રકારના મનુષ્યો હોય છે. શાસ્ત્રમાં તેને અનુક્રમે ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ બુદ્ધિવાળા કહ્યા છે. તેઓ અનુક્રમે ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાત્વની ભૂમિકા ઉપર રહેલા છે. માટે પ્રથમની બે ભૂમિકા માટે શક્તિ મુજબ પ્રયત્નશીલ રહેવું જોઈએ. ( ૧–૨ )

સ્વયં ગુણી એ ચારિત્રવાન્ છે, માટે ઉત્કૃષ્ટ છે. ગુણરાગી એ સમ્યક્ત્વવાન્ છે, માટે મધ્યમ છે. ગુણદ્વેષી એ મિથ્યાદૃષ્ટિ છે, માટે અધમ છે. પોતાનામાં અધમતા ન આવી જાય તે ખાતર ગુણવાન ન બની શકાય, તો પણ ગુણરાગી તો રહેવું જ જોઈએ. ગુણરાગી આત્મા ગુણવાન ન હોવા છતાં, ગુણસ્તુતિ અને ગુણપ્રશંસાના યોગે સમ્યક્ત્વવાન્ રહી શકે છે. 'પરમેષ્ઠિ નમસ્કાર' એ ગુણસ્તુતિ અને ગુણરાગ રૂપ હોવાથી સમ્યક્ત્વની ભૂમિકાને ટકાવી રાખનાર છે, તેથી પ્રત્યેક સમ્યગ્દૃષ્ટિ જીવનો તે આધાર છે, પ્રાણ છે, આશ્રય છે અને પરમ આલંબન છે.

સ્તુતિકાર શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી એક સ્થળે ફરમાવે છે કે–

**त्वं मे माता पिता नेता, देवो धर्मो गुरुः परः ।**
**प्राणाः स्वर्गोऽपवर्गश्च, सत्त्वं तत्त्वं मतिर्गतिः ॥१॥**

**અર્થ**–'હે ભગવન્! તું મારે માટે ઉત્કૃષ્ટ માતા છે, પિતા છે, નેતા છે, દેવ છે, ધર્મ છે, ગુરુ છે, પ્રાણ છે, સ્વર્ગ છે, અપવર્ગ છે, સત્ત્વ છે, તત્ત્વ છે, મતિ છે અને ગતિ છે. (૧)

સમ્યગ્દૃષ્ટિ આત્મા માટે ગુણરાગ એ મુખ્ય ચીજ છે. તેના વિના એનું આંતરજીવન–અંતરાત્મભાવ ક્ષણવાર પણ ટકી શકતો નથી. 'પરમેષ્ઠિ નમસ્કાર' એ ગુણરાગ અને ગુણસ્તુતિ રૂપ હોવાથી સર્વ લોકમાં રહેલા સર્વ સમ્યગ્દૃષ્ટિ આત્માઓનો તે શ્વાસ છે. શ્વાસની જેમ સર્વ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ તેને કંઠને વિષે ધારણ કરે છે. સમ્યક્ત્વની ભૂમિકા ટકાવી રાખવા માટે તે અનિવાર્ય છે.

ત્રણ પ્રકારના આત્માનાં લક્ષણો બતાવતાં શ્રી અધ્યાત્મસાર પ્રકરણના યોગાનુભવ અધિકારમાં કહ્યું છે કે–

**विषयकषायावेशः, तत्त्वाऽश्रद्धा गुणेषु च द्वेषः ।**
**आत्माऽज्ञानं च यदा, बाह्यात्मा स्यात्तदा व्यक्तः ॥१॥**

**અર્થ**–વિષય–કષાયનો અભિનિવેશ, તત્ત્વની અશ્રદ્ધા, ગુણનો દ્વેષ અને આત્માનું અજ્ઞાન, એ બહિરાત્માનું લક્ષણ છે.

આથી નક્કી થાય છે કે–ગુણદ્વેષ ટળ્યા વિના બહિરાત્મભાવ જતો નથી અને અંતરાત્મભાવ આવતો નથી.

ચતુર્થ ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાનકની પ્રાપ્તિ સુધીની અવસ્થા અંતરાત્મભાવની અવસ્થા છે. એમાં સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ અને શ્રેણિનું આરોહણ અંતર્ભાવ પામે છે. ક્ષપકશ્રેણિના અંતે પરમાત્મભાવ પ્રાપ્ત થાય છે. કેવળજ્ઞાન, યોગનિરોધ, કર્મનાશ અને સિદ્ધિનિવાસ, એ પરમાત્મભાવના લક્ષણો છે. એ રીતે ગુણરાગ પરમાત્મભાવનું બીજ બની જાય છે.

'પરમેષ્ઠિ નમસ્કાર' એ ગુણરાગનું પ્રતીક છે. એનાથી જો ગુણરાગ ન હોય તો જાગે છે અને જો હોય તો વધે છે. અંતરાત્મભાવને લાવનાર, તેને ટકાવનાર, વધારનાર અને છેવટે પરમાત્માભાવ સુધી પહોંચાડનાર 'પરમેષ્ઠિ નમસ્કાર' છે. તેથી માર્ગાનુસારીની ભૂમિકાથી માંડી સર્વ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિધર જીવોનું 'પરમેષ્ઠિ નમસ્કાર' એ પરમ આવશ્યક કર્ત્તવ્ય છે. ધર્મના પ્રારંભથી અંત સુધી પ્રત્યેક ધર્માર્થી આત્માની ઉન્નતિમાં તે પરમ સહાયક થઈ પડે છે. એથી જ પૂ. ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે–

**સવિ મંત્રમાં સારો, ભાખ્યો શ્રી નવકાર;**
**કહ્યા ન જાયે રે એહના, જેહ છે બહુ ઉપકાર. (૧)**

શ્રી નવકાર એ સર્વ મંત્રોમાં સારભૂત છે. એના ઉપકાર એટલા બધા છે કે–તે વાણીથી વર્ણવી શકાય તેમ નથી.

તેના ઉપર જેટલો વધુ વિમર્શ થાય અને જેટલી વધુ અનુપ્રેક્ષા થાય, તેટલી એકાન્તે હિતકર છે, એમ માનીને જુદા જુદા પ્રસંગોએ 'પરમેષ્ઠિ નમસ્કાર' ઉપર જુદા જુદા વિચારો સ્ફુર્યા તેને લિપિબદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જે જે ગ્રન્થ, સાહિત્ય કે લખાણના વાંચનથી આ લખવામાં પ્રેરણા મળી હોય, તે તે સર્વ ગ્રન્થકારો અને લેખકો પ્રતિ કૃતજ્ઞતાભાવ દર્શાવીએ છીએ અને સિદ્ધાન્તથી વિરૂદ્ધ જે કાંઈ લખાયું હોય, તેનો 'મિચ્છા મિ દુક્કડં' દેવાપૂર્વક આ લઘુ પ્રસ્તાવના પૂરી કરીએ છીએ.

–પં. ભદ્રંકરવિજય ગણી

# ત્રીજી આવૃત્તિ અંગે બે બોલ

'પરમેષ્ઠિ નમસ્કાર'–એ ધર્મની સાધનાનો એક મહત્ત્વનો પ્રકાર છે. આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સ્વરચિત 'લલિતવિસ્તરા' નામની શક્રસ્તવની ટીકામાં ફરમાવે છે કે–"धर्मं प्रति मूलभूता वन्दना ।" ધર્મનું પ્રથમ પગથિયું વન્દના છે અને તે વન્દના સર્વોત્કૃષ્ટ ગુણ-સંપન્ન પરમેષ્ઠિ ભગવંતોને કરવાથી હૃદયમાં ધર્મબીજનું વપન થાય છે, ધર્મની પુષ્ટિ, શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચાર પુરુષાર્થ છે. ચારેયનું મૂળ ધર્મ છે. ધર્મપુરુષાર્થને પરમેષ્ઠિ નમસ્કારની સાથે અવિનાભાવ સંબંધ છે. તેથી પરમેષ્ઠિ નમસ્કારને સુદૃઢ બનાવવા માટે 'સાધના' વિષયક એક પ્રકરણ આ પુસ્તકની સાથે જોડવામાં આવ્યું છે. પરમેષ્ઠિ નમસ્કારના વાંચનની સાથે બુદ્ધિશાળી આત્માઓને 'સાધના' પ્રકરણમાં વર્ણવેલ ચાર પુરુષાર્થ સંબંધી શાસ્ત્રીય વિવેચન વાંચવાથી અપૂર્વ શ્રદ્ધાબળ પ્રાપ્ત થશે અને જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા સાથે પરમેષ્ઠિ નમસ્કારની સાધના અપૂર્વ વેગ આપનારી નિવડશે.

–પં. ભદ્રંકરવિજય ગણી

卐

# શ્રી

# પરમેષ્ઠિ નમસ્કાર

: લેખક :

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી

**ભદ્રંકરવિજયજી ગણિવર**

શ્રી નવકાર મહામંત્ર એ સારની પોટલી છે, રત્નની પેટી છે અને સર્વ ઈષ્ટનો સમાગમ છે.

અંતકાળે જેણે શ્રી નવકાર મહામંત્રને યાદ કર્યો, તેણે સકળ સુખને આમંત્રણ કર્યું છે અને સકળ દુ:ખોને હંમેશને માટે તિલાંજલી આપી છે.

શ્રી નવકારના પ્રભાવથી વ્યાધિ, જળ, અગ્નિ, ચોર, સિંહ, હાથી, સંગ્રામ અને સર્પ વગેરેના ભયો પણ નાશ પામે છે.

ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું ત્યાં સુધી જ સફળ નથી થતું, કે જ્યાં સુધી શ્રી પરમેષ્ઠિ–નમસ્કાર મહામંત્રને સ્મરવામાં આવ્યો નથી.

જે ભાવપૂર્વક એક લાખ નવકાર ગણે છે તથા વિધિપૂર્વક શ્રી અરિહંતદેવને પૂજે છે, તે આત્મા અવશ્ય તીર્થંકરનામકર્મ ગોત્રને ઉપાર્જે છે.

॥ अर्हम् ॥

॥ नमः श्रीजिनप्रवचनाय ॥

॥ नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ॥

# શ્રી નમસ્કાર મહામંત્રની લોકોત્તરતા

જેનો પાઠ કરવા માત્રથી કાર્યની સિદ્ધિ થાય તેને મંત્ર કહે છે અને જેને સિદ્ધ કરવા માટે જપ, હોમ, હવન આદિ ક્રિયા કરવી પડે તેને વિદ્યા કહે છે.

શાસ્ત્રોમાં બીજી રીતે પણ વિદ્યા અને મંત્રનો ભેદ બતાવ્યો છે. કહ્યું છે કે–જેની અધિષ્ઠાતા દેવતા સ્ત્રી હોય તે વિદ્યા અને જેના અધિષ્ઠાતા દેવ પુરુષ હોય તે મંત્ર છે. વળી મંત્ર એ શું વસ્તુ છે? તેને વિશેષ સમજાવવા માટે શાસ્ત્રકારમહર્ષિઓ ફરમાવે છે કે–મંત્ર એ અક્ષર કે અક્ષરનો સમૂહ છે. અક્ષર કે અક્ષરના સમૂહને છોડીને મંત્ર બીજી કોઈ વસ્તુ નથી. વળી 'निर्बीजमक्षरं नास्ति' અથવા 'नास्त्यनक्षरं मंत्रम्।' અર્થાત્ એવો કોઈ અક્ષર નથી, કે જેમાં મંત્રશક્તિ ન હોય; અથવા અક્ષરને છોડીને મંત્ર બીજી કોઈ વસ્તુ નથી. અક્ષર કે અક્ષરના સમૂહાત્મક શબ્દમાં અપરિમિત શક્તિ રહેલી છે, એમ આજે સર્વ કોઈ બુદ્ધિશાળી વર્ગને સ્વીકારવું પડે છે. ગાવું અને બજાવવું, હસવું અને રોવું, ઈત્યાદિ પણ વાતાવરણ ઉપર અમુક પ્રકારની અસર નાંખે છે અને તે પણ વર્ણાત્મક નહિ તો ધ્વન્યાત્મક

શબ્દશક્તિનો જ એક પરિચય છે. રણસંગ્રામમાં સુરીલાં વાજાં જે અસર ઉપજાવે છે, તે અસર અન્ય પ્રસંગનાં વાજાંઓ નથી જ ઉપજાવતાં. આકાશમાં મેઘની ગર્જના જે ભાવ પેદા કરે છે તે જુદો હોય છે અને રણસંગ્રામમાં તોપોની ગર્જના જે ભાવ ઉત્પન્ન કરે છે તે વળી જુદો જ હોય છે. જેમ ધ્વન્યાત્મક શબ્દોની જુદી જુદી અસર છે, તેમ વર્ણાત્મક શબ્દોની તેથી પણ મહાન્ જુદા જુદા પ્રકારની અસર માનેલી છે અને તે પ્રત્યક્ષ અનુભવમાં પણ આવે છે. એક વ્યાખ્યાતાના મુખમાંથી નીકળેલા ઉત્સાહપ્રેરક શબ્દો વાતાવરણને ઉમંગી બનાવે છે અને તે જ વ્યાખ્યાતાના મુખમાંથી નીકળેલા નિરાશાજનક શબ્દો વાતાવરણને ગમગીન બનાવી દે છે. વિવિધ પ્રકારના રસોનું પોષણ થવામાં વક્તા કે લેખકની શબ્દશક્તિ સિવાય બીજા કોનો પ્રભાવ છે?

શબ્દશક્તિ અચિન્ત્ય છે, માત્ર તેના યોજક યોગ્ય પુરુષની જ જરૂર હોય છે. કયા શબ્દોનાં મિલનથી કેવા પ્રકારની શક્તિ પેદા થાય છે? તેના જાણનારઆ જગતમાં દુર્લભ છે. પરન્તુ જ્યારે જાણનારના હાથમાં અક્ષરો કે શબ્દો આવે છે, ત્યારે તે વિવિધ પ્રકારની શબ્દરચના દ્વારા શ્રોતાઓના ચિત્તનાં સંતાપ અને દિલનાં દુઃખોને: ક્ષણવારમાં શાન્ત કરી દે છે. પૂર્વધરોની દેશનાશક્તિ કેવળજ્ઞાની-તુલ્ય દેખાય છે, તે આ દૃષ્ટિએ સમજવાનું છે. 'શ્રુતકેવલી' શબ્દની એક વ્યાખ્યા એવી કરી છે કે–તેઓ સર્વાક્ષર–સન્નિપાતી હોય છે, સર્વ અક્ષરો અને તેના પરસ્પર મિશ્રણથી થતા સર્વ અર્થોને તેઓ જાણતા હોય છે અને તેથી

તેઓની ઉપદેશકશક્તિ અમોઘ બને છે.

મંત્રોમાં કેવળ અક્ષરોની કાર્યસાધક શક્તિ હોય છે, એટલું જ નહિ તેમાં બીજી શક્તિઓ પણ કામ કરે છે અને તે છે મંત્રના યોજકની શક્તિ, મંત્રના વાચ્યપદાર્થોની શક્તિ, મંત્રયોજકના હૃદયની ભાવના તથા મંત્રસાધકના આત્મામાં રહેલો મંત્રશક્તિ ઉપરનો ભાવ, અખંડ વિશ્વાસ, નિશ્ચળ શ્રદ્ધા, વગેરે વગેરે. તાત્પર્ય એ છે કે–મંત્ર કેવળ અક્ષર કે પદસ્વરૂપ જ નથી, પણ પદ, પદાર્થ, પદના યોજક તથા પદના પ્રયોજકની ભાવનાઓ અને શક્તિઓના એકંદર સરવાળારૂપ છે. મંત્રની શક્તિ એ ચારને અનુરૂપ હોય છે. જો મંત્રનો યોજક ક્લિષ્ટપરિણામી હોય તો મંત્ર મારક બને છે અને અસંક્લિષ્ટપરિણામી–નિર્મળ બુદ્ધિવાળો હોય તો તેનો યોજેલો મંત્ર તારક બને છે.

લૌકિક મંત્રશક્તિનો પ્રયોગ મુખ્યત્વે આકર્ષણ, વશીકરણ, ઉચ્ચાટન, વિદ્વેષણ, સ્તંભન, સંમોહન આદિ લૌકિક કાર્યો માટે જ થાય છે. કોઈ વ્યક્તિને પોતા તરફ ખેંચવા, કોઇને વશ કરવા, કોઈ પ્રતિપક્ષીને ઉડાડવા, કોઈ દુશ્મનનો નાશ કરવા, કોઇને સ્તંભિત કરવા કે કોઇને મોહિત કરવા માટે લૌકિક મંત્રશક્તિનો ઉપયોગ હોય છે અને તે મંત્રની સફળતાનો આધાર મંત્રનો પ્રયોગ કરનાર સાધકની સાધનાશક્તિ વગેરે ઉપર રહે છે. કોઈ પ્રયોગ કરનાર સાચો ન હોય પણ ધૂર્ત હોય, તો મંત્ર નિષ્ફળ જાય છે. સાધક સત્ય હોય પણ મંત્ર અશુદ્ધ હોય, અથવા મંત્ર શુદ્ધ હોય પણ તેનું ઉચ્ચારણ અશુદ્ધ હોય, અથવા

ઉચ્ચારણ શુદ્ધ હોય પણ પ્રયોજકનું ચિત્ત એકાગ્ર ન હોય કે શ્રદ્ધારહિત હોય, તો પણ મંત્રશક્તિ કાર્યકર થઈ શકતી નથી. જ્યાં એ બધી વસ્તુ શુદ્ધ અને પૂર્ણ હોય, ત્યાં જ મંત્રશક્તિ ધાર્યું કાર્ય નિપજાવી શકે છે.

શ્રી નમસ્કાર મહામંત્ર આ દૃષ્ટિએ વિશ્વના સમસ્ત મંત્રોની અંદર અગ્રસ્થાન ધરાવે છે. તેની શક્તિ અતુલ છે, કારણ કે–તેના યોજક લોકોત્તર મહાપુરુષો છે. અર્થથી તીર્થંકરો અને સૂત્રથી ગણધરભગવંતો યોજક છે, તેનો વાચ્યાર્થ લોકોત્તર મહર્ષિઓને પ્રણામરૂપ છે, તેમજ તેના અક્ષરોનો સંયોગ અને પદોની રચના સરળ અને સ્પષ્ટ છે. સૌ કોઈ સહેલાઈથી અને સરળતાથી તેનો પાઠ કે ઉચ્ચારણ કરી શકે અને તેનો અર્થ સમજી શકે તેમ છે. તેનું સ્મરણ તથા જાપ મોટે ભાગે સમ્યગ્દૃષ્ટિ, ભવથી નિઃસ્પૃહ અને એક મુક્તિસુખના જ કામુક ઉત્તમ પુરુષો કરનારા હોય છે.

વિશ્વના અન્ય મંત્રો જયારે કામના કરવાથી તેની પૂર્તિ કરે છે, ત્યારે શ્રી નમસ્કાર મહામંત્ર નિષ્કામપણે જપવાથી સઘળી કામના પૂર્ણ કરે છે, એ તેની આશ્ચર્યકારકતા છે અને તેના પ્રણેતાઓની અપૂર્વ નિષ્કામતાનું પરમ પ્રતીક છે.

શ્રી નમસ્કાર મહામંત્રની બીજી વિશેષતા એ છે કે–તેના દ્વારા જે પુરુષોની આરાધના કરવામાં આવે છે, તે બધા વીતરાગ અને નિઃસ્પૃહ મહાત્માઓ છે. જ્યારે વિશ્વના અન્ય મંત્રોના આરાધ્યદેવો સંસારી, સ્પૃહાવાળા અને સરાગી આત્માઓ છે. શ્રી નમસ્કાર મહામંત્ર સર્વાધિક

શક્તિશાળી હોવાનું કારણ એ મંત્રના અધિનાયકોની પરમ વિશુદ્ધિ પણ છે, કારણ કે-સરાગીની શક્તિ ગમે તેટલી મોટી હોય તો પણ, વીતરાગતાની અચિંત્ય શક્તિમત્તા અને પ્રભાવશાલીતારૂપી સાગરની આગળ તે એક બિન્દુ જેટલી પણ હોતી નથી.

શ્રી નમસ્કાર મહામંત્રની ત્રીજી વિશેષતા એ છે કે–જયાં અન્ય મંત્રોમાં દેવતા અધિષ્ઠાતા તરીકે છે; ત્યાં આ મંત્રમાં દેવતા સેવકરૂપે રહે છે; અર્થાત્ એક જગ્યાએ દેવોને સેવવાપણું છે, જયારે અન્ય જગ્યાએ દેવો પણ સેવક બને છે. લૌકિક મંત્ર માત્ર દેવાધિષ્ઠિત હોય છે. તેનો જાપ કરવાથી મંત્રનો સ્વામી દેવતા જયારે વશ થાય છે, ત્યારે તે મંત્ર સિદ્ધ થયેલો કહેવાય છે. પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રમાં તેથી જુદું છે. તેનો સ્વામી હોવાની શક્તિ કોઈ દેવતામાં પણ નથી અને દેવો પણ તેના સેવક થઈને રહે છે. જેઓ તે મહામંત્રની આરાધના કરે છે, તેઓની મંત્ર પ્રત્યેની ભક્તિને વશ થઈને દેવો તે આરાધકોના પણ સેવક બનીને રહે છે. એથી સિદ્ધ થાય છે કે–કોઈ દેવતાની શક્તિના કારણે શ્રી નમસ્કાર મહામંત્ર શક્તિશાળી કે પ્રભાવસંપન્ન નથી, પણ નમસ્કાર મહામંત્રની પોતાની શક્તિ અને પોતાનો પ્રભાવ જ એવો અચિન્ત્ય છે કે–દેવોને પણ વશ રહેવું પડે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની ચોથી વિશેષતા એ છે કે–અન્ય મંત્રો જયારે અત્યંત ગૂઢાર્થક તથા ઉચ્ચારણમાં કિલષ્ટતર હોય છે, ત્યારે શ્રી નમસ્કાર મહામંત્ર શબ્દથી

અતિ સ્પષ્ટ અને અર્થથી અત્યંત સરળ છે. બુદ્ધિમાનથી માંડી બાળક પર્યંત સૌ કોઈ તેનો પાઠ સરળતાથી અને તેનું ઉચ્ચારણ શુદ્ધ રીતિએ કરી શકે છે તથા તેના અર્થનું જ્ઞાન પણ સહેલાઈથી મેળવી શકે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની આ સરળતા અને સ્પષ્ટતા જોઈને કેટલાકને તેના ઉપર અશ્રદ્ધા અને અવિશ્વાસ થતો પણ જોવાય છે. તેઓની એ માન્યતા હોય છે કે–મંત્ર તો ગૂઢાર્થક જ હોવો જોઇએ અને ઉચ્ચારણમાં પણ તે કઠિનતા-વાળો હોવો જોઇએ. પરન્તુ તેઓની આ માન્યતા ઉચિત નથી. જે મંત્રનું જેવું કાર્ય હોય, તેને અનુરૂપ તેની શબ્દરચના હોવી જોઈએ. શ્રી નમસ્કાર મહામંત્ર મુક્તિ-દાતા છે, પરમપદને આપનારો છે અને તેથી તેની રચના તેને અનુરૂપ હોવી જોઈએ. મોક્ષાભિલાષી પ્રત્યેક જીવ, પછી તે બાળક હો, વૃદ્ધ હો, સ્ત્રી હો, પુરુષ હો, પઠિત હો કે અપઠિત હો, સર્વને એકસરખી રીતે ઉપયોગી થાય તેવી તેની રચના હોવી જોઈએ. શ્રી નમસ્કાર મહામંત્રની સરળતા અને સ્પષ્ટતાની પાછળ તેના પ્રણેતાઓનો આ ગંભીર અને ઉદાત્ત આશય છે. તેને પ્રકાશનારાઓ અનંત જ્ઞાનના ભંડાર અને અનંત કરુણાના નિધાન છે, તેથી સર્વ હિતાર્થી જીવોનું એકસરખું હિત થઈ શકે તેવી તેની રચના હોય એ સ્વાભાવિક છે. જેનો વિષય સમગ્ર વિશ્વને એકસરખો ઉપયોગી હોય અને સર્વનું એકાન્ત હિત કરનારો હોય, તેની રચના એવી હોવી જોઈએ, કે જેનું ઉચ્ચારણ સુખપૂર્વક થઈ શકે અને જેનો અર્થબોધ પણ

આબાલ-ગોપાલ સર્વને વિભ્રમરહિત થઈ શકે. કેટલાક મંત્રોની શબ્દરચના એવી કિલષ્ટ હોય છે, કે જેના ઉચ્ચારણો કરવા મુશ્કેલ પડે. કોઇને બદલે કોઈ ઉચ્ચારણ થઈ જાય અને તેથી અશુદ્ધ ઉચ્ચારણને કારણે અભીષ્ટ સિદ્ધિ ન થાય. જ્યારે શ્રી નમસ્કાર મહામંત્રમાં એ મુશ્કેલ નથી અને એવા સ્પન્દનો જન્માવે છે, કે જેથી તેના સાધકને ગમે તે અભીષ્ટ સિદ્ધિ માટે તે સમર્થ નીવડે છે. શ્રી નમસ્કાર મહામંત્રની આ વિશેષતા અન્ય મંત્રોમાં ઉતરી શકતી નથી અને ઉતરી શકે તેમ પણ નથી, તેથી પણ તેની સર્વ મંત્રોમાં શિરોમણી અથવા મંત્રાધિરાજની ઉપમા યથાસ્થાને તથા સુઘટિત છે.

શ્રી નમસ્કાર મહામંત્રની પાંચમી વિશેષતા એ છે કે-અન્ય મંત્રો અનુગ્રહ-નિગ્રહ, લાભ-હાનિ ઉભય માટે ઉપયોગમાં આવે છે. શ્રી નમસ્કાર મંત્રથી કોઈને હાનિ કરી શકાતી નથી પણ તે કેવળ લાભમાં જ હેતુ બને છે.

છટ્ઠી વિશેષતા એ છે કે-અન્ય મંત્રો લૌકિક પુરુષો ઉપર આકર્ષણ, વશીકરણ વગેરે કરે છે, જ્યારે નવકાર એ લોકોત્તર પદાર્થનું આકર્ષણ, વશીકરણ વગેરે કરે છે. કહ્યું છે કે—

आकृष्टिं सुरसम्पदां विदधति मुक्तिश्रियो वश्यता-
मुच्चाटं विपदां चतुर्गतिभुवां विद्वेषमात्मैनसाम् ।
स्तम्भं दुर्गमनं प्रति प्रयततां मोहस्य संमोहनं,
पायात् पञ्चनमस्क्रियाऽक्षरमयी साऽऽराधना देवता ॥१॥

અર્થ-તે પંચપરમેષ્ઠિ-નમસ્ક્રિયારૂપ અક્ષરમયી

આરાધના દેવતા (તમારૂં) રક્ષણ કરો, કે જે સુરસંપદાઓનું આકર્ષણ કરે છે, મુક્તિરૂપી લક્ષ્મીને વશવર્તી કરે છે, ચાર ગતિમાં થનારી વિપદાઓનું ઉચ્ચાટન કરે છે, આત્માનાં પાપો પ્રત્યે વિદ્વેષણ (દ્વેષ) કરે છે, દુર્ગતિ પ્રતિ ગમન કરવાને પ્રયત્ન કરતા જીવોને અટકાવે છે અને જે મોહનું પણ સંમોહન કરે છે–મુંઝવે છે.

ઉપરની વિશેષતાઓના કારણે શ્રી નમસ્કાર મહામંત્ર એ સર્વ મંત્રોમાં શિરોમણીભૂત મંત્ર છે અને એની સાધના બીજા સર્વ મંત્રોની અપેક્ષાએ સરળ હોવાથી સર્વ કોઈને એકસરખી રીતે સુલભ છે. અધમાધમ જીવો પણ એ મહામંત્રના પવિત્ર અક્ષરો કાનમાં પડવા માત્રથી દુર્ગમ દુર્ગતિરૂપી ગહન ગર્તામાં પડતા ઉગરી ગયા છે. ક્રૂરમાં ક્રૂર તિર્યંચો પણ એના શ્રવણ માત્રથી લઘુકર્મી બની ભવસમુદ્રને તરી જાય છે. આવી અદ્ભુત શક્તિ અને છતાં આટલું અદ્ભુત સારલ્ય બીજા કોઈ મંત્રમાં સંભવી શકતું નથી અને તેથી જ્ઞાનીઓએ સ્વમુખે આ મંત્રરાજનો મહિમા ગાયો છે. એ મહિમાના મર્મને સૌ કોઈ સ્પષ્ટપણે સમજે અને તેના સાચા આરાધક બને, એ જ એક મહેચ્છા.

卐

# શ્રી નમસ્કાર મહામંત્રની સર્વદૃષ્ટિતા

૧–મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ નમસ્કાર મહામંત્ર સર્વ પાપરૂપી વિષનો નાશ કરનાર છે.

૨–યોગશાસ્ત્રની દૃષ્ટિએ પદસ્થધ્યાન માટે એમાં પરમ પવિત્ર પદોનું અવલંબન છે.

૩–આગમસાહિત્યની દૃષ્ટિએ સર્વશ્રુતમાં અભ્યંતર રહેલો છે તથા ચૂલિકા સહિત તે મહાશ્રુતસ્કંધની ઉપમાને પ્રાપ્ત થયેલો છે.

૪–કર્મસાહિત્યની દૃષ્ટિએ એક એક અક્ષરની પ્રાપ્તિ માટે અનંતાનંત કર્મસ્પર્ધકોનો વિનાશ અપેક્ષિત છે તથા એક એક અક્ષરના ઉચ્ચારણથી પણ અનંત અનંત કર્મરસાણુઓનો વિગમ થાય છે.

૫–ઐહિક દૃષ્ટિએ આ જન્મની અંદર પ્રશસ્ત અર્થ, કામ અને આરોગ્યની પ્રાપ્તિ તથા તેના યોગે ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

૬–પરલોકની દૃષ્ટિએ મુક્તિ તથા જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી ઉત્તમ દેવલોક અને ઉત્તમ મનુષ્યકુળની પ્રાપ્તિ કરાવે છે. તેના પરિણામે જીવને થોડા જ કાળમાં બોધિ, સમાધિ અને સિદ્ધિ મળે છે.

૭–દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ પહેલાં બે પદો પોતાના આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે અને પછીનાં ત્રણ પદો શુદ્ધ

સ્વરૂપની સાધક અવસ્થાના શુદ્ધ પ્રતીકરૂપ છે.

૮–ચરણુકરણાનુયોગની દૃષ્ટિએ સાધુ અને શ્રાવકની સામાચારીના પાલનમાં મંગલ માટે અને વિઘ્નનિવારણ માટે તેનું ઉચ્ચારણ વારંવાર આવશ્યક છે.

૯–ગણિતાનુયોગની દૃષ્ટિએ નવકારનાં પદોની નવની સંખ્યા ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ બીજી સંખ્યાઓ કરતાં અખંડતા અને અભંગતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે તથા નવની સંખ્યા નિત્ય અભિનવ ભાવોની ઉત્પાદક થાય છે. નવકારની આઠ સંપદાઓ અનંત સંપદાઓને અપાવનાર થાય છે તથા અણિમાદિ આઠ સિદ્ધિઓને સાધી આપે છે અને નવકારના અડસઠ અક્ષરો અડસઠ તીર્થસ્વરૂપ બનીને તેનું ધ્યાન કરનારાના તારક બને છે. અનાનુપૂર્વિથી થતું શ્રી નવકારના પદોનું પરાવર્તન ચિત્તસ્થિરતાનું અમોઘ કારણ બને છે.

૧૦–ધર્મકથાનુયોગની દૃષ્ટિએ શ્રી અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિઓનાં જીવનચરિત્રો અદ્‌ભુત કથાઓસ્વરૂપ છે, નમસ્કારનું આરાધન કરનાર જીવોની કથાઓ પણ આશ્ચર્યકારક ઉન્નતિને દર્શાવનારી છે તથા એ સર્વ કથાઓ સાત્ત્વિકાદિ રસોનું પોષણ કરાવનારી છે.

૧૧–ચતુર્વિધ શ્રીસંઘની દૃષ્ટિએ શ્રી નવકારમંત્ર સૌને એક સાંકળે સાંધનારો તથા બધાઓને સમાન દરજ્જે પહોંચાડનારો છે.

૧૨–ચરાચર વિશ્વની દૃષ્ટિએ નવકારના આરાધકો સર્વ જીવોને અભય આપનારા નિવડે છે, સદાય સકલ

વિશ્વની એકસરખી સુખ–શાન્તિ ચાહે છે અને તે માટે શક્ય તેટલા બધા જ પ્રયત્નો કે કોઈ પણ જાતના બદલાની આશા કે ઇચ્છા વિના નિરંતર કર્યા કરે છે.

૧૩–વ્યક્તિગત ઉન્નતિની દૃષ્ટિએ કોઈ પણ જાતની બાહ્ય સાધન-સામગ્રીના અભાવે પણ સાધક કેવળ માનસિક બળથી સર્વોચ્ચ ઉન્નતિની ટોચે પહોંચી શકે છે.

૧૪–સમષ્ટિગત ઉન્નતિની દૃષ્ટિએ પરસ્પરને સમાન આદર્શના પૂજક બનાવી, સત્શ્રદ્ધા, સજ્જ્ઞાન તથા સચ્ચારિત્રના સત્પંથે ટકી રહેવાનું ઉત્તમ બળ સમર્પે છે.

૧૫–અનિષ્ટનિવારણની દૃષ્ટિએ નવકારનું સ્મરણ અશુભ કર્મના વિપાકોદયને રોકી દે છે અને શુભ કર્મના વિપાકોદયને અનુકૂળ બને છે, તેથી નવકારના પ્રભાવે બધાં અનિષ્ટો ઇષ્ટરૂપે બદલાઈ જાય છે. જેમ કે–અટવી મહેલ સમાન અને સર્પ ફૂલની માળા સમાન બને છે.

૧૬–ઈષ્ટસિદ્ધિની દૃષ્ટિએ નવકાર શારીરિક બળ, માનસિક બુદ્ધિ, આર્થિક વૈભવ, રાજકીય સત્તા, ઐહિક સંપત્તિ તથા બીજાં પણ અનેક પ્રકારના ઐશ્વર્ય, પ્રભાવ અને ઉન્નતિને આપનાર થાય છે, કારણ કે-તે ચિત્તની મલિનતા અને દોષોને દૂર કરીને નિર્મળતા અને ઉજ્જવળતાને પ્રગટાવી આપે છે. સર્વ ઉન્નતિનું બીજ ચિત્તની નિર્મળતા છે અને એ નિર્મળતા નવકારથી સહજ રીતે સિદ્ધ થાય છે.

# પંચપરમેષ્ઠિ નમસ્ક્રિયાનો પ્રભાવ

પંચપરમેષ્ઠિ નમસ્કાર એ સર્વ પાપોનો પ્રણાશ કરનાર તથા સર્વ મંગલોનું મૂળ છે, એમ સાક્ષાત્ શ્રી નમસ્કારસૂત્રમાં જ ફરમાવ્યું છે. તેનો વિસ્તારથી મહિમા બતાવવા માટે શાસ્ત્રોમાંથી ઉદ્ધૃત કરીને નાના પ્રકરણો રૂપે રચેલાં કેટલાંક પ્રકરણો આજે પણ મળી આવે છે. તેમાંથી બે પ્રકરણો—એક સંક્ષેપથી ફળને બતાવનાર તથા બીજું વિસ્તારથી ફળને બતાનાર છે અને તે મૂળ પ્રાકૃત ઉપરથી સરળ ગુજરાતીમાં અનુવાદરૂપે બહાર પણ પડેલાં છે.

શાસ્ત્રકારોએ સંકલેશ વખતે, કષ્ટ વખતે તથા ચિત્તની અરતિ અને અસમાધિ વખતે વારંવાર નવકારને યાદ કરવાનું ફરમાવ્યું છે.

અસમાધિઓને અને અશાન્તિઓને અદૃશ્ય કરવાનો સિદ્ધ, શીઘ્ર અને અમોઘ ઉપાય જ્ઞાનીઓએ શ્રી નવકાર-મંત્ર, તેનાં પદો અને તેના પ્રત્યેક અક્ષરોના અવલંબનનો બતાવ્યો છે. વિધિપૂર્વક તેનો આશ્રય લેનારને શ્રી નવકાર-મંત્ર અપૂર્વ શાન્તિ આપે છે, અનન્ત કર્મોનો નાશ કરાવે છે, તેમજ સદ્ધર્મ અને તેના પરિણામે મળતાં અનંત સુખોનો ભાગી બનાવે છે. જેમ બીજમાંથી અંકુર, અંકુરમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી પત્ર, પુષ્પ અને ફળ સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય છે, તેમ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારરૂપી ભાવબીજમાંથી કાળક્રમે સદ્ધર્મની ચિંતારૂપી અંકુરાઓની,

સદ્ધર્મશ્રવણ અને અનુષ્ઠાનાદિરૂપ વૃક્ષની અને તેની શાખા-પ્રશાખાઓની તથા સુદેવ-મનુષ્યોનાં સુખોરૂપી પત્રોની અને કુસુમોની તેમજ સિદ્ધિગતિનાં અક્ષય સુખોરૂપી સદા અમ્લાન અને પરિપકવ મોક્ષફળની પ્રાપ્તિ સ્વયમેવ થાય છે.

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર એ ભાવધર્મનું બીજ છે અને ભાવધર્મની સિદ્ધિથી પ્રાપ્ત થનારાં સ્વર્ગ અને અપવર્ગનાં સુખોનું પણ બીજ છે. જેનાથી સ્વર્ગાપર્ગનાં દુર્લભ સુખો પણ સુલભ અને સહજ બને, તે નમસ્કારથી અન્ય સુખોની પ્રાપ્તિ કે સાધારણ દુઃખોથી નિવૃત્તિ શકય ન બને એ કલ્પના જ અયોગ્ય છે. સુખ મેળવવાના કે દુઃખ દૂર કરવાના અર્થી એવા આત્માઓએ નવકાર જેવી વિના મૂલ્યે મળેલી કે મળી શકે એવી અસાધારણ ચીજથી અત્યંત દૂર ન રહેવું જોઈએ.

નવકાર એ પરમ મંત્ર છે, એટલું જ નહિ પણ પરમ શાસ્ત્ર છે; પરમ શાસ્ત્ર છે એટલું જ નહિ પણ સર્વ શાસ્ત્રોમાં શિરોમણીભૂત મહાશાસ્ત્ર છે. શાસ્ત્રોમાં એને મહાશ્રુતસ્કંધ નામથી સંબોધેલો છે. લોકમાં રહેલા પંચાસ્તિકાયની જેમ નવકારને શાશ્વત અને સજહસિદ્ધ તરીકે ફરમાવેલો છે. એનો મહિમા અભૂતપૂર્વ છે. પ્રત્યેક પુણ્યવાન આત્મા તે મહિમાવંત વસ્તુની આરાધનામાં રસ લેતો થાય અને પ્રત્યેક દુઃખના પ્રતિકાર માટે શાસ્ત્રોક્ત વિધિ મુજબ જીવનમાં તેને સ્થાન આપતો થઈ જાય, એ અતિ આવશ્યક છે.

# શ્રી નમસ્કાર મહામંત્રની અચિંત્ય કાર્યશક્તિ

માનવજીવનમાં નમસ્કારનું સ્થાન ઘણું ઉંચું છે. મનુષ્યહૃદયની કોમળતા, ગુણગ્રાહકતા અને ભાવુકતાનો તે પરિચાયક છે. પોતાથી શ્રેષ્ઠ અને પવિત્ર એવા મહાન્ આત્માઓને ભક્તિભાવથી ગદ્ગદિત થઈને નમસ્કાર કરવો, એ માનવ માત્રનો સહજ ધર્મ છે. એથી અહંતાનો નાશ થાય છે અને યોગ્યના ચરણોમાં પોતાની જાતને સમર્પણ કર્યાનો આત્મસંતોષ અનુભવાય છે.

નમસ્કાર એ નમ્રતા અને ગુણગ્રાહકતાનું એક વિશુદ્ધ પ્રતીક છે. નમસ્કાર વડે ઉત્તમ આત્માઓથી પોતાની હીનતા અને તેઓની ઉચ્ચતાનો એકરાર થાય છે, એટલું જ નહિ પણ આ એકરાર પોતામાં ઉત્તમ ગુણોનો આધાયક હોવાથી માનવ માત્રનો પરમ ધર્મ બની જાય છે. વિશુદ્ધ નમસ્કાર વડે ઉપાસકના આત્મામાં ઉપાસ્ય પ્રત્યે ભક્તિનું એવું સામ્રાજ્ય સ્થપાય છે કે આ ભક્તિભાવ સત્સંસ્કારને ગ્રહણ કરવા માટેનું એક સરળ અને સરસ સાધન થઈ પડે છે.

પોતાનાથી અધિક વિકસિત આત્માઓને જોઈને અગર સાંભળીને ભક્તિભાવથી દ્રવિત થવું અને તેઓ પ્રત્યે ભક્તિભાવ સહિત બહુમાન અને સન્માન પ્રદર્શિત કરવાં, એ પ્રમોદભાવનાનું એક સ્વરૂપ છે. પ્રમોદભાવના વડે હૃદય વિશાળ, ઉદાર અને ઉદાત્ત બને છે અને આ ભાવનાના અભ્યાસથી ગુણોની પ્રાપ્તિ સુલભ થાય છે,

એટલું જ નહિ પણ હૃદયમાં રહેલા ઈર્ષ્યા, અસૂયા આદિ દોષો બળીને ખાક થઈ જાય છે.

મહાન્ આત્માઓને નમસ્કાર કરવા માત્રથી આવું મોટું ફળ મળે, એ વાત આજના તર્કપ્રધાન યુગમાં સુસંગત કેવી રીતે કરવી ?–એવો પ્રશ્ન થવો જેમ સહજ છે, તેમ તેનો ઉત્તર પણ તેટલો જ સરળ છે.

સ્થૂલ જગતમાં હાથ–પગ હલાવવા વગેરેને જ ક્રિયા મનાય છે, જ્યારે આંતર્ જગતમાં તેમ નથી. આંતર્ જગતમાં ક્રિયાની રીત જુદી છે. સૂર્યનો ઉદય થતાંથી સાથે જ ચોરો પલાયન થઈ જાય છે, તેમાં સૂર્યને કાંઈ કરવું પડતું નથી. સૂર્યના નિમિત્ત માત્રથી તે ક્રિયા આપોઆપ થઈ જાય છે. એ જ રીતે કમળને વિકસાવવા માટે સૂર્યને કમળની પાસે જવું પડતું નથી. ગગનમંડળમાં સૂર્યનો ઉદય થતાંની સાથે જ કમળો સ્વયમેવ ખીલી ઉઠે છે. પરમેષ્ઠિ નમસ્કારમાં આ જ નિયમ લાગુ પડે છે. પાપરૂપી ચોરોને ભગાડવા માટે અને ભવ્યાત્માઓના હૃદયરૂપી કમલોને વિકસાવવા માટે પરમેષ્ઠિઓ માત્ર આલંબનરૂપ–નિમિત્ત છે. તેઓના નિમિત્ત માત્રથી તે કાર્ય આપોઆપ થઈ જાય છે. નમસ્કાર વડે સાધક જે પરમોચ્ચ આલંબનોનો સંપર્ક સાધે છે, તે આલંબનો સૂર્યની જેમ નિમિત્ત બનીને સાધકના આત્માની વિશુદ્ધિ કરે છે અને અશુદ્ધિને દૂર હઠાવી દે છે.

જૈન ધર્મમાં શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારને ઘણું ઉંચું સ્થાન આપવામાં આવ્યું છે, કારણ કે-તે બધી ધર્મક્રિયાઓમાં કેન્દ્રસ્થાને છે. તેને સર્વ શાસ્ત્રોનું નવનીત માન્યું છે. તેને સર્વ ધર્મભાવનાઓનો મૂળ સ્રોત કહ્યો છે. એમાં આલંબન તરીકે સર્વ દેશના અને સર્વ કાળના સર્વશ્રેષ્ઠ મહાપુરુષોનો સંગ્રહ કરી લેવામાં આવ્યો છે. તે સર્વનું પરમોચ્ચ આલંબન પામીને સાધકનો આત્મા પાપવાસનાથી રહિત અને ધર્મવાસનાથી યુક્ત બની જાય છે. તે કારણે સર્વ મંગલોમાં તેને પહેલું મંગલ માન્યું છે. સર્વ મંગલોમાં તેને રાજાનું સ્થાન છે, જ્યારે બીજાં બધાં મંગલો તેના સેવકોનું કામ કરે છે.

જૈન મતમાં બાહ્ય મંગલ એ સર્વથા અને સર્વદા મંગલ નથી. દહીં એ મંગલ છે, પણ જ્વરવાળાને અમંગલ છે. અક્ષત એ મંગલ છે, પણ ઉડીને આંખમાં પડે તો અપમંગલ બને છે. પરમેષ્ઠિ નમસ્કાર એ મહામંગલ છે અને તેનો સંબંધ આંતર્ જગતની સાથે છે. યથાયોગ્ય ઉપયોગ કરવા છતાં ઈતર મંગલો વિફળ બને છે, જ્યારે આમાં એમ બનતું નથી તેથી એકાન્તિક મંગલ છે. ઈતર મંગલોનાં ફળનો નાશ થાય છે અને આનાં ફળનો નાશ થતો નથી, તેથી તે આત્યન્તિક મંગલ છે. જ્યારે જ્યારે તેનો આશ્રય લેવામાં આવે, ત્યારે ત્યારે તે અવશ્ય ફળદાયી બને છે. તે શુભ ભાવરૂપ છે તેથી અશુભ ભાવોનો નાશ કરે છે અને અધિક અધિક મંગલમય ભાવોને જગાડે છે. મનુષ્યનો

આત્મા એક દૃષ્ટિએ ભાવમય હોવાથી પરમેષ્ઠિ નમસ્કાર વડે તે શુભ અને મંગલ ભાવમય બને છે, અશુભ અને અમંગલ ભાવોને જીતી જાય છે અને પરિણામે સાધક સદાને માટે સુખ તથા સદ્દ્ગતિનો ભાગી બને છે.

શ્રી નવકાર મહામંત્ર અપૂર્વ ચિંતામણિ છે, અપૂર્વ કલ્પવૃક્ષ છે, પરમ મંત્ર છે અને પરમ અમૃત સમાન છે, અર્થાત્ અમરણ – મોક્ષનો પરમ હેતુ છે.

# શ્રી નમસ્કાર મહામંત્રની વ્યાપકતા

જગતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના માનવીઓ જોવામાં આવે છે. શાસ્ત્રાનુસારી, તર્કાનુસારી અને ભાવનાનુસારી. પહેલો વર્ગ આજ્ઞાપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે, બીજો વર્ગ યુક્તિપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે અને ત્રીજો વર્ગ આજ્ઞાથી અને યુક્તિથી નિરપેક્ષ–કેવળ ભાવ અને લાગણીપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે. એ ત્રણેય પ્રકારના (વર્ગવાળા) મનુષ્યોને શ્રી નમસ્કાર મહામંત્રની વ્યાપકતા અને શ્રેષ્ઠતા પ્રતિબોધિત કરવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ અથાગ પ્રયત્ન કર્યો છે.

## ૧. શાસ્ત્રાનુસારી વર્ગ–

શાસ્ત્રાનુસારી વર્ગ આજ્ઞાપ્રધાન મનોવૃત્તિવાળો હોય છે. આજ્ઞા એટલે આપ્તવચન. શ્રી જૈનશાસનમાં આપ્ત તરીકે વીતરાગ અને સર્વજ્ઞની ગણના છે, કે જેઓ રાગાદિ દોષોથી સર્વથા રહિત છે અને એ જ કારણે જેઓ સર્વજ્ઞ–સર્વદર્શી થએલા છે. તેઓનું વચન એ જ આજ્ઞા છે. એવી આજ્ઞાને અનુસરવાની વૃત્તિ શિષ્ટ પુરુષોમાં સ્વાભાવિક જ હોય છે.

શાસ્ત્રાનુસારી–આજ્ઞાપ્રધાન આત્માઓને શ્રી નમસ્કાર મહામંત્રની સર્વશાસ્ત્રવ્યાપકતા અને સર્વશ્રુતઅભ્યંતરતા સમજવા માટે શ્રી તીર્થંકરદેવો વડે પ્રકાશિત અને શ્રી ગણધરદેવો વડે ગુમ્ફિત શ્રી આવશ્યકસૂત્રની સૂરિપુરંદર શ્રી

હરિભદ્રસૂરિ વિરચિત ટીકા(પૃ૦૩૭૬)માં ફરમાવ્યું છે કે—

**तत्र सूत्रं सूत्रानुगमे सत्युच्चारणीअं, तच्च पञ्चनमस्कारपूर्वकं, तस्याऽशेषश्रुतस्कन्धाऽन्तर्गतत्वात् ।**

**અર્થ**—અહીં સૂત્ર એટલે સામાયિકસૂત્ર, તેના અનુગમ એટલે વ્યાખ્યાન સમયે સૂત્ર ઉચ્ચારવું જોઈએ અને તે ઉચ્ચાર શ્રી પંચનમસ્કારપૂર્વક કરવો જોઈએ, કારણ કે—પંચનમસ્કાર સર્વશ્રુતસ્કંધની અંતર્ગત રહેલો છે.

## શ્રી આવશ્યકનિર્યુક્તિ—

સામાયિકસૂત્રનું ઉચ્ચારણ કરવાનું વિધાન હોવાથી શ્રી પરમેષ્ઠિ નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ. તે કારણે સામાયિકસૂત્રનું વ્યાખ્યાન કરવા પહેલાં શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનું વ્યાખ્યાન કરવું જોઈએ. એ વાતને વિશેષ સ્પષ્ટ કરતાં ટીકાકારમહર્ષિ ફરમાવે છે કે—

**अतोऽसावेव सूत्रादौ व्याख्येयः, सर्वसूत्रादित्वात्, सर्वसम्मतसूत्रादिवत्, सूत्रादित्वं चाऽस्य सूत्रादौ व्याख्यायमानत्वात् निर्युक्तिकृतोपन्यस्तत्वाच्च ।**

**અર્થ**—એ કારણે સૂત્રની આદિમાં શ્રી પંચનમસ્કારની જ વ્યાખ્યા કરવી જોઈએ, કારણ કે—તે સર્વ સૂત્રની આદિમાં છે. 'જે સર્વ સૂત્રની આદિમાં હોય તેની વ્યાખ્યા સૌ પહેલાં કરવી જોઈએ.'—એ વાત સર્વ શિષ્ટોને સંમત છે. શ્રી પંચનમસ્કારની આદિસૂત્રતા એ ઉપરથી સિદ્ધ થાય છે કે—નિર્યુક્તિકાર ભગવાને સૌ પ્રથમ તેનો ઉપન્યાસ

કર્યો છે અને વ્યાખ્યા પણ સૌ પ્રથમ તેની કરી છે.

આ રીતે નિર્યુક્તિકાર શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજીના પ્રામાણ્યથી ટીકાકારમહર્ષિ શ્રી હરિભદ્રસૂરિજી પણ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારને સર્વ શ્રુતની અભ્યંતર એટલે સર્વ શાસ્ત્રમાં વ્યાપક તરીકે પ્રતિપાદન કરે છે અને સર્વ પ્રથમ તેનું ઉચ્ચારણ અને તેની જ વ્યાખ્યા કરવી જોઇએ, એમ કહીને શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારની સર્વશ્રુતશ્રેષ્ઠતા જાહેર કરે છે.

**શ્રી આવશ્યકસૂત્રના કર્ત્તા–**

શ્રી આવશ્યકસૂત્રના કર્ત્તા અર્થથી શ્રી અરિહંતદેવો છે અને સૂત્રથી શ્રી ગણધરભગવંતો છે. શ્રી આવશ્યકનિર્યુક્તિના કર્ત્તા ચૌદપૂર્વધર શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજી છે તથા મૂલસૂત્ર અને તેની નિર્યુક્તિ ઉપર ટીકાના રચનારા ચૌદસોચુમ્માલીસ ગ્રન્થના પ્રણેતા, સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી છે. તેઓશ્રી ફરમાવે છે કે–સૂત્રનું વ્યાખ્યાન કરવા પહેલાં સૂત્રનું ઉચ્ચારણ કરવું જોઇએ. આ સૂત્રનું ઉચ્ચારણ શ્રી પંચનમસ્કારપૂર્વક કરવું જોઇએ, કારણ કે–શ્રી પંચનમસ્કાર એ સર્વ શ્રુતની અભ્યંતર રહેલો છે. સર્વ શ્રુતની અભ્યંતર એટલે સર્વ સિદ્ધાન્તમાં વ્યાપક. શ્રી જિનાગમનું કોઈ પણ સૂત્ર કે કોઈ પણ શાસ્ત્ર શ્રી પંચનમસ્કાર રહિત છે જ નહિ. શ્રી પંચનમસ્કાર એ સર્વ શ્રુત અને સર્વ શાસ્ત્રની અભ્યંતર રહેલો જ છે. પછી

તે સ્પષ્ટપણે ઉલ્લેખિત કરાયેલો હોય કે ન હોય. સ્પષ્ટપણે જો ઉલ્લેખ કરાએલો ન હોય તો પણ તે ત્યાં રહેલો જ છે એમ સમજવું જોઈએ, કારણ કે–શ્રી પંચનમસ્કારના ઉચ્ચારણ વિના કોઈ પણ શાસ્ત્રનું અધ્યયન કે અધ્યાપન શ્રી જૈનશાસનમાં વિહિત નથી.

**આદિમંગળતા–**

શ્રી પંચનમસ્કારની સર્વશ્રુત અભ્યંતરતા અને આદિમંગળતાને શાસ્ત્રકારોનાં વચનથી જાણીને, તેની આચરણા શ્રી નિર્યુક્તિકાર ભગવંતથી માંડીને આજ પર્યંતના સઘળા શ્રુતધરોએ માન્ય રાખેલી છે અને આજે પણ કોઈ પણ સૂત્ર, વ્યાખ્યાન કે પ્રવચનના પ્રારભમાં સૌ પ્રથમ શ્રી પંચનમસ્કારને સ્મરવામાં આવે છે તથા સર્વ પ્રકારની શુભ ક્રિયાઓનાં પ્રારંભમાં આદિમંગળ તરીકે તેને જ ગણવામાં આવે છે.

**૨. તર્કાનુસારી વર્ગ–**

શાસ્ત્રાનુસારી વર્ગ પછી બીજો નંબર તર્કાનુસારી વર્ગનો આવે છે. શાસ્ત્રાનુસારી વર્ગ જેમ આજ્ઞાપ્રધાન હોય છે, તેમ તર્કાનુસારી વર્ગ યુક્તિપ્રધાન હોય છે. લોકોમાં રાજાના વચનની જેમ લોકોત્તર પુરુષોમાં શ્રી તીર્થંકર–ગણધરોનું વચન કોઈના તરફથી યુક્તિની અપેક્ષા રાખતું નથી. રાજાની આજ્ઞા તે આજ્ઞા જ છે. તેની સામે બુદ્ધિ કે યુક્તિની વાતો ટકતી નથી. શ્રી તીર્થંકર–ગણધરોનાં વચનની સામે

પણ યુક્તિ અકિંચિત્કર અને બુદ્ધિ નિર્બળ છે. અતીન્દ્રિય જ્ઞાનથી જોએલા પદાર્થો છદ્મસ્થ બુદ્ધિથી કદી ખંડિત થઈ શકતા નથી. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારની સર્વ શ્રુતઅભ્યંતરતા અને સર્વશ્રુતવ્યાપકતા આપ્તવચનથી સિદ્ધ છે. તેને યુક્તિ કે દલીલોના આધારની લેશ માત્ર અપેક્ષા નથી. તેમ છતાં આપ્તવચનની મહત્તા હજુ જેઓના ખ્યાલમાં આવી નથી, તેવા બુદ્ધિજીવી વર્ગના પણ અનુગ્રહ અર્થે શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારની શ્રેષ્ઠતા તથા સર્વધર્મવ્યાપકતા સિદ્ધ કરવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ પ્રતિપાદન (પ્રયત્ન) કરવામાં કચાશ રાખી નથી.

**ધર્મબીજનું વપન–**

આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી શ્રી લલિતવિસ્તરા નામની ચૈત્યવંદનસૂત્રની વૃત્તિ( પૃ૦ ૮ )માં ફરમાવે છે કે–'धर्मं प्रति मूलभूता वंदना' અર્થાત્ ધર્મપ્રાપ્તિનું મૂલભૂત કારણ વન્દના, અપરનામ નમસ્કાર છે. કહ્યું છે કે–

**विधिनोप्ताद्यथा बीजादङ्कुराद्युदयः क्रमात् ।**
**फलसिद्धिस्तथा धर्मबीजादपि विदुर्बुधाः ॥**

**અર્થ**–વિધિપૂર્વક વાવેલા બીજથી જેમ અંકુરાદિનો ઉદય થાય છે, તેમ વિધિપૂર્વક વાવેલા ધર્મબીજથી પણ ક્રમે કરીને મોક્ષરૂપી ફળની સિદ્ધિ થાય છે, એમ પંડિતપુરુષો ફરમાવે છે.

સત્પુરુષોની પ્રશંસાદિ કરવાં એ ધર્મબીજોનું વપન

છે, ધર્મચિન્તાદિ તેના અકુંરાઓ છે અને નિર્વાણની પ્રાપ્તિ તેનું ફળ છે. આ પ્રશંસા એટલે વર્ણવાદ અને આદિ શબ્દથી તેઓ પ્રત્યે કુશલ ચિત્ત, ઉચિત કૃત્યકરણ વગેરે સમજવું. સત્પુરુષો પ્રત્યે મન વડે કુશળ ચિત્ત ધારણ કરવું, કાયા વડે તેઓનું ઉચિત કૃત્ય કરવું અને વાણી વડે તેઓની પ્રશંસા–સ્તુતિ ઈત્યાદિ કરવું, તે હૃદયરૂપી ભૂમિકામાં ધર્મબીજનું વપન કરવાની શુભ ક્રિયા છે. ધર્મચિન્તાદિ તેના અંકુરા છે. તેમાં ધર્મની ચિન્તા અને આદિ શબ્દથી ધર્મની ઈચ્છા, ધર્મનો અભિલાષ, ધર્મની અભિરુચિ ઈત્યાદિ ધર્મબીજના અંકુરાઓ જાણવા. ધર્મની ચિન્તા પછી ધર્મનું શ્રવણ થાય છે, ધર્મનું શ્રવણ થયા પછી ધર્મનું અનુષ્ઠાન થાય છે. તેના ફળરૂપે દેવ અને મનુષ્યની સંપદાઓ મળે છે અને પરિણામે નિર્વાણસુખની પ્રાપ્તિ થાય છે. એ બધાં ધર્મબીજમાંથી ક્રમશઃ ઉત્પન્ન થનારાં અંકુર, કાણ્ડ, નાલ, પુષ્પ અને ફળસ્વરૂપ છે.

### બીજાંકુર ન્યાય–

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર એ બીજરૂપ બનીને કાળના પરિપાકથી નિર્વાણરૂપી ફળનો હેતુ થાય છે, તેથી તેની જિજ્ઞાસા એટલે વસ્તુને સત્ય સ્વરૂપે જાણવાની ઈચ્છા, એ પણ પરમ મહોદયને સૂચવનારી છે. સાચી જિજ્ઞાસા થયા પછી સદ્‌ગુરુનો યોગ થાય છે, સદ્‌ગુરુના યોગે શ્રી પરમેષ્ઠિ નમસ્કાર સ્વરૂપનો બોધ તથા તેમાં સ્થૈર્ય ઉત્પન્ન થાય

છે, એ સ્થૈર્યના યોગે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ક્રિયા થાય છે અને એ ક્રિયાના પ્રતાપે કર્મમલ ઘટે છે. પરિણામે નિર્વાણસુખની પ્રાપ્તિ થાય છે. શ્રી પરમેષ્ઠિનમસ્કાર શાસ્ત્રોમાં ચિન્તામણિથી અને કલ્પવૃક્ષથી પણ અધિક ફળદાયી કહ્યો છે, તે વચન આ અપેક્ષાએ ચરિતાર્થ થાય છે.

## સૂર્ય-ખદ્યોત દૃષ્ટાન્ત-

તર્કાનુસારી પ્રત્યે જેમ બીજાંકુર ન્યાયથી નવકારની સર્વધર્મવ્યાપકતા સિદ્ધ થાય છે, તેમ સૂર્ય-ખદ્યોતના દૃષ્ટાન્તથી પણ શાસ્ત્રકારભગવંતો શ્રી નવકારની શ્રેષ્ઠતા સિદ્ધ કરી બતાવે છે. આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી યોગ-દૃષ્ટિસમુચ્ચય નામક ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે-

**तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया।**
**अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥ १ ॥**

**અર્થ**-તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયા, એ બે વચ્ચે સૂર્ય અને ખજુઆ જેટલું અંતર સમજવું.

અહીં પક્ષપાત એટલે શુભેચ્છા, અંતરંગ આદર અને પરમાર્થ રાગ. નમસ્કાર એ પરમેષ્ઠિઓ પ્રત્યે અને તેઓના ગુણો પ્રત્યે પરમાર્થ રાગને સૂચવે છે તથા અંતરંગ આદરને બતાવે છે. લોકમાં જેમ ભાવ વિનાનું ભોજન લુખ્ખું છે, તેમ લોકોત્તરમાં ભાવ વિનાની ભક્તિ વન્ધ્ય છે. પરમેષ્ઠિઓ પ્રત્યેના ભાવ વિના અને અંતરંગ આદર વિના તેઓની

આજ્ઞાનું પાલન પણ તેવું જ છે. નમસ્કાર એ હૃદયના ભાવનો ઉત્પાદક છે, હૃદયના ભાવનો પૂરક છે અથવા હૃદયના ભાવનો સૂચક છે. એ કારણે તેને બુદ્ધિમાન પુરુષોએ સર્વ પ્રથમ સ્થાન આપેલું છે.

## ૩. લાગણીપ્રધાન વર્ગ–

આજ્ઞાપ્રધાન અને યુક્તિપ્રધાન વર્ગ ઉપરાન્ત એક મોટો વર્ગ એવો છે, કે જે કેવળ લાગણીપ્રધાન હોય છે. શાસ્ત્રોનાં વચનોં કરતાં કે તે વચનોને સિદ્ધ કરનારી યુક્તિઓ કરતાં પણ આ વર્ગનું દૃષ્ટાન્તો, કથાનકો કે ચરિત્રો વધારે આકર્ષણ કરે છે. આ વર્ગને શાસ્ત્રવચન કે હેતુ–યુક્તિની બહુ ઉપેક્ષા હોતી નથી. જે ક્રિયા વડે જે લોકોને ફાયદો થયો હોય, તેનાં કથાનકો કે ચરિત્રો સાંભળીને તે વર્ગ તેના તરફ દોરાય છે. એવો વર્ગ પ્રમાણમાં હંમેશાં મોટો હોય છે. તે વર્ગ લાગણીપ્રધાન હોય છે. ઘણી વખતે બુદ્ધિજીવી વર્ગમાં જે લાગણી જોવામાં આવતી નથી, તે લાગણી એ વર્ગમાં જોવામાં આવે છે. લાગણીપ્રધાનતાના બળે જ તે વર્ગ ધર્મ પ્રત્યે આકર્ષણવાળો રહે છે. આવા વર્ગને નમસ્કારની વ્યાપકતા સમજાવવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ પુષ્કળ દૃષ્ટાન્તો, કથાનકો અને ચરિત્રો કહેલાં છે.

## કથાનુયોગનો પ્રભાવ–

નવકારના પ્રભાવે સર્પ ધરણેન્દ્ર બને છે અને સમળી રાજકુમારી તરીકે જન્મે છે. અરણ્યનો ભિલ્લ રાજા બને

છે અને તેની સ્ત્રી ભિલ્લડી રાજરાણી તરીકે ઉત્પન્ન થાય છે. પશુઓને ચારનાર ગોવાલનો બાળક પરમ શીલસંપન્ન સુદર્શન શેઠ થાય છે અને ભયંકર કોઢ રોગથી વ્યાપ્ત કાયાવાળો શ્રીપાળકુમાર પરમ રૂપ અને લાવણ્યનો ભંડાર બને છે. નવકારના પ્રભાવે ઘોર વિપત્તિ વચ્ચે રહેલા જુગારીઓ પણ પ્રાણાન્ત આપત્તિમાંથી ઉગરી ગયા છે. સુશીલ અને સમ્યગ્દૃષ્ટિ મહાસતીઓને પણ જ્યારે પતિ આદિ તરફથી પ્રાણાન્ત આપત્તિઓ આવી છે, ત્યારે એક નવકાર વડે જ તેઓનું રક્ષણ થયું છે. નવકારના પ્રભાવે સ્મશાનમાં રહેલું શબ સુવર્ણપુરુષ બની જાય છે તથા અંધકારમાં રહેલો સર્પ દિવ્ય સુગંધયુક્ત પુષ્પની માળા બની જાય છે.

આ દૃષ્ટાન્તો કોરા બુદ્ધિજીવી વર્ગ ઉપર કદાચ ઓછી અસર નિપજાવતાં હોય, તો પણ લાગણીપ્રધાન વિશાળ જનતા ઉપર તેનો જબ્બર પ્રભાવ વિસ્તરે છે. જૈન કુળમાં ઉત્પન્ન થએલા આમવર્ગ ઉપર શ્રી નવકારમંત્રનો પ્રભાવ આજે પણ પોતાની પ્રબળ અસર ઉપજાવી રહ્યો છે. તેની પાછળ આ ચરિત્રો અને કથાનકોની ઘણી મોટી અસર છે. બુદ્ધિજીવી વર્ગ ઉપર જો આની અસર ન પડતી હોય, તો તેનું કારણ કેવળ તેમની બુદ્ધિજીવિતા નથી પણ કંઈક અંશે લાગણીશૂન્યતા પણ છે એમ માનવું જોઈએ; કારણ કે–બુદ્ધિજીવી વર્ગની અંદર અગ્રેસર એવા સર્વ પૂર્વ-મહાપુરુષો ઉપર આ નવકારનો પ્રભાવ પડ્યો છે અને તેના

પ્રભાવને વર્ણવનારાં ચરિત્રોએ તેમના જીવનને નવકારથી ભાવિત કરવા માટે મોટી સહાય પણ કરી છે.

## સાચી બુદ્ધિ અને તેનું ફળ–

લાગણીશૂન્ય બુદ્ધિમત્તા બાહ્ય દૃષ્ટિએ ગમે તેટલી આકર્ષક જણાતી હોય, તો પણ આંતર્ દૃષ્ટિએ તેનું કશું મૂલ્ય નથી. આજ્ઞા અને યુક્તિથી સિદ્ધ એવા પણ શ્રી પરમેષ્ઠિ નમસ્કારના ફળને વર્ણવતાં ચરિત્રો અને કથાનકોની અસર જેઓના અંતઃકરણ ઉપર નિપજતી નથી, તેઓની બુદ્ધિ તેમને કેવળ ભારરૂપ બને છે. બુદ્ધિનું ફળ જે ભાવ અને ભાવનું ફળ જે મોક્ષ, તેનાથી તેઓ સદા વંચિત રહે છે. સાચી બુદ્ધિ તે છે, કે જે સદ્‌વસ્તુ પ્રત્યે, સદ્‌વસ્તુને સિદ્ધ કરનારી યુક્તિ પ્રત્યે અને સદ્‌વસ્તુનો પ્રભાવ વર્ણવનાર ચરિત્ર, કથાનક કે દૃષ્ટાન્ત પ્રત્યે સદ્‌ભાવને પેદા કરે, તેમજ વસ્તુને ઓળખવા માટે સર્વ બાજુઓનું એકસરખું મૂલ્યાંકન કરી શકે.

શ્રી નવકારનો પ્રભાવ અધમમાં અધમ મનુષ્યો અને ક્રૂર ક્રૂરમાં તિર્યંચો ઉપર પણ પડ્યો છે. તે સંબંધી જેમ ભિલ્લ અને મહિષીપાલ વગેરે મનુષ્યોનાં દૃષ્ટાન્તો છે, તેમ સર્પ અને સમળી ઈત્યાદિ તિર્યંચોનાં ઉદાહરણો પણ છે. ચોરી અને જારી કે દ્યુત અને શિકાર જેવા મહા વ્યસનોને સેવનારા પણ નવકારના પ્રભાવથી ભવસમુદ્રને તરી ગયા છે.

એ રીતે શાસ્ત્રવચન, તર્કબુદ્ધિ અને સ્વાનુભવ સંવેદનથી સિદ્ધ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ સર્વ કાળ અને સર્વ લોકમાં સર્વ વિવેકી આત્માઓનાં અંતઃકરણ ઉપર વિજયવંત છે.

# નમસ્કાર મનુષ્યનો સ્વભાવસિદ્ધ ધર્મ

પોતાથી મહાન્, પવિત્ર અને નિર્મળ આત્માઓને નમસ્કાર કરવાની પ્રથા માનવસૃષ્ટિમાં નવી નથી, કિન્તુ અનાદિકાળથી ચાલી આવેલી છે. મહાપુરુષોના પવિત્ર વ્યક્તિત્વનું આકર્ષણ જ કોઈ એવું હોય છે કે-ભક્તિશીલ વ્યક્તિ આપોઆપ તેઓના ચરણકમળોમાં ઝુકી પડે છે, નમસ્કારના રૂપમાં સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થઈ જાય છે અને આત્મોન્નતિની સાધના માટે ઉત્કંઠિત સાધકના હૃદયમાં આત્મનિષ્ઠ મહાપુરુષો પ્રત્યે ભક્તિ અને સમર્પણનો ભાવ સ્વયમેવ જાગ્રત થઈ જાય છે. જ્યાં સુધી ઇષ્ટતમને નમસ્કાર કરી ન લે, ત્યાં સુધી તેના આંતર્ મનને શાન્તિ થતી નથી. આરાધ્યતમ આત્માઓને નમતાંની સાથે આરાધક આત્માના અંતરાત્મામાં દિવ્ય શાન્તિ પથરાઈ જાય છે અને સંસારના તોફાનોથી ક્ષુબ્ધ થયેલું અંતઃકરણ નમનીયને નમવાથી સ્વસ્થ અને હલકું બને છે. આથી એ નક્કી થાય છે કે-ઉત્તમ આત્માઓને નમસ્કાર કરવો એ કેવળ ધાર્મિક રિવાજ કે ઔપચારિક સભ્યતા જ નથી, કિન્તુ મનુષ્યપ્રકૃતિની ભીતરમાં રહેલો એક ઉત્તમ સ્વભાવસિદ્ધ સહજ ધર્મ છે.

શ્રી જિનાગમોમાં પરમેષ્ઠિ નમસ્કારને મહાશ્રુતસ્કંધ તરીકે વર્ણવેલો છે અને પ્રત્યેક શાસ્ત્રની આદિમાં તેને સ્થાન

આપેલું છે, તેથી તે સમસ્ત શ્રુતસ્કંધની અભ્યન્તર રહેલો છે. જ્યાં જ્યાં શાસ્ત્રોનાં નામોની યાદી આપેલી છે, ત્યાં ત્યાં બીજા શાસ્ત્રોની સાથે નમસ્કારની સ્વતંત્ર ગણના કરી નથી. તે એમ જણાવવા માટે કે–નમસ્કાર એ સર્વ શ્રુતસ્કંધોની અંદર વ્યાપીને રહેલો છે. શ્રી ભગવતીસૂત્રની ટીકામાં આચાર્ય શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી ફરમાવે છે કે–

**अत एवायं समस्तश्रुतस्कन्धानामादावुपादीयते, अत एव चायं तेषामभ्यन्तरतयाऽभिधीयते, यदाह–'सो सव्वसुयक्खंधऽब्भंतरभूओ त्ति,** (पृष्ठ २)

**અર્થ**–"એ જ કારણે આ પરમેષ્ઠિ નમસ્કાર સમસ્ત શ્રુતસ્કન્ધોની (તે તે સમસ્ત શાસ્ત્રોની) આદિમાં ગ્રહણ કરાય છે અને એટલા જ માટે તેની સર્વશ્રુત અભ્યંતરતા ગણાય છે. કહ્યું છે કે– 'તે સર્વશ્રુતસ્કંધોમાં અભ્યંતરભૂત છે.' ઈત્યાદિ."

પરમેષ્ઠિઓ પાંચ છે. શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ પાંચ વિશ્વના મહાન્ આત્માઓ છે. શાસ્ત્રોમાં તેઓનાં પુષ્કળ ગુણગાન કરવામાં આવ્યાં છે. એ કોઈ વ્યક્તિવિશેષનાં નામો નથી, પરન્તુ આધ્યાત્મિક વિકાસ થવાથી પ્રાપ્ત થએલા પાંચ મંગળમય ઉચ્ચ પદોનાં–સર્વોચ્ચ સ્થાનોનાં નામો છે.

શ્રી જિનેશ્વરદેવો વડે સ્થાપિત કરાએલો ધર્મ એ કોઈ વ્યક્તિગત ધર્મ નથી, કિન્તુ આંતરશત્રુઓ ઉપર વિજય

પ્રાપ્ત કવા માટેનો વિશ્વવ્યાપી રાજમાર્ગ છે. ઇન્દ્રિયો ઉપર, ઇન્દ્રિયોના વિકારો ઉપર, મન ઉપર, મનની મલિન વાસનાઓ ઉપર અને એ દરેકના કારણભૂત કર્મશત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ એનું નામ જૈન ધર્મ છે. જૈન ધર્મનું એ મંતવ્ય છે કે–સંસારનો કોઈ પણ પ્રાણી જો પોતાની જાત ઉપર, પોતાની ઇન્દ્રિયો અને મન ઉપર, તેમજ વિકારો અને વાસનાઓ ઉપર વિજય મેળવે, તો તે અભિનંદનનું પાત્ર છે તથા મહાત્મા તરીકે અને યાવત્ પરમાત્મા તરીકે પૂજવાલાયક છે. પરમેષ્ઠિ નમસ્કારમાં એ જ કારણે કોઈ વ્યક્તિવિશેષનાં નામો નથી, કેવલ આધ્યાત્મિક ભૂમિકાઓનાં વર્ણન છે. સર્વકાળ અને સર્વલોકમાં જે કોઈ આંતરશત્રુઓના વિજેતા થયા, થશે અને થાય છે, તે સર્વને તેમાં નમસ્કાર કરવામાં આવ્યો છે. જૈન ધર્મની આ ભવ્ય અને ઉદાત્ત ભાવના, એ સમષ્ટિ ઉપાસનાનું સુંદર અને ભાવભર્યું ચિત્ર છે.

'**नमो लोए सव्वसाहूणं**' એ પદમાં રહેલા '**लोए**' અને '**सर्व**' શબ્દની વ્યાખ્યા કરતાં શ્રી ભગવતીસૂત્રની ટીકામાં કહ્યું છે કે–

**'लोके'=मनुष्यलोके, न तु गच्छादौ ये सर्वसाधवस्तेभ्यो नमः ।**

**અર્થ**–"'લોકે' એટલે માત્ર ગચ્છાદિમાં રહેલા નહિ, કિન્તુ મનુષ્યલોકમાં જે કોઈ સાધુઓ (થયા, થશે કે) છે, તે સર્વને નમસ્કાર થાઓ."

અહીં કોઈ શંકા કરે કે—શ્રી અરિહંત આદિ મહાન્ છે, પવિત્ર છે અને સર્વગુણસંપન્ન છે, પરંતુ તેથી બીજાઓને શું લાભ? તેઓ પોતે તો વીતરાગ હોઈ ભક્તને સ્વર્ગ કે મોક્ષ કાંઈ પણ આપી શકતા નથી, પછી તેઓને નમસ્કાર કરવાથી શું?

એનો ઉત્તર એક જ છે કે—પવિત્રતમ આત્માઓને નમસ્કાર કરવો, એ વિવેકી મનુષ્ય માત્રનો સ્વભાવસિદ્ધ ધર્મ છે. આદર્શસ્વરૂપ મહાન્ આત્માઓને નમવું–પૂજવું, એ સહૃદય માનવીહૃદયનો એક સ્વતંત્ર અને સહજસિદ્ધ ભાવ છે. એમાં આપવા–લેવાનો કોઈ પ્રશ્ન છે જ નહિ. ગુણીજનોને જોઈને હૃદયમાં પ્રમોદ પામવો એ મનુષ્ય આત્માનું દિવ્ય ગાન છે. ગુણવાન આત્માઓને પુનઃ પુનઃ નમસ્કાર કરવાથી આત્મા તેઓના ગુણો તરફ આકર્ષિત થાય છે અને અંતરથી તેઓના જેવો બનવા ઇચ્છે છે. ઉપાસ્યના ગુણો જેવા ગુણો પોતામાં આવે તે માટે અભિરુચિ જાગે છે. ભક્તમાંથી ભગવાન અને આત્મામાંથી પરમાત્મા બનવાનો નમસ્કાર એ એક રાજમાર્ગ છે. ધ્યેયના અનુસારે ધ્યાતા અંતે ધ્યેય રૂપમાં પરિવર્તિત થાય છે, એ એક સનાતન સત્ય છે. તેનો સાક્ષાત્કાર નમસ્કાર વડે થાય છે. નમસ્કાર એ નમસ્કાર્ય પાસેથી કાંઈ લેવા માટે છે એમ નથી, કિન્તુ પોતાના આત્માને નમસ્કાર્યસ્વરૂપ બનાવવા માટે છે. ભાવની વિશુદ્ધિ માટે, ભાવનાની પવિત્રતા માટે અને આદર્શની સ્થિરતા માટે પવિત્ર અને આદર્શભૂત પુરુષોને નમવું, વારંવાર નમવું, એ માનવ-

જીવનનું એક પવિત્રતમ કર્ત્તવ્ય છે. નમસ્કારનો આ આંતરિક રહસ્યભૂત ભાવ છે અને તે શ્રી નમસ્કાર મહામંત્રના પવિત્ર પદો વડે સૂચિત થાય છે.

સંસારમાં અનંતાનંત આત્માઓ રહેલા છે. ચાર ગતિ, પાંચ જાતિ અને ચોરાશી લાખ જીવાયોનિઓમાં પોતપોતાના કર્માનુસારે જીવો સુખ–દુઃખ ભોગવી રહ્યા છે. તેમાંથી અનંત આત્માઓ એવા છે, કે જેઓ સંસાર-યાત્રાને પાર કરી, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની અજરા-મરપદને પ્રાપ્ત કરી ચૂકયા છે. એ રીતે કર્મથી બદ્ધ અને કર્મથી મુક્ત–બંને પ્રકારના આત્માઓ લોકમાં રહેલા છે. પરન્તુ તેમાંના જે જીવો મુક્ત થઈ ચૂકયા છે અને મુક્ત થવા માટે જે સતત પ્રયત્નશીલ છે, તેઓ જ નમસ્કારનાં પાત્રો છે. જૈનશાસ્ત્રમાં તેને પંચપરમેષ્ઠિ કહ્યા છે. તેનો અર્થ એ છે કે–સંસારના અનંતાનંત આત્માઓમાં આધ્યા-ત્મિક દૃષ્ટિથી પાંચ પ્રકારના આત્માઓ સર્વથી શ્રેષ્ઠ છે, સર્વથી મહાન્ છે, સર્વથી ઉચ્ચ દશાને પામેલા અને પામનારા છે, પરમપદે પહોંચેલા અને પહોંચનારા છે, એટલે પવિત્ર સ્વરૂપને પ્રાપ્ત કરી ચૂકેલા અને પ્રાપ્ત કરનારા છે અને અન્ય વાસનામગ્ન આત્માઓની અપેક્ષાએ આધ્યાત્મિક વિકાસની ઉચ્ચ ભૂમિકા ઉપર રહેલા છે. શ્રી અરિહંત આદિ પાંચ પદો વડે સંસારના એ સર્વોચ્ચ આત્માઓને સંગ્રહી લેવામાં આવ્યા છે.

બીજી બાજુ સંસારનાં મોટામાં મોટાં પદો ઈંદ્ર અને ચક્રવર્તીનાં છે. એ પદોને પામેલા પણ આ પાંચ પ્રકારના

આત્માઓની આગળ અલ્પ છે, તુચ્છ છે અને હીન છે. ભૌતિક સત્તાના મોટામાં મોટા પ્રતિનિધિ અસંખ્ય દેવો—દેવતાઓ ઉપર શાસન ચલાવવાળા સ્વર્ગના ઇન્દ્ર પણ ત્યાગમાર્ગના પ્રતિનિધિસ્વરૂપ આ પાંચ મહાન્ ત્યાગી વર્ગની આગળ ઝૂકે છે.

નમસ્કાર મહામંત્રમાં એ પાંચેય પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવ્યો છે, તેથી તેને **પરમેષ્ઠિમંત્ર** પણ કહેવાય છે.

જીવત્વની દૃષ્ટિએ બધા જીવો સમાન છે, પછી ભલે તેઓ બદ્ધ હોય કે મુક્ત. પરંતુ જે જીવ જ્ઞાનાદિથી હીન અને રાગ-દ્વેષાદિથી અધિક છે, તે આધ્યાત્મિક માર્ગમાં અવંદનીય છે; જ્યારે જે જીવ જ્ઞાનાદિથી મહાન્ છે અને રાગ-દ્વેષાદિથી રહિત છે, તે ત્રિકાલ વંદનીય છે. શ્રી અરિહંત અને સિદ્ધ આદિ પૂર્ણરૂપે રાગાદિથી રહિત અને જ્ઞાનાદિથી પૂર્ણ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પ્રાયઃ એકદેશથી રાગાદિની હીનતા અને જ્ઞાનાદિની વિશેષતાવાળા છે. એમ જૈનધર્મના પ્રાણભૂત વીતરાગભાવ અને સર્વજ્ઞભાવ સર્વથી કે ઘણા અંશથી એ પાંચેય પદોમાં સ્પષ્ટતયા અભિવ્યક્ત થએલો છે.

બીજી રીતે જૈનધર્મનાં મૂળ તત્ત્વો ત્રણ છે. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ. તેમાં શ્રી અરિહંત અને સિદ્ધ આત્મવિકાસની પૂર્ણ અવસ્થા—પરમાત્મદશા ઉપર પહોંચેલા છે, તેથી પૂર્ણ રૂપથી પૂજ્ય છે અને દેવતત્ત્વની કોટિમાં ગણાય છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આત્મવિકાસની અપૂર્ણ

અવસ્થામાં છે, છતાં પૂર્ણતાને માટે સતત પ્રયત્નશીલ હોવાથી પૂજ્ય છે અને પોતાથી ઉંચી શ્રેણિવાળાના તેઓ પૂજક પણ છે, માટે તેઓનો ગુરુતત્ત્વમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વળી સર્વત્ર વ્યક્તિથી ભાવમાં લક્ષણા કરી શકાય છે, તેથી અરિહંતાદિ તે તે પદોની લક્ષણા વડે અર્હદ્ભાવ, સિદ્ધભાવ, આચાર્યભાવ, ઉપાધ્યાયભાવ અને સાધુભાવ ગ્રહણ કરી શકાય છે. તેનો અર્થ એ છે કે-અર્હદ્ભાવને આ નમસ્કાર છે. એ રીતે લક્ષણાથી પાંચેયમાં રહેલો અર્હદાદિ ભાવ એ નમસ્કારનું લક્ષ્યબિંદુ છે અને આ ભાવ એ જ ધર્મતત્ત્વ છે. અહિંસાદિ ધર્મો અને જ્ઞાનાદિ આત્મભાવો આ પાંચેય પદોના પ્રાણ છે, એટલે શ્રી નમસ્કારમંત્રમાં દેવતત્ત્વ અને ગુરુતત્ત્વની સાથે ધર્મતત્ત્વનો પણ અંતર્ભાવ થઈ જાય છે અને દેવતત્ત્વ તથા ગુરુતત્ત્વની સાથે ધર્મતત્ત્વને પણ નમસ્કાર કરી લેવામાં આવે છે.

આ નમસ્કારસૂત્ર સમસ્ત જૈની આરાધનાઓનું કેન્દ્ર છે. શ્રી અરિહંતાદિ પાંચ પદો અને તેઓમાં રહેલો ભાવ સર્વ સાધકોને માટે આરાધ્ય છે, તેથી દરેક કાર્યના પ્રારંભમાં સર્વ પ્રથમ તેઓને નમસ્કાર કરવા વડે શ્રદ્ધાંજલિ અર્પણ કરાય છે. ઉઠતી વખતે, સૂતી વખતે, શુભ કાર્ય કરતી વખતે, સ્વાધ્યાય કરતી વખતે, પ્રતિક્રમણ વખતે, વિહાર વખતે કે ગોચરી વખતે, સર્વત્ર નમસ્કાર મહામંત્રનો મંગલ ધ્વનિ ગુંજતો જ રહે છે. પ્રત્યેક કાર્ય કરતી વખતે મહાન્ પવિત્ર આત્માઓ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ પ્રદર્શિત કરવાથી મોહાંધકાર દૂર થાય છે; અજ્ઞાન, સંશય, વિપર્યય આદિ અજ્ઞાનનો નાશ

થાય છે; એથી આત્મશક્તિનો વિકાસ થાય છે અને આત્મશક્તિના વિકાસથી દુઃખનો અંત આવે છે. દુઃખનું મૂળ મોહાંધકારમાં, અજ્ઞાનમાં, સંશયમાં કે વિપરીત જ્ઞાનમાં છે અને એથી આત્મશક્તિનો હ્રાસ થાય છે. જ્યાં એ સર્વનો અભાવ હોય, ત્યાં દુઃખ ટકતું નથી.

છેલ્લે, વસ્તુ ગમે તેટલી મહત્ત્વપૂર્ણ હોય પણ જ્યાં સુધી તેના મહત્ત્વનું વ્યવસ્થિત રીતે નિરૂપણ કરવામાં ન આવે, ત્યાં સુધી જનસમૂહનું તેના પ્રત્યે આકર્ષણ થઈ શકતું નથી. એ ઉદ્દેશની પૂર્તિ માટે શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકા છે. ચૂલિકામાં પાંચેય પરમેષ્ઠિઓને કરેલા નમસ્કારનું ફળ પ્રગટપણે દર્શાવેલું છે. સર્વ વિઘ્નોનો નાશ અને સર્વ મંગળોનું આગમન, એ આ પાંચેયને કરેલા નમસ્કારનું સ્પષ્ટ ફળ છે. એ રીતે ચૂલિકા સહિત મૂળ મંત્ર શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ તરીકે જૈન આમ્નાયમાં પ્રસિદ્ધ છે.

卐

**જે આત્મા ભાવપૂર્વક એક લાખ નવકારને ગણે છે તથા વિધિપૂર્વક શ્રી અરિહંતદેવને પૂજે છે, તે આત્મા અવશ્ય તીર્થંકરનામ-ગોત્રને ઉપાર્જે છે.**

# નમસ્કાર મહામંત્રની સર્વશ્રેષ્ઠ ઉપાદેયતા

કોઈ પણ વસ્તુની ઉપાદેયતા તેના ફળ ઉપર અવલંબેલી છે. જેનું ફળ સર્વશ્રેષ્ઠ, તેને વિષે બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિ સર્વથી અધિક, એ નિયમ સર્વ ક્ષેત્રોમાં એકસરખો પ્રવર્તી રહ્યો છે. પછી તે ક્ષેત્ર ધાર્મિક હો કે સાંસારિક. જેનાથી ઉભય લોકનું કલ્યાણ સિદ્ધ થાય, તે ધાર્મિક ક્ષેત્ર કહેવાય છે. જેનાથી કેવળ આ લોકના સુખની સિદ્ધિ થાય, તે ક્ષેત્ર સાંસારિક છે. આ લોકનાં સઘળાં પ્રયોજનોની સિદ્ધિનો ઉપાય મુખ્યત્વે ધન છે, તેથી ધનોપાર્જન માટે સંસારીઓની પ્રવૃત્તિ વિશેષ ઝૂકેલી રહે છે. જેઓને આ લોક સાથે પરલોકના પ્રયોજનની સિદ્ધિનો પણ હેતુ રહેલો હોય છે, તેઓ ધનાર્જન સાથે ધર્મોપાર્જન માટે પણ સતત પ્રયત્નશીલ રહે છે. ધનનો અર્થી જેમ સઘળા પ્રકારના ધનમાં રત્નોને મુખ્ય સ્થાન આપે છે, કારણ કે-તેનું મૂલ્ય અધિક ઉપજે છે અને બોજ ઓછો રહે છે, તેમ ધર્મનો અર્થી-બુદ્ધિમાન મનુષ્ય પણ હંમેશાં અલ્પ બોજ અને મહા મૂલ્યવાળી વસ્તુને જ વધારે ઝંખે છે. શ્રી નમસ્કાર મહામંત્રને શાસ્ત્રીકારોએ એવી જ ઉપમા આપીને સ્તવ્યો છે. કહ્યું છે કે-

**રત્નતણી જેમ પેટી ભાર અલ્પ બહુ મૂલ્ય,**
**ચૌદ પૂર્વનો સાર એ મંત્ર છે તેહને તુલ્ય;**
**સકલ સમય અભ્યંતર પદ એ પંચ પ્રમાણ,**
**મહા સુઅખંધ તે જાણો ચૂલા સહિત સુજાણ.**
**-ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ.**

અહીં નવકારને કેવલ રત્ન જ નહિ પણ, રત્નોની પેટી કહી છે અને તેના પ્રત્યેક અક્ષરને મહા મૂલ્યવાન રત્નો તરીકેની ઉપમા આપી છે. આગળ વધીને શ્રી નવકારમંત્રને ચૌદપૂર્વની તુલ્ય કહ્યો છે, કારણ કે—ચૌદપૂર્વો વડે જ્ઞાની-પુરુષોને જે પ્રયોજન સાધવું ઇષ્ટ છે, તે અવસ્થાવિશેષે કેવળ એક નવકારમંત્રથી સિદ્ધ થઈ જાય છે. શ્રી નવકારમંત્રના પ્રથમ પાંચ પદો સઘળા સિદ્ધાન્તોની અભ્યંતર સમાયેલા છે, કારણ કે—એ પાંચ પદોનું સ્મરણ, ધ્યાન અને ઉચ્ચારણ કર્યા વિના કોઈ પણ સિદ્ધાન્તની વાચના થઈ શકતી નથી. શ્રુત-કેવલી ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામિજીએ સૌથી પ્રથમ નિર્યુક્તિ શ્રી નમસ્કાર મહામંત્રની રચેલી છે અને તે પૂર્વે કે ત્યાર પછી કોઈ પણ સૂત્રની વ્યાખ્યા કરવા પહેલાં શ્રી નમસ્કાર-મંત્રની વ્યાખ્યા આદિ સૌ પ્રથમ કરવું તે શિષ્ટ પુરુષોને માન્ય પ્રણાલિકા છે. પ્રથમનાં પાંચેય પદો અને ચૂલિકાનાં ચાર પદો મળીને સંપૂર્ણ શ્રી નમસ્કારમંત્રને શ્રી મહાનિશીથ આદિ માન્ય આગમોમાં મહાશ્રુતસ્કંધ તરીકે વર્ણવેલો છે અને તે સિવાયના અન્ય આગમોને કેવળ શ્રુતસ્કંધ તરીકે સંબોધેલાં છે.

શ્રી મહાનિશીથ સિદ્ધાન્તમાં આ નમસ્કાર મહામંત્રને સ્પષ્ટ રીતિએ નવ પદો, અડસઠ અક્ષરો અને આઠ સંપદાઓ-વાળો જણાવ્યો છે. ત્યાં કહ્યું છે કે—

આ નમસ્કારમંત્ર, કે જેનું બીજું નામ શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ છે, તેનું વ્યાખ્યાન મહાપ્રબંધ (વિસ્તારથી)

સૂત્રથી પૃથગ્ભૂત નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ વડે અનંતર ગમ-પર્યવ સહિત જેવી રીતે અનંત જ્ઞાન-દર્શનને ધારણ કરનારા શ્રી તીર્થંકરદેવો વડે કરાયેલું છે, તેવી જ રીતે સંક્ષેપથી કરાયું હતું, પરંતુ કાલપરિહાણિના દોષથી તે નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિઓ વિચ્છેદ પામી છે. વ્યતીત થતા કાળસમયમાં મોટી પદાનુસારી ઋદ્ધિને વરેલા અને શ્રી દ્વાદશાંગસૂત્રને ધારણ કરનારા શ્રી વજ્રસ્વામીજી થયા. તેઓએ આ શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધનો ઉદ્ધાર કરીને મૂલસૂત્ર શ્રી મહાનિશીથની અંદર લખ્યો. આ શ્રી મહાનિશીથ શ્રુતસ્કંધ સમસ્ત પ્રવચનના સારભૂત, પરમ તત્ત્વભૂત તથા અતિશયવાળા અત્યંત મહાન્ અર્થોથી ભરેલું છે. એમાં શ્રી નવકારસૂત્રનું વ્યાખ્યાન નીચે મુજબ કર્યું છે.

**પ્રશ્ન**-હે ભગવન્! આ અચિંત્ય ચિંતામણિકલ્પ શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધનો શો અર્થ કહેલો છે?

**ઉત્તર**-હે ગૌતમ! અચિંત્ય ચિંતામણિકલ્પ શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ સૂત્રનો અર્થ આ પ્રમાણે કહેલો છે. "આ પંચમંગલ મહાશ્રુતસ્કંધ, જેમ તલમાં તેલ, કમળમાં મકરંદ અને સર્વ લોકમાં પંચાસ્તિકાય રહેલા છે, તેમ સકલ આગમોમાં અંતર્ગત રહેલ છે અને તે યથાર્થ ક્રિયાનુવાદ-સદ્ભૂત ગુણકીર્તનસ્વરૂપ તથા યથેચ્છ ફલપ્રસાધક પરમ સ્તુતિવાદ રૂપે છે." પરમ સ્તુતિ જગતમાં જે ઉત્તમ હોય તેની કરવી જોઈએ. જગતમાં જે કોઈ ઉત્તમ થઈ ગયા, જે કોઈ થાય છે અને જે કોઈ થશે, તે સર્વ શ્રી અરિહંતાદિ પાંચ

જ છે, તે સિવાય બીજા નથી જ. તે પાંચ અનુક્રમે શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. તે પાંચેયનો ગર્ભાર્થ—સદ્ભાવ એટલે પરમ રહસ્યભૂત અર્થ બતાવ્યો છે. ત્યાર બાદ અંતે કહ્યું છે કે—

**ताव न जायइ चित्तेण, चिंतिअं पत्थिअं च वायाए।**
**काएण समाढत्तं, जाव न सरिओ नमुक्कारो ॥**

**અર્થ**—'ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી, કે જ્યાં સુધી શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારને સ્મરવામાં નથી આવ્યો.'

વર્તમાન શ્રી મહાનિશીથસૂત્રની મૂળ પ્રતિ, આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ મથુરા નગરીમાં શ્રી સુપાર્શ્વનાથસ્વામીના સ્તૂપ આગળ પંદર ઉપવાસ કરીને શાસનદેવતા પાસેથી મેળવેલી છે. પરંતુ તે ઉધેઈ આદિ વડે ખંડખંડ થયેલી તથા સડી ગયેલા પત્તાવાળી હોવાથી તેઓએ તેને સ્વમતિ અનુસાર શોધી છે તથા તેને બીજા યુગપ્રધાન શ્રુતધર આચાર્યોએ માન્ય કરેલી છે.

શ્રી પંચપરમેષ્ઠિઓને નમસ્કાર રૂપ આ નવકારમંત્ર સર્વ મંત્રોમાં શિરોમણિભૂત ગણાય છે. એને છોડીને, સ્વતંત્રપણે સેવવામાં આવતા બીજા મંત્રોને, કલ્પતરુને છોડીને કંટકતરુને સેવવા સમાન અનિષ્ટ ફળને આપનારા તરીકે શાસ્ત્રોમાં વર્ણવેલા છે. કહ્યું છે કે—

**તજે એ સાર નવકારમંત્ર, જે અવર મંત્ર સેવે સ્વતંત્ર;**
**કર્મ પ્રતિકૂળ બાઉલ સેવે, તેહ સુરતરુ ત્યજી આપ દેવે. ૧**

શ્રી નવકારમંત્રનું આ મહત્ત્વ યથાર્થ રીતે સમજવા માટે શાસ્ત્રદૃષ્ટિ, આગમદૃષ્ટિ અથવા આગમાનુસારી અતિ સૂક્ષ્મ જ્ઞાનદૃષ્ટિની આવશ્યકતા છે. સર્વ કાળના સ્વ–પર આગમવેદી શ્રુતધર મહર્ષિઓએ અડસઠ અક્ષરપ્રમાણ માત્ર આ નાનકડા સૂત્રને મહામંત્ર અને મહાશ્રુતસ્કંધ તરીકે સ્વીકારેલ છે. તેના મુખ્ય કારણોનો વિચાર કરતાં એમ લાગે છે કે–ધનવાનની સેવા વિના જેમ ધનસિદ્ધિ થતી નથી, તેમ ધર્મવાનની સેવા વિના ધર્મની સિદ્ધિ પણ અશક્ય છે. પૂ. શ્રી હરિભદ્રસૂરિજી શ્રી લલિતવિસ્તરા નામક ચૈત્યવંદનસૂત્રની ટીકામાં ફરમાવે છે કે–' धर्मं प्रति मूलभूता वन्दना ।' અર્થાત્–ધર્મમાર્ગમાં જીવને આગળ વધવામાં જો મૂલભૂત કારણ કોઈ પણ હોય, તો તે ધર્મસિદ્ધ પુરુષોને ભાવથી કરવામાં આવતી વંદના જ છે. એ વંદનાથી આત્મક્ષેત્રમાં ધર્મબીજનું વપન થાય છે અને તેમાંથી ધર્મચિન્તાદિ રૂપ અંકુરાઓ તથા ધર્મશ્રવણ અને ધર્મ આચરણ આદિ રૂપ શાખા–પ્રશાખાઓ તથા સ્વર્ગ–અપવર્ગ આદિના સુખોની પ્રાપ્તિ રૂપ ફૂલ–ફળાદિ પ્રગટે છે.

શ્રી અરિહંતાદિ પાંચેય પરમેષ્ઠિઓનું મહત્ત્વ કેવળ ધર્મ-સિદ્ધિ અને ધર્મની સાધનાના કાર્ય ઉપર અવલંબેલું છે. તેથી ધનના અર્થી જીવોને ધનવાન પ્રત્યેના આદરની જેમ ધર્મના અર્થી આત્માઓ માટે ધર્મસાધક અને ધર્મસિદ્ધ પુરુષો પ્રત્યેના આદરનું કાર્ય અનિવાર્ય થઈ પડે છે. બીજા

શબ્દોમાં, જેને ધનવાન પ્રત્યે આદર–બહુમાન નથી, તે જેમ ધનનો અર્થી છે એમ સિદ્ધ થતું નથી, તેમ ધર્મવાન પ્રત્યે જેને અંતરંગ આદર–ભક્તિ જાગ્રત થઈ નથી, તેને ધર્મનો અર્થી પણ ગણી શકાતો નથી. ધર્મના અર્થી માટે જેમ ધર્મસ્વરૂપ શ્રી પંચપરમેષ્ઠિઓને નિત્ય અનેકશઃ નમસ્કાર કરવાનું કાર્ય અનિવાર્ય થઈ પડે છે, તેમ જેઓમાં હજુ ધર્મનું અર્થીપણું તે પ્રમાણમાં જાગ્રત થયું નથી, તેઓમાં પણ તે જગાડવા માટે પરમ પરમેષ્ઠિઓને નમસ્કારસ્વરૂપ નમસ્કારમંત્રના સ્મરણાદિનું અવલંબન અતિ અગત્યનું થઈ પડે છે. ધર્મ પ્રત્યેની પ્રીતિ કોઈને જેમ સહજસિદ્ધ હોય છે, તેમ કોઈને પ્રયત્નસાધ્ય પણ હોય છે. તે ઉભય પ્રકારની પ્રીતિ નમસ્કાર વડે સિદ્ધ થાય છે. તેથી ધર્મરૂપી આંતર ધનની ઝંખનાવાળા સત્પુરુષો નમસ્કાર પ્રત્યે સદા આદરયુક્ત ચિત્તવાળા રહે તેમાં લેશ માત્ર આશ્ચર્ય નથી.

અંકગણિતમાં એક(૧)ની સંખ્યાને જેટલું મહત્ત્વ છે, તેટલું જ મહત્ત્વ ધર્મક્ષેત્રમાં શ્રી પરમેષ્ઠિ નમસ્કારને પ્રાપ્ત થાય છે. ધર્મમય અને ધર્મસ્વરૂપ પરમેષ્ઠિઓ પ્રત્યે નમવાના ભાવ વિનાનાં ધર્મ અનુષ્ઠાનો પણ શૂન્ય છે, ફળરહિત છે. છાર ઉપરનું લીંપણ કે ઝાંખર ઉપરનું ચિત્રામણ જેમ ટકી શકતાં નથી, તેમ ધર્મીઓને નમસ્કાર વિનાનાં ધર્માનુષ્ઠાનો પણ ક્ષણજીવી છે. મૂળ વિનાના વૃક્ષ કે પાયા વિનાના મકાન જેમ નાશ પામવાને સર્જાયેલાં છે, તેમ પરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિભાવ વિનાનાં તપ, જપ, શ્રુત કે ચારિત્ર પણ ફળના

અનુબંધરહિત છે, ઉંચે ચઢાવીને નીચે પટકનારાં છે. એ જ અર્થને બતાવનાર ગાથા શ્રી નમસ્કાર બૃહત્ ફળ પ્રકરણમાં નીચે મુજબ કહી છે.

**सुचिरंपि तवो तवियं, चिन्नं चरणं सुयं च बहु पढियं।**
**जइ ता न नमुक्कारे रई, तओ तं गयं विहलं ॥१॥**

**અર્થ**–'લાંબા કાળ સુધી તપને તપ્યા, ચારિત્રને પાળ્યું તથા ઘણાં પણ શાસ્ત્રોને ભણ્યા, પણ જો નમસ્કારને વિષે રતિ ન થઈ, તો તે સઘળું નિષ્ફળ ગયું જાણવું.'

ચતુરંગ સેનાને વિષે જેમ સેનાની મુખ્ય છે, તેમ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપી ચતુરંગ આરાધનાને વિષે નવકાર એ મુખ્ય છે. અથવા નમસ્કાર રૂપી સારથિથી હંકારાયેલો અને જ્ઞાનરૂપી ઘોડાઓથી જોડાએલો જે તપ, નિયમ તથા સંયમ રૂપી રથ, તે જીવને મુક્તિ રૂપી નગરીએ પહોંચાડવાને સમર્થ થઈ શકે છે, એવો શાસ્ત્રકારોનો સિદ્ધાન્ત છે. તેથી શ્રી જિનશાસનમાં શ્રી નમસ્કાર મહામંત્રને સૌથી વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે અને સર્વ આરાધનામાં તેની ગણના મુખ્ય તરીકે મનાયેલી છે. 'નવ લાખ જપંતાં નરક નિવારે.' ઈત્યાદિ અનેક સુભાષિતો નવકારની શ્રેષ્ઠતાને સાબીત કરવા માટે પ્રમાણરૂપ છે. અંત સમયે શ્રુતધરોને પણ અન્ય સઘળા શ્રુતનું અવલંબન છોડીને એક નવકારનું જ અવલંબન લેવા માટે શાસ્ત્રકારોનું ફરમાન છે. જ્યારે ઘર સળગે, ત્યારે ઘરનો સ્વામી શેષ વસ્તુને છોડીને, આપત્તિનિવારણ માટે સમર્થ એવા

એક મહારત્નને જ ગ્રહણ કરે, અથવા રણસંકટ વખતે સમર્થ સુભટ પણ જેમ શેષ શાસ્ત્રોને છોડીને એક અમોઘ શસ્ત્રને જ ગ્રહણ કરે, તેમ અંત સમયે મહા રત્નસમાન અથવા કષ્ટ સમયે અમોઘ શસ્ત્રસમાન એક શ્રી નવકારને જ ગ્રહણ કરવાનું શાસ્ત્રવચન છે; કારણ કે–તેનો બોજ ઓછો છે અને મૂલ્ય ઘણું છે. બોજ ઓછો એ રીતે છે–તેના અક્ષરો માત્ર અડસઠ જ છે. મૂલ્ય અધિક એ કારણે છે કે–તે ધર્મવૃક્ષના મૂળને સીંચે છે, ધર્મપ્રાસાદના પાયા તરીકેનું કાર્ય કરે છે, ધર્મપુરમાં પ્રવેશ કરવાના દ્વાર રૂપ બની રહે છે અને ધર્મરત્નના સંગ્રહ માટે પરમ નિધાનની ગરજ સારે છે. તેમાં પણ કારણ એ છે કે–તે સર્વ જગતમાં ઉત્તમ એવા ધર્મને સાધી ગયેલા, સાધી રહેલા અને ભવિષ્યમાં સાધી જનારા સર્વશ્રેષ્ઠ પુરુષોને પ્રણામ રૂપ છે. તેઓ પ્રત્યે હાર્દિક વિનયરૂપ છે, ભાવપૂર્વક તેઓના સત્ય ગુણોના સમુત્કીર્તનસ્વરૂપ છે અને તેથી યથેચ્છ ફળને સાધી આપનાર છે. આ એકડાને સિદ્ધ કર્યા વિના જેઓ ધર્મના અન્ય અનુષ્ઠાનો વડે યથેચ્છ ફળની આશા સેવે છે, તેઓ બારાક્ષરી ભણ્યા વિના જ સકળ સિદ્ધાન્તના પારગામી થવાની મિથ્યા આશા સેવનારા છે. નવકાર એ ધર્મગણિતનો એકડો છે અથવા ધમસાહિત્યની બારાક્ષરી છે. જેમ એકડાનો કે બારાક્ષરીનો પ્રથમ અભ્યાસ બાળકને કષ્ટદાયી ભાસે છે તથા અતિ પ્રયત્નસાધ્ય હોય છે, તેમ ધર્મના એકડા કે બારાક્ષરીસ્વરૂપ નવકારનો પણ યથાસ્થિત અભ્યાસ ધર્મ માટે બાળકતુલ્ય જીવોને અતિ કષ્ટસાધ્ય અને અરુચિકર ભાસે છે, તો પણ તે કસોટીમાંથી પસાર થયા વિના ધર્મમાર્ગમાં સાચી

પ્રગતિ સિદ્ધ થઈ શકી નથી, થઈ શકતી નથી અને થઈ શકશે પણ નહિ એ ત્રિકાળ સત્ય છે. નવકારનો એ અભ્યાસ આકરો કે અરુચિકર માનીને જેઓ છોડી દે છે અથવા તેની ઉપેક્ષા કરે છે, તેઓ વસ્તુતઃ પોતાના ધાર્મિક જીવનની જ ઉપેક્ષા કરે છે.

શ્રી જૈનશાસનની પ્રત્યેક ક્રિયાના પ્રારંભમાં નવકારના સ્મરણની આજ્ઞા ફરમાવવામાં આવી છે. તેની પાછળ જે ગંભીર રહસ્ય છૂપાયેલું છે, તે આથી સ્પષ્ટ થશે. ઉંઘતાં કે જાગતાં, ખાતાં કે પીતાં, જીવતાં કે મરતાં, નવકારની અંદર ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ પાડવા માટેની શાસ્ત્રાનુસારી મધ્યસ્થ દૃષ્ટિ જીવોના ખ્યાલમાં તુરત આવી શકે તેમ છે. એ ખ્યાલ આવ્યા પછી આત્મહિતના વિશેષ અર્થી આત્માઓને અધિકાધિક સંખ્યામાં નવકારને ગણવાનું શાસ્ત્રીય પ્રતિપાદન કેટલું મહત્વનું છે, તે તુરત સમજાઈ જાય તેમ છે.

અંતમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીનો શ્રી નવકારમંત્રના માહાત્મ્યને વર્ણવતો એ અપૂર્વ શ્લોક ટાંકીને આ લેખ પૂર્ણ કરીશું. તેઓશ્રી ફરમાવે છે કે–

**कृत्वा पापसहस्राणि, हत्वा जन्तुशतान्यपि ।**
**अमुं मन्त्रं समाराध्य, तिर्यञ्चोऽपि दिवं गताः ॥१॥**

**અર્થ**–'હજારો પાપો અને સેંકડો હત્યાઓ કરનારા તિર્યંચો પણ આ મંત્રને સમ્યક્ આરાધીને દેવગતિને પામ્યા છે.'

શાસ્ત્રદૃષ્ટિએ જેમ નવકાર અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, તેમ મંત્રદૃષ્ટિએ તેનું ઘણું મહત્ત્વભર્યું સ્થાન છે. સ્વોપજ્ઞવૃત્તિયુત શ્રી યોગશાસ્ત્ર નામક મહાગ્રંથમાં કાલિકાસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ તે ઉપર ઘણો પ્રકાશ પાડ્યો છે. તેઓશ્રીએ શ્રી નવકારમંત્રના વિવિધ રીતે કરવામાં આવતા જાપનું અને તેના ફળનું ત્યાં વિસ્તૃત વિવેચન કર્યું છે. અર્થી જીવોને તે સ્થળેથી જોઈ લેવા ભલામણ છે.

卐

ગારૂડિકમંત્ર જેમ સર્પના વિષનો નાશ કરે છે, તેમ શ્રી નમસ્કારમંત્ર સમસ્ત પાપરૂપી વિષનો નાશ કરે છે.

# નમસ્કારની ધારણા

શરીરની બહાર કે અંદર કોઈ એક સ્થાનમાં મનોવૃત્તિને એકાગ્ર કરવા માટે પ્રયત્ન કરવો, તેનું નામ ધારણા છે. કહ્યું છે કે–'**देशबन्धश्चित्तस्य धारणा।**' અર્થાત્–ચિત્તને કોઈ એક સ્થાન ઉપર બાંધવું તે ધારણા છે. ધારણાના અભ્યાસીએ સિદ્ધાસન, પદ્માસન કે સ્વસ્તિકાસન વગેરેમાંથી કોઈ એક આસને બેસવું જોઈએ તથા ઈન્દ્રિયો અને મનને સ્વસ્થ કરવા જોઈએ. નવકારની ધારણા મુખ્યત્વે નવકારના અક્ષરો ઉપર કે શ્રી પંચપરમેષ્ઠિઓની આકૃતિઓ ઉપર કરવાની હોય છે અને તે મૂર્તિઓ કે અક્ષરોને શરીરની અંદર કે બહાર અષ્ટદલકમળ ઉપર સ્થાપન કરવાના છે. આ ધારણા શરૂ કરવા પહેલાં સંસારના સર્વ વિષયો પ્રત્યે વૈરાગ્ય અને શ્રી પંચપરમેષ્ઠિઓ પ્રત્યે પરમ અનુરાગ પ્રકટાવવાનો હોય છે. સંસારના સર્વ પદાર્થો અનિત્ય, અશરણ અને દુઃખદાયક છે, જ્યારે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો શાશ્વત, શરણભૂત અને મંગલદાયક છે.

ધારણાનો અભ્યાસ કરતાં અંતઃકરણની વૃત્તિમાં બે મુખ્ય દોષો આવે છે. એક લય અને બીજો વિક્ષેપ. નિદ્રાધીનતા-તે લય છે અને ધારણાના વિષયથી અન્ય વિષયના આકારે ચિત્તનું પરિણમવું તે વિક્ષેપ છે. લયના હેતુઓ અજીર્ણ, અત્યાહાર, અતિશ્રમ આદિ દોષો છે. તેનો નાશ કરવા માટે હિત–મિતભોજી થવું, શક્તિથી વિશેષ શ્રમનો ત્યાગ કરવો, ઉચિત નિદ્રા લેવી તથા ચિત્તનો તમોગુણ

જેમ ઓછો થાય તેવા આહાર–વિહારાદિનો અભ્યાસ પાડવો જોઈએ. વિક્ષેપદોષ ટાળવા માટે એકાગ્રતાનો અભ્યાસ પાડવો જરૂરી છે અને વૈરાગ્ય તથા સમભાવની ભાવના વધારવી જોઈએ. લય અને વિક્ષેપથી જુદો ચિત્તનો એક ત્રીજો દોષ છે, કે જેને કષાય કહેવાય છે. કષાય એટલે તીવ્ર રાગ–દ્વેષ, તેને ધીરતા અને સાવધાનતાથી દૂર કરવા. રાગના હેતુઓ અનુકૂળ શબ્દાદિ વિષયો છે અને તેના હેતુભૂત શરીર, ધન, ધાન્ય તથા સ્ત્રી–પુત્રાદિ છે. દ્વેષના હેતુઓ પ્રતિકૂળ એવા તે જ વિષયો છે, વિષયની અસારતા, તુચ્છતા અને અપકારકતાનો પુનઃ પુનઃ વિચાર કરવાથી કષાયદોષ અર્થાત્ રાગ–દ્વેષની તીવ્રતા ટળી જાય છે.

એ રીતે ધારણાનો અભ્યાસ દૃઢ કરવા માટે વિષયવિરાગ પ્રબળ કરવો જોઈએ અને ધ્યેયમાં પ્રીતિને દૃઢ કરવી જોઈએ. જ્યારે જ્યારે લય, વિક્ષેપ અને કષાયદોષનો સંભવ જણાય, ત્યારે ત્યારે તેના પ્રતિપક્ષી ઉપાયો વડે તેનું નિવારણ કરતા રહેવું જોઈએ.

ધારણાનો અભ્યાસ કર્યા પછી શરૂઆતના કેટલાય દિવસો સુધી ચિત્ત કેટલોક વખત ધ્યેયાકાર સ્થિતિમાં, કેટલોક વખત લયાવસ્થામાં, કેટલોક વખત વિક્ષેપાવસ્થામાં અને કેટલોક વખત કષાયાવસ્થામાં રહે છે. જેમ જેમ વૈરાગ્યભાવના વધતી જાય છે અને ધ્યેયવિષયમાં પ્રીતિ જામતી જાય છે, તેમ તેમ લય, વિક્ષેપ અને કષાયાદિ ન્યૂન થવા માંડે છે

અને ધારણાનો અભ્યાસ પરિપક્વપણાને પામતાં ધ્યાનાભ્યાસના અધિકારી થવાય છે.

ધારણાસિદ્ધિ માટે વૈરાગ્યભાવના અને ભક્તિભાવનાને પ્રબળ બનાવવી આવશ્યક છે. વૈરાગ્યભાવના વડે વિષયતૃષ્ણાનો ઉચ્છેદ થાય છે અને ભક્તિભાવના વડે ધર્મવિષયક અરુચિ અને પ્રમાદદોષ ટળી જાય છે. સંસારની અંદર જીવને એક બાજુ પંચ વિષયો છે અને બીજી બાજુ પંચપરમેષ્ઠિઓ છે. પંચ વિષયોનું આકર્ષણ અનાદિનું છે, જ્યારે પંચપરમેષ્ઠિનું આકર્ષણ અભ્યાસથી સાધ્ય છે. વિષયોના આકર્ષણથી જીવ રાગ-દ્વેષને વશ થઈ અનંત કર્મ ઉપાર્જન કરે છે અને પંચપરમેષ્ઠિઓ ઉપરના ભક્તિભાવથી જીવ અનંતાનંત કર્મનો ક્ષય કરે છે. કર્મના સંચયથી જીવ જન્મ-મરણના ચક્રમાં પડે છે અને કર્મના ક્ષયથી જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ મેળવે છે. એ તત્ત્વને સમજીને સાધકે શાસ્ત્ર અને ગુરુના ઉપદેશ મુજબ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારની ધારણાનો અભ્યાસ કરવો જોઈએ તથા ચિત્તમાં વિષયરાગના સ્થાને ભક્તિરાગ કેળવવા માટે શ્રદ્ધા, ઉત્સાહ અને સાવધાનતાપૂર્વક પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ.

**પરલોકના માર્ગે પ્રયાણ કરતા જીવ રૂપી મુસાફરને આ લોક રૂપી ઘરમાંથી નીકળતી વેળા શ્રી નવકારમંત્ર એ પરમ ભાથાતુલ્ય છે.**

# નમસ્કાર મહામંત્રનું ધ્યાન

'ધ્યાનં चैकाग्र्यसंवित्ति

-श्री ज्ञा

ધ્યાન એટલે એકાગ્ર બુદ્ધિ, અર્થાત્ વિજાતીય જ્ઞાનના અંતરરહિત સજાતીય જ્ઞાનની ધારા તે ધ્યાન છે. ધારણામાં જ્ઞાનની ધારા વચ્ચે વચ્ચે વિચ્છેદ પામે છે, જ્યારે ધ્યાનમાં તેવું થતું નથી. પ્રાતંજલ યોગસૂત્રમાં પણ કહ્યું છે કે– 'तत्र प्रत्यैकतानता ध्यानम् ।' અર્થાત્–ધારણાના વિષયમાં ચિત્તની વૃત્તિઓના પ્રવાહને તેલની ધારાની જેમ અવિચ્છિન્ન-પણે ચાલુ રાખવો તે ધ્યાન છે.

ચક્ષુ આદિ ઈંદ્રિયો પોતાના રૂપ આદિ વિષયો તરફ સ્વભાવથી જ પ્રબળ વેગ વડે ધસ્યા કરે છે. ઈંદ્રિયોને અનુસરનારૂં મન પણ રાત–દિવસ વિષયચિંતનમાં જ પ્રવૃત્ત રહે છે. તેથી ધ્યાનનો અભ્યાસ કરનારે વિષયો તરફ જતાં મન તથા ઈંદ્રિયોને વિષયોમાં દોષદર્શન રૂપી વૈરાગ્યદૃષ્ટિ વડે રોકવાં જોઈએ. વિષયપ્રવણ મનની વિષયપ્રવણતા, વિષયોની અસત્યતા, અસારતા અને અપકારકતાનો વિચાર કરવાથી અટકી જાય છે અને ઈંદ્રિયોની ચપળતા, મનની સાવધાનતા, દૃઢતા તથા ધીરતા દ્વારા જીતાઈ જાય છે.

પ્રશસ્ત વિષયના ધ્યાનનો અભ્યાસ વધવાથી અંતઃ-કરણની યોગ્યતા વધે છે, જ્ઞાન અને આનંદની વૃદ્ધિ અનુ-

ભવાય છે, ઈંદ્રિયો તથા શરીર સાત્ત્વિક બને છે તથા ધ્યાનાભ્યાસ રૂપ પુણ્યના પ્રકર્ષથી બાહ્ય વ્યવહાર પણ અનુકૂળતાવાળો બની જાય છે.

કંટાળ્યા વિના નિયમપૂર્વક અભ્યાસ કરવાથી સમય જતાં જેમ મોટા મોટા ગ્રન્થોનું અધ્યયન કરી શકાય છે, નિત્ય નિયમપૂર્વક ઉંચે ચઢવાથી જેમ મોટા મોટા પર્વતો ઠેકી શકાય છે, નિત્ય ઉત્સાહપૂર્વક ચાલ્યા કરવાથી જેમ સમસ્ત પૃથ્વીને પ્રદક્ષિણા આપી શકાય છે, તેમ આગ્રહપૂર્વક ઉદ્વેગ પામ્યા વિના નિયમિત ધ્યાનાભ્યાસ ચાલુ રાખવાથી કાળે કરીને અનેક વિષયાકારે પરિણમવાના મનના સ્વભાવને પલટાવીને એક જ ધ્યેયના આકારે સ્થિર રાખી શકાય છે.

મનને ચિરકાળથી અનેક વિષયોના આકારમાં પરિણમવાની ટેવ પડેલી છે. તેને એક જ ધ્યેયાકારે સ્થિર કરવાનું કામ અતિ કઠિન છે, તો પણ આગ્રહવાળા પ્રયત્નથી જેમ અન્ય મોટાં કાર્યો સુલભ થાય છે, તેમ આ કાર્ય પણ સુકર બને છે. ધ્યાનાભ્યાસીએ ધ્યાનાભ્યાસથી લેશ પણ કંટાળ્યા વિના નિત્ય નવા નવા ઉત્સાહથી ધ્યાનાભ્યાસ રૂપ કાર્ય ચાલુ રાખવું જોઈએ. ધ્યાનાભ્યાસી જો યોગ્ય પ્રયત્નપૂર્વક પોતાના મનને શુદ્ધ ધ્યેયમાં જોડવા માટે પ્રયત્ન ચાલુ રાખે, તો સ્થૂલ અને ચંચળ એવા મનને ધ્યાનના બળથી સૂક્ષ્મ અને એકાગ્ર કરવામાં અવશ્ય સફળ થઈ શકે છે.

અશુદ્ધ મનને શુદ્ધ કરવાનું અને ચંચળ મનને સ્થિર કરવાનું કાર્ય અતિ દુષ્કર છે, તો પણ શ્રી પંચપરમેષ્ઠિના ધ્યાનથી

અને ભક્તિપૂર્વકના નમસ્કારથી તે સુલભ બને છે, કારણ કે-શ્રી પંચપરમેષ્ઠિ શુદ્ધથી સ્વરૂપવાળા, સ્થિર અને શાશ્વત છે.

સમુદ્રથી દૂર રહેલા સ્થાનમાંથી મનુષ્ય જેમ જેમ સમુદ્રની સમીપ આવતો જાય છે, તેમ તેમ સમુદ્ર ઉપરથી આવતા પવનની શીતલ લહેરો વડે તેનો તાપ શમતો જાય છે અને આનંદ વધતો રહે છે. ધ્યાન વડે મનુષ્ય પોતાના બહિર્મુખ મનને જેમ જેમ પરમ તત્ત્વની અભિમુખ કરી સમીપ આવતો જાય છે, તેમ તેમ અંતઃકરણમાં અપૂર્વ શાન્તિ, સમતા, તૃપ્તિ અને નિર્ભયતાનો આનંદ અનુભવતો જાય છે. અથવા જેમ મોટા રાજાની સાથે અનુકૂળ સંબંધથી જોડાયેલા સામાન્ય માણસની પણ બાહ્ય-આંતર સ્થિતિમાં મોટો ફેર પડી જાય છે, તેમ જ્ઞાનાનંદ સ્વભાવવાળા શ્રી પંચમેષ્ઠિઓ સાથે ધ્યાન વડે એકતાને અનુભવનારો મનુષ્ય પણ પોતાની અંદરની અને બહારની સ્થિતિમાં મોટો ભેદ અનુભવ્યા સિવાય રહેતો નથી. જ્યાં જ્યાં તે સ્થિતિ બદલાતી ન જણાય, ત્યાં ત્યાં સમજવું કે-તે પરમેષ્ઠિઓનું ધ્યાન યોગ્ય રીતે કરતો (કરી શક્યો) નથી. ધારણાકાળે ધ્યેયની પ્રતીતિ ન્યૂન હોય છે અને અહંવૃત્તિની પ્રતીતિ વિશેષ હોય છે, જ્યારે ધ્યાનકાળે ધ્યેયની પ્રતીતિ પ્રબળ બને છે અને અહંવૃત્તિની પ્રતીતિ ઘટી જાય છે. ચોર આદિના ભયવાળા નગરમાં રહેનારા ધનાઢ્યો જેમ પોતાના ધનને પ્રયત્નપૂર્વક ગોપવી રાખે છે, તેમ ધ્યાનાભ્યાસીએ ધ્યાનથી ઉત્પન્ન થતા લોકોત્તર આનંદને અને અનુભવાતી ધ્યાનાનંદની વિલક્ષણ પ્રતીતિઓને પ્રયત્નપૂર્વક ગોપવવી જોઈએ.

ચિત્તની નિર્મળતા કર્યા વિનાનું ધ્યાન કથન માત્ર છે. બગલા અને બિલાડાનું ધ્યાન ધ્યાન હોવા છતાં દુર્ધ્યાન ગણાય છે, તેથી ધ્યાન કરનાર ધ્યાતાએ પ્રયત્નપૂર્વક પોતાના ચિત્તને નિર્મળ કરવું જોઈએ. કહ્યું છે કે–'જેણે પોતાના શરીર, ઈન્દ્રિયો અને કષાયોને જીત્યા નથી તથા રાગ-દ્વેષને દબાવ્યા નથી, તેણે કાણી પખાલમાં પાણી ભરવાની જેમ ધ્યાન કરવાની નિષ્ફળ ચેષ્ટા કરી છે.'

જે મનને વશ કરવાનું કાર્ય મોટા પર્વતને મૂળમાંથી ઉખેડી નાખવા જેવું, અગ્નિનું ભક્ષણ કરવા જેવું, ભૂખ્યા સિંહની સામે થવા જેવું, મહાસાગરને ભુજાઓ વડે તરવા જેવું, પૃથ્વીને બાથ ભરવા જેવું, આકાશમાં નિરાલંબ ઉડવા જેવું, તરવારની ધાર ઉપર ઉઘાડા પગે ચાલવા જેવું અને પ્રબળ વેગથી વાતા વાયુને રોકવા જેવું અતિ દુષ્કર છે, તે કાર્ય પણ પરમાત્મસ્વરૂપને પામેલા પરમેષ્ઠિઓના સતત ધ્યાનથી સિદ્ધ થાય છે. માત્ર તેમાં સતત મંડ્યા રહેવું જોઈએ. કહ્યું છે કે–

**उत्साहान्निश्चयाद् धैर्यात्, संतोषात् तत्त्वदर्शनात् ।**
**मुनेर्जनपदत्यागात्, षड्भिर्योगः प्रसिध्यति ॥ १ ॥**

અર્થાત્–મનને વશ કરવા રૂપ યોગનું કાર્ય છ પ્રકારે સતત પ્રયત્ન કરવાથી સિદ્ધ થાય છે. તે પ્રકારો નીચે મુજબ છે.

૧–ઉત્સાહાત્=વીર્યોલ્લાસ વધારવાથી.

૨–નિશ્ચયાત્=‘આ મારૂં પરમ કર્ત્તવ્ય છે’–
એવો એકાગ્ર પરિણામ રાખવાથી.

૩–ધૈર્યાત્=કષ્ટ વખતે પણ સ્થિર રહેવાથી.

૪–સંતોષાત્=આત્મારામતા ધારણ કરવાથી.

૫–તત્ત્વદર્શનાત્=યોગાત્ એ જ તત્ત્વ છે–પરમાર્થ છે,
એવો વિચાર કરવાથી.

૬–જનપદત્યાગાત્=ગતાનુગતિક લોકના વ્યવહારનો
પરિત્યાગ કરવાથી.

ઉત્સાહાદિ આ છ વસ્તુઓ વડે યોગ સિદ્ધ થાય છે. આ યોગ એટલે ધ્યાન અથવા એકાગ્રતાનો પરિણામ.

આકાશમાં રહેલા તારાઓ, પૃથ્વી ઉપરની રેતીના કણિયાઓ તથા મેઘમાંથી વરસતા વરસાદના બિંદુઓની સંખ્યા ગણવી જેટલી દુષ્કર છે, તેથી પણ અધિક દુષ્કર ચંચળ એવા મનને વશ કરવું તે છે. તો પણ ઉત્સાહાદિ છ હેતુઓ સહિત જો પ્રયત્ન કરવામાં આવે, તો શ્રી પંચ-પરમેષ્ઠિઓના ધ્યાન વડે મન વશ થઈ શકે છે અને ધ્યાતા, શાન્તતા, સ્થિરતા, નિશ્ચળતા, નિર્ભયતા આદિ ગુણોને અનુભવે છે.

卐

**જન્મ, જરા અને મરણથી દારૂણ એવા
આ ભવારણ્યમાં મંદ પુણ્યવાળાઓને શ્રી
નવકારની પ્રાપ્તિ કદી પણ થતી નથી.**

# શુભ ધ્યાનના પ્રકારો અને નમસ્કાર મહામંત્ર

**ધ્યાનનો આરોહણ ક્રમ-**

વિશુદ્ધ લેશ્યાવાળો ધ્યાનનો અધિકારી છે, અથવા રાગ-દ્વેષનો વિજય કરવા વડે જેણે મનઃશુદ્ધિ કરી છે, તે ધ્યાનનો અધિકારી છે. રાગ-દ્વેષનો વિજય સમતાભાવથી થાય છે અને સમતાભાવની સિદ્ધિ મમતાનો નાશ કરનારી શુભ ભાવનાઓથી થાય છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યથી પવિત્ર ચિત્તવાળો તથા શુભ ભાવનાઓથી ભાવિત થયેલો આત્મા ધ્યાનારોહણ કરી શકે છે.

ધ્યાનનું સ્થાન પર્વતની ગુફા, જીર્ણ ઉદ્યાન, શૂન્ય ગૃહ વગેરે જ્યાં મનુષ્યોનું આવાગમન ન હોય અને મનને વિક્ષેપ કરનારા નિમિત્તોનો અભાવ હોય, ત્યાં પ્રાણીનો ઉપઘાત ન થાય તેવા ઉચિત શિલાતળ આદિ ઉપર પર્યં-કાદિ કોઈ પણ આસન વાળીને જે રીતે પોતાના મન-વચન-કાયાના યોગોનું સમાધાન રહે અને મંદ મંદ પ્રાણનો સંચાર થાય તે રીતે બેસવું. પ્રાણનો અતિ નિરોધ કરવાથી ચિત્તની વ્યાકૂળતા થવાનો સંભવ છે. કહ્યું છે કે- **'ऊसासं न निरुंभइ ।'** અર્થાત્ શ્વાસોચ્છ્વાસને રોકવો નહિ. તેમ કરવાથી એકાગ્રતાને હાનિ પહોંચે છે. પછી ચક્ષુ આદિ ઈન્દ્રિયોને પોતાના વિષયોથી રોકી હૃદય, લલાટ યા મસ્તક

આદિ કોઈ પણ સ્થાન, કે જે વધારે પરિચિત હોય, ત્યાં મનોવૃત્તિને એકાગ્ર કરી, પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ પ્રસન્ન મુખવાળા થઈને શુભ ધ્યાન કરવું. તે ધ્યાન બે પ્રકારનું છે-બાહ્ય અને આંતર્. બાહ્યધ્યાન સૂત્ર-અર્થના પરાવર્તન રૂપ છે, અથવા દૃઢવ્રતતા, શીલાનુરાગ તથા વચન, કાયા અને મનના વ્યાપારોને દૃઢતાથી રોકી રાખવા વગેરે બાહ્યધ્યાન છે. આંતર્ધ્યાન તે છે, કે જેને બીજો જાણી ન શકે. માત્ર અનુમાન કરી શકે તેવું કેવળ સ્વસંવેદગ્રાહ્ય તે સંક્ષેપથી ચાર પ્રકારનું છે. અન્યત્ર તેના દશ પ્રકારો પણ બતાવ્યા છે. આંતર્ધ્યાનને આધ્યાત્મિક ધર્મધ્યાન પણ કહે છે. અહીં શ્રી પંચપરમેષ્ઠિના સ્મરણમાં તે દશેય પ્રકારના ધ્યાનનો કેવી રીતે સમાવેશ થાય છે, તેનો ટૂંકમાં વિચાર દર્શાવ્યો છે.

૧. **અપાયવિચય**-અપાયને અંગે વિચાર તે અપાયવિચય. મન-વચન-કાયાના દુષ્ટ વ્યાપારો આત્માને અપાયકારક છે. તે દુષ્ટ વ્યાપારોથી આત્મા ભવમાં ભટકે છે. શ્રેષ્ઠ રાજ્ય પ્રાપ્ત થયા પછી જેમ કોઈ બાલિશ આત્મા ભિક્ષા માટે ભટકે, તેમ મન-વચન-કાયાના શુદ્ધ વ્યાપારવાળા જીવને મોક્ષ સ્વાધીન છતાં દુષ્ટ વ્યાપારો વડે તે ભવભ્રમણ કરે છે. અહીં 'મારા તે દુષ્ટ વ્યાપારોને હું કેવી રીતે રોકું?'-એ પ્રકારના સંકલ્પવાળા જીવને અપાયવિચય ધર્મધ્યાન થાય છે, કારણ કે-તેમાં દોષવર્જનની પરિણતિ છે. આ પરિણતિ કુશળમાં પ્રવૃત્તિ કરાવનાર છે. શ્રી નવકાર-

મંત્રના બળે યોગોનો કામ-ક્રોધાદિ રૂપ અશુભ અભ્યાસ ટળીને જ્ઞાનદિ શુભ અભ્યાસની વૃદ્ધિ થાય છે. તેથી નવકારનો આશ્રય તે અપાયવિચય ધર્મધ્યાનનો જ એક પ્રકાર છે.

૨. **ઉપાયવિચય**-કુશળ વ્યાપારોનો સ્વીકાર તે ઉપાયવિચય છે. 'મોહપિશાચથી આત્માની રક્ષા કરાવનાર કુશળ વ્યાપારોવાળો હું કેવી રીતે બનું ?'-એ જાતિનો સંકલ્પ-પ્રબંધ તે ઉપાયવિચય છે. શ્રી નમસ્કારમંત્રની આરાધના વડે તે પાર પડે છે.

૩. **જીવવિચય**-માત્ર પોતાના આત્માનો વિચાર કરવામાં ઉપયોગી એવું ધ્યાન તે જીવવિચય છે. જેમ કે- 'મારો આત્મા અસંખ્ય પ્રદેશવાળો છે, સાકાર-અનાકાર ઉપયોગયુક્ત છે, અનાદિઅનંત છે, કૃતકર્મના ફળને ભોગવવાવાળો છે, કર્મસંબંધથી ભવમાં ભમવાવાળો છે અને કર્મવિયોગથી મોક્ષને પામવાવાળો છે.' આ જાતિનો વિચાર શ્રી નમસ્કારમંત્રમાં અનુસ્યૂત છે, તેથી તેનું આરાધના જીવવિચય ધર્મધ્યાનસ્વરૂપ છે.

૪. **અજીવવિચય**-ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ, કે જે અનુક્રમે ગતિ, સ્થિતિ, અવગાહ, વર્તનાદિ અને ગ્રહણ ગુણવાળા છે તથા અગુરુલઘુ આદિ અનંત પર્યાયવાળા છે, તે અજીવોનો વિચાર સ્થિર ચિત્તથી જેમાં થાય તે અજીવવિચય ધર્મધ્યાન છે. આ ધ્યાન દેહ અને આત્માના અભેદપણાની ભ્રાન્તિને નિવારણ કરનાર છે, કે જે ભ્રાન્તિ અનંત શોક અને આતંક આદિનું કારણ છે. શ્રી નવકાર-

મંત્રનું ધ્યાન પણ ભેદજ્ઞાનનું સાધક છે, માટે તેની આરાધના અજીવવિચય ધર્મધ્યાનસ્વરૂપ બને છે.

**૫. વિપાકવિચય**–કર્મના વિપાકનું ચિન્તન તે વિપાકવિચય છે. શ્રી અરિહંતની પદવીથી માંડીને નારકીની વિપત્તિ સુધી જેનું એકછત્રી સામ્રાજ્ય વર્તે છે, તે શુભાશુભ કર્મના મધુર–કટૂક ફળોનો વિચાર કરવો તે વિપાકવિચય છે. વળી જે કર્મ મૂલ–ઉત્તર પ્રકૃતિના ભેદે અનેક પ્રકારનું છે, પુદ્ગલાત્મક છે, ક્ષીરનીરન્યાયે આત્માની સાથે અનાદિકાળથી સંબંધિત છે અને લોહાગ્નિન્યાયે આત્માને પીડાકારક છે, આવું ધ્યાન તે વિપાકવિચય છે. આ ધર્મધ્યાનથી કર્મજન્ય સાંસારિક ફળની અભિલાષાથી આત્મા નિવૃત્ત થાય છે અને આ ધ્યાન વૈરાગ્યભાવનું કારણ બને છે. શ્રી નમસ્કારમંત્રનું ધ્યાન કર્મવિપાકથી છોડાવનાર છે, તેથી આ ધ્યાન પણ તેની અંતર્ગત રહેલું છે.

**૬. વિરાગવિચય**–આ શરીર અશુચિ છે, શુક્ર-શોણિત રૂપી અશુચિથી ઉત્પન્ન થયેલું છે, મદિરાના ઘટની જેમ શુચિ ન થાય તેવું છે, વિનશ્વર છે, જેમાં જવા માત્રથી મિષ્ટાન્ન વિષ્ટારૂપ અને અમૃત પણ મૂત્રરૂપ થઈ જાય છે, અનિત્ય છે, અપરિત્રાણ છે, યમની પીડા વખતે પિતા, માતા, ભ્રાતા, ભગિની, ભાર્યા કે પુત્ર, કોઈથી પણ રક્ષણ ન થઈ શકે તેવું છે, જેમાંથી નિરંતર અશુચિ વહે છે અને નવ છિદ્રો વડે નિરંતર અશુચિ બહાર નીકળે છે, તેથી નક્કી થાય છે કે–તેની અંદર સુંદર કાંઈ નથી. આ જાતિનો

શરીરના સ્વભાવનો વિચાર વૈરાગ્યનો હેતુ થાય છે. તથા વિષયો પરિણામે કટુ છે, કિંપાકવૃક્ષના ફળોના ઉપભોગની ઉપમાવાળા છે, સ્વભાવથી ભંગુર છે, પરાધીન છે, સંતોષ-રૂપી અમૃત રસના આસ્વાદના શત્રુ છે અને તેનાથી ઉત્પન્ન થનારૂં સુખ લાલાને ચાટવાથી થનારા બાળકના દુગ્ધાસ્વાદના સુખની જેમ અપારમાર્થિક છે. તેમાં આસ્થા રાખવી એ વિવેકીઓને યુક્ત નથી, પણ તેનાથી વિરામ પામવું એ જ શ્રેયસ્કર છે. વિરતિ એ જ કલ્યાણકારિણી છે.

વળી આ ગૃહવાસ સળગતા અગ્નિની જ્વાળાસમાન છે. તેમાં વિષયથી સ્નિગ્ધ એવી ઇન્દ્રિયો રૂપી લાકડાં બળે છે અને તેમાંથી ધૂમની ઘટાની જેમ અજ્ઞાનની પરંપરા પ્રસરી રહી છે. એ જ્વાળાને શમાવવાનું સામર્થ્ય માત્ર એક ધર્મ રૂપી મેઘમાં રહેલું છે, તેથી તેમાં જ એક પ્રવૃત્તિ કરવી તે ઉચિત છે. આવું ધર્મધ્યાન રાગના હેતુઓનો નિરોધ કરનાર હોવાથી તથા પરમાનંદના આસ્વાદતુલ્ય આનંદને સાક્ષાત્ આપનાર હોવાથી અવશ્ય કરવાલાયક છે. શ્રી નવકારમંત્રની આરાધનામાં આ વિરાગવિચય ધર્મધ્યાન-ભરેલું છે.

૭. **ભવવિચય**–સ્વકૃત કર્મના ફળનો ઉપભોગ કરવા માટે જીવને ફરી ફરી જન્મ લેવો પડે છે. ત્યાં અરઘટ્ટ-ઘટીયંત્રના ન્યાયથી મૂત્ર, પુરીષ અને આંતરડામય દુર્ગંધી જઠર રૂપી કોટરોમાં વારંવાર વસવું પડે છે અને ત્યાં વસનાર જંતુને કોઈ સહાય નથી, ઇત્યાદિ ભવપરિવર્તનનો

વિચાર સત્પ્રવૃત્તિમાં હેતુભૂત એવા ભવનિર્વેદનું કારણ થાય છે. શ્રી નવકારમંત્રના ધ્યાનથી આ ભવનિર્વેદ પોષાય છે પુષ્ટ થાય છે, તેથી તેવા ભવવિચય ધર્મધ્યાનનો જ એક પ્રકાર છે.

૮. **સંસ્થાનવિચય**–નીચે વેત્રાસન (ખુરશી) જેવો, મધ્યમાં ઝાલર જેવો અને આગળ મુરજ (ડમરૂ) જેવો ચૌદરાજપ્રમાણ લોક છે, વગેરે ચિન્તન વારંવાર કરવાથી ચિત્તનો અન્ય વિષયોમાં થતો સંચાર અટકી જાય છે અને એકાગ્રતા પ્રાપ્ત થાય છે. શ્રી નવકારમંત્રના ધ્યાનમાં પણ ચૌદરાજ લોકનો વિચાર આવી જાય છે, તેથી તે પણ સંસ્થાનવિચય ધ્યાનનો જ એક પ્રકાર છે.

૯. **આજ્ઞાવિચય**–પરલોક–બંધ–મોક્ષ–ધર્મ–અધર્માદિ અતીન્દ્રિય અને સૂક્ષ્મ ભાવોને વિષે આપ્તવચનને પ્રમાણ તરીકે ધારણ કરવાથી સકળ સંશયો વિલીન થઈ જાય છે અને સકળ પ્રવૃત્તિને જીવાડનાર પ્રાણતુલ્ય શ્રદ્ધાની સંતતિ અવિચ્છિન્ન બને છે. તેથી અત્યંત દુઃખથી જાણી શકાય તેવા અને જ્યાં હેતુ–ઉદાહરણાદિની પહોંચ નથી તેવા સૂક્ષ્મ અને અતીન્દ્રિય પદાર્થો પણ અસત્ય નથી, શ્રી જિનવચન પ્રામાણ્ય સત્ય છે, એવી પ્રતીતિ ધારણ કરવી તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. નમસ્કાર શ્રી જિનાજ્ઞાને અનુસરવા રૂપ હોવાથી શ્રી નવકારમંત્રનું ચિન્તન આજ્ઞાવિચય ધર્મધ્યાનનો જ એક પ્રકાર છે.

૧૦. **હેતુવિચય**–આગમવિષયક વાદવિવાદ વડે જેની બુદ્ધિ સ્થિર ન થાય, તેની તર્કાનુસારી બુદ્ધિવાળા પુરુષની

આગમવિષયક પરીક્ષા તે હેતુવિચય ધર્મધ્યાન છે. સ્વાદ્વાદ-પ્રરૂપક આગમો કષ, છેદ અને તાપથી શુદ્ધ છે, તેથી અવશ્ય આશ્રય કરવાલાયક છે. એ રીતે વિશિષ્ટ શ્રદ્ધાની અભિવૃદ્ધિ કરનાર હોવાથી હેતુવિચય ધર્મધ્યાન કર્ત્તવ્ય છે. શ્રી નવકારમંત્ર પણ કષ, છેદ અને તાપની પરીક્ષાથી શુદ્ધ હોવાથી તેનું ધ્યાન હેતુવિચય ધર્મધ્યાનનો એક પ્રકાર બને છે.

卐

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી જેને શ્રી નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થાય છે, તેને નરકગતિ અને તિર્યંચગતિનું ભ્રમણ અટકી જાય છે, તેમજ સ્વર્ગાપવર્ગનાં દ્વાર ઉઘડી જાય છે.

# ભાવમંગલ શ્રી નવકાર

'**मङ्ग्यते–साध्यते हितमनेनेति मङ्गलम्।**' અર્થાત્ જેનાથી હિત સધાય છે તે મંગલ, અથવા હિત ધર્મથી જ સધાય છે, તેથી હિતસાધક ધર્મને જે લાવે તે મંગલ. કહ્યું છે કે–'**मङ्गं धर्मंलातीति मङ्गलम्।**' અહીં મંગ એટલે ધર્મ, તેને લાવે તે મંગલ, એવો બીજો અર્થ પણ મંગલનો થાય છે. અથવા ધર્મની પ્રાપ્તિ અધર્મના નાશથી થાય છે. સર્વ અધર્મોનું મૂળ કારણ વિષય, કષાયો અને તેના ફલસ્વરૂપ ચાર ગતિમાં પરિભ્રમણરૂપ સંસાર છે, તેથી 'સંસારપરિભ્રમણનો ક્ષય કરે તે મંગલ'–એવો ત્રીજો અર્થ પણ મંગલનો થાય છે. કહ્યું છે કે–'**मां भवात् संसारात् गालयति–अपनयतीति मङ्गलम्।**' અર્થાત્ 'માં'=મને સંસારથી ગાલે–પાર ઉતારે અને મારા સંસારને દૂર કરે તે મંગલ.

એ રીતે મંગલ એટલે હિતનું સાધન, મંગલ એટલે ધર્મનું ઉપાદાન અને મંગલ એટલે અધર્મના મૂળભૂત સંસારપરિભ્રમણનું જ મૂલોચ્છેદન સુખસાધક અને દુઃખનાશક પદાર્થને મંગલ રૂપ માનવાની રૂઢિ સંસારમાં પ્રસિદ્ધ છે. પરંપરાએ પણ દુઃખોચ્છેદક અને સુખપ્રાપક પદાર્થો મંગલ રૂપ મનાય છે, તથા જેમાં કષ્ટનિવારણનું કે સુખ આપવાનું (નિશ્ચિત નહિ પણ સંદિગ્ધ) સામર્થ્ય હોય, તે પદાર્થો પણ મંગલ રૂપ ગણાય છે. જેમ કે–દધિ, દૂર્વા, અક્ષત, શ્રીફળ, પૂર્ણકળશ અને સ્વસ્તિકાદિ પદાર્થો.

એ રીતે સુખની નિશ્ચિત કે સંદિગ્ધ સાધનભૂત સર્વ કોઈ વસ્તુઓ જગતમાં મંગલરૂપ ગણાય છે. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મો તથા સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાનાદિ ગુણો, એ દુઃખધ્વંસ અને સુખસિદ્ધિનાં નિશ્ચિત સાધનો છે, તેથી તે ભાવમંગલ ગણાય છે. દધિ, દુર્વા, અક્ષત, શ્રીફળ, પૂર્ણકળશ અને સ્વસ્તિકાદિ સંદિગ્ધ સાધનો છે, તેથી તે સર્વ દ્રવ્યમંગલ ગણાય છે. દ્રવ્યમંગલો જેમ સુખનાં સંદિગ્ધ સાધનો છે, તેમ તે અપૂર્ણ સુખને આપનારાં પણ છે. ભાવમંગલો એ સુખનાં નિશ્ચિત સાધનો છે અને તેનું સેવન કરનારને તે સંપૂર્ણ અને અવિનાશી સુખને આપે છે, તેથી દ્રવ્યમંગલ કરતાં ભાવમંગલનું મૂલ્ય ઘણું વધારે છે.

શ્રી જૈનશાસ્ત્રોમાં અનેક પ્રકારનાં ભાવમંગલો છે. તે સર્વમાં શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારને પ્રધાન મંગલ કહેલું છે, તેનાં મુખ્ય બે કારણો છે. એક તો શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર એ સ્વયં ગુણસ્વરૂપ છે અને બીજું ગુણોના બહુમાન-સ્વરૂપ છે. અહિંસા, સંયમ અને તપ તથા સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાન વગેરે સ્વયં ગુણસ્વરૂપ છે, પણ ગુણોના બહુમાન-સ્વરૂપ નથી. વળી શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર એ સર્વ સદ્-ગુણોમાં શિરોમણિભૂત વિનયગુણના પાલનસ્વરૂપ છે. મોક્ષનું મૂળ વિનય છે. વિનય વિના જ્ઞાન નથી, જ્ઞાન વિના દર્શન નથી, દર્શન વિના ચારિત્ર નથી અને ચારિત્ર વિના મોક્ષ નથી. બીજી રીતે મોક્ષને માટે ચારિત્રની જરૂર છે, ચારિત્ર માટે શ્રદ્ધાની જરૂર છે, શ્રદ્ધા માટે જ્ઞાનની જરૂર છે અને જ્ઞાન માટે વિનયની જરૂર છે. આ વિનયસ્વરૂપ શ્રી નમસ્કાર છે.

યોગ્યનો વિનય તે સદ્‌વિનય છે. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારમાં તાત્ત્વિક ગુણોને ધારણ કરવાવાળી (વિનયને પાત્ર એવી ત્રિકાલ અને ત્રિલોકવર્તી) સર્વ વ્યક્તિઓને નમસ્કાર કરવામાં આવે છે.

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારમાં નમસ્કારને યોગ્ય વ્યક્તિઓ સર્વપ્રધાન હોવાથી તેઓને નમસ્કાર, એ સર્વ વિનયોમાં પ્રધાન વિનયસ્વરૂપ બની જાય છે. પ્રધાન વિનયગુણના પાલનથી પ્રધાન (યથાર્થ) જ્ઞાન, પ્રધાન (તાત્ત્વિક) દર્શન (શ્રદ્ધા), પ્રધાન (શ્રેષ્ઠ) ચારિત્ર અને પ્રધાન (અવ્યાબાધ) સુખની પ્રાપ્તિ થાય છે. પરમેષ્ઠિઓને નમસ્કારસ્વરૂપ પ્રધાન–વિનયગુણના પાલન વિનાનું જ્ઞાન, ધ્યાન કે સંયમ, એ સર્વ પ્રધાન–મોક્ષસુખને આપવાને સમર્થ થઈ શકતાં નથી.

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર એ જેમ પ્રધાન વિનય-ગુણના પાલનસ્વરૂપ છે, તેમ ગુણોના બહુમાનસ્વરૂપ પણ છે. ગુણબહુમાન એ ચિત્તનો અચિંત્ય શક્તિયુક્ત ધર્મ છે. ગુણબહુમાનના આશયવાળું ચિત્ત થોડા જ સમયમાં સર્વ પ્રકારની અશુદ્ધિઓ અને અહંકારાદિ દોષોથી રહિત બની જાય છે.

કાચી માટીના ઘડામાં ભરેલું પાણી જેમ પ્રતિક્ષણ ઘટનો નાશ કરનારૂં થાય છે, તેમ ચિત્તરૂપી કુંભમાં રહેલું ગુણબહુમાન રૂપી જળ ચિત્તના દોષોને અને મલિનતાને પ્રતિક્ષણ ક્ષય કરનારૂં થાય છે. ગુણબહુમાનને ધારણ કરનાર માનસિક ભાવ જેમ અચિન્ત્ય પ્રભાવસંપન્ન છે,

તેમ ગુણબહુમાનને વ્યક્ત કરનારી વાચિક અને કાયિક ચેષ્ટાઓ પણ પ્રભાવસંપન્ન બની જાય છે. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારમાં એ ત્રણેય વસ્તુઓ રહેલી છે. મનથી નમવાનો ભાવ, વચનથી નમવાનો શબ્દ અને કાયાથી નમવાની ક્રિયા, એ રીતે જ્ઞાન, શબ્દ અને ક્રિયા રૂપ વિવિધ ક્રિયાથી યુક્ત શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર પાપધ્વંસ અને કર્મક્ષયના અનન્ય કારણ રૂપ બની જાય છે, તેથી તે સર્વોત્કૃષ્ટ (ભાવ) મંગલસ્વરૂપ છે અને તેથી જ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારની ચૂલિકામાં ફરમાવ્યું છે કે–

**एष पञ्चनमस्कारः, सर्वपापप्रणाशनः ।**
**मङ्गलानां च सर्वेषाम्, मुख्यं भवति मङ्गलम् ॥ १ ॥**

**અર્થ**–પાંચેય પરમેષ્ઠિઓને કરેલો આ નમસ્કાર સર્વ પાપોનો પ્રકર્ષે કરીને નાશ કરનારો છે તથા સર્વ મંગલોમાં પ્રથમ–પ્રધાન–સર્વોત્કૃષ્ટ મંગલસ્વરૂપ છે. ૧.

卐

શ્રી નવકારના પ્રભાવથી ચોરો રક્ષક બને છે, ગ્રહો અનુગ્રહ કરે છે અને અપશુકનો શુભ શુકનરૂપ બની જાય છે.

# નવકારનું આહ્વાન-ઘોષણા

**ताव न जायइ चित्तेण, चिंतियं पत्थियं च वायाए ।**
**काएण समाढत्तं, जाव न सरिओ नमुक्कारो ॥ १ ॥**

**અર્થાત્**-શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને જ્યાં સુધી સ્મર્યો નથી, ત્યાં સુધી જ ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી આરંભેલું કાર્ય થતું નથી. ૧.

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની જેમ નવકાર એ શાશ્વત છે. શ્રી તીર્થંકરોની ધર્મદેશનાની જેમ એના ઉપકારો અનંતા છે. જગતમાં કોઈ પણ એવું પાપ નથી, કે જેનો પ્રતિકાર નવકારના આશ્રયથી અશક્ય હોય. નવકારના અક્ષરો કેવળ અક્ષરો જ નથી, કિન્તુ સાક્ષાત્ અક્ષરમયી દેવતાઓ-જ્યોતિઃ-પુંજો છે. એનો આશ્રય લેનાર અને એનું વિધિપૂર્વક શ્રવણ કે સ્મરણ કરનાર સર્વદા સુરક્ષિત છે.

નવકારની એ પ્રતિજ્ઞા છે કે-મારો આશ્રય લેનાર કોઈ પણ હોય, તેનાં સર્વ પાપનો મારે સમૂલ નાશ કરવો. આ પ્રતિજ્ઞાને ખોટી પાડનાર આજ સુધી કોઈ નીકળ્યું નથી. એને ખોટી પાડવાનો પ્રયાસ કરનાર પોતે જ ખોટો પડે છે.

નવકારની બીજી પ્રતિજ્ઞા એ છે કે-મારો આશ્રય લેનારનો આશ્રય સર્વ કોઈને લેવો પડે છે. દુનિયામાં જેટલા શુભ અને શ્રેષ્ઠ સજીવ કે નિર્જીવ પદાર્થો છે, તે સઘળા નવકારના દાસ છે. નવકારની આ બીજી પ્રતિજ્ઞા છે અને

તે ટંકશાળી છે. એની સત્યતાની કસોટી કરવા માટે નવકારનું સમગ્ર વિશ્વને આમંત્રણ છે. વિશ્વની સામે નવકારનું આ આહ્‌વાન છે-જાહેર ઉદ્‌ઘોષણા છે કે-ઉઠો! જાગો! અને શ્રી નવકારના આ આહ્‌વાનનો હર્ષપૂર્વક સ્વીકાર કરો! તેનો સ્વીકાર કરવા માટે શ્રી નવકારનું સર્વ કોઈને પ્રેમ-ભર્યું આમંત્રણ છે.

卐

ત્રણ ભુવનમાં રહેલા વિવેકી સુરો, અસુરો, વિદ્યાધરો તથા મનુષ્યો, સુતાં-જાગતાં, બેસતાં-ઉઠતાં કે હરતાં-ફરતાં શ્રી નમસ્કાર મહામંત્રને યાદ કરે છે.

# સ્વાધ્યાય અને નવકાર

મદિરા, વિષય, કષાય, નિદ્રા અને વિકથા–એ પાંચ પ્રકારનો પ્રમાદ જેમ આત્માનું અધઃપતન કરી સંસાર-સાગરમાં રૂલાવે છે, તેમ વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા-એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય આત્માને સંસારસાગરથી પાર ઉતારી મુક્તિના અવ્યાબાધ સુખમાં ઝીલાવે છે. આ છે સ્વાધ્યાયનું વિશદ સ્વરૂપ. સૌથી સહેલામાં સહેલો અલ્પજ્ઞ પણ કરી શકે એવો અને અવસરે દ્વાદશાંગીનું પણ સ્થાન લે તેવો સ્વાધ્યાય શ્રી નવકારનો છે. એ વસ્તુને આ લેખમાં સંક્ષેપથી પણ સ્પષ્ટ કરવા માટે પ્રયત્ન કર્યો છે.

શ્રી જિનશાસનમાં સ્વાધ્યાયને મોક્ષનું પરમ અંગ કહ્યું છે. પ્રત્યુપેક્ષણા, પ્રમાર્જના, ભિક્ષાચર્યા, વૈયાવૃત્ય આદિ સંયમના અસંખ્ય વ્યાપારોમાંથી કોઈ પણ યોગમાં વર્તતો જીવ પ્રતિસમય અસંખ્ય ભવોનાં કર્મોને ખપાવે છે, તો પણ સ્વાધ્યાયયોગમાં વર્તતો જીવ સ્થિતિ અને રસ વડે કર્મોને વિશેષે કરીને ખપાવે છે.

કર્મક્ષયના મુખ્ય હેતુઓ બે છે–મન, વચન અને કાયાના અશુભ વ્યાપારોનો નિગ્રહ અને તે ત્રણેયનું શુભ વ્યપારોમાં પ્રવર્તન. આ બન્ને હેતુઓ સ્વાધ્યાયયોગમાં જે રીતે સિદ્ધ થાય છે, તે રીતે પ્રાયઃ અન્ય વ્યાપારો વખતે સિદ્ધ થઈ શકતા નથી. આ વાત કેવળ આગમથી જ નહિ પરંતુ યુક્તિ અને અનુભવથી પણ સિદ્ધ છે.

શ્રી જિનમતમાં સ્વાધ્યાય પાંચ પ્રકારનો કહ્યો છે- વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા. ગુરુ પાસે સૂત્ર-અર્થ ગ્રહણ કરવાં તે વાચના, સંદેહનિવારણ માટે પૂછવું તે પૃચ્છના, અસંદિગ્ધ સૂત્રાર્થની પુનઃ પુનઃ પરિવર્તના (પઠન) તે પરાવર્તના, પુનઃ પુનઃ વિચારણા તે અનુપ્રેક્ષા અને અનુગ્રહ બુદ્ધિથી યોગ્યની આગળ કથન કરવું તે ધર્મકથા. આ પાંચેય પ્રકારનો સ્વાધ્યાય મન-વચન-કાયાના અશુભ વ્યાપારોનો નિરોધ કરાવી શુભમાં એકાગ્રતા-પૂર્વક પ્રવર્તન કરાવે છે, તેથી કર્મક્ષયનો અસાધારણ હેતુ બની પરંપરાએ પરમપદની પ્રાપ્તિ કરાવે છે. શાસ્ત્રો કહે છે કે-આદરપૂર્વક સ્વાધ્યાયની લીનતા, એ યાવત્ સર્વજ્ઞપદ અને તીર્થંકરપણાની પ્રાપ્તિનો પણ હેતુ બને છે. પાંચેય પ્રકારનો સ્વાધ્યાય પદાર્થોના પરમાર્થને જણાવનારો છે અને ક્ષણે ક્ષણે સદ્ગતિના મૂળરૂપ પરમ વૈરાગ્યનો હેતુ બને છે.

આ સ્વાધ્યાય ઉત્કૃષ્ટતયા ચૌદ પૂર્વધરોને હોય છે. મહાપ્રાણ ધ્યાનાદિના સામર્થ્યથી અંતર્મુહૂર્તમાં તેઓ ચૌદ પૂર્વોનું અને બારેય અંગોનું પરાવર્તન કરે છે. દશ પૂર્વ-ધરોને દશ પૂર્વોનો, નવ પૂર્વધરોને નવ પૂર્વોનો અને એ રીતે ઘટતાં ઘટતાં જેને બીજું કાંઈ પણ આવડતું ન હોય તેને પણ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો સ્વાધ્યાય હોય છે, કારણ કે-આ પંચપરમેષ્ઠિ નમસ્કાર દ્વાદશાંગનો અર્થ છે, તેથી તે અતિ મહાન્ છે.

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર દ્વાદશાંગનો અર્થ હોવાનાં

ત્રણ કારણો છે. (૧) દ્વાદશાંગના સ્થાને તેનો ઉપયોગ થાય છે, (૨) પરિણામની વિશુદ્ધિનું કારણ છે અને તેનાથી (૩) જ્ઞાન–દર્શન–ચારિત્રનું પણ આરાધન થાય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે–ઘરમાં જ્યારે આગ લાગે, ત્યારે લોક જેમ કણ–કપાસાદિ અન્ય વસ્તુને છોડીને એકાદ મહા-મૂલા કિંમતી રત્નને ગ્રહણ કરે છે, અથવા રણસંગ્રામને વિષે સુભટ જ્યારે બીજો ઉપાય ન હોય, ત્યારે તલવાર, ભાલા વગેરે શસ્ત્રોને છોડીને એક અમોઘ બાણ કે શક્તિ આદિ શસ્ત્રને ગ્રહણ કરે છે; તેવી રીતે જ્યારે મરણકાળ ઉપસ્થિત થાય, ત્યારે પૂર્વધરો પણ જ્યારે અન્ય શ્રુત યાદ રાખવા અસમર્થ થાય, ત્યારે દ્વાદશાંગને છોડીને શ્રી અરિહંત આદિના નમસ્કારને જ યાદ કરે છે, તેથી આ નમસ્કાર દ્વાદશાંગનો અર્થ છે તે સાબીત થાય છે.

અથવા સઘળું દ્વાદશાંગ પણ પરિણામની વિશુદ્ધિ માટે જ ભણાય છે. પરમપુરુષ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવા દ્વારા પણ તે જ અર્થ સિદ્ધ થાય છે, તેથી તે દ્વાદશાંગાર્થ છે.

અથવા જ્ઞાન–દર્શન–ચારિત્ર એ જ દ્વાદશાંગાર્થ છે. તે ગુણો શ્રી અરિહંતાદિ પાંચની અંદર રહેલા છે, પણ બીજામાં નથી. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર દ્વારા તે ત્રણની જ સાધના થાય છે, તેથી પણ તે દ્વાદશાંગાર્થ છે. અથવા સંપૂર્ણ દ્વાદશાંગી દેવ, ગુરુ અને ધર્મસ્વરૂપ છે અને નવકાર પણ દેવ, ગુરુ અને ધર્મસ્વરૂપ છે.

એ રીતે દ્વાદશાંગના સાધ્ય અર્થનો સાધક હોવાથી અને મરણકાળે પણ સુખપૂર્વક સ્મરણીય હોવાથી, એક અપેક્ષાએ આ નમસ્કારનું મહાત્મ્ય દ્વાદશાંગથી પણ વધી જાય છે.

શાસ્ત્રકારોએ નામાદિ મંગલોમાં આ નમસ્કારને પ્રથમ મંગલ કહ્યું છે અને વ્યાધિ, તસ્કર, અગ્નિ આદિના સર્વ ભયોને દૂર કરનાર બતાવ્યો છે. કહ્યું છે કે–

**हरइ दुक्खं कुणइ सुहं, जणइ जसं सोसए भवसमुद्दं ।**
**इहलोयपारलोइय-सुहाण मूलं नमोक्कारो ॥ १ ॥**

**અર્થાત્**–આ નવકાર દુઃખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે, ભવસમુદ્રને શોષે છે તથા આ લોક અને પરલોકના સુખોનું મૂળ છે. ૧.

卐

શ્રી નમસ્કાર મહામંત્ર એ સર્વ શ્રેયોમાં પરમ શ્રેયઃ છે, સર્વ મંગલોમાં પરમ મંગલ છે, સર્વ પૂજ્યોમાં પરમ પૂજ્ય છે અને સર્વ ફળોમાં શ્રેષ્ઠ–પરમ ફળસ્વરૂપ છે.

# શ્રી નમસ્કાર મહામંત્રનો ઉપકાર

## [ ૧ ]

**मग्गो अविप्पणासो, आयारो विणयया सहायत्तं ।**
**पंचविहनमोक्कारं, करेमि एएहिं हेऊहिं ॥ १ ॥**

—શ્રી આવશ્યકનિર્યુક્તિ-ગાથા ૨૯૪૪

**અર્થ**—માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને સહાય—એ પાંચ હેતુઓ વડે હું પાંચ પ્રકારનો નમસ્કાર કરૂં છું. ૧.

નિર્યુક્તિકાર શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજી શ્રી આવશ્યકનિર્યુક્તિની ઉપરોક્ત ગાથામાં શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને પાંચ કારણો વડે નમસ્કાર કરવાનું ફરમાવે છે. તેમાં પ્રથમ પરમેષ્ઠિને નમસ્કારનું કારણ 'માર્ગ' છે. એ વિષયમાં ટીકાકારમહર્ષિ ફરમાવે છે કે—પાંચ પરમેષ્ઠિઓમાં પ્રથમ પરમેષ્ઠિ શ્રી અરિહંત ભગવંતો સૌથી પ્રથમ નમસ્કારને લાયક છે અને તેમાં કારણ 'મોક્ષમાર્ગ' છે. અર્થાત્ સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગ તેઓએ બતાવેલો છે અને તે માર્ગે ચાલવાથી ભવ્ય જીવોને મુક્તિ મળે છે. એ રીતે ભવ્ય જીવોને મુક્તિની સાધનામાં સાક્ષાત્ હેતુ મોક્ષમાર્ગ જ છે અને તે માર્ગને સૌથી પ્રથમ દર્શાવનારા શ્રી અરિહંત ભગવંતો છે, તેથી શ્રી અરિહંત ભગવંતો પણ પરંપરાએ મોક્ષના હેતુ હોવાથી પૂજ્ય છે.

પરંપરાએ મોક્ષમાર્ગના ઉપકારી તરીકે જેમ શ્રી અરિ-

હંત ભગવંતો છે, તેમ વસ્ત્ર, આહાર, શય્યા, આસન આદિ પણ સાધકોને મોક્ષમાર્ગનાં સાધનો છે, તેથી તે પણ પૂજાને પાત્ર કેમ નહિ? અને તેને આપનાર ગૃહસ્થો પણ ઉપકારી કે પૂજ્ય કેમ નહિ?–એ પ્રશ્નનો ઉત્તર આપવો જોઈએ.

ભાષ્યકાર ભગવંત શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ અને ટીકાકારમહર્ષિ મલ્લધારી શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી તે પ્રશ્નનો ઉત્તર આપતાં, શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં મૂળ ગાથા ૨૯૪૮ તથા તેની ટીકામાં ફરમાવે છે કે–

**जं पच्चासन्नतरं, कारणमेगंतियं च नाणाई ।**
**मग्गो तद्दायारो, सयं च मग्गो त्ति ते पुज्जा ॥ १ ॥**

**અર્થ**–પરંપરાએ જ્ઞાનાદિ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં ઉપયોગી કેવળ વસ્ત્રાદિ કે તેને આપનાર ગૃહસ્થાદિ જ ઉપકારી છે એમ નહિ, એક યા બીજા પ્રકારે ત્રણેય જગત ઉપકારી છે. પરંતુ તે બધાં દૂર દૂરનાં કારણ છે, એટલું જ નહિ પણ તે અનેકાંતિક એટલે કારણ બને કે ન બને એવાં છે. સૌથી નજીકનું અને અવશ્ય ફળ આપનારૂં કારણ તો રત્નત્રય જ છે. તેને આપનારા શ્રી અરિહંતો છે, તેથી તે માર્ગ અને તેને આપનારા શ્રી અરિહંત ભગવંતો ખરેખરા ઉપકારી અને પૂજ્ય છે. વસ્ત્રાદિ સાધનો અને ગૃહસ્થાદિ તો શ્રી અરિહંત ભગવંતોથી પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ રત્નત્રયને સંભવિત ઉપકાર કરનાર છે, તેથી પૂજ્યત્વની કક્ષામાં આવતા નથી. એટલું જ નહિ, પરંતુ એથી પૂજ્ય વસ્તુઓની ઈયત્તા (મર્યાદા) ન રહેવાથી અનવસ્થાદોષ પણ પ્રાપ્ત થાય છે.

તે ઉપરાન્ત વિશેષ કારણ તો તે છે કે–શ્રી અરિહંત ભગવંતો કેવળ માર્ગ દર્શાવનાર જ નહિ, સ્વયં માર્ગરૂપ પણ છે. શ્રી અરિહંતોના દર્શન માત્રથી પણ ભવ્ય જંતુઓને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. ઉપદેશથી જેમ શ્રી અરિહંતો મોક્ષમાર્ગને આપનારા થાય છે, તેમ ઉપદેશ સિવાય તેઓના દર્શન, પૂજન, સ્તવન અને ધ્યાનાદિથી પણ મોક્ષ અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરાવનારા થાય છે. શ્રી અરિહંત ભગવંતોની એ વિશેષતા છે. કહ્યું છે કે–

**नामाकृतिद्रव्यभावैः, पुनतस्त्रिजगज्जनम् ।**
**क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥ १ ॥**

**અર્થ**–નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ વડે ત્રણેય જગતને પવિત્ર કરનારા સર્વ ક્ષેત્રના અને સર્વ કાળના શ્રી અરિહંતોની અમે ઉપાસના કરીએ છીએ. ૧.

શ્રી અરિહંત ભગવંતો ઉપદેશ વડે જ મોક્ષના અને તેના માર્ગના દાતાર છે, એવો એકાન્ત નિયમ શ્રી જૈનશાસનમાં નથી. ઉપદેશ અને આજ્ઞાપાલન વડે જેમ શ્રી અરિહંત ભગવંતો મોક્ષ અને તેના માર્ગની પ્રાપ્તિના હેતુભૂત છે, તેમ તેઓના નામ–સ્મરણાદિ કે આકૃતિના દર્શનાદિ વડે પણ ક્લિષ્ટ કર્મોનો ક્ષય કરાવી મોક્ષની અને તેના માર્ગની પ્રાપ્તિના હેતુભૂત બને છે. શ્રી અરિહંત ભગવંતોનું નામ અને રૂપ જેમ કર્મનો ક્ષયોપશમ કરાવનાર અને માર્ગ પમાડનાર છે, તેમ તેઓનાં દ્રવ્ય અને ભાવ પણ અંતરાયાદિ કર્મોને હઠાવનાર અને જ્ઞાનાદિ ગુણોને પ્રગટાવનાર થાય છે.

અહીં દ્રવ્ય એટલે તેઓની પૂર્વોત્તર અવસ્થાઓ, તેનું શ્રવણ, મનન, ચિન્તન; ભાવ એટલે સમવસરણસ્થ ધર્મોપદેશ વખતની ચતુર્મુખ અવસ્થા; તેનું ધ્યાન, નમન, પૂજન વગેરે સમજવું. શ્રી અરિહંત ભગવંતોની એવી એક પણ અવસ્થા નથી, કે જેનું ધ્યાન, ચિન્તન કે મનન આદિ ભવ્ય જીવોને મોક્ષની, મોક્ષમાર્ગની કે બોધિબીજની પ્રાપ્તિનો હેતુ ન બને. એમ માર્ગપ્રાપ્તિનું અસાધારણ કારણ હોવાથી અને સ્વયં પણ માર્ગસ્વરૂપ હોવાથી શ્રી અરિહંત ભગવંતો ઉપકારી છે, પૂજ્ય છે અને તે કારણે મોક્ષના અર્થી જીવોને નમસ્કરણીય છે. કહ્યું છે કે–

**તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ,**
**તેહી જ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;**
**તેહથી જાયે સઘળાં હો પાપ,**
**ધ્યાતા રે ધ્યેયસ્વરૂપ હોવે પછે જી.**

–પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ.

卐

**શ્રી પંચપરમેષ્ઠિઓને ભાવપૂર્વક કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે.**

# નમસ્કાર મહામંત્રનો ઉપકાર

## [ ૨ ]

**શ્રી** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—એ પાંચ પરમેષ્ઠિઓને કરવામાં આવતો નમસ્કાર એ મંગલનો હેતુ બને છે, પણ ક્યારે? એનો જો ખ્યાલ ન હોય, તો રોજ અનેક વાર નમસ્કાર કરવા કે ગણવા છતાં અધ્યવસાયોની વિશુદ્ધિ ન થાય અને તે ભાવમંગલનો હેતુ ન બને, એમ પણ બનવાજોગ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

**प्रणिधानकृतं कर्म, मतं तीव्रविपाकवत् ।**

**અર્થાત્**—પ્રણિધાન એટલે ચિત્તની એકાગ્રતા. તે વડે કરાયેલું કર્મ તીવ્ર વિપાક એટલે ઉત્કટ ફળને આપનારું થાય છે. એથી વિપરીત એકાગ્રતા કે તન્મયતાથી રહિત કરાતું એવું જ કર્મ મંદ વિપાકવાળું અથવા શૂન્ય ફળવાળું પણ થાય છે.

આથી સમજાશે કે—કર્મનું જેટલું મહત્ત્વ છે, તેટલું જ બલ્કે તેથી પણ અધિક મહત્ત્વ તેની પાછળ રહેલી એકાગ્રતાનું છે. હવે આ એકાગ્રતા લાવવી શી રીતે?

કેવળ ઈચ્છા માત્રથી કાર્યસિદ્ધિ થતી નથી, અથવા એકાગ્રતા એ જરૂરી છે એટલું સમજવા માત્રથી પણ એકાગ્રતા આવતી નથી. એકાગ્રતા લાવવા માટે રસ ( Interest ) જોઈએ અને રસ તેમાં જ આવી શકે, કે જેમાં આપણો કાંઈ પણ સ્વાર્થ સરતો હોય.

જો શ્રી અરિહંતના નમસ્કાર વડે આપણો કોઈ સ્વાર્થ સરતો દેખાય, તો જ તેમાં રસ આવી શકે છે. એ સ્વાર્થ શું છે? તેને શ્રી ભદ્રબાહુસ્વામિજી શ્રી નમસ્કારનિર્યુક્તિની એક ગાથા વડે સ્પષ્ટ કરી આપે છે, કે જે આપણે ઉપર જોઈ આવ્યા.

તેમાં કહ્યું છે કે–શ્રી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે હું 'માર્ગ'ને ચાહું છું, શ્રી સિદ્ધ ભગવંતના નમસ્કાર વડે હું 'અવિપ્રણાશ'ને ચાહું છું, શ્રી આચાર્ય ભગવંતના નમસ્કાર વડે હું 'આચાર'ને ચાહું છું, શ્રી ઉપાધ્યાય ભગવંતના નમસ્કાર વડે હું 'વિનય'ને ચાહું છું અને શ્રી સાધુ ભગવંતને નમસ્કાર કરવા વડે હું 'સહાય'ને ઇચ્છું છું.

'માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને સહાય–એ પાંચ વસ્તુઓ મુખ્યપણે પરમેષ્ઠિને નમસ્કાર કરવા વડે મને પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ બીજા કોઈ પણ ઉપાયથી તે પ્રાપ્ત થઈ શકે તેમ નથી, તેથી હું એ પાંચને નમસ્કાર કરું છું.' – આવો પૂ. આ. શ્રી ભદ્રબાહુસ્વામિજીનો દૃઢ સંકલ્પ છે. તેથી તેઓ કહે છે કે–'पंचविहनमोक्कारं, करेमि एएहिं हेऊहि।' અર્થાત્–એ પાંચ હેતુઓથી હું પાંચ પ્રકારનો નમસ્કાર કરું છું.

'માર્ગ'હેતુનો વિચાર આપણે ઉપર કરી આવ્યા છીએ. બીજા 'અવિપ્રણાશ'હેતુનો વિચાર હવે કરવાનો છે.

શ્રી સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરતી વખતે એકાગ્રતા

લાવવામાં મુખ્ય હેતુ શ્રી સિદ્ધ ભગવંતોની ‘ અવિનાશિતા ’નો ખ્યાલ છે. એ અવિનાશિતાનો વિચાર એમ સૂચવે છે કે–શ્રી અરિહંતપદવીનો અંત છે, શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ અવસ્થાઓને પણ અંત છે, પણ માત્ર એક સિદ્ધ અવસ્થા જ એવી છે, કે જેના ઉપર કાળની ફાળ નથી. દેવ, દેવેન્દ્ર, ચક્રવર્તી કે અહમિન્દ્રનાં પદોને અને સુખોને અંત છે, કિન્તુ શ્રી સિદ્ધ ભગવંતોના સુખને અંત નથી. જો સાદિ અનંતકાળ સુધી અવ્યાબાધપણે કોઈ પણ સુખનો ઉપભોગ થઈ શકે, તો તે એક સિદ્ધનાં સુખનો જ થઈ શકે તેમ છે.

પૂજ્ય ઉપાધ્યાય ભગવંત શ્રી યશોવિજયજી મહારાજ આઠમી યોગદૃષ્ટિના વર્ણનમાં ફરમાવે છે કે–

**સર્વ શત્રુક્ષય, સર્વ વ્યાધિલય,**
**પૂરણ સર્વ સમીહાજી;**
**સર્વ અર્થ યોગે સુખ તેહથી,**
**અનંતગુણ નિરીહાજી. ૧.**

**અર્થાત્**–સર્વ શત્રુઓનો ક્ષય થવાથી, સર્વ વ્યાધિઓનો વિલય થવાથી, સર્વ ઇચ્છાઓ પૂર્ણ થવાથી અને સર્વ પદાર્થોનો સંયોગ થવાથી સંસારી જીવને જે સુખ થાય, તેથી અનંતગણું સુખ એક શ્રી સિદ્ધ ભગવંતને હોય છે અને તેનો કદી અંત આવતો નથી.

સુખની આ સ્થિતિ શ્રી સિદ્ધ ભગવંત સિવાય બીજા કોઈને પ્રાપ્ત થતી નથી, તેથી તેવા અવિનાશી સુખના અર્થી આત્માઓને માટે શ્રી સિદ્ધ ભગવંતનો નમસ્કાર પરમ ઉપા-

હોય છે. અવિનાશીપણાના પ્રણિધાનથી શ્રી સિદ્ધ ભગવંતને થતો નમસ્કાર તન્મયતાને લાવી આપે છે અને તે તન્મયતા નમસ્કારને ભાવનમસ્કાર બનાવે છે. આ ભાવનમસ્કાર એ જ પરમાર્થ મંગલ છે.

પરમાર્થ મંગલ એ વસ્તુતઃ આત્માના શુભ અધ્યવસાયોને છોડીને બીજું કાંઈ જ નથી. અવિનાશી ગુણના પ્રણિધાન વડે શ્રી સિદ્ધ ભગવંતોને કરેલો નમસ્કાર શુભ અધ્યવસાયને જગાડનારો થાય છે, તેથી તે ભાવમંગલ છે. ભાવમંગલ એટલે નિશ્ચયથી મંગલ. મંગલનું કાર્ય અનિષ્ટનું નિવારણ અને ઈષ્ટનો લાભ કરવાનું છે. તે જેનાથી થાય કે ન થાય, તે દ્રવ્યમંગલ અને જેનાથી અવશ્ય થાય, તે ભાવમંગલ છે.

સમ્યગ્દૃષ્ટિને મન સમગ્ર સંસાર અનિષ્ટ છે, માત્ર એક મુક્તિનું સુખ જ ઈષ્ટ છે. તેની અવશ્ય સિદ્ધિ શ્રી સિદ્ધ ભગવંતના નમસ્કારથી ત્યારે થાય, કે જો તે પ્રણિધાનપૂર્વક કરવામાં આવે. એ પ્રણિધાનને લાવવા માટે નમસ્કારની કે બીજી કોઈ પણ ક્રિયાની પાછળ પ્રશસ્ત હેતુ જોઈએ અને તો જ પ્રણિધાન આવી શકે. તેથી શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજી તે હેતુઓને જ અહીં નમસ્કારની પાછળ પ્રધાન હેતુ તરીકે સ્થાન આપે છે.

શ્રી અરિહંત નમસ્કારની પાછળ 'માર્ગ'હેતુ પ્રધાન છે, તો સિદ્ધ નમસ્કારની પાછળ 'અવિનાશ'હેતુ પ્રધાન છે. એથી એ પણ સિદ્ધ થાય છે કે–બીજા ગૌણ હેતુઓ અનેક

સંભવે છે. જેમ જેમ તે હેતુઓનું પ્રણિધાન વધતું જાય છે, તેમ તેમ નમસ્કારની ભાવરૂપતા—પરમાર્થ મંગલમયતા વધતી જાય છે. ગૌણ હેતુઓમાં શ્રી અરિહંત ભગવંતનો 'શબ્દ' અને શ્રી સિદ્ધ ભગવંતનું 'રૂપ' કહી શકાય, શ્રી અરિહંત ભગવંતનું 'ઔદાર્ય' અને શ્રી સિદ્ધ ભગવંતનું 'દાક્ષિણ્ય' કહી શકાય અને શ્રી અરિહંત ભગવંતનો 'ઉપશમ' અને શ્રી સિદ્ધ ભગવંતનો 'સંવેગ' કહી શકાય. એ રીતે શ્રી અરિહંત ભગવંતની 'મૈત્રી' અને શ્રી સિદ્ધ ભગવંતનું 'માધ્યસ્થ્ય,' શ્રી અરિહંત ભગવંતની 'અહિંસા' અને શ્રી સિદ્ધ ભગવંતનું 'સત્ય' વગેરે વગેરે પણ કહી શકાય. એ રીતે અનંત અનંત ગુણોમાંથી એકેક ગુણને જુદો જુદો લઈને તેના પ્રણિધાનપૂર્વક શ્રી અરિહંત, સિદ્ધ વગેરે પરમ પંચપરમેષ્ઠિઓને નમસ્કાર કરવાનો જો અભ્યાસ પાડવામાં આવે, તો એકાગ્રતા વધી જાય અને શાસ્ત્રે ફરમાવેલું તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્યા, તદ્ અધ્યવસાય, તત્ તીવ્ર અધ્યવસાન વગેરે વિશેષણોવાળું ચિત્ત બની જાય. સાથે જ કાચી માટીના કુંભમાં ભરેલા જળના દૃષ્ટાંતે અશુભ કર્મોનો સમૂલ ક્ષય થઈ જાય અને સર્વ શુભ મંગલોની પ્રાપ્તિ સુલભ બની જાય.

આ છે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતના ભાવનમસ્કારની પ્રાપ્તિનો સરળમાં સરળ ઉપાય. સૌ કોઈ ભવ્ય આત્માઓ તેનો આદર કરી પોતાનું સર્વોત્તમ કલ્યાણ સાધો.

卐

# નમસ્કાર મહામંત્રનો ઉપકાર

## [ ૩ ]

ઉપર આપણે જોઈ આવ્યા કે-પ્રણિધાનપૂર્વક કરાયેલું કર્મ ઉત્કટ ફળને આપનારૂં થાય છે. તે પ્રણિધાન એટલે ચિત્તની એકાગ્રતા. એકાગ્રતાનો બીજો પર્યાય તન્મયતા છે. તન્મયતા કે એકાગ્રતા લાવવાનો ઉપાય ક્રિયામાં રસ પેદા કરવો તે છે અને રસ તે જ ક્રિયામાં ઉત્પન્ન થઈ શકે, કે જે ક્રિયા કરવાથી કરનારને ઉત્તમ લાભની સંભાવના હોય.

પરમેષ્ઠિ નમસ્કારથી જીવને શું લાભ થાય છે, અથવા કઈ વસ્તુના લાભ માટે પરમેષ્ઠિ નમસ્કાર કરવાનો છે? એ સંબંધી જ્ઞાન જેટલું સ્પષ્ટ, તેટલો નમસ્કારની ક્રિયામાં રસ અધિક પેદા થઈ શકે છે.

શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામિજીના શબ્દોમાં આપણે જોઈ આવ્યા કે-પ્રથમ પરમેષ્ઠિ શ્રી અરિહંત પરમાત્માના નમસ્કારથી જીવને માર્ગની પ્રાપ્તિ થાય છે, અથવા 'માર્ગ' હેતુ માટે શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર કરવો જોઈએ. આ 'માર્ગ' એટલે ભાવમાર્ગ, અર્થાત્ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ જાણવો. કહ્યું છે કે-'**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।**' અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ રત્નત્રય જ મોક્ષમાર્ગ છે. અરિહંત નમસ્કાર વડે રત્નત્રયરૂપી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે.

અરિહંત નમસ્કાર એ જ નિશ્ચયથી રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ છે. અરિહંત નમસ્કાર વખતે થતી શ્રી અરિહંત-પદની 'ધારણા' સમ્યગ્દર્શનગુણની શુદ્ધિ કરે છે, શ્રી અરિહંતપદનું 'ધ્યાન' સમ્યગ્જ્ઞાનગુણની શુદ્ધિ કરે છે અને શ્રી અરિહંતપદની 'તન્મયતા' સમ્યક્ચારિત્રગુણની શુદ્ધિ કરે છે. દર્શનગુણ સમ્યક્ તત્ત્વરુચિરૂપ છે, જ્ઞાનગુણ સમ્યક્તત્ત્વબોધરૂપ છે અને ચારિત્રગુણ સમ્યક્તત્ત્વપરિણતિરૂપ છે.

અરિહંતના નમસ્કાર વડે 'ધારણા' શ્રી અરિહંતપદની બંધાય છે, 'ધ્યાન' શ્રી અરિહંતપદનું થાય છે અને "તન્મયતા' શ્રી અરિહંતપદની સધાય છે. પુનઃ પુનઃ નમ-સ્કાર વડે જેમ જેમ શ્રી અરિહંતપદની ધારણા વધતી જાય છે, તેમ તેમ જીવનો સમ્યક્તત્ત્વપરિણતિરૂપ ચરિત્રગુણ પ્રગટ થતો જાય છે. શ્રી અરિહંતને નમસ્કાર કરતી વખતે જ શ્રી અરિહંતપદ સંબંધી ધારણા, ધ્યાન તથા તન્મયતા સધાય છે અને તેના પરિણામે થતી જીવની શુદ્ધિ તથા પુણ્યવૃદ્ધિ વડે ઉત્તરોત્તર રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી જાય છે. આ બધું થવાની પાછળ હેતુ શુદ્ધ પ્રણિધાન છે.

પ્રણિધાન કહો કે એકાગ્રતા કહો, તે થવાની પાછળ હેતુ 'માર્ગનું લક્ષ્ય' છે. સાધ્યના લક્ષ્યપૂર્વક થતી ક્રિયા કેવળ ક્રિયા જ નથી, કિન્તુ રસપૂર્વકની ક્રિયા છે. ક્રિયાની પાછળ રસ ભળવાથી તે ક્રિયા કેવળ કાયવાસિત કે વાગ્વાસિત ન રહેતાં મનોવાસિત પણ બને છે. એ રીતે મન, વચન અને કાયા—ત્રણેયથી વાસિત થયેલી નમસ્કારની

ક્રિયાને જ શાસ્ત્રોમાં 'નમસ્કાર પદાર્થ' કહ્યો છે. શ્રી નમસ્કારનિર્યુક્તિમાં શ્રીમદ્ ભદ્રબાહુસ્વામિજી ફરમાવે છે કે–

**मणसा गुणपरिणामो, वाया गुणभासणं च पंचण्हं।**
**काएण संपणामो, एस पयत्थो नमुक्कारो ॥१॥**

**અર્થ**–મન વડે આત્માનું પંચપરમેષ્ઠિના ગુણોમાં પરિણમન, વચન વડે તેઓના ગુણોનું કીર્તન અને કાયા વડે સમ્યગ્ વિધિયુક્ત તેઓને પ્રણામ, એ નમસ્કારનો પદાર્થ છે, અર્થાત્ નમસ્કારપદનો એ ખરો અર્થ છે.

સાચો નમસ્કાર થવા માટે કાયાથી પ્રણામ અને વાણીથી ગુણોના ઉચ્ચારણની સાથે મનનું પરમેષ્ઠિના ગુણોમાં પરિણમન પણ આવશ્યક છે. એ પરિણમન પરમેષ્ઠિનમસ્કારની પાછળ રહેલા હેતુઓનું શુદ્ધ ચિંતન કરવાથી થાય છે.

શ્રી અરિહંત ભગવંતના નમસ્કારની પાછળ જેમ 'માર્ગ' હેતુ છે, તેમ શ્રી સિદ્ધ ભગવંતના નમસ્કારની પાછળ 'અવિનાશ' એ હેતુ છે. સંસારની સર્વ વસ્તુઓ વિનાશી છે, એક સિદ્ધપદ જ અવિનાશી છે. અવિનાશીપદની સિદ્ધિ માટે થતો શ્રી સિદ્ધ ભગવંતને નમસ્કાર એ હેતુપૂર્વકનો નમસ્કાર છે, તેથી તે ભાવનમસ્કાર બને છે. કોઈ પણ ક્રિયાને ભાવક્રિયા બનાવવા માટે શાસ્ત્રે ચિત્તને આઠ પ્રકારનાં વિશેષણોથી વિશિષ્ટ બનાવવાનું ફરમાન કર્યું છે. તે વિશેષણોને સમજવાથી આપણી ક્રિયા ભાવક્રિયા છે કે કેમ? તે સમજી શકાય છે. સાથે જ તે ભાવક્રિયા જો ન હોય, તો તેને ભાવ-

ક્રિયા કેમ બનાવાય ? તેનું જ્ઞાન મળે છે. શ્રી અનુયોગદ્વાર-સૂત્રમાં ભાવક્રિયાનું લક્ષણ બતાવતાં ફરમાવ્યું છે કે–

**जण्णं समणे वा, समणी वा, सावए वा, साविया वा, तच्चित्ते, तम्मणे, तल्लेसे, तदज्झवसिए, तत्तिव्वज्झवसाणे, तदट्ठोवउत्ते, तदप्पिअकरणे, तब्भावणाभाविए, अन्नत्थ कत्थइ मणं अकरेमाणे उभओकालं आवस्सयं करेइ ।**

**અર્થ**–સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ઉભયકાળ આવશ્યકને કરે. કેવી રીતે ? તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્યા, તદ્ અધ્યવસાય, તત્ તીવ્ર અધ્યવસાન, તદ્ અર્થોપયુક્ત, તદ્દર્પિ-તકરણ અને તદ્ ભાવનાથી ભાવિત થઈને અન્યત્ર કોઈ પણ સ્થાને મનને કર્યા વિના કરે, એવી ક્રિયા ભાવક્રિય છે અને એ રીતે થતું આવશ્યક એ ભાવ આવશ્યક છે.

અહીં સામાન્ય ઉપયોગને તચ્ચિત્ત કહે છે, વિશેષ ઉપયોગને તન્મન કહે છે અને ઉપયોગની વિશુદ્ધિને તલ્લે-શ્યા કહે છે. જેવો ભાવ તેવો જ ભાવિત સ્વર જ્યારે બને, ત્યારે લેશ્યાની વિશુદ્ધિ થઈ ગણાય છે. જેવો સ્વર તેવું જ ધ્યાન બને, ત્યારે ચિત્ત તદ્દધ્યવસિત અને તેવું જ તીવ્ર અધ્યવસાનવાળું બન્યું ગણાય છે. તદ્ અર્પિતકરણ, તદ્ અર્થોપયુક્ત અને તદ્ ભાવનાભાવિત, એ ચિત્તનાં ત્રણ વિશેષણો ચિત્તની વધતી જતી એકાગ્રતાને સૂચવે છે. સર્વ કરણો એટલે મન, વચન અને કાયા, તથા કરણ, કરાવણ અને અનુમોદન તે વડે યુક્ત ચિત્ત, અર્થ, ભાવાર્થ અને

રહસ્યાર્થમાં ઉપયોગયુક્ત ચિત્ત અને એ ત્રણેયની ભાવનાથી ભાવિત અંતઃકરણ જ્યારે બને, ત્યારે આવશ્યકાદિ ક્રિયા ભાવક્રિયા કહેવાય છે. નમસ્કારની ક્રિયાને પણ જો ભાવક્રિયા બનાવવી હોય, તો ચિત્ત અથવા અંતઃકરણને ઉપર્યુક્ત વિશેષણોથી વિશિષ્ટ બનાવવું જોઈએ. અંતઃકરણ એ વિશેષણોથી વિશિષ્ટ ત્યારે જ બને, કે જ્યારે નમસ્કારની ક્રિયા હેતુપુરઃસર અને અર્થાત્ ક્રિયા પાછળના હેતુઓનું સ્પષ્ટ જ્ઞાન અને લક્ષ્ય હોય.

શ્રી અરિહંતના અને શ્રી સિદ્ધના નમસ્કારના હેતુઓનું જ્ઞાન થયા પછી શ્રી આચાર્યનમસ્કારની પાછળ રહેલા હેતુનું જ્ઞાન જરૂરી છે. તે હેતુ આચારપ્રધાન છે. આચાર્યનો આચાર પાંચ પ્રકારનો, અથવા છત્રીશ પ્રકારનો, અથવા એક સો ને આઠ પ્રકારનો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય—એ પાંચ આત્માના મુખ્ય ગુણો છે. તેને પ્રકટ કરવા માટેના પાંચ આચારો અનુક્રમે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર—એ નામથી ઓળખાય છે. તેમાં જ્ઞાનાચારના આઠ પ્રકારો છે, દર્શનાચારના આઠ પ્રકારો છે, ચારિત્રાચારના આઠ પ્રકારો છે અને તપાચારના બાર પ્રકારો છે. એમ આચારના છત્રીશ પ્રકારો જાણવા. એ જ કુલ છત્રીશ પ્રકારના આચારોને ત્રણ પ્રકારના વીર્યાચાર વડે ગુણવાથી એકસો ને આઠ પ્રકારના આચારો થાય છે. એનું વિસ્તૃત વિવેચન શ્રી આવશ્યકસૂત્ર અને તેની ટીકા વગેરેમાં આપેલું છે. એ સર્વ આચારોના જ્ઞાનમાં અને પાલનમાં જે કુશળ હોય, તે ત્રીજા પદે પ્રતિષ્ઠિત ભાવાચાર્ય

છે. શ્રી ઉપાધ્યાયભગવંત અને શ્રી સાધુભગવંત પણ આ સર્વ આચારથી પૂર્ણ હોય છે, પરંતુ તેઓ શ્રી આચાર્યભગવંતની આજ્ઞા વડે પ્રેરાયેલા હોવાથી ગૌણ છે. પંચાચારના પાલક અને પ્રવર્તક મુખ્યતયા શ્રી આચાર્યભગવંત જ કહેવાય છે, તથા શ્રી આચાર્યભગવંતોના 'આચાર' ગુણનું પ્રણિધાન આચાર્યનમસ્કારની પાછળ હોવું જોઈએ.

પાંચ વિષયોથી મુંઝાયેલા વિશ્વમાં પાંચ પરમેષ્ઠિઓમાં રહેલા સર્વશ્રેષ્ઠ પાંચ વિષયોને અલગ પાડીને, તે તે વિષયોના પ્રણિધાનપૂર્વક પાંચ પરમેષ્ઠિઓને જો નમસ્કાર કરવામાં આવે, તો પણ તે નમસ્કાર ભાવનમસ્કાર બની શકે છે. પાંચ વિષયોમાં મુખ્ય વિષય શબ્દ છે અને શબ્દમાં સર્વશ્રેષ્ઠ શબ્દ એક શ્રી અરિહંત પરમાત્માઓનો છે. સમવસરણમાં બિરાજમાન થઈ શ્રી અરિહંત ભગવંતો જ્યારે ધર્મદેશના આપે છે, ત્યારે તેઓનો શબ્દ-ધ્વનિ આષાઢી મેઘની ગર્જનાથી પણ અધિક મધુર અને ગંભીર હોય છે, અથવા જાણે મંથન થતા સમુદ્રનો જ ધ્વનિ ન હોય, તેમ પ્રભુના મુખમાંથી નીકળતા શબ્દનો ધ્વનિ શ્રોતાઓના ચિત્તના સંતાપને હરનારો થાય છે અને વિષયરૂપી વિષના આકર્ષણને ટાળનારો થાય છે. શ્રી અરિહંતના શબ્દની જેમ શ્રી સિદ્ધોનું રૂપ અને તેનું પ્રણિધાન ત્રણેય લોકમાં રહેલા સર્વ પ્રકારના રૂપની સુંદરતાના મિથ્યા આકર્ષણને હરનારૂં થાય છે.

અહીં શંકા થાય કે-શ્રી સિદ્ધને વળી રૂપ કેવું? અશરીરી શ્રી સિદ્ધ ભગવંતોને શરીર નથી, તો પછી રૂપ તો હોય જ ક્યાં?

પરન્તુ અહીં રૂપ શબ્દનો અર્થ શરીરનું રૂપ ન લેતાં આત્માનું રૂપ લેવું જોઈએ. વળી શરીરનું પણ રૂપ કે સૌંદર્ય અંતે તો આત્માના રૂપને આભારી છે. જીવરહિત શરીરનું રૂપ ગણાતું નથી. શરીરમાં જ્યાં સુધી જીવ હોય, ત્યાં સુધી શરીરનું રૂપ આકર્ષે છે. એટલે સંસારી જીવના દેહનું સૌંદર્ય પણ વસ્તુતઃ શરીરની અંદર રહેલા ચેતનની ચેતનાના સૌંદર્યની સાથે સંબંધ રાખે છે. શ્રી સિદ્ધભગવંત અશરીરી છે, તેથી તેઓનું રૂપ અને સૌંદર્ય સર્વ સંસારી જીવોના શરીરના રૂપ અને સૌંદર્યથી વિલક્ષણ છે. એ રૂપ દેહનું નથી, તો પણ દેહમાં રૂપ, કે જે ચેતનની હયાતિના કારણે છે, તે ચેતનનું છે, તેથી તે સર્વશ્રેષ્ઠ અને સર્વાધિક છે.

સિદ્ધનું રૂપ સર્વ રૂપોથી ચઢિયાતું છે, તેથી તેનું ધ્યાન અન્ય સર્વ રૂપી પદાર્થોના રૂપના અયોગ્ય આકર્ષણને પળવારમાં વિખેરી નાખે છે. તેવી રીતે શ્રી આચાર્યભગવં-તના આચારનો ગંધ–શીલની સુગંધ સર્વ .લૌકિક સુગંધી પદાર્થોની સુગંધના અયોગ્ય આકર્ષણને ટાળી દે છે. જીવને શબ્દ વગેરે વિષયોની વાસના અનાદિકાળની છે. તે વાસનાને નષ્ટ કરવા માટે એક બાજુ તે વિષયોની વિરસતાનું ચિન્તન અને બીજી બાજુ પરિણામે સુંદર એવા વિષયોની સુંદરતાનું પ્રણિધાન અતિ આવશ્યક છે. ગંધની વાસનાને નિર્મૂળ કરવા માટે આચાર્યોના ભાવાચારોની સુવાસનું પંચાચારના પાલનથી ઉત્પન્ન થતી શીલરૂપી સુગંધનું પ્રણિધાન ઉત્તમ પ્રણિધાનની ગરજ સારે છે.

શ્રી અરિહંતોનો ગંભીર ધ્વનિ, શ્રી સિદ્ધોનું અવિનાશી રૂપ અને શ્રી આચાર્યોના સદાચારની સુવાસ જોઈ આવ્યા. હવે શ્રી ઉપાધ્યાયોના સ્વાધ્યાયનો રસ તથા શ્રી સાધુઓની નિર્મળ કાયાનો સ્પર્શ તથા બંનેનું પ્રણિધાન નમસ્કારની ક્રિયાને ભાવક્રિયામાં કેવી રીતે પલટાવે છે, તે જોઈશું.

卐

શું આ નવકારમંત્ર એ કામકુંભ છે? ચિંતામણિરત્ન છે? અથવા કલ્પતરૂ છે? નહિ નહિ, તેનાથી પણ અધિક ફલદાયી છે. કારણ કે-કામકુંભ, ચિંતામણિ કે કલ્પવૃક્ષ તો એક જ જન્મના સુખને માટે કારણભૂત બને છે, જ્યારે અતિ ઉત્તમ એવો શ્રી નવકારમંત્ર તો સ્વર્ગ અને મોક્ષને આપનારો છે.

# નમસ્કાર મહામંત્રનો ઉપકાર

## [૪]

શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામીજી ફરમાવે છે કે-'માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને સહાય'-એ પાંચ હેતુઓ માટે હું શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરું છું. હેતુપૂર્વકની ક્રિયા ફલવતી છે. હેતુ કે સંકલ્પવિહીન કર્મ ફળતું નથી. નમસ્કાર કરવાની પાછળ પાંચ પ્રકારના હેતુઓ શ્રુતકેવલી ભગવંત શ્રી ભદ્રબાહુ-સ્વામીએ શ્રી નમસ્કારની નિર્યુક્તિ કરતાં ફરમાવ્યા છે. આ પાંચ હેતુઓ તો માત્ર ઉપલક્ષણ છે. 'માર્ગ'હેતુ માટે જ શ્રી અરિહંતને નમવાનું છે એમ નથી, પણ જેવી રીતે શ્રી અરિહંતો માર્ગોપદેશક છે તેથી નમસ્કારને પાત્ર છે, તેવી રીતે તેઓ ઔદાર્યાદિ અનંત ગુણોથી અલંકૃત છે માટે પણ નમસ્કરણીય છે. પાંચ હેતુઓ બતાવીને પાંચની સંખ્યાનો નિયમ નથી કર્યો, પણ ક્રિયાને ફળવતી બનાવવા માટે તે હેતપૂર્વક કરવી જોઈએ એ નિયમ દર્શાવ્યો છે. તે હેતુ તરીકે શ્રી અરિહંતોની માર્ગોપદેશકતા પણ લેવાય, શ્રી અરિ-હંતોનું અનુપમ ઔદાર્ય પણ લેવાય, તેમજ શ્રી અરિહંતોનો અનુપમ ઉપશમ, અનુપમ મૈત્રીભાવ, અનુપમ અહિંસા વગેરે કોઈ પણ ગુણ લેવાય. શ્રી અરિહંતોમાં રહેલી કોઈ પણ વિશેષતાને આગળ કરીને જ્યારે શ્રી અરિહંતને નમસ્કાર કરવામાં આવે, ત્યારે નમસ્કાર પ્રણિધાનપૂર્વકનો બને છે અને ચિત્તની

એકાગ્રતા લાવનારો થાય છે. ચિત્તની એકાગ્રતા કદી પણ બળાત્કારે આવતી નથી અને જો કદાચ આવે તો પણ તે દીર્ઘકાળ ટકતી નથી. ચિત્તનો સ્વભાવ જ એવો છે કે- તેને જેમાં રસ આવે તેમાં તે તુરત જ સ્થિર થઈ જાય છે. શ્રી અરિહંતનાં નમસ્કારમાં ચિત્તને સ્થિર કરવું હોય, તો શ્રી અરિહંતમાં રહેલી કોઈ વિશેષતા, કે જેમાં પોતાને રસ હોય તેને આગળ કરવી જોઈએ અને તેની સામે લક્ષ્ય કેન્દ્રિત કરવું જોઈએ. એ કરતાંની સાથે જ ચિત્તની લીનતા આવી જાય છે, તેમજ લીનતા આવે તેની સાથે જ મંગલનું આગમન અને વિઘ્નોનું વિદારણ થઈ જાય છે.

શ્રી નમસ્કારમંત્ર મંગલમય છે, સર્વ મંગલમાં પ્રધાન મંગલ છે, સર્વ પાપનો આત્યંતિક ક્ષય કરનાર છે, વગેરે વિશેષણો તો જ ચરિતાર્થ થાય, કે જો તેના સ્મરણમાં, જાપમાં કે ધ્યાનમાં ચિત્ત લયલીન બને. એ લીનતા લાવવાનું એક સાધન શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓમાં રહેલી વિશેતાઓનું પ્રણિધાન છે.

શ્રી અરિહંત પરમાત્માઓમાં મોક્ષમાર્ગની આદ્ય પ્રકાશકતાની સાથે વિશુદ્ધ સમ્યગ્દર્શન છે અને એ સમ્યગ્દર્શન પામવાની જેટલી સામગ્રી જોઈએ, તે બધી એકસામટી તેઓમાં એકત્ર થયેલી છે. આઠ મહા પ્રાતિહાર્યોની પૂજા, સમવસરણની સમૃદ્ધિ, અતિશયવાળી ધર્મકથા, દેવોની પૂજા, પુણ્યનાં પ્રત્યક્ષ ફળ, વગેરે અગણિત વસ્તુઓને જોનાર, સાંભળનાર કે પરિચયમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને

અપૂર્વ શ્રદ્ધાવાન અને ધર્મ પ્રત્યે પરમ આદરવાન બનાવવાનું અચિન્ત્ય સામર્થ્ય ધરાવે છે.

શ્રી અરિહંતોનું જ્ઞાન, શ્રી અરિહંતોનો વૈરાગ્ય, શ્રી અરિહંતોનો ધર્મ અને શ્રી અરિહંતોનું ઐશ્વર્ય વગેરે એકેક વસ્તુ એવી છે કે-તેનું પ્રણિધાન કરનાર આત્માના અંતઃકરણમાં સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટાવે છે અને મિથ્યાત્વનું ઘોર અંધારૂં હંમેશ માટે નિવારણ કરી દે છે. નમસ્કારને ભાવનમસ્કાર બનાવવા માટે અને નમસ્કારની ક્રિયામાં ચિત્તનો ભાવ જગાડી આપવા માટે આ સરળમાં સરળ યુક્તિ છે.

શ્રી ષોડશક આદિ ગ્રન્થોમાં ધર્મસિદ્ધિનાં પાંચ લક્ષણો કહ્યાં છે. તેમાંનું પહેલું લક્ષણ ઔદાર્ય અર્થાત્ કાર્પણ્યનો ત્યાગ છે; બીજું લક્ષણ ધૈર્ય અને ગાંભીર્યયુક્ત દાક્ષિણ્ય છે, ત્રીજું લક્ષણ ત્રણેય કાળના પાપની જુગુપ્સા છે, ચોથું લક્ષણ નિર્મળ બોધ છે અને પાંચમું લક્ષણ જનપ્રિયત્વ છે.

શ્રી અરિહંતોનું અનુપમ ઔદાર્ય તેઓની ધર્મસિદ્ધિને સૂચવે છે. વળી શ્રી અરિહંતોમાં ક્ષાયિકભાવે સમ્યક્ત્વગુણ પ્રગટ્યો છે અને સમ્યક્ત્વનું પ્રથમ લક્ષણ ઉપશમ એટલે અપરાધી પ્રત્યે પણ ક્રોધનો અભાવ છે. વળી શ્રી અરિહંતોમાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય—એ સમ્યક્ત્વની ભાવનાઓ પરાકાષ્ઠાને પામેલી છે. વળી શ્રી અરિહંતોએ પ્રકાશેલું લોકાલોકના સ્વરૂપનું જ્ઞાન એ અદ્વિતીય છે અને વિશ્વમાં અજોડ છે. શ્રી અરિહંતોની અહિંસા સર્વલોકવ્યાપી છે અને સમસ્ત જીવરાશિને આવરી લેનારી છે. એ વગેરે

ગુણોના પ્રણિધાનપૂર્વક થતો શ્રી અરિહંતનો નમસ્કાર ગુણબહુમાનના ભાવવાળો છે અને ગુણબહુમાનનો ભાવ અચિન્ત્ય શક્તિયુક્ત છે, એમ શાસ્ત્રો સાક્ષી પૂરે છે. કહ્યું છે કે—

**भत्तीइ जिणवरिंदाणं, खिज्जंति पुव्वसंचिया कम्मा ।**
**गुणपगरिसबहुमाणो, कम्मवणदवाणलो जेण ॥ १ ॥**

**અર્થ**—જિનવરેન્દ્રોની ભક્તિ વડે પૂર્વસંચિત કર્મો ક્ષયને પામે છે, કારણ કે—ગુણપ્રકર્ષનું બહુમાન એ કર્મરૂપી વનને બાળવા માટે દાવાનળનું કામ કરે છે.

શ્રી અરિહંતોની જેમ શ્રી સિદ્ધભગવંતના 'અવિનાશિતા' આદિ ગુણોના પ્રણિધાનપૂર્વક થતો નમસ્કાર ગુણબહુમાનના ભાવવાળો બને છે, તેથી તે પણ અચિન્ત્ય શક્તિયુક્ત અને કર્મવનને બાળવા માટે દાવાનળતુલ્ય બને છે. એ રીતે શ્રી આચાર્યભગવાનનો નમસ્કાર પણ જ્યારે શ્રી આચાર્યભગવાનમાં રહેલા ભાવાચાર, સારલ્ય, પાપજુગુપ્સા, ભવનિર્વેદ, કારુણ્ય, ઔચિત્ય આદિ ગુણોના પ્રાણિધાનપૂર્વક થાય છે, ત્યારે તે ગુણબહુમાનને પેદા કરનારો થાય છે અને તેથી અસંખ્ય ભવોનાં ઉપાર્જન કરેલાં કર્મોને બાળી નાખે છે.

ઉપર આપણે શ્રી અરિહંતોનો સર્વશ્રેષ્ઠ શબ્દધર્મોપદેશ, શ્રી સિદ્ધોનું સર્વ રૂપોનું કારણ અને સંસારના સર્વ રૂપોથી ચઢિયાતું એવું અવિનાશી રૂપ તથા શ્રી આચાર્યભગવાનના આચાર અને તેના પાલનથી પ્રગટ થતી ભાવસુવાસ, તે બધાના પ્રણિધાનપૂર્વક કરાતો નમસ્કાર ભાવન-

મસ્કાર બને છે, એ વાત જોઈ આવ્યા. હવે શ્રી ઉપાધ્યાય-ભગવંતનો નમસ્કાર કેવી રીતે ભાવનમસ્કાર બને તે જોઈએ. શબ્દ, રૂપ અને ગંધ-એ જેમ અનુક્રમે શ્રોત્ર, ચક્ષુ અને ઘ્રાણના વિષયો છે, તેમ રસ અને સ્પર્શ અનુક્રમે રસનેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના વિષયો છે અને તેનું આકર્ષણ જીવને અનાદિનું છે. તે ટાળવાના ઉપાય તરીકે અને તે દ્વારા ઉપાધ્યાયના નમસ્કારને ભાવનમસ્કાર બનાવવા માટે શ્રી ઉપાધ્યાયભગવંતોનો સ્વાધ્યાય અને તેથી ઉત્પન્ન થતો એક પ્રકારનો રસ, તે બન્નેનું પ્રણિધાન આવશ્યક છે. દ્વાદશાંગીરૂપ પ્રવચનનો સ્વાધ્યાય નિરંતર કરવો અને અન્યને કરાવવો, એ શ્રી ઉપાધ્યાયભગવંતોનું સર્વશ્રેષ્ઠ કર્ત્તવ્ય છે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાયરૂપી ભાવરથ ઉપર આરૂઢ થયેલા ચોથા શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠિઓ નિર્વિઘ્ને શ્રી મુક્તિનગરી પ્રત્યે પ્રયાણ કરી રહ્યા છે. એ સ્વાધ્યાયનો રસ અતીન્દ્રિય તૃપ્તિને આપે છે, કે જે તૃપ્તિ ષડ્રસયુક્ત ભોજનનો નિરંતર સ્વાદ કરનારને પણ કદી થતી નથી. **રસનાનો વિષય જે રસ, તેની તૃપ્તિને ઈચ્છતા ષડ્રસનાં ભોજન કરનારા પુરુષની કહેવાતી તૃપ્તિ એ તો અતૃપ્તિને વધારનારી છે, જ્યારે નિત્ય શ્રી શ્રુતજ્ઞાનના અભ્યાસથી શ્રી ઉપાધ્યાયભગવંતોને થતી તૃપ્તિ તે અનાદિ વિષયની અતૃપ્તિને શમાવનારી છે અને અતીન્દ્રિય તૃપ્તિના નિરુપમ આનંદને આપનારી છે.** શાશ્વત એવા મોક્ષસુખના આસ્વાદની વાનકીસ્વરૂપ અતિન્દ્રિય તૃપ્તિનું પ્રણિધાન રસનેદ્રિન્યના વિષયરૂપ રસની

અનાદિ તૃષ્ણાને શમાવીને પરંપરાએ મોક્ષના અતીન્દ્રિય અવ્યાબાધ સુખને મેળવી આપનારું થાય છે. આ રીતે થતો ભાવનમસ્કાર સર્વ પ્રકારનાં પુણ્યકાર્યોના સમૂહોમાં સ્વામી-તુલ્ય બને છે. આ ભાવનમસ્કાર વિના અનંત વખત ગ્રહણ કરેલાં શ્રમણલિંગો દ્રવ્યલિંગો બન્યાં છે અને તેની સાધના અકૃતકૃત્ય રહી છે. કહ્યું છે કે–

**यथा नक्षत्रमालायां, स्वामी पीयूषदीधितिः ।**
**तथा भावनमस्कारः, सर्वस्यां पुण्यसंहतौ ॥ १ ॥**
**जीवेनाकृतकृत्यानि, विना भावनमस्कृतिं ।**
**गृहीतानि विमुक्तानि, द्रव्यलिङ्गान्यनन्तशः ॥ २ ॥**

**અર્થ**–નક્ષત્રમાળામાં જેમ ચંદ્ર સર્વનો સ્વામી છે, તેમ સર્વ પ્રકારના પુણ્યસમૂહમાં ભાવનમસ્કાર એ મુખ્ય છે. ભાવનમસ્કાર વિના જીવે અનંત વાર દ્રવ્યલિંગો લીધાં અને મૂક્યાં, છતાં કાર્યસિદ્ધિ થઈ નથી. (૧–૨)

કાર્યની સિદ્ધિ માટે નમસ્કાર જરૂરી છે અને તે ગુણ-બહુમાનના ભાવથી આવે છે, તેથી શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિ-ઓના એકે એક વિશિષ્ટ ગુણને પ્રધાન બનાવી તેના પ્રણિ-ધાનપૂર્વક નમસ્કારનો અભ્યાસ પાડવો જરૂરી છે.

શ્રી ઉપાધ્યાયભગવંતના સ્વાધ્યાયરસની જેમ શ્રી સાધુભગવંતના સંયમ અને તપથી પવિત્ર થયેલા ગાત્રના સ્પર્શગુણનો અચિંત્ય પ્રભાવ અને તેના પ્રણિધાનનું સ્વરૂપ હવે જોઈએ.

卐

# નમસ્કાર મહામંત્રનો ઉપકાર

## [ ૫ ]

**શ્રી** પંચપરમેષ્ઠિઓને કરવામાં આવતો નમસ્કાર ગમે તેવા પાપી અને અધમ જીવને પણ પવિત્ર અને ઉચ્ચ બનાવનાર છે. શ્રી અરિહંતપદે, શ્રી સિદ્ધપદે, શ્રી આચાર્ય-પદે, શ્રી ઉપાધ્યાયપદે અને શ્રી સાધુપદે રહેલા નિર્મળ આત્માઓ જગત ઉપર જે ઉપકાર કરે છે, તેવા ઉપકારને બીજા કોઈ સ્થાને રહેલા આત્માઓ કરી શકતા નથી. દેવેન્દ્રો કે ચક્રવર્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો કે બળદેવો, રાજાઓ, મહારાજાઓ કે રાષ્ટ્રપતિઓ, વિશ્વની ભૌતિક સમૃદ્ધિના આ સર્વ અધિપતિઓનો ઉપકાર, આધ્યાત્મિક સમૃદ્ધિના સ્વામી અને ઈશ્વર એવા શ્રી પંચપરમેષ્ઠિઓના ઉપકારની આગળ નગણ્ય છે, તુચ્છ છે, તૃણતુલ્ય છે અને એથી જ એ પરમેષ્ઠિઓને કરવામાં આવતો ભાવનમસ્કાર સર્વ પાપોનો સમૂલ નાશ કરવાને સમર્થ છે.

શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓના આધ્યાત્મિક ઉપકારને જેમ જેમ સમજવામાં આવે છે, તેમ તેમ તેઓ પ્રત્યે વિશેષ વિશેષ બહુમાન પેદા થતું જાય છે. શ્રી અરિહંતોનો એ ઉપકાર માર્ગદેશકતાનો છે, શ્રી સિદ્ધોનો એ ઉપકાર અવિનાશીતાનો છે, શ્રી આચાર્યોનો એ ઉપકાર આચાર-સંપન્નતાનો છે, શ્રી ઉપાધ્યાયોનો એ ઉપકાર વિનય-સંપન્નતાનો છે અને શ્રી સાધુભગવંતોનો એ ઉપકાર

મુક્તિમાર્ગમાં સહાયદાયકતાનો છે. પ્રથમ ચાર પરમેષ્ઠિઓના ઉપકારોનું યત્કિંચિત્ વર્ણન આપણે કર્યું. હવે પાંચમા પદે રહેલા સાધુભગવંતોનો વિશેષ ઉપકાર શું છે અને નમસ્કાર કરનાર ઉપર તે કેવી રીતે થાય છે, તે જોઈએ.

શરીરમાં ઈન્દ્રિયો પાંચ છે. લોકમાં પરમેષ્ઠિભગવંતો પણ જાતિથી પાંચ છે. દરેક ઇન્દ્રિયનો એક એક વિષય છે અને તે વિષય પ્રત્યેનો અનુરાગ જીવને અનાદિસિદ્ધ છે, જ્યારે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો પ્રત્યેનો ભક્તિરાગ જીવને પ્રયત્નથી કેળવવાનો છે. વિષયો પ્રત્યેનો રાગ અને પરમેષ્ઠિ પ્રત્યેનો રાગ એક જ કાળે—એક જ ચિત્તમાં સંભવતો નથી. એક જડ છે તો બીજો ચેતન છે. જડના ધર્મો અને ચેતનના ધર્મો જુદા છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ—એ જડના ધર્મો છે; જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય—એ ચેતનના ધર્મો છે. જડના ધર્મો જેને ગમે, તેને ચેતનના ધર્મો કેમ ગમે? અને ચેતનના ધર્મો જેને ગમે, તેને જડના ધર્મો કેમ ગમે? અન્યોએ પણ કહ્યું છે કે—"જ્યાં રામ, ત્યાં કામ નહિ અને જ્યાં કામ, ત્યાં રામ નહિ." અંધકાર અને પ્રકાશ—બે એક જગ્યાએ કદી પણ રહી શકે નહિ. એવી રીતે એક જ ચિત્તમાં વિષયોનો રાગ અને પરમેષ્ઠિઓની ભક્તિ સમકાળે ટકી શકે નહિ. પરમેષ્ઠિઓ પ્રત્યે જો ભક્તિરાગ ઉત્પન્ન કરવો હોય, તો વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવવો જ રહ્યો. તે વૈરાગ્ય કેળવવાનો ઉપાય વિષયોની વિપાકવિરસતા અને વિનશ્વરતાનું વારંવાર ચિંતન કરવું તે છે. પરંતુ આ કાર્ય ધારવા જેટલું

સહેલું નથી. વારંવારના સુખાનુભવથી વિષયો પ્રત્યે કેળવાયેલી દઢ રાગવાસના એટલી તો ઉંડી હોય છે કે-ચિંતન માત્રથી તે નાશ પામતી નથી. ઉલટું અનેકશઃ અભ્યાસથી કેળવેલી વૈરાગ્યભાવના એક જ વારના વિષયસંસર્ગથી પણ ચાલી જતી અનુભવાય છે. વૈરાગ્યનો આ માર્ગ સામા પ્રવાહે તરવા બરોબર છે. તે માર્ગે સિદ્ધિ અનુભવનાર પુરુષ વિરલ હોય છે. અનેક જન્મના પુષ્કળ અભ્યાસના પરિણામે કોઈ વિરલ જીવને જ્ઞાન અને વિચારના આ માર્ગે વૈરાગ્યની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

બીજો એક માર્ગ સરળ છે અને તે સામાન્ય મનુષ્યોથી પણ આચરી શકાય તેવો છે. મોટા ભાગના જીવો આ માર્ગે ચાલીને સહેલાઈથી સિદ્ધિને મેળવી શક્યા છે. આ માર્ગ વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવવાનો નથી, પરંતુ વિષયો પ્રત્યેના રાગનું સ્થાન બદલવાનો છે. આ માર્ગમાં અનાદિસિદ્ધ રાગવાસનાની સામે થવાને બદલે તેને અનુકૂળ વર્તન કરી કાર્ય સાધી લેવાનું છે. આમાં દુશ્મનને બળથી નહિ પણ કળથી જીતી લેવાના છે. જો સાદી ભાષામાં કહીએ, તો 'લાડવો આપીને કડછી કાઢી લેવા જેવો' આ સરળ માર્ગ છે.

ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે જીવને જે સહજ અનુરાગ છે, તેનું સ્થાન મોટે ભાગે કુત્સિત, બીભત્સ અને અપ્રશસ્ત હોય છે. જીવને કિન્નરીઓના મધુર શબ્દો ગમે છે, કામિનીઓનાં મનોહર રૂપ ગમે છે, સુવાસિત પદાર્થોની સુંદર ગંધ ગમે છે, સ્વાદિષ્ટ વસ્તુઓના મધુર રસો ગમે છે અને સુકુમાર પદાર્થોના કોમળ સ્પર્શ ગમે છે, પરંતુ એ બધા

ક્ષણુવિપરિણામી હોય છે. તેનાથી મળતું સુખ કેળના થડની જેમ અસાર હોય છે, તેથી જીવને તૃપ્તિ થતી નથી અતૃપ્તિ વધે છે. તેનાથી મળતાં સુખોનો અનુભવ રાગ-વાસનાને ઘટાડવાને બદલે વધારે દઢ કરે છે. એ જ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શનાં સ્થાન જો અપ્રશસ્તના બદલે પ્રશસ્ત સ્વીકારવામાં આવે, તો તેથી રાગવાસના શિથિલ થાય છે, ચંચળતા મટે છે અને જીવને શાન્તિ પ્રાપ્ત થાય છે. વિષયોનો રાગ જે વાસનાઓને વધારનારો થાય છે, તે જ રાગ જો પ્રસસ્તં સ્થાનો ઉપર કેળવવામાં આવે, તો જ્ઞાન–દર્શન–ચારિત્રને વધારનારો થાય છે. રાગના સાધનને પણ વૈરાગ્યનાં સાધન બનાવવાની આ એક અપૂર્વ યુક્તિ છે. એ યુક્તિનો આશ્રય લઈને જ શાસ્ત્રકાર ભગવંતોએ તીવ્ર રાગવાસનાવાળા ગૃહસ્થો માટે દ્રવ્યસ્તવનું વિધાન કર્યું છે. વિવિધ પ્રકારના દ્રવ્યો ઉપર રહેલી રાગ–દ્વેષની વાસના એ ક્રમે કરીને નાશ કરી શકાય છે. શ્રી પરમેષ્ઠિ નમસ્કારને પણ ભાવનમસ્કાર બનાવવા માટે ભક્તિમાર્ગની આ સુંદર યોજના છે.

શ્રી અરિહંત ભગવંતોની ધર્મદેશના અને તેઓના મુખ-કમળમાંથી નીકળતો આષાઢી મેઘના જેવો ગંભીર તથા ધીર ધ્વનિ એક એવા પ્રકારનો શબ્દ છે, કે જે શબ્દનું શ્રવણુ કરવાથી, મનન અને ચિંતન કરવાથી, તેમજ સ્મરણ અને ધ્યાન કરવાથી, રાગના બદલે જ્ઞાન, અવિવેકના બદલે વિવેક તથા મૂર્છાના બદલે ત્યાગ વધે છે. એ જ ન્યાય શ્રી સિદ્ધ-ભગવંતોના રૂપને, શ્રી આચાર્યભગવંતોના શીલસુગંધેને,

શ્રી ઉપાધ્યાયભગવંતોના સ્વાધ્યાયરસને તથા શ્રી સાધુભગવંતોના ગાત્રસ્પર્શને લાગુ પડે છે. રાગના સાધનભૂત તે બધા વિષયો વૈરાગ્યના હેતુભૂત બની જાય છે.

શ્રી સિદ્ધભગવંતને બાહ્ય રૂપ નથી, તો પણ આંતર્ રૂપ છે. શ્રી આચાર્યભગવંતને બાહ્ય પદાર્થોની સુગંધ નથી, તો પણ શીલ અને સદાચારના પાલનથી પ્રગટેલી આંતર્ સુગંધ અવશ્ય છે. શ્રી ઉપાધ્યાયભગવંત પાસે બાહ્ય રસ નથી, તો પણ દ્વાદશાંગ પ્રવચનના નિત્ય સ્વાધ્યાયથી ઉત્પન્ન થતો નિર્મળ જ્ઞાનનો અને પવિત્ર વચનોનો રસ અવશ્ય છે. શ્રી સાધુભગવંત પાસે કામિનીઓના જેવા કોમળ અંગસ્પર્શ નથી, તો પણ ઉગ્ર તપ અને કઠોર સંયમના પાલનથી ઉત્પન્ન થયેલો નિર્મળ અને પવિત્ર સ્પર્શ અવશ્ય છે. પછી ભલે તે તેઓની પવિત્ર કાયાનો હો! અથવા તે કાયાને સ્પર્શેલા પવિત્ર વાયુ અને વાતાવરણનો હો! આ રીતે પાંચેય પરમેષ્ઠિઓના ધ્યાનમાં, ચિંતનમાં કે સ્મરણમાં મનને પાંચેય ઇંદ્રિયોના વિષયો મળી રહે છે. તેથી મન પોતાની સહજ ચપળતાનો ત્યાગ કરી સ્થિરત્વને પામે છે.

આ સ્થળે શ્રી સાધુભગવંતોનો સ્પર્શ પવિત્ર હોવાનાં અનેક કારણોમાનાં કેટલાંક કારણો આ છે. સાધુપણું અંગીકાર કરવાના પ્રથમ દિવસથી જ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત પાંચેય મહાવ્રતોનું તેઓ સતત પાલન કરે છે, પાંચેય પ્રકારના સ્વાધ્યાય સહિત પાંચેય પરમેષ્ઠિઓનું સતત ધ્યાન કરે છે અને પાંચેય જ્ઞાનના આરાધન વડે

પંચમી ગતિને પ્રાપ્ત કરવા માટે સતત ઉદ્યમી રહે છે. આ વગેરે કારણોથી શ્રી સાધુભગવંતોની કાયા, તેઓની ઈન્દ્રિયો અને મન, તેઓના વિચારો તથા તેઓની આસ-પાસનું વાતાવરણ હંમેશાં વિશુદ્ધ રહે છે. આ વાતાવરણને સ્પર્શનાર અથવા તેનું માત્ર મનથી ધ્યાન કરનાર, તેમજ ચિંતન અને સ્મરણ કરનાર આત્મા સ્પર્શનેન્દ્રિયના અયોગ્ય અનુરાગથી મુક્ત થાય છે, એટલું જ નહિ પણ દેવાંગના-ઓના સ્પર્શને પણ તેની આગળ તુચ્છ સમજે છે–તાલપુટ વિષતુલ્ય સમજે છે. જે સ્પર્શનેન્દ્રિયનો વિષય દુઃખ અને દુર્ગતિનો હેતુ છે, તેને જ જો સ્થાનપલટો આપવામાં આવે, તો તે સુખ અને સદ્‌ગતિનો હેતુ થઈ જાય છે. વસ્તુતઃ સુખ અને સદ્‌ગતિનું સાધન શુભ ધ્યાન છે. સાધુનો સ્પર્શ, અથવા સાધુને સ્પર્શેલા વાતાવરણનો સ્પર્શ, અથવા એ પવિત્ર સ્પર્શનો માત્ર માનસિક વિચાર પણ જીવના શુભ ધ્યાનને ઉત્તેજે છે. આ શુભ ધ્યાનના બળે જીવ સદ્‌ગતિનો અધિ-કારી થાય છે. અપ્રશસ્ત વિષયો જેમ અશુભ ધ્યાનને જગાડે છે, તેમ પ્રશસ્ત વિષયો શુભ ધ્યાનને જગાડવાનું સામર્થ્ય ધરાવે છે. કહ્યું છે કે–

**सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।**
**कामे य पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥१॥**

**અર્થ**–વિષયો એ શલ્ય છે, વિષ છે અને આશી-વિષની ઉપમાવાળા છે. તે વિષયોની ઇચ્છા કરવા માત્રથી જેની પાસે તે વિષયો નથી, તેઓ પણ દુર્ગતિમાં જાય છે.

જો અપ્રશસ્ત વિષયોનું ચિંતન કરવા માત્રથી અશુભ ધ્યાનને ઉત્તેજવા દ્વારા દુર્ગતિને આપવાની તાકાત ધરાવે છે, તો એથી વિરૂદ્ધ પ્રશસ્ત વિષયોનું ચિંતન કરવાથી શુભ ધ્યાન જગાડે અને તે દ્વારા સદ્ગતિ પમાડે તેમાં આશ્ચર્ય જેવું શું છે? અનુભવ પણ તેમ જ કહે છે. દુર્ગતિદાયક સ્પર્શનેન્દ્રિયનો વિષય આ રીતે તેનું સ્થાન પલટાઈ જવાથી સદ્ગતિનું કારણ બને છે. તેથી જ શ્રી સાધુભગવંતોનો સ્પર્શ અને તેનું પ્રણિધાન જેના ગર્ભમાં છે, એવો પરમેષ્ઠિ નમસ્કાર દ્રવ્યનમસ્કાર મટીને ભાવનમસ્કાર બની જાય છે.

અહીં એક વાત અવશ્ય વિચાર માગે છે કે—અપ્રશસ્ત વિષયોના ધ્યાનમાં જેવી તીવ્રતા આવે છે, તેવી તીવ્રતા પ્રશસ્ત વિષયોના ધ્યાનમાં અનુભવાતી નથી. તેથી અપ્રશસ્ત વિષયોનું ધ્યાન દુર્ગતિદાયક બને એ વાત માન્ય છે. પરંતુ પ્રશસ્ત વિષયોમાં જ્યાં સુધી તેવી તીવ્રતા ન આવે, ત્યાં સુધી તે સદ્ગતિદાયક કેવી રીતે બને? એ વાત તદ્દન સાચી છે. માટે જ કહ્યું છે કે—

ध्यायतो विषयान् पुंसः, सङ्गस्तेषूपजायते ।
सङ्गात् संजायते कामः; कामात् क्रोधोऽभिजायते ॥१॥
क्रोधाद् भवति संमोहः, संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात् प्रणश्यति ॥२॥

**અર્થ**—વિષયોનું ધ્યાન કરનાર પુરુષને તેમાં આસક્તિ ઉત્પન્ન થાય છે, આસક્તિથી કામના જાગે છે, કામનાથી

ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધથી મોહ, મોહથી સ્મૃતિભ્રંશ, સ્મૃતિભ્રંશથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી સર્વ વિનાશ સર્જાય છે. ૧–૨

અપ્રશસ્ત વિષયોના ધ્યાનની પરંપરામાં જે અનર્થો સર્જાય છે તે સર્વલોક પ્રસિદ્ધ છે, કિન્તુ પ્રશસ્ત વિષયના ધ્યાનથી સર્જાતી અર્થપરંપરાનો પ્રત્યક્ષ અનુભવ બહુ થોડાને થાય છે. એની પાછળ અનેક કારણો છે. તેમાં મુખ્ય કારણ અભ્યાસનો અભાવ છે. અભ્યાસથી જ દરેક વસ્તુ સિદ્ધ થાય છે. પ્રશસ્ત વિષયોના ધ્યાનનો અભ્યાસ કોઈ વિરલ આત્મા જ કરે છે. તે જે કોઈ કરે છે, તેને તેનું ફળ અવશ્ય મળે છે.

શાસ્ત્રોમાં દ્રવ્ય આવશ્યકને ભાવ આવશ્યક બનાવવા માટે જે ક્રમ કહ્યો છે, તે ક્રમ મુજબ જો અભ્યાસ કરવામાં આવે, તો દ્રવ્યનમસ્કારને પણ ભાવનમસ્કાર બનાવી શકાય છે. શ્રી અનુયોગદ્વારસૂત્રમાં એ ક્રમ કહ્યો છે કે–

**से समणे वा० समणी वा तच्चित्ते, तम्मणे, तल्लेसे, तदज्झवसिए, तत्तिव्वज्झवसाणे, तदट्ठोवउत्ते, तदप्पिअकरणे, तब्भावणाभाविए, अन्नत्थ कत्थइ मणं अकरेमाणे, उभओकालं आवस्सयं करेंति ।**

**અર્થ**–સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ઉભયકાળ આવશ્યકને કરે, તે કેવી રીતે?

'તત્ચિત્તથી'= અહીં 'ચિત્ત' શબ્દ સામાન્ય ઉપયો-

ગના અર્થમાં છે. અંગ્રેજીમાં તેને ‘ Attention ’ (એટેન્શન) કહી શકાય. ‘ તન્ મનથી ’=અહીં ‘ મન ’ શબ્દ વિશેષ ઉપયોગના અર્થમાં છે. અંગ્રેજીમાં તેને ‘ Interest ’ (ઈન્ટરેસ્ટ) કહી શકાય. ‘ તત્ લેશ્યાથી ’=અહીં ‘લેશ્યા’ શબ્દ ઉપયોગવિશુદ્ધિના અર્થમાં છે. અંગ્રેજીમાં તેને Desire (ડીઝાયર) કહી શકાય. ‘તદ્ અધ્યવસાયથી’=વિશુદ્ધિનું ચિહ્ન ભાવિત સ્વર છે. જેવો ભાવ, તેવો જ ભાવિત સ્વર, એ ઉપયોગની વિશુદ્ધિનું સૂચક છે. જેવો સ્વર, તેવું જ ધ્યાન જ્યારે થવા લાગે, ત્યારે તેને ‘ તદ્ અધ્યવસાય ’ કહેવાય છે. અંગ્રેજીમાં તેને Will (વીલ) કહી શકાય. તે જ ધ્યાન જ્યારે તીવ્ર બને, ત્યારે તેને ‘तत्तिव्वज्झवसाणे’ કહેવાય છે. અંગ્રેજીમાં તેને Power of Imagination ( પાવર ઓફ ઈમેજીનેશન ) કહી શકાય. तदट्ठोवउत्ते=તેના અર્થમાં ઉપયુક્ત. અંગ્રેજીમાં તેને Visvelisation (વીસ્વેલીઝેશન) કહી શકાય. ત્યાર બાદ ‘तदप्पियकरणे’= તેને વિષે અર્પ્યાં છે સર્વ કરણ જેણે, અંગ્રેજીમાં તેને Identification (આઈડેન્ટીફીકેશન) કહી શકાય. છેવટે ‘तब्भावणा भाविए’=તેની જ ભાવનાથી ભાવિત થવું, તેને અંગ્રેજીમાં Complete Absorption (કમ્પ્લીટ એબ્સોર્પ્સન) કહી શકાય.

તત્ ચિત્તથી માંડીને ‘તદ્ ભાવનાભાવિત’ પર્યંતની બધી અવસ્થાઓ અપ્રશસ્ત વિષયોના ચિંતન વખતે જીવને અનાયાસે સિદ્ધ થઈ જાય છે, કારણ કે–તેનો અભ્યાસ જીવને અનંતકાળથી છે. પ્રશસ્ત વિષયોના ધ્યાનમાં તેમ બનતું નથી, કારણ કે–તેનો ચિરકાલીન અભ્યાસ નથી. પ્રયત્નથી

તે સિદ્ધ કરવાનો હોય છે. એટલા માટે શ્રી અનુયોગદ્વાર-સૂત્રમાં કહ્યું કે–'अन्नत्थ कत्थइ मणं अकरेमाणे' અર્થાત્ અન્યત્ર કોઈ પણ સ્થળે મનને ન જવા દેવાપૂર્વક જ્યારે આવશ્યક કરે, ત્યારે તે આવશ્યક ભાવ આવશ્યક બને છે. જે વાત આવશ્યકને લાગુ પડે છે, તે જ વાત નમસ્કારાદિ કોઈ પણ સદ્ અનુષ્ઠાનને લાગુ પડે છે.

શ્રી પંચપરમેષ્ઠિઓમાં રહેલા પ્રશસ્ત વિષયોના ધ્યાનથી જેમ એકાગ્રતા લાવી શકાય છે, તેમ તેઓમાં રહેલા પ્રત્યેક વિશેષગુણને પ્રધાનતા આપીને જો ધ્યાન કરવામાં આવે, તો પણ એકાગ્રતા સાધી શકાય છે. એ એકાગ્રતા દ્રવ્યનમસ્કારને ભાવનમસ્કારમાં પલટવાનું સામર્થ્ય ધરાવે છે. સામાન્ય નિયમ એવો છે કે–સ્થૂલ ઉપરથી સૂક્ષ્મમાં જવું, મૂર્ત ઉપરથી અમૂર્તમાં જવું અને સાલંબનથી નિરાલંબનમાં જવું. વિષયો સ્થૂલ, મૂર્ત અને પરિચિત છે, તેથી પ્રથમ પ્રશસ્ત વિષયોના આલંબન વડે ક્રમે ક્રમે સૂક્ષ્મ, અમૂર્ત અને અપરિચિતમાં પહોંચી શકાય છે

પરમેષ્ઠિઓ પાંચ છે, વિષયો પણ પાંચ છે. વિષયો પરિચિત છે, પરમેષ્ઠિઓ અપરિચિત છે. પરિચિત વિષયોના આલંબનથી અપરિચિત પરમેષ્ઠિઓના સ્વરૂપનો પરિચય પામી શકાય છે. એ રીતે પાંચ પાંચનાં પ્રશસ્ત જોડલાં જેટલા બને, તે દરેકનું આલંબન લઈને શ્રી પંચપરમેષ્ઠિના ધ્યાનમાં તન્મય બની શકાય છે અને એ તન્મયતા દ્વારા નમસ્કારને ભાવનમસ્કારમાં બદલી શકાય છે.

પાંચ પરમેષ્ઠિઓમાં રહેલાં પાંચ મહાવ્રતો, પાંચ આચારો, સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો અને ધર્મસિદ્ધિનાં પાંચ લક્ષણો, મૈત્રી આદિ ભાવો અને ક્ષમા વગેરે ધર્મો જે સાધારણ રીતે આપણને પરિચિત છે, તેને પાંચ પાંચની સંખ્યામાં યોજીને પંચપરમેષ્ઠિનું વિશુદ્ધ પ્રણિધાન થઈ શકે છે.

જેમ કે-" શ્રી અરિહંતોમાં રહેલી અહિંસા, શ્રી સિદ્ધોમાં રહેલું સત્ય, શ્રી આચાર્યોમાં રહેલું અચૌર્ય, શ્રી ઉપાધ્યાયોમાં રહેલું બ્રહ્મચર્ય અને શ્રી સાધુઓમાં રહેલું આકિંચન્ય ઈત્યાદિ."

જેમ શ્રી અરિહંતમાં અહિંસાની સાથે સત્ય વગેરે ગુણો પણ રહેલા છે, તેમ શ્રી સિદ્ધોમાં, શ્રી આચાર્યોમાં, શ્રી ઉપાધ્યાયોમાં અને શ્રી સાધુઓમાં પણ એ દરેક ગુણો રહેલા છે, તો પણ ધ્યાનની સગવડતા ખાતર પ્રત્યેકમાં એક એક ગુણ જુદો કલ્પીને ચિંતવવાથી ધ્યાન સુદૃઢ થાય છે. એમ સર્વ વિષયમાં આશય સમજવો.

આ પ્રણિધાનપૂર્વક થયેલો નમસ્કાર ભાવનમસ્કાર ગણાય છે અને તેના ફળરૂપે જીવને બોધિલાભ, સ્વર્ગનાં સુખો તથા પરંપરાએ સિદ્ધિગતિનાં અનંત અને અવ્યાબાધ સુખો મળી શકે છે.

**શ્રદ્ધા અને બહુમાનરૂપી સ્નેહ અને વાટથી ધન્ય પુરુષોના મનોભવનમાં પ્રકાશતો નવકારરૂપી દીપક મિથ્યાત્વરૂપી અંધકારને હરી લે છે.**

# શ્રી નવકારમાં નવ રસો

સાહિત્યના ક્ષેત્રમાં 'રસ' એક અગત્યની વસ્તુ છે. કાવ્યશાસ્ત્રમાં તેને મહત્ત્વનું સ્થાન છે. રસશાસ્ત્ર ઉપર મોટાં મોટાં વિવેચનો લખાયાં છે. આ રસો નવની સંખ્યામાં છે અને તેમાં નવમો રસ 'શાંત' છે. કેટલાક આચાર્યો તેને રસ માનતા નથી. તેઓના મતે રસોની સંખ્યા માત્ર આઠની છે, જ્યારે કેટલાક તે આઠની સાથે નવમો શાંત-રસ પણ માને છે અને વળી કેટલાક આચાર્યોએ નવ રસો ઉપરાન્ત 'વાત્સલ્ય' નામનો દશમો રસ પણ સ્વીકાર્યો છે. શ્રી નમસ્કાર મહામંત્રના આ રસો કેવી રીતે અંતર્ભાવ પામે છે, એ વિચારવાનું અહીં પ્રસ્તુત છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ 'વાત્સલ્ય'રસને સ્વતંત્ર રસ નહિ માનતાં શાંત સહિત માત્ર નવ રસોને જ રસ તરીકે સ્વીકારે છે. તે નવ રસોનાં અનુક્રમે નામો–(૧) શૃંગાર, (૨) હાસ્ય, (૩) કરુણ, (૪) રૌદ્ર, (૫) વીર, (૬) ભયાનક, (૭) બીભત્સ, (૮) અદ્ભુત, અને (૯) શાંત છે. તે પ્રત્યેકના વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવો કાવ્યાનુશાસન નામની અનુપમ કૃતિમાં તેઓએ વિસ્તારથી બતાવેલા છે. નવ રસના સ્થાયી ભાવોનાં નામો પણ ત્યાં કહ્યા છે. તે અનુક્રમે–(૧) રતિ, (૨) હાસ, (૩) શોક, (૪) ક્રોધ, (૫) ઉત્સાહ, (૬) ભય, (૭) જુગુપ્સા, (૮) વિસ્મય, અને (૯) શમ છે.

આ નવ સ્થાયી ભાવો દરેક મનુષ્યમાં જન્મજાત રહેલા હોય છે, તેથી તેને સ્થાયી અર્થાત્ સ્થિર ભાવો કહેલા છે. એ સ્થાયી ભાવો જે નિમિત્તોને પામીને અભિવ્યક્ત થાય, તે આલંબનવિભાવ અને જે નિમિત્તોને પામીને વૃદ્ધિ પામે, તે ઉદ્દીપનવિભાવ કહેવાય છે. એ અભિવ્યક્તિ અને વૃદ્ધિ વખતે થતી ભિન્ન ભિન્ન શારીરિક ચેષ્ટાઓને સાત્ત્વિકભાવ અથવા અનુભાવ કહેવાય છે અને તે વખતે અનુભવાતી જુદી જુદી માનસિક વૃત્તિઓને સંચારીભાવ કહેવાય છે. આથી એ નક્કી થયું કે–ચોક્કસ નિમિત્તોને પામીને થતા આંતર્–બાહ્ય અનુભવોનું પુનઃ પુનઃ પરિશીલન એ જ રસ રૂપે પરિણમે છે. આ રસાનુભાવ અનુભવકાળે અલૌકિક આનંદને આપે છે, તેથી તેને 'બ્રહ્માસ્વાદસોદર' પણ કહે છે. અહીં 'બ્રહ્મ' એટલે આત્મસ્વરૂપ, તેનો આસ્વાદ એટલે અનુભવ, તેને સોદર એટલે સમાન, અર્થાત્ સાક્ષાત્ આત્મસ્વરૂપના આસ્વાદ-તુલ્ય જેનો અનુભવ છે, તે 'બ્રહ્માસ્વાદસોદર' કહેવાય છે.

કેવળ માનસિક ભાવોના આવેગને જ અહીં રસ કહ્યો નથી, કિન્તુ તેના રસનને–આસ્વાદનને રસ કહ્યો છે. જુદા જુદા ભાવોની સાથે તે ભાવોનો અનુભવ લેનાર આત્માનું પણ રસન–સ્મરણ જેમાં છે, તે રસ છે. કહ્યું છે કે–'**भावस्मरणं रसः**' અર્થાત્ ભાવોનું સ્મરણ તે રસ છે. તાત્પર્ય કે–કેવળ આવેગોનો અનુભવ નહિ, પણ એ અનુભવોનું સ્મરણ કરનાર આત્માનો અનુભવ તે રસ છે. '**अहं क्रोधवानस्मि, अहं शोकवानस्मि, अहं भक्तिमानस्मि**' વગેરે સ્મરણાત્મક અનુભવ

એ જ રસનું રસત્વ છે. ટૂંકમાં વિભાવ, અનુભાવ અને સંચારી-ભાવો વડે અભિવ્યક્ત થતો સ્થાયીભાવ તે રસ છે.

અહીં વિભાવ એટલે વિશેષ કારણો. તેના બે ભેદ છે–આલંબનવિભાવ અને ઉદ્દીપનવિભાવ. જે આલંબનોને અર્થાત્ નિમિત્તોને પામીને રસની ઉત્પત્તિ થાય, તેને 'આલંબનવિ-ભાવ' અને જે નિમિત્તોને પામીને રસની અભિવૃદ્ધિ થાય, તેને 'ઉદ્દીપનવિભાવ' કહ્યો છે. બીજા અનુભાવને સાત્ત્વિક-ભાવ પણ કહે છે. તે મોટા ભાગે રસાનુભાવ વખતે થતી ભિન્ન ભિન્ન પ્રકારની શારીરિક ચેષ્ટાઓરૂપ છે. ત્રીજા ભાવોને સંચારીભાવો કહે છે, કારણ કે–તે દરેક રસના અનુભવોમાં એકસરખા નથી રહેતા પણ ફરી જનારા હોય છે. કાવ્યશાસ્ત્રોમાં તે દરેકના હેતુઓ, સ્વરૂપ અને ફળ વિસ્તારથી વર્ણવેલા છે. અહીં તો તેનું સૂચન માત્ર કરીને, શ્રી નમસ્કાર મહા-મંત્રના સ્મરણ અને જાપ વખતે દરેક રસોનો અનુભવ કેવી રીતે કરી શકાય, તેનું જ માત્ર સંક્ષેપથી વર્ણન કરીશું.

'શાંતરસ' એ રસાધિરાજ છે. બધા રસોનો તે રાજા છે. સાત્ત્વિક ભાવના પ્રકર્ષ વખતે બધા રસો શાંતરસમાં પરિ-ણામ પામે છે. શ્રી નમસ્કાર મહામંત્ર એ શાંતરસનો ખજાનો છે, શાંતરસનો ભંડાર છે અથવા શાંતરસથી ભરેલો મહાસાગર છે. તેમાં રહેલા પાંચેય પરમેષ્ઠિઓ એકાન્ત શાંતરસથી ભરેલા અમૃતના કુંડ સમાન છે–મૂર્તિમાન્ શાંત રસના ઝરણાં છે. શાંતરસથી વિભાવોને, અનુભાવોને અને સંચારીભાવોને સમજવાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

શ્રી કાવ્યાનુશાસન નામના ગ્રંથરત્નમાં કહ્યું છે કે–
'वैराग्यादिविभावो यमाद्यनुभावो धृत्यादिव्यभिचारी शमः शान्तः' (अ० ३–सू–५) અર્થાત્–વૈરાગ્યાદિ વિભાવોથી, યમનિયમાદિ અનુભાવોથી અને ધૃતિ, સ્મૃતિ આદિ સંચારીભાવોથી અભિવ્યક્ત થતો તૃષ્ણાક્ષયરૂપ શમ, એ શાંતરસ છે.

શાંતરસના આલંબનવિભાવ તરીકે વૈરાગ્યાદિ છે અને ઉદ્દીપનવિભાવ તરીકે સત્સંગદિ છે. 'વૈરાગ્ય આદિ' શબ્દથી વૈરાગ્ય ઉપરાન્ત સંસારભીરૂતા તથા સંસારનું–મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ સમજાવનાર તત્ત્વજ્ઞાન, સંસારના પારને પામેલા શ્રી વીતરાગ પુરુષોનું પરિશીલન, તેઓના પરિશીલનથી પ્રાપ્ત થતો સદ્ગુણ, વિકાસ અને સદાચારના લાભરૂપી અનુગ્રહ વગેરે ગ્રહણ કરવાનાં છે. 'સત્સંગ આદિ' શબ્દથી સત્સંગ ઉપરાન્ત સત્‌શાસ્ત્રનું શ્રવણ, મનન અને અધ્યયન, તથા તીર્થક્ષેત્ર, દેવસ્થાન, નિર્જન અરણ્ય, ગિરિગૃહા, પુણ્યાશ્રમ વગેરે લેવાનાં છે. એ રીતના બાહ્ય–અભ્યંતર નિમિત્તોના બળે શાંતરસની ઉત્પત્તિ અભિવૃદ્ધિ થાય છે.

યમ–નિયમ આદિનું પાલન, સમિતિ–ગુપ્તિ આદિ વ્રત–નિયમોનું સેવન, મૂલગુણ અને ઉત્તરગુણોનું ધારણ વગેરે અનુભાવના સ્થાને છે. એથી મન–વચન–કાયાની ચેષ્ટાઓ વિશુદ્ધ બને છે.

મતિ, સ્મૃતિ, ધૃતિ, નિર્વેદ આદિ સંચારીભાવો છે. તેથી તૃષ્ણાક્ષયરૂપી શમરસ ચર્વણાને પ્રાપ્ત થાય છે અને વારંવાર ચર્વણાને પ્રાપ્ત થયેલો 'શમ' શાંતરસપણે પરિણમે છે.

જ્યાં આ શાંતરસ હોય છે, ત્યાં સાત્ત્વિકભાવને પામેલા બીજા આઠેય રસો તેની ઉચ્ચ દશામાં હયાતિ ધરાવે છે. એ જ કારણે શાંતરસ એ બધા રસોનો રાજા ગણાય છે. બીજા બધા રસોનું જ્યારે ઉચ્ચીકરણ થાય છે, ત્યારે તે દરેક શાંતરસસ્વરૂપ બની જાય છે. એ રસોનું ઉચ્ચીકરણ, ઊર્ધ્વીકરણ કે સાત્ત્વિકીકરણ કેવી રીતે થાય છે અને તે વખતે બધા રસો કેવી રીતે શાંતરસમાં ભળી જાય છે, તે સમજવા માટે દરેક રસોના વિભાવ, અનુભાવ અને સંચારીભાવો સહિત સ્થાયીભાવોને પણ સમજવાં જોઈએ. અહીં નામ માત્ર તેને જણાવીને, તે બધાનો શાંતરસમાં કેવી રીતે અંતર્ભાવ થાય છે, તે જોઈશું.

શૃંગારાદિ રસોનાં નામો આપણે જોઈ આવ્યા. તો દરેકનો સ્થાયીભાવ શું છે તે હવે જોઈએ. શૃંગારનો સ્થાયીભાવ 'રતિ', હાસ્યનો સ્થાયીભાવ 'હાસ', કરુણાનો સ્થાયીભાવ 'શોક', રૌદ્રનો સ્થાયીભાવ 'ક્રોધ', વીરનો સ્થાયીભાવ 'ઉત્સાહ', ભયાનકનો સ્થાયીભાવ 'ભય', બીભત્સનો સ્થાયીભાવ 'જુગુપ્સા' અને અદ્ભુતનો સ્થાયીભાવ 'વિસ્મય' છે. રતિથી માંડીને વિસ્મય પર્યંતના સ્થાયીભાવો દરેક જીવમાં કાયમ હોય છે. તેને પ્રગટ થવાની સામગ્રી મળતાંની સાથે જ તે બહાર આવે છે. દા. ત. શૃંગારરસનો સ્થાયીભાવ 'રતિ' છે અને રતિ સંયોગવિષયક ઇચ્છારૂપ છે, તેથી નાયક–નાયિકા, તેની ચેષ્ટા તથા બીજા નિમિત્તો મળતાંની સાથે જ શૃંગારનો પ્રાદુર્ભાવ થાય છે. તેનું ઊર્ધ્વીકરણ જો કરવું હોય,

તો આલંબન અને ઉદ્દીપનવિભાવો પલટી નાખવા જોઈએ. નાયક–નાયિકા અને તેની ચેષ્ટાઓના સ્થાને શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો અને તેઓની ઉદાત્ત પ્રવૃત્તિઓને જોતાં કે સ્મરણ કરતાંની સાથે જ તેઓના સંયોગવિષયક ઈચ્છારૂપી રતિભાવ ઉદ્દીપન થાય છે. પરિણામે શ્રી પંચપરમેષ્ઠિના વિરહકાળે તેઓનો સમાગમ કરવાની ઈચ્છારૂપ અને સમાગમકાળે તેઓની સેવા કરવાની ઈચ્છારૂપ ઉચ્ચ કોટિનો શૃંગાર અનુભવાય છે. આ ઉચ્ચ કોટિનો શૃંગાર વિષયસુખોની ઈચ્છારૂપ તૃષ્ણાનો નાશ કરનાર હોવાથી શાંતરસથી અભિન્ન છે.

એ રીતે જેમ શૃંગાર શાંતરસમાં પરિણમે છે, તેમ બીજા બધા રસો તેની ઉચ્ચ અવસ્થામાં શાંતરસરૂપ બની જાય છે. જેમ કે–વિકૃત વેષ વગેરે જોવાથી ઉત્પન્ન થતો હાસ્યરસ, સંસારનાટકમાં કર્મના સંબંધથી વિવિધ પ્રકારના વેષ ધારણ કરતાં અને વિવિધ પ્રકારના નાચ નાચતાં સંસારી જીવોની વિડંબનાઓ જોઇને ઉત્પન્ન થતો હાસ્યરસ અહીં શાંતરસમાં પલટાઈ જાય છે. એ પ્રમાણે તે જ સંસારી જીવોને ઈષ્ટનો નાશ અને અનિષ્ટની પ્રાપ્તિથી થતા ચિત્તવૃત્તિરૂપ શોકનું દર્શન કરતાં ઉચ્ચ કોટિનો કરૂણરસ જાગે છે, જે શાંતરસનું જ એક સ્વરૂપ છે. ક્રોધાદિ ષડ્રિપુઓ વડે કરાતા અપકારથી થતું ચિત્તવૃત્તિઓનું પ્રજ્વલન રૌદ્રરૂપ હોવા છતાં અહીં શાંતરસરૂપ બની જાય છે. વિષયકષાયને પરાસ્ત કરવાનો તથા દીન–દુઃખી જીવોને સહાય કરવાનો ઉત્સાહ શ્રેષ્ઠ વીરરસરૂપ બની શાન્તરસરૂપે રૂપાન્તર પામે છે. આંતર્શત્રુઓ

વિવશ ન કરે તે માટેનો ભય શ્રેષ્ઠ કોટિના ભયાનક રસમાં પરિણમી શાંતરસમાં મળી જાય છે. ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે તથા હાડ-માંસના શરીરની અશુચિતા પ્રત્યે પ્રગટતી જુગુપ્સા, એ ઉચ્ચ કોટિના બીભત્સ રસમાં બદલાઈને પરિણામે શાંત-રસનો જ એક પ્રકાર બની જાય છે. વિશ્વની અનંતતા અને અગાધતા, તથા ધર્મ અને તેના ફળની લોકોત્તરતા સાથે અચિન્ત્યતાના વિચારમાંથી ઉત્પન્ન થતો વિસ્મય ઉચ્ચ કોટિના અદ્ભુત રસમાં પલટાઇને શાંતરસનો જ એક વિભાગ બની જાય છે. એ રીતે બધા રસો તેની ઉચ્ચ અવસ્થામાં શાંત-રસરૂપે પરિણમે છે.

શાંતરસને વરેલા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો આ રીતે ઉચ્ચ કોટિની રતિ, ઉચ્ચ કોટિનું હાસ, ઉચ્ચ કોટિનો શોક, ઉચ્ચ કોટિનો ક્રોધ, ઉચ્ચ કોટિનો ઉત્સાહ, ઉચ્ચ કોટિનો ભય, ઉચ્ચ કોટિની જુગુપ્સા અને ઉચ્ચ કોટિના વિસ્મયને ધારણ કરનારા છે. આ ઉચ્ચ કોટિના રતિ, હાસ આદિ ઉચ્ચ કોટિના શમસ્વરૂપ બની શાંતરસનો અનુભવ કરાવે છે. સર્વ પ્રકારના ઉચ્ચ રસો તેના અંતિમ સ્વરૂપમાં શાંતરસરૂપ થઈ જાય છે, તેથી શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો કેવળ શાંતરસસ્વરૂપ છે એટલું જ નહિ, પણ ઉચ્ચ કોટિના શૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત આદિ રસોથી પણ ભરેલા છે, એમ કહેવું લેશ પણ ખોટું નથી.

પરમેષ્ઠિ ભગવંતોમાં શૃંગાર રસ છે, પણ તે નાયક–નાયિકાનો નહિ, કિન્તુ અંતરાત્મભાવ અને પરમાત્મભાવ વચ્ચેની રતિ–પ્રીતિનો છે. હાસ્યરસ છે, તે વિદૂષકના વિકૃત વેષાદિના

દર્શનથી થનારો નહિ, કિન્તુ ભવનાટકની વિડંબના અને વિરમતાના દર્શનથી ઉપજે છે. કરૂણરસ છે, પણ ઇષ્ટનાશ અને અનિષ્ટની પ્રાપ્તિથી થતી મલિન ચિત્તવૃત્તિવાળો નહિ, કિન્તુ ઈષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગથી સદા સંતપ્ત અને શોકાતુર જગતને દુઃખ–પંક અને અજ્ઞાન–અંધકારમાંથી ઉદ્ધાર કરવાનો છે. રૌદ્રરસ છે, પણ બાહ્ય શત્રુઓએ કરેલા અપકારથી થતા મનના પ્રજ્વલનરૂપ નહિ, કિન્તુ આંતર્ શત્રુઓનો સમૂલ ઉચ્છેદ કરવાની પ્રશસ્ત મનોવૃત્તિરૂપ છે. વીરરસ છે, તે પણ બાહ્ય યુદ્ધમાં જીતવાના ઉત્સાહરૂપ નહિ, કિન્તુ લોકોત્તર કાર્યમાં ઉત્સાહ ધારણ કરવારૂપ છે. ભયાનકરસ છે, તે પણ રૌદ્રદર્શનાદિથી થતી અનર્થની શંકારૂપ નહિ, કિન્તુ આંતરારિ વિવશ ન કરે તેની સાવચેતીરૂપ છે. બીભત્સરસ છે, તે પણ બાહ્ય અશુચિ પદાર્થોને જોવાથી નહિ, કિન્તુ અશુચિસ્વરૂપ સ્વશરીર અને પાંચ ઈન્દ્રિયોના બીભત્સ વિષયોની વિપાકવિરસતાના દર્શનથી થયેલી વિરક્તિરૂપ છે. અદ્ભુતરસ છે, પણ તે કોઈ બાહ્ય અપૂર્વ અર્થના દર્શનથી થયેલા ચિત્તના વિસ્મયરૂપ નહિ, કિન્તુ આત્માની અને કર્મની અચિન્ત્ય શક્તિના પરિણામે ઉત્પન્ન થયેલી વિશ્વની અગાધતા અને અનંતતાના દર્શનથી ઉપજતી ચિત્તની પ્રસન્નતારૂપ છે.

પરમેષ્ઠિ ભગવંતોમાં રહેલો શાંતરસ આ રીતે વિષયોના ભેદથી અનેક રસરૂપ બની જાય છે અને તે શુદ્ધ રસોનો આસ્વાદ કરનારા પરમેષ્ઠિ ભગવંતોને કરવામાં આવતો નમસ્કાર પણ જેમ શાંતરસનો અનુભવ કરાવે છે, તેમ તેની સાથે બીજા બધા ઉચ્ચ કોટિના રસોનો પણ અનુભવ કરાવે છે.

'ધ્યાતા ધ્યેયસ્વરુપ બને'–એ ન્યાયથી શાન્તરસનો ધ્યાતા પણ શાન્તરસસ્વરૂપ બની જાય છે. જેમ જેમ નમસ્કારનું ધ્યાન વધતું જાય છે, તેમ તેમ નમસ્કાર કરનારમાં અપૂર્વ કોટિની રતિ, અપૂર્વ કોટિનું હાસ્ય, અપૂર્વ કોટિની કરૂણા, અપૂર્વ કોટિની રૌદ્રતા, અપૂર્વ કોટિની વીરતા, અપૂર્વ કોટિની ભયાનકતા, અપૂર્વ કોટિની જુગુપ્સા અને અપૂર્વ કોટિની અદ્‌ભુતતા પ્રગટે છે. તેમાંની એક પણ વસ્તુ તૃષ્ણાને વધારનારી થતી નથી, કિન્તુ ક્રમે ક્રમે તૃષ્ણાનો, વાસનાનો અને ઈચ્છાઓનો ક્ષય કરી અપૂર્વ કોટિની સમતાનો અનુભવ કરાવે છે; આત્માને શાન્તરસના અનંત સાગરમાં નિમગ્ન કરી દે છે.

શ્રી પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવારૂપ શ્રી નવકારમંત્રના સ્મરણથી વૈરાગ્ય, સંસારભીરૂતા, જીવાદિ તત્ત્વોનું જ્ઞાન અને વીતરાગભાવનું પરિશીલન થયા જ કરે છે. વળી તેના ચિન્તનથી અચિંત્ય શક્તિયુક્ત પરમેષ્ઠિ ભગવંતોના અનુગ્રહસ્વરૂપ સદ્‌ગુણોનો વિકાસ અને સદાચારનો લાભ થતો જાય છે તથા સાથે સાથે રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગની આરાધના પણ વધતી જાય છે. શ્રી પંચપરમેષ્ઠિના સ્મરણ સાથે પાપની જુગુપ્સા અને ધર્મની–પરમાર્થપરાયણતાની ભાવના જોડાયેલી જ છે. સંસારની નિઃસારતા અને મોક્ષમાર્ગની સારભૂતતાનો વિચાર પણ શ્રી નમસ્કાર મહામંત્રની સાથે વણાએલો છે. શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણાદિ કાળે મોટે ભાગે પવિત્ર ભૂમિનો સંસ્પર્શ અને પવિત્ર પુરુષોનો સમાગમ રહે છે. વળી સાધુધર્મને અનુરૂપ સમિતિ–ગુપ્તિ આદિ સદાચારોનું પાલન તથા શ્રાવક-

ધર્મને યોગ્ય દાન, પૂજન તથા અણુવ્રત–ગુણવ્રતનું સેવન પણ હોય છે. ધર્મશ્રવણ, શાસ્ત્રસ્વાધ્યાય, અધ્યાત્મચિંતા વગેરે સદ્‌ગુણો પણ શ્રી નમસ્કારમંત્રના સ્મરણ સાથે અનુસ્યૂત હોય છે. એ બધા અનુક્રમે શાન્તરસના વિભાવ, અનુભાવ અને સંચારીભાવ બનીને તૃષ્ણાક્ષયરૂપ ‘શમ’ નામના સ્થાયી ભાવનું ચવર્ણ કરાવે છે. આ ચર્વણ પુનઃ પુનઃ થવાથી શાન્તરસનો પ્રાદુર્ભાવ થાય છે.

એ રીતે શ્રી નમસ્કાર મહામંત્રની સાથે નવેય રસોનો સંબંધ અને શ્રી નમસ્કારના સાધકને નમસ્કારની સાધના વડે મળતો નવેય રસોના આસ્વાદનો અપૂર્વ લાભ અહીં સંક્ષેપથી વર્ણવ્યો છે. વિસ્તાર બહુ શ્રુતો પાસેથી સમજવો.*

*ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવોને વરેલા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોમાં શૃંગારાદિ ઔદયિક ભાવો હોતા નથી, છતાં આ લેખમાં તેની ઘટના કેમ કરવામાં આવી છે?–એ પ્રશ્નનું સમાધાન એ છે કે–ઔદયિક ભાવના શંગારાદિ રસો શ્રી પરમેષ્ઠિ ભગવંતોમાં નથી, તો પણ ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવો તો તેઓમાં રહેલા જ છે અને તેને જ અહીં શંગારાદિ રસોનાં નામ આપીને ઘટાવવામાં આવ્યા છે. તે બતાવવા માટે શંગારાદિ રસોની સાથે ઉચ્ચ, ઉદાત્ત અને સાત્ત્વિક આદિ શબ્દો મૂકેલા છે. વસ્તુતઃ શ્રી પંચપરમેષ્ઠિઓમાં અપ્રશસ્ત ભાવોનો લેશ પણ નથી, કિન્તુ ઉચ્ચ કોટિના પ્રશસ્ત ભાવો છે. તેને જ જુદા જુદા રસોનાં નામ આપી ઓળખાવવામાં આવ્યા છે. શ્રી અરિહંતભગવંતો, શ્રી સિદ્ધભગવંતો અને શ્રી કેવળીભગવંતોમાં મોહકર્મનો સમૂળ ક્ષય થયેલો હોવાથી પ્રશસ્ત ભાવોની ઘટના તેઓમાં ભૂતપૂર્વ નયથી સમજવાની છે. આ વિષય ઘણો ગહન હોવાથી બહુશ્રુતો પાસેથી વિનયપૂર્વક સમજવા પ્રયત્ન કરવો જરૂરી છે.

# શ્રી નમસ્કારની મંત્રમયતાનાં શાસ્ત્રીય પ્રમાણો

[શંકા-સમાધાન]

**૧. શંકા**-શાસ્ત્રોમાં નવકારને પંચમંગલ અથવા શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધ તરીકે કહેલ છે, પણ મંત્ર તરીકે કહેલ નથી.

**સમાધાન**-કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ સ્વરચિત યોગશાસ્ત્રમાં પરમેષ્ઠિનમસ્કારને શ્રેષ્ઠ મંત્ર તરીકે પ્રતિપાદન કરેલ છે. જુઓ નીચેનો શ્લોક.

तथा पुण्यतमं मंत्रं जगत्त्रितयपावनम् ।
योगी पंचपरमेष्ठि-नमस्कारं विचिन्तयेत् ॥१॥

**અર્થ**-તથા ત્રણ જગતને પવિત્ર કરનાર પવિત્રતમ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારમંત્રનું યોગીપુરુષ ધ્યાન કરે.

-યોગશાસ્ત્ર પ્રકાશ-૮

વળી આચાર્ય શ્રી સિદ્ધસેનસૂરિ આઠ પ્રકાશવાળા સ્વરચિત શ્રી નમસ્કાર માહાત્મ્યમાં ફરમાવે છે કે-

वश्य-विद्वेषण-क्षोभ-स्तंभ-मोहादिकार्यसु ।
यथाविधिप्रयुक्तोऽयं मंत्रसिद्धिं प्रयच्छति ॥१॥

**અર્થ**-વિધિપૂર્વક પ્રયોગ કરાયેલો આ મંત્ર વશી-

કરણ, વિશ્લેષણ, ક્ષોભણ, સ્તંભન, મોહન આદિ કર્મોને વિષે સિદ્ધિને આપે છે.

-શ્રી નમસ્કાર માહાત્મ્ય પ્રકાશ-૬

**૨. શંકા**-નવકાર જેવા પવિત્ર મંત્ર વડે મારણ, મોહન અને વશીકરણાદિ ક્ષુદ્ર ક્રિયાઓની સિદ્ધિ કેટલા અંશે વ્યાજબી ગણાય ?

**સમાધાન**-ક્રિયાઓની અલ્પતા કે મહત્તા ઉદ્દેશ ઉપરથી મપાય છે. વૈષયિક સ્વાર્થ આદિનાં કારણે થતી વશીકરણાદિ ક્રિયાઓ ક્ષુદ્ર છે. શાસનસેવા કે ધર્મરક્ષા આદિ ઉચ્ચ હેતુઓથી થતી તે જ ક્રિયાઓ ક્ષુદ્ર નહિ પણ ઉચ્ચ છે. ઉત્તમ મંત્રનો ઉપયોગ જો અધમ કાર્ય માટે કોઈ કરે, તો તેની હાનિ તેને થાય જ છે. મંત્ર તો પોતાનું કાર્ય કરે જ છે. જો તેમ ન કરે, તો તે મંત્ર ગણાય નહિ અને તેનામાં અચિન્ત્ય શક્તિ મનાય નહિ.

**૩. શંકા**-કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ પહેલાંના સમર્થ આચાર્યોએ શ્રી નવકારને મંત્ર તરીકે કહેલ છે ?

**સમાધાન**-સમર્થ શાસ્ત્રકાર અને ટીકાકાર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ સ્વરચિત સ્વોપજ્ઞટીકાયુક્ત શ્રી યોગબિન્દુ ગ્રન્થના પૂર્વસેવા અધિકારમાં ફરમાવ્યું છે કે-

**मासोपवासमित्याहुर्मृत्युघ्नं तु तपोधनाः ।**
**मृत्युंजयजपोपेतं परिशुद्धं विधानतः ॥**

**અર્થ**—એક મહિનાના ઉપવાસને તપરૂપી ધનવાળા મહર્ષિઓએ મૃત્યુઘ્ન નામનો તપ કહ્યો છે અને મૃત્યુંજય નામક મંત્રના જાપ સહિત જો તેને કરવામાં આવે, તો તે સિદ્ધિનું કારણ થાય છે. આ શ્લોકની ટીકામાં ગ્રન્થકાર-મહર્ષિએ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારને મૃત્યુંજય નામનો મંત્ર કહ્યો છે.

**૪. શંકા**—મૂળ આગમમાં નવકારને મંત્ર તરીકે જો ઓળખવામાં આવ્યો હોય, તો તેનું પ્રમાણ આપશો.

**સમાધાન**—શ્રી જૈનશાસનમાં ચૌદપૂર્વ અને સમગ્ર દ્વાદશાંગી શ્રુતધર્મરૂપ હોઈ પરમ મંત્રમય છે. શ્રુતજ્ઞાનનો ઉદ્દેશ જ મોહ અને મિથ્યાત્વરૂપી વિષનું ઝેર ઉતારવાનો છે.

ચિરન્તનાચાર્ય વિરચિત શ્રી પંચસૂત્રના પહેલા સૂત્રમાં શ્રુતધર્મની સ્તુતિ કરતાં ફરમાવ્યું છે કે—

**तहा सुरासुरमणुअपूइओ, मोहतिमिरंसुमाली, रागदोस-विसपरममंतो........।**

**અર્થ**—તથા સુર, અસુર અને મનુષ્યથી પૂજિત મોહરૂપી અંધકારને દૂર કરવા માટે સૂર્યસમાન અને **રાગ-દ્વેષરૂપી વિષને ઉતારવા માટે પરમ મંત્રતુલ્ય** (એવા શ્રુતધર્મનું મને શરણ હો.)

તથા તે જ ગ્રન્થના ચોથા સૂત્રમાં સાધુધર્મનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે—

सुस्सुसाइगुणजुत्ते तत्ताभिनिवेसा विहिपरे परममंतोत्ति अहिज्जइ सुत्तं........।

**અર્થ**–શુશ્રૂષાદિ બુદ્ધિના આઠ ગુણયુક્ત સાધુ તત્ત્વાભિનિવેશથી વિધિમાં તત્પર બનીને **'પરમ મંત્ર છે'–એમ માનીને** સૂત્રનું અધ્યયન કરે.

સમગ્ર શ્રુત આ રીતે મંત્રમય છે અને નવકાર એ સમગ્ર શ્રુતનો સાર અને ચૌદપૂર્વનો ઉદ્ધાર છે, તેથી તેના મંત્રમયપણામાં કશી જ શંકા રહેતી નથી. ભાવવિષને ઉતારવાનું સામર્થ્ય જે મંત્રમાં હોય, તે દ્રવ્યવિષને ઉતારે; અને મોક્ષસુખરૂપી પરમ પુરુષાર્થની સિદ્ધિ જેનાથી થાય, તે સંસારમાં રહેલા દેવ–મનુષ્યનાં સુખ આપે તેમાં આશ્ચર્ય છે જ નહિ. નવકાર એ દ્વાદશાંગીનો સાર છે તેથી મંત્રમય છે. તેના પ્રત્યેક અક્ષરમાં ભાવવિષની સાથે દ્રવ્યવિષને ઉતારવાનું સામર્થ્ય રહેલું છે. સમ્યક્શ્રુત એ ભાવમંગલનું કાર્ય કરે છે. જેનામાં ભાવમંગલનું કાર્ય કરવાની શક્તિ હોય, તેનામાં દ્રવ્યમંગલનું કાર્ય કરવાની શક્તિ તો અદૃશ્ય રહેલી હોય. અને તેથી જ શ્રી દશવૈકાલિક, શ્રી ઉત્તરાધ્યયન અને શ્રી આવશ્યક આદિ સૂત્રોની ગાથાઓ, પદો અને અક્ષરોમાં સુવર્ણસિદ્ધિ, રત્નસિદ્ધિ અને રસસિદ્ધિ આદિ સિદ્ધિઓ તથા આકાશગામિની આદિ વિદ્યાઓ રહેલી છે, એમ સ્પષ્ટ પ્રતિપાદન કરાયેલું છે. તેના જાણકારો જ તેને જાણી શકે છે.

શ્રી નવકાર એ દ્વાદશાંગીનો સાર છે, તેથી મંગલમય અને મંત્રમય તો છે જ. સાથે સાથે મંગલનાં અને મંત્રનાં

સઘળાં કાર્યો પણ તેનાથી સિદ્ધ થાય છે. આ વાત લોગસ્સ, નમુત્થુણં અને ઉવસગ્ગહરં આદિના કલ્પોની સાથે નવકારનાં કલ્પોથી પણ સાબીત થાય છે. દશમ વિદ્યાપ્રવાદ નામના પૂર્વમાં અનેક વિદ્યા અને મંત્રો રહેલા છે, તેમ દ્વાદશાંગીના ઉદ્ધારરૂપ શ્રી નવકારમાં પણ અનેક વિદ્યાઓ અને મંત્રો છૂપાયેલાં છે. સાધકને તે પ્રગટ થાય છે. અન્ય મંત્રોમાં મંત્રમયતા અને મંત્રવિદ્યાથી સિદ્ધ થનાર વશીકરણાદિ કાર્યો કરવાની શક્તિ રહેલી છે, જયારે શ્રી નવકારમાં મંત્રમયતાની સાથે મંગલમયતા અને મંત્રથી થતાં કાર્યો કરવાની શક્તિ પણ રહેલી છે. નવકારની એ વિશેષતા છે. કહ્યું છે કે-

यदि तावदसौ मंत्रः शिवं दत्ते सुदुर्लभम् ।
ततस्तदनुषंगोत्थे गणना का फलान्तरे ॥१॥

**અર્થ**-જો આ નવકારમંત્ર અતિ દુર્લભ એવા મોક્ષને પણ આપે છે, તો તેના અનુષંગથી મળતા બીજાં ફળોનું તો કહેવું જ શું? અવશ્ય આપે છે!

આ ઉપરથી નવકારને ક્યારથી અને કયા આચાર્યથી મંત્રરૂપે ગણવાની શરુઆત થઈ એ પ્રશ્નને અવકાશ જ રહેતો નથી. નવકાર મંગલમય તો છે જ પરંતુ મંત્રમય પણ છે, તેથી તેના આરાધકોને મંત્રથી થતાં કાર્યોની સિદ્ધિ માટે પણ અન્યત્ર જવાની જરૂર નથી. કહ્યું છે કે-

उच्छेदं परविद्यानां निमेषार्धात् करोत्यसौ ॥
क्षुद्रात्मनां परावृत्तिवेधं च विधिना स्मृतः ॥१॥

**અર્થ**–બીજાઓએ પ્રયોગ કરેલી વિદ્યાઓનું અર્ધ-નિમેષ માત્રમાં ઉચ્છેદ કરવાનું તથા ક્ષુદ્ર આત્માઓ તરફથી થતાં ઉપદ્રવોનું પરાવર્તન કરવાનું સામર્થ્ય વિધિપૂર્વક સ્મરણ કરાયેલા આ મંત્રમાં રહેલું છે.

એ રીતે ઉભય પ્રકારનાં કાર્યોની સિદ્ધિ નવકારથી છે, તેથી તેને મંગલમય અને મંત્રમય પૂર્વાચાર્યોએ કહેલ છે અને એ રીતે આપણે તેને સદ્દહવાનો છે.

વળી પૂર્વધરોની પ્રત્યેક રચના મંગલમય હોવાની સાથે મંત્રમય હોય છે. દશપૂર્વી અને ચૌદપૂર્વી નિયમા સમ્યગ્દૃષ્ટિ હોય છે. શ્રી નવકાર તો અર્થથી સર્વ તીર્થંકરોએ અને સૂત્રથી સર્વ ગણધરભગવંતોએ માન્ય કરેલો છે, તેથી તે અર્થથી શ્રી તીર્થંકરોની અને સૂત્રથી ગણધરોની રચના છે. ગણધરભગવંતો અવશ્ય ચૌદપૂર્વી હોય છે. શ્રી તીર્થંકર-ભગવંતો કેવળજ્ઞાની હોય છે, તેથી તેઓની રચના મંગલ-મય તો હોય જ અને સાથે મંત્રમય પણ હોય તેમાં નવાઈ નથી. નમસ્કાર તો સર્વ શ્રુતનો સાર છે, તેથી તેની મંગલ-મયતા અને મંત્રમયતા (Condenscd – કન્ડેન્સ્ડ) ઘનીભૂત થયેલી છે. જો અન્ય શાસ્રોને સમુદ્ર કહીએ, તો નવકાર તેમાંથી નીકળેલું અમૃત છે. જો અન્ય શાસ્ત્રોને ક્ષીરરૂપ કહીએ, તો નવકાર તેના અર્કરૂપ છે. જો અન્ય શાસ્ત્રોને રોહણાચલ કે મલયાચલની ઉપમા આપીએ, તો નવકાર એ તેમાંથી ઉત્પન્ન થયેલ વજ્રરત્ન કે અમૂલ્ય બાવનાચંદન છે.

**૫ શંકા**–વિદ્યમાન આગમસૂત્રોમાં શ્રી નવકારને મંત્ર તરીકે સ્પષ્ટપણે ક્યાં કહ્યો છે?

**સમાધાન**–નવકારની મંત્રમયતાને સિદ્ધ કરનારું વિદ્યમાન પ્રાચીન આગમપ્રમાણ શ્રી મહાનિશીથ સૂત્ર છે. તેમાં કહ્યું છે કે–

**नमो अरिहंताणं सत्तक्खरपरिमाणं अणंतगमपज्जवत्थ-पसाहगं सव्वमहामंतपवरविज्जाण परमबीअभूअं ।**

**અર્થ**–નમો અરિહંતાણં એ (પ્રથમ અધ્યયન) સાત અક્ષરના પરિમાણવાળું, અનંત ગમ, પર્યવ અને અર્થને પ્રકર્ષથી સાધનારું તથા સર્વ મહામંત્રો અને પ્રવર વિદ્યાઓનું પરમ બીજભૂત છે.

આ વાતને સમર્થન આપનારી એક પ્રાચીન ગાથા નીચે મુજબ છે.

**पणव–हरिया–रिहा इअ मंतह बीआणि सप्पहावाणि ।**
**सव्वेसिं तेसिं मूलो इक्को नवकारवरमंतो ॥१॥**

**અર્થ**–પ્રણવ (ઓંકાર), માયા (હ્રીંકાર) અને અર્હં વગેરે પ્રભાવશાળી મંત્રબીજો છે, તે સર્વનું મૂળ એક પ્રવર શ્રી નવકારમંત્ર છે. અર્થાત્ ॐ હ્રીં અર્હં વગેરે મંત્રબીજોના મૂળમાં શ્રી નવકારમંત્ર રહેલો છે.

નવકારના પ્રથમ પદનો વિધિપૂર્વક જાપ કરનારને આ વાત આજે પણ અનુભવસિદ્ધ છે.

આ અને બીજા પ્રમાણો જોતાં નવકારની મંત્રપણાની કલ્પના આધુનિક નહિ પણ પ્રાચીન છે અથવા અનાદિકાલીન છે. મંત્ર શબ્દની વ્યુત્પત્તિ પણ શ્રી નવકારની મંત્રમયતાને સાબીત કરે છે.

**मननेन त्रायतेऽसौ मन्त्रः ।** જેનું મનન કરવાથી અથવા પુનઃ પુનઃ ઉચ્ચારણ કરવાથી રક્ષણ થાય, તે મંત્ર છે. નવકારના પદોનું પુનઃ પુનઃ ઉચ્ચારણ કે મનન કરવાથી પાપરૂપી વિષનું નિવારણ અને ધર્મરૂપી મંગલનું આગમન થાય છે અને તે દ્વારા ભવભ્રમણથી રક્ષણ થાય છે.

**मननात् त्रायतेऽसौ मन्त्रः ।** આ વ્યુત્પત્તિ પણ શ્રી નવકારની મંત્રમયતાને સિદ્ધ કરે છે. નવકારના જાપ વડે મનના સંકલ્પ-વિકલ્પોરૂપ અશુભ મનનક્રિયા શમી જાય છે અને તે દ્વારા આત્માનું અશુભ કર્મબંધનથી રક્ષણ થાય છે.

આ રીતે વ્યુત્પત્તિ, રૂઢિ અને સ્વાનુભવપ્રમાણથી નવકારની મંત્રમયતા સિદ્ધ છે.

卐

**જેમ જેમ શ્રી નવકાર મહામંત્રના વર્ણોનો (અક્ષરોનો) રસ [illegible]માં પરિણામ પામે છે, તેમ તેમ કાચા ઘડા[illegible]માં ભરેલા પાણીની જેમ જીવની કર્મગ્રંથી ક્ષયને પામે છે, અર્થાત્ જીવ મોક્ષને પામે છે.**

# નમસ્કાર મહામંત્ર અંગે પ્રશ્નોત્તરો

**પ્રશ્ન**–કોઈ પણ મંત્ર બીજાક્ષર વિના હોઈ શકે ખરો ? જો હોય, તો તેના પ્રમાણો આપો.

**ઉત્તર**–મંત્રશાસ્ત્રમાં અનેક પ્રકારનાં મંત્રો બતાવ્યાં છે. તેમાં બીજાક્ષરોને પણ મંત્ર ગણેલાં છે. તે ઉપરાન્ત એકાક્ષરી તથા અનેકાક્ષરી મંત્રોને પણ મંત્રો તરીકે વર્ણવેલા છે. દા. ત. ષડક્ષરમંત્ર, ષોડશાક્ષરમંત્ર. અમુક અક્ષરોથી અધિક સંખ્યાવાળા મંત્રોને માલામંત્ર તરીકે પણ ઓળખાવેલા છે. તદુપરાન્ત દેવતાનાં નામ અને સ્તુતિને પણ મંત્રરૂપમાં ગણેલ છે. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ યોગબિન્દુ નામના ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે–

**जपः सन्मन्त्रविषयः स चोक्तो देवतास्तवः ।**
**दृष्टः पापापहारोऽस्माद् विषापहरणं यथा ॥१॥**

**અર્થ**–જપ તેને કહેવાય, કે જેનો વિષય વિશિષ્ટ મંત્ર હોય, અને તે દેવતાસ્તુતિરૂપ કહ્યો છે. અન્ય મંત્રોથી જેમ વિષાપહાર થાય છે, તેમ દેવતાસ્તુતિરૂપ મંત્રથી પાપાપહાર જોયેલો છે.

**–શ્રી હરિભદ્રસૂરિકૃત યોગબિન્દુ.**

**પ્રશ્ન**–શ્રી નમસ્કારમંત્રમાં કોઈ બીજાક્ષર કેમ નથી ? મહામંત્રમાં તો તે અવશ્ય હોવા જોઈએ એમ ખરું ?

**ઉત્તર**-શાસ્ત્રોમાં ફરમાવ્યું છે કે-પ્રભાવશાળી બીજાક્ષરોની ઉત્પત્તિ શ્રી નમસ્કારમંત્રમાંથી થઈ છે. શ્રી નમસ્કારમંત્રમાં બીજાક્ષરો ગર્ભિત રીતે રહેલાં છે. બધા મંત્રોમાં બીજાક્ષરો પ્રગટ જ હોવા જોઈએ એવો નિયમ નથી. કહ્યું છે કે-

**पणव-हरिया-रिहा, इअ मंतहबीयाणि सप्पहावाणि।**
**सव्वेसिं तेसिं मूलो, इक्को नवकारवरमंतो ॥१॥**

**અર્થ**-પ્રણવ-માયા-અર્હં વગેરે પ્રભાવશાળી મંત્રબીજોનું ઉત્પત્તિસ્થાન એક નવકાર વર મંત્ર છે. (૧)

**પ્રશ્ન**-નમસ્કારના આદિ અક્ષરોમાં 'असिआउसा' રહેલા છે, તેને બીજાક્ષર માની શકાય?

**ઉત્તર**-નમસ્કારના આદિ અક્ષરોથી બનેલ 'असिआउसा'ને સ્વતંત્ર મંત્ર માનેલો છે. તેને બીજાક્ષરો તરીકે વર્ણવેલ જાણવામાં નથી.

**પ્રશ્ન**-નમસ્કારના આદિ અક્ષરોથી 'असिआउसा' બને છે પણ ૐ શી રીતે બને? સિદ્ધનો 'सि' ન લેતાં 'અશરીરી' શબ્દનો 'अ' લેવામાં આવે છે, એટલે તે મૂળ શબ્દ નહિ પણ પર્યાયશબ્દ થયો. એ રીતે પર્યાયશબ્દ ઉચિત ગણાય?

**ઉત્તર**-ૐકાર એ લોકમાં પરમેશ્વરવાચક મંત્ર તરીકે પ્રસિદ્ધ છે અને તેના ઉચ્ચારણ વડે ઈશ્વરની ઉત્કૃષ્ટ સ્તુતિ

થાય છે, એમ મનાય છે. લોકમાં ૐકારની જેમ જૈન આગમોમાં મહામંત્ર તરીકેનું સ્થાન નવકારને પ્રાપ્ત થયેલું છે, તેથી ૐકાર વડે પરમેશ્વરની જેમ પાંચેય પરમેષ્ઠિઓનું સ્મરણ થઈ શકે છે. એ વસ્તુ જણાવવા માટે આદિ અક્ષરોની સંધિ કરીને તે સિદ્ધ કરી બતાવ્યું છે. સંધિ કરવામાં સિદ્ધ અને સાધુના પર્યાય શબ્દ અનુક્રમે 'અશરીરી' અને મુનિને લઈ તેનાં આદિ અક્ષર अ અને म् ને ગ્રહણ કર્યા છે. તેમ કરીને કેવળ શબ્દથી નહિ પણ અર્થથી ૐકાર પંચપરમેષ્ઠિ-વાચક સિદ્ધ કર્યો છે. એ રીતે અર્થને પ્રધાન બનાવીને પર્યાયવાચક શબ્દની સંધિ કરવી એમાં મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ કશો વિરોધ આવતો નથી. તથા શબ્દશાસ્ત્રની દૃષ્ટિએ ગૌણ-પ્રધાનન્યાય અર્થાત્ કોઈ સ્થળે શબ્દની તો કોઈ સ્થળે અર્થની પ્રધાનતા સચવાય છે.

**પ્રશ્ન**–મંત્ર આરાધનથી દેવ પ્રસન્ન થઈ કામ કરે છે, તે રીતે આમાં કયા દેવ પ્રસન્ન થાય છે?

**ઉત્તર**–શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીએ સ્વરચિત સંસ્કૃત શક્રસ્તવના ઉપસંહારમાં કહ્યું છે કે–આ રીતે શ્રી અરિહંત પરમાત્માની સ્તુતિ વડે ચારેય નિકાયના દેવો પ્રસન્ન થાય છે અને પાંચેય પ્રકારના ભૂતો અનુકૂળ બને છે. દુષ્ટોનો ક્ષય અને શિષ્ટોનો જય તથા ઐહિક–આમુષ્મિક અનેક પ્રકારનાં ફળો મળે છે. અંતમાં કહ્યું છે કે–શ્રી જિનસ્તુતિ પરમ મંત્ર-રૂપ છે. તેથી તેના સ્મરણ વડે આરાધકોને સર્વ પ્રકારની અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન**–જો દેવ પ્રસન્ન થયા વગર જ કામ થતાં હોય, તો તે કેવી રીતે ?

**ઉત્તર**–તેની પાછળ વસ્તુસ્વભાવનો નિયમ કાર્ય–કામ કરે છે. કહ્યું છે કે–

**वत्थुसहावो एसो, अउव्वचिंतामणी महाभागो।**
**थोऊणं तित्थयरे, पाविज्जइ बोहिलाभोत्ति ॥१॥**

**અર્થ**–એ વસ્તુનો સ્વભાવ છે કે–અચિંત્ય ચિંતા-મણિ મહાભાગ શ્રી તીર્થંકરભગવંતોની સ્તુતિ કરવાથી બોધિ-લાભની પ્રાપ્તિ થાય છે.

વળી કહ્યું છે કે–

**भत्तीई जिणवराणं खिज्जंति पुव्वसंचिया कम्मा ॥**
**गुणपगरिसबहुमाणो कम्मवणदवाणलो जेण ॥१॥**

**અર્થ**–શ્રી જિનેશ્વરોની ભક્તિ વડે પૂર્વસંચિત કર્મ ક્ષય પામે છે. ગુણપ્રકર્ષનું બહુમાન કર્મરૂપી વનને બાળવા માટે દાવાનળ સમાન છે.

**પ્રશ્ન**–શ્રી નમસ્કાર મહામંત્રથી સાક્ષાત્ ચમત્કારો કયા થાય છે ?

**ઉત્તર**–અહીં ચમત્કારનો અર્થ 'આ જ જન્મમાં મળતાં ફળ' એવો જો કરવામાં આવે, તો નમસ્કારના વિધિપૂર્વક આરાધનથી આ લોકમાં અર્થ, કામ, આરોગ્ય અને અભિરતિ આદિ પ્રાપ્ત થાય છે અને તે પ્રત્યેક ફળ

માટે એકેક કથાનક શ્રી ભદ્રબાહુસ્વામિજીએ શ્રી આવશ્યક-નિર્યુક્તિ મૂળમાં કહેલ છે.

**इह लोए अत्थकामा आरुग्ग अभिरईअ निप्फत्ती।**
**सिद्धी अ सग्गसुकुल पच्चायाई य परलोए ॥१॥**

અર્થપ્રાપ્તિ ઉપર શિવકુમારને સુવર્ણપુરુષની પ્રાપ્તિ, કામસુખ ઉપર સતી શ્રીમતીને સર્પની ફૂલમાળ અને પતિનો પ્રેમ, આરોગ્ય ઉપર જિનદાસ શેઠનું અને અભિરતિ વગેરે ઉપર ભીલ-ભીલડીના કથાનક આપેલાં છે. વર્ત્તમાનકાળમાં આરાધકને પોતાની શ્રદ્ધા અને ભક્તિના પ્રમાણમાં પ્રત્યક્ષ ફળ મળ્યાના અનેક દૃષ્ટાન્તો મોજુદ છે. ઉત્કૃષ્ટ શ્રદ્ધા અને ભક્તિથી નવકાર ગણનારને અત્યારે પણ તત્કાળ સ્વ-અભીષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનું નિવારણ થાય છે જ. કહ્યું છે કે-

**थंभेइ जलं जलणं चिंतियमित्तोवि पंचनवकारो।**
**अरि-मारि-चोर-राउल-घोरुवसग्गं पणासेइ ॥१॥**

**અર્થ**-ચિંતન કરવા માત્રથી પંચ નવકાર જળ અને અગ્નિને થંભાવે છે તથા શત્રુ, મરકી, ચોર તથા રાજ્ય સંબંધી ઘોર ઉપસર્ગોનો નાશ કરે છે.

**પ્રશ્ન**-શ્રી માનતુંગસૂરિજીએ નમસ્કારથી કયા ચમત્કારો કરેલા ?

**ઉત્તર**-મહા પ્રભાવક શ્રી ભક્તામરસ્તોત્રના રચિયિતા શ્રી માનતુંગસૂરિજીએ ૪૪ કાવ્યો વડે ૪૪ બેડીનાં બંધન તોડયાં હતાં. આજે પણ ભક્તામરસ્તોત્રના કલ્પ

પ્રમાણે પ્રત્યેક શ્લોકના મંત્ર અને વિદ્યાનું વિધિપૂર્વક આરાધન કરનારને ચમત્કારિક ફળ મળે છે. દાખલા તરીકે શ્રી ભક્તામરના છટ્ઠા કાવ્યનું રોજ ૧૦૮ વાર છ માસ સુધી અખંડ બ્રહ્મચર્યના પાલનપૂર્વક સ્મરણ કરનારને વાગ્લબ્ધિ અને બુદ્ધિની વૃદ્ધિ થતી અનુભવસિદ્ધ છે.

**પ્રશ્ન**–શ્રી નમસ્કારનો ધ્યાનવિધિ કોઈ આગમમાં બતાવેલો છે?

**ઉત્તર**–ધ્યાનવિધિના ગ્રન્થોમાં તે જોવામાં આવે છે અને તે આગમોક્ત છે. વિદ્યાપ્રવાદ નામના દશમા પૂર્વમાંથી **શ્રી** વજ્રસ્વામી આદિ પૂર્વધર મહાપુરુષોએ તે ઉદ્ધૃત કરેલ છે, એમ શ્રી યોગશાસ્ત્ર આદિમાં કહેલ છે.

**પ્રશ્ન**–શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયમાં નમસ્કારના ધ્યાનવિધિ અંગે એકતા છે કે ભિન્નતા? જો હોય તો કયી બાબતોમાં?

**ઉત્તર**–શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયની ધ્યાનવિધિના મૂળમાં ખાસ ભેદ જણાતો નથી. આચાર્ય શ્રી શુભચંદ્રાચાર્યકૃત જ્ઞાનાર્ણવ અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિકૃત યોગશાસ્ત્રમાં પીંડસ્થ, પદસ્થ આદિ ધ્યાનોનું સ્વરૂપ સમાન રીતિએ વર્ણવેલું છે અને તે પ્રમાણે બંને સંપ્રદાયોમાં ધ્યાનવિધિ ચાલુ છે. ધ્યાનના અધિકારી પુરુષોનાં લક્ષણ આદિ પણ બંને સંપ્રદાયોમાં સમાન રીતે દર્શાવેલા છે. છતાં શ્વેતાંબર સંપ્રદાયમાં ધ્યાનવિધિ માટે સાધકની યોગ્યતા ઉપર વિશેષ ભાર આપવામાં આવ્યો છે અને

પ્રમત્ત ગુણસ્થાનક પર્યંત નિરાલંબન ધ્યાનનો શ્રી ગુણસ્થાન ક્રમારોહ આદિ ગ્રંથોમાં સ્પષ્ટ નિષેધ કર્યો છે. માત્ર તેની ભાવના કરવાનું ફરમાવ્યું છે. જ્યારે દિગંબર સંપ્રદાયના પરમાત્મપ્રકાશ આદિ ધ્યાનગ્રન્થોમાં નિરાલંબન ધ્યાન ઉપર વિશેષ ભાર દેખાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપના ધ્યાન માટે વારંવાર પ્રેરણા કરાયેલી દેખાય છે.

**પ્રશ્ન**–ચૂલિકા એ ફલશ્રુતિ છે, એ નિર્વિવાદ છે. તેની ગણના મંત્ર તરીકે શી રીતે થાય ? આવી રીતે બીજી કોઈ ફલશ્રુતિની ગણના મંત્ર તરીકે થાય છે ખરી ?

**ઉત્તર**–પર્વતનું શિખર જેમ પર્વતથી અલગ નથી અથવા મસ્તકની શિખા જેમ મસ્તકથી જુદી નથી, તેમ મંત્રની ચૂલિકા મંત્રથી ભિન્ન નથી. શ્રી દશવૈકાલિક અને શ્રી આચારાંગસૂત્રની ચૂલિકાઓ જેમ મૂળ ગ્રન્થોથી જુદી નથી, તેમ શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકા શ્રી નમસ્કાર મહામંત્રથી અલગ નથી. શ્રી મહાનિશીથસૂત્રમાં શ્રી નમસ્કાર મહામંત્રને આઠ અધ્યયનાત્મક પંચમંગલ મહાશ્રુતસ્કંધ કહેલ છે. તેમાં પાંચ અધ્યયન મૂળ મંત્રના અને ત્રણ અધ્યયન ચૂલિકાના મળીને આઠ અધ્યયન કહ્યા છે અને પ્રત્યેક અધ્યયનના એક એક આયંબિલને નમસ્કારના ઉપધાનમાં જુદાં જુદાં કરવાનાં કહ્યા છે. લોગસ્સસૂત્રમાં પણ ફલશ્રુતિ સાથે જ ચતુર્વિંશતિ સ્તવની રચના છે. લોગસ્સના કલ્પમાં ફલશ્રુતિની ગાથાઓને પણ મંત્રસ્વરૂપ માનીને તેના કલ્પો અને ફલાદેશો બતાવ્યા છે.

**પ્રશ્ન**–નમસ્કારમાંથી 'असिआउसा' એ વિદ્યાનો ઉદ્ધાર થયેલો છે. તે એનાં પાંચ પદોને પુષ્ટિ આપે છે. જો આખો મંત્ર હોત, તો 'ए स मं प' એ ( ચૂલિકાના આદ્ય અક્ષરો ) પણ એમાં લીધા હોત, એમ નથી લાગતું ?

**ઉત્તર**–જેમ 'असिआउआ'ને સ્વતંત્ર મંત્ર માનેલ છે, તેમ ચૂલિકાના આદિ અક્ષરોને સ્વતંત્ર મંત્ર માનેલ નથી. પરંતુ ચૂલિકાના ૩૩ અક્ષરોનું 'કર્ણિકા સહિત બત્રીશ પાંખડીનું કમલ બનાવીને' ધ્યાન કરવાનું વિધાન શ્રી નમસ્કાર પંજિકા આદિ ગ્રન્થોમાં મળે છે. એટલે ચૂલિકાના તેત્રીશેય અક્ષરોને મંત્રસ્વરૂપ માનેલાં છે, એમ સિદ્ધ થાય છે.

卐

સર્વ શુભ પ્રયત્નોની સિદ્ધ પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રની અર્થભાવનામાં છે. મહામંત્રના અર્થની ભાવના સર્વ સિદ્ધિઓનું બીજ અને સર્વ અનુષ્ઠાનોનો પ્રાણ છે.

# મંગલ માર્ગદર્શન

જાપ કરનાર સાધકે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું સ્વરૂપ ગુર્વાદિ પાસેથી સારી રીતે સમજી લેવું અને તેને વારંવાર ચિંતન-મનન કરીને પોતાના નામની જેમ કે-વ્યાકરણના સૂત્રની જેમ આત્મસાત્ કરી લેવું. પોતાનું નામ લેતાંની સાથે જેમ પોતાનું સમગ્ર સ્વરૂપ ખ્યાલમાં આવે છે તથા વ્યાકરણનું સૂત્ર બોલતાં જેમ તેનો અર્થ ઉપસ્થિત થાય છે, તેમ જાપ કરતી વખતે મંત્રના અક્ષરોનો અર્થ પોતાના મનની સમક્ષ આવીને ઉભો રહેવો જોઇએ.

શ્રી પરમેષ્ઠિ ભગવંતોનો આપણા ઉપરનો પરમ ઉપકાર તથા તેઓના આપણે કેટલા બધા ઋણી છીએ, તેનો ખ્યાલ જાપ કરનારે સતત રાખવો જોઈએ.

"શ્રી પરમેષ્ઠિ ભગવંતોનું આલંબન ન મળવાના કારણે ભૂતકાળમાં અનંતા ભવભ્રમણ કરવાં પડયાં, તેનો અંત આજે તેઓના અવલંબનથી આવી રહ્યો છે!" તેનો હર્ષ ધારણ કરવો.

જાપનો સમય, સ્થાન, વસ્ત્ર અને બીજાં ઉપકરણો એક જ રાખવાં જોઈએ, વારંવાર તેમાં ફેરફાર કરવો નહિ અને તેને બીજા કામમાં વાપરવાં નહિ.

જાપ નિયમિતપણે, પવિત્ર અને એકાન્ત સ્થળમાં, પૂર્વ અગર ઉત્તરદિશા સન્મુખ, તેમજ મકાનની સૌથી નીચેની ભૂમિકા ઉપર કરવો.

જાપ વખતે કાયા અને વસ્ત્રની શુદ્ધિની સાથે મનનું તથા વાણીનું મૌન પૂરેપૂરૂં જાળવવા પ્રયાસ કરવો.

જાપ શરૂ કરતાં પહેલાં 'વજ્રપંજરસ્તોત્ર' વડે આત્મરક્ષા કરવી.

જાપ કરતાં પહેલાં સર્વ જીવો સાથે મૈત્રી–પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવના ચિંતવવી અને પછી જાપ શરૂ કરવો. જાપ પૂર્ણ થયા બાદ પણ એ ચાર ભાવનાઓ વિચારવી.

જાપનો ઉદ્દેશ પહેલાથી સ્પષ્ટ અને નક્કી કરી લેવો. 'સર્વ જીવરાશિનું હિત થાઓ,' 'સર્વ જીવોને પરમાત્મ-શાસનના રસિયા બનાવું.'–આ ઉદ્દેશ સર્વથી શ્રેષ્ઠ છે. ભવ્ય આત્માઓ મુક્તિને પામો, સંઘનું કલ્યાણ થાઓ, મારો આત્મા કર્મમુક્ત થાઓ, વિષય અને કષાયની પરવશતાથી હું જલ્દી મૂકાઉં, વગેરે ઉદ્દેશોમાંથી કોઈ પણ પ્રશસ્ત ઉદ્દેશ નક્કી કરવો.

સાધકે એ પણ નક્કી કરવું કે–'મારા આ ઉદ્દેશની જે સફળતા થવાની હોય, તે આ જાપના પ્રભાવે જ થવાની છે; બીજા કોઈ પણ સાધનથી નહિ.' જેમ જેમ સફળતા દેખાતી જાય, તેમ તેમ સમર્પણભાવ અધિક કેળવતા જવું.

જાપનું જઘન્ય પ્રમાણ એટલું નક્કી કરી રાખવું કે–જીવનના અંત સુધી તેટલી સંખ્યાથી ઓછો જાપ કદિ પણ થાય નહિ. તેનાથી અધિક થઈ શકે પણ ઓછો તો નહિ જ.

જાપની સંખ્યા કેટલી થઈ તેનું ધ્યાન રાખવા સાથે

જાપમાં ચિત્તની એકાગ્રતા કેટલી થઈ, તેનું પણ ધ્યાન સતત રાખવું.

હૃદયરૂપી પુસ્તકના કોરા કાગળ ઉપર ધ્યાનરૂપી કલમ વડે પોતાના નામની જેમ શ્રી પંચપરમેષ્ઠિના નામને લખતા હોઈએ, તેવી એકાગ્રતાથી જાપ કરવો. શરૂઆતમાં જો આવી એકાગ્રતા ન આવે, તો પણ ધ્યેય તે જ રાખવું, કે જેથી પ્રતિદિન સ્થિરતા વધતી જશે.

'જાપથી અન્ય કાર્ય થાય કે ન થાય, પણ હૃદયશુદ્ધિ તો થઈ જ રહી છે, અને હૃદયશુદ્ધિના પરિણામે બુદ્ધિ નિર્મળ બની રહી છે.'—એમ સતત વિચારવું. 'બુદ્ધિ નિર્મળ થવાથી સર્વ પુરુષાર્થોની સિદ્ધિ થાય છે.'—એવું શાસ્ત્રવાક્ય સદા સ્મરણપથમાં રાખવું. બુદ્ધિને નિર્મળ કરવાનું ધ્યેય જાપ વડે અવશ્ય પાર પડે છે, એવી શ્રદ્ધા રાખવી.

જાપ કરનાર સાધકે વિષયોને વિષવૃક્ષ જેવા માનવા, સંસારના સમાગમોને સ્વપ્નવત્ જોવા, પોતાની વર્ત્તમાન અવસ્થાને સંસારનાટકનો એક પાર્ટ (Part) માનવો, તેમજ શરીરને કેદખાનું અને ઘરને મુસાફરખાનું માનવું. આ રીતે અનિત્યાદિ ભાવનાઓથી પોતાના આત્માને ભાવિત કરવો.

શ્રી નવકારમંત્રનો જાપ કરવાથી આત્મામાં શુભ કર્મનો આશ્રવ થાય છે, અશુભ કર્મનો સંવર થાય છે, પૂર્વકર્મની નિર્જરા થાય છે, લોકસ્વરૂપનું જ્ઞાન થાય છે, સુલભબોધિપણું મળે છે અને શ્રી સર્વજ્ઞકથિત ધર્મની ભવોભવ પ્રાપ્તિ કરાવનાર પુણ્યાનુબંધી પુણ્યકર્મ ઉપાર્જન થાય છે, ઈત્યાદિ શુભ ભાવનાઓ ચિત્તમાં નિરંતર રમ્યા કરે તેવા પ્રયત્નો કરવા.

卐

॥ अर्हं ॥

॥ नमः श्रीजिनप्रवचनाय ॥

॥ नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ॥

# પરમેષ્ઠિ નમસ્કાર

# પ
# રિ
# શિ
# ષ્ટો

# પરિશિષ્ટ પહેલું

## શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર

नमो अरिहंताणं- १
नमो सिद्धाणं- २
नमो आयरियाणं- ३
नमो ऊवज्झायाणं- ४
नमो लोए सव्वसाहूणं- ५
एसो पंचनमुक्कारो- ६
सव्वपावप्पणासणो- ७
मंगलाणं च सव्वेसिं- ८
पढमं हवइ मंगलं- ९

[ પદ-૯, સંપદા (વિશ્રાંતિસ્થાન)-૮, ગુરુ-૭, લઘુ-૬૧, કુલ અક્ષર ૬૮ ]

**અર્થ**-અરિહંતોને નમસ્કાર થાઓ ! સિદ્ધોને નમસ્કાર થાઓ ! આચાર્યોને નમસ્કાર થાઓ ! ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ ! લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર થાઓ !

આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપોનો મૂળથી નાશ કરનાર અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ થાય છે.

# પરિશિષ્ટ બીજું

## श्री आत्मरक्षाकरं वज्रपञ्जराख्यं महास्तोत्रम्

[શ્રી નમસ્કાર મહામંત્રનો વિધિપૂર્વક જાપ કરનાર મહાનુભાવ પુણ્યાત્માએ, જાપના પ્રારંભમાં આ સ્તોત્ર વડે મુદ્રાઓ સહિત સ્વશરીરની રક્ષા કરવી. મુદ્રાઓ ગુરુગમથી શીખી લેવી. આત્મરક્ષાપૂર્વક જાપ કરવાથી અનેક ફાયદાઓ થાય છે.]

**ॐ परमेष्ठिनमस्कारं, सारं नवपदात्मकम् ।**
**आत्मरक्षाकरं वज्र-पञ्जराभं स्मराम्यहम् ॥ १ ॥**

**ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितम् ।**
**ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटं वरम् ॥ २ ॥**

**ॐ नमो आयरियाणं, अङ्गरक्षातिशायिनी ।**
**ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दृढम् ॥ ३ ॥**

**ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे ।**
**एसो पंचनमुक्कारो, शिला वज्रमयी तले ॥ ४ ॥**

**सव्वपावप्पणासणो, वप्रो वज्रमयो बहिः ।**
**मंगलाणं च सव्वेसिं, खादिराङ्गारखातिका ॥ ५ ॥**

**स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवइ मंगलं ।**
**वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ॥ ६ ॥**

महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी ।
परमेष्ठिपदोद्भूता, कथिता पूर्वसूरिभिः ॥७॥
यश्चैवं कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा ।
तस्य न स्याद्भयं व्याधि–राधिश्चापि कदाचन ॥ ८ ॥

**ભાવાર્થ**–નવપદસ્વરૂપ જગતના સારભૂત આ પરમેષ્ઠિ નમસ્કાર આત્મરક્ષા કરવા માટે વજ્રના પંજર સમાન છે, તેનું હું સ્મરણ કરું છું. (૧)

'ॐ नमो अरिहंताणं ।' આ મંત્ર મુગટરૂપે મસ્તકે રહેલો છે એમ જાણવું. (રક્ષા કરતી વખતે મસ્તકે હાથ સ્પર્શવો.)

'ॐ नमो सिद्धाणं ।' આ મંત્ર મુખ ઉપર શ્રેષ્ઠ વસ્ત્ર તરીકે રહેલો છે એમ જાણવું. (બોલતાં મુખ ઉપર હાથ સ્પર્શવો.) (૨)

'ॐ नमो आयरियाणं ।' આ મંત્રને અતિશાયી અંગરક્ષક તરીકે જાણવો. (બોલતાં શરીર ઉપર હાથ સ્પર્શવો.)

'ॐ नमो उवज्झायाणं ।' આ મંત્રને હાથમાં રહેલા મજબૂત આયુધ (શસ્ત્ર) તરીકે સમજવો. (બોલતાં બે હાથમાં શસ્ત્ર પકડવાની ચેષ્ટા કરવી.) (૩)

'ॐ नमो लोए सव्वसाहूणं ।' આ મંત્રને પગમાં રહેલી મંગલકારી મોજડીઓ જાણવી. (બોલતાં બે પગ નીચે હાથ સ્પર્શવો.)

'एसो पंचनमुक्कारो।' આ મંત્રને પાદતળે રહેલી વજ્રની શિલાના સ્થાને સમજવો. (બોલતાં જે આસન ઉપર બેઠા હોય, તેને હાથથી સ્પર્શ કરતાં મનમાં વિચારવું કે–હું વજ્રશિલા ઉપર બેઠો છું, કે જેથી જમીનમાંથી કે પાતાલ લોકમાંથી મને કોઈ વિઘ્ન થઈ શકશે નહિ.) (૪)

'सव्व–पावप्पणासणो।' આ મંત્રને ચારેય દિશાઓમાં વજ્રમય કિલ્લો જાણવો. (બોલતાં એમ વિચારવું કે–મારી ચારેય તરફ વજ્રનો કોટ છે. બે હાથથી ચારેય બાજુ કોટની કલ્પના કરતાં અંગુલિ ફેરવવી.)

'मंगलाणं च सव्वेसिं।' આ મંત્રને ખેરના અંગારાની ખાઈ સમજવી. (બોલતી વેળા વિચારવું કે–વજ્રના કોટની બહાર ચારેય બાજુ ખાઈ ખોદેલી છે.) (૫)

'पढमं हवइ मंगलं।' આ મંત્રને કિલ્લા ઉપર વજ્રમય ઢાંકણ સમજવું. (બોલતી વેળા વિચારવું કે–વજ્રમય કોટ ઉપર આત્મરક્ષા માટે વજ્રમય ઢાંકણ રહેલું છે.) [આ પદને અંતે 'स्वाहा' મંત્ર પણ સમજી લેવો.] (૬)

પરમેષ્ઠિ પદોથી પ્રગટ થયેલી મહા પ્રભાવશાળી આ રક્ષા 'સર્વ ઉપદ્રવોને નાશ કરનારી છે, એમ પૂર્વાચાર્યોએ કહેલું છે. (૭)

પરમેષ્ઠિ પદો વડે આ રીતે જે નિરંતર આત્મરક્ષા કરે છે, તેને કોઈ પણ પ્રકારના ભય, શારીરિક વ્યાધિ અને માનસિક પીડાઓ કદી પણ થતી નથી. (સર્વ ઉપદ્રવોનો નિવારક આ મંત્ર છે.) (૮)

卐

# પરિશિષ્ટ ત્રીજું

## શ્રી મહાનિશીથ સૂત્રોક્ત નામગ્રહણનો વિધિ અને ફળ

नामं पि सयलकम्मट्ठ–मलकलंकेहिं विप्पमुक्काणं ।
तियसिंदच्चियचलणाणं, जिणवरिंदाण जो सरइ ॥१॥

तिविहकरणोवउत्तो, खणे खणे सीलसंजमुज्जुत्तो ।
अविराहियवयनियमो, सो विहु अइरेण सिज्झिज्ज ॥२॥

**અર્થ**–સકલ અષ્ટ કર્મરૂપી મલના કલંકથી સર્વથા મુક્ત થયેલા અને દેવેન્દ્ર વડે પૂજાયેલા છે ચરણકમળો જેઓના, એવા શ્રી જિનવરેન્દ્રોના નામનું પણ જેઓ ત્રણ પ્રકારના કરણો (મન–વચન–કાયા) વડે ઉપયુક્ત (સાવધાન) થઈને, પ્રતિક્ષણ શીલ અને સંયમમાં ઉદ્યુક્ત રહીને અને વ્રત તથા નિયમની વિરાધનાથી બચી જઈને સ્મરણ કરે છે, તેઓ અલ્પકાળમાં જ સિદ્ધિગતિને પામે છે. (૧–૨)

–શ્રી મહાનિશીથ સૂત્ર–અ૦ ૨

卐

શ્રી જિનેશ્વરનું નામ કામવાસનાનો નાશ કરવા સાથે સર્વ કામનાઓને પૂર્ણ કરે છે.

# પરિશિષ્ટ ચોથું

## આચાર્યપુરંદર શ્રી હરિભદ્રસૂરિવિરચિત

## શ્રી નમસ્કારનો મહિમા અને જપનું વિધાન

[૧]

मूलम्–अक्षरद्वयमप्येतच्छ्रूयमाणं विधानतः ।
गीतं पापक्षयायोच्चैर्योगसिद्धैर्महात्मभिः ॥४०॥
–योगबिन्दौ ।

टीका–अक्षरद्वयमपि किं पुनः पञ्चनमस्कारादीन्यनेकान्यक्षराणीत्यपि शब्दार्थः । एतत् 'योग' इति शब्दलक्षणं 'श्रूयमाणम्'–आकर्ण्यमानम् । तथाविधाऽर्थानवबोधेऽपि 'विधानतो' विधानेन–श्रद्धासंवेगादिशुद्धभावोल्लासकरकुड्मलयोजनादिलक्षणेन । 'गीतम्' उक्तं 'पापक्षयाय' मिथ्यात्वमोहाद्यकुशलकर्मनिर्मूलनायोच्चैरत्यर्थम् । कैर्गीतमित्याह–'योगसिद्धैः' योगः सिद्धो निष्पन्नो येषां ते तथा, तैर्जिनगणधरादिभिः 'महात्मभिः' प्रशस्तभावैरिति ॥४०॥

**મૂળનો અર્થ**–'યોગ' એવા આ બે અક્ષરો પણ જો વિધાનપૂર્વક સાંભળવામાં આવે, તો અત્યંત પાપક્ષયને માટે થાય છે, એમ યોગસિદ્ધ મહાપુરુષોએ કહેલું છે. (૪૦)

**ટીકાનો અર્થ**–બે અક્ષરો પણ, અર્થાત્ પંચનમસ્કારાદિ અનેક અક્ષરોનું તો કહેવું જ શું ? 'યોગ' એવા માત્ર

એ અક્ષરોને જ, તેવા પ્રકારનો તેનો અર્થ ન જાણવા છતાં, જો શ્રદ્ધા–સંવેગાદિ શુદ્ધ ભાવોલ્લાસપૂર્વક અને બે હાથ જોડવાપૂર્વક સાંભળવામાં આવે, તો તે મિથ્યાત્વમોહ આદિ અકુશલ કર્મનું અત્યંત નિર્મૂલન કરનાર થાય છે, એમ યોગ જેઓને સિદ્ધિને માટે (સિદ્ધ) થયો છે, એવા શ્રી જિનેશ્વર–ગણધરાદિ મહાપુરુષોએ કહ્યું છે. (૪૦)

[ २ ]

मूलम्–मासोपवासमित्याहुर्मृत्युघ्नं तु तपोधनाः ।
मृत्युञ्जयजपोपेतं, परिशुद्धं विधानतः ॥१३४॥

–योगबिन्दौ ।

टीका–'मासोपवासं' मासं यावदुपवासो यत्र तत्तथा इत्येतत् 'आहुः' उक्तवन्तः । 'मृत्युघ्नं तु' मृत्युघ्ननामकं पुनस्तपः। 'तपोधनाः' तपःप्रधानाः मुनयः । 'मृत्युञ्जयजपोपेतं' पञ्चपरमेष्ठिनमस्कारादिरूपं मृत्युञ्जयसंज्ञमन्त्रस्मरणसमन्वितं। 'परिशुद्धम्' इहलोकाशंसादिपरिहारेण । 'विधानतः' कषायनिरोध–ब्रह्मचर्य–देवपूजादिरूपाद्विधानात् ॥ १३४॥

**મૂળનો અર્થ**–મૃત્યુંજય જપથી સહિત પરિશુદ્ધ વિધાનપૂર્વક કરેલો માસોપવાસનો તપ મૃત્યુઘ્ન એટલે મૃત્યુને હણનાર થાય છે, એમ તપોધન મહાપુરુષો ફરમાવે છે.

**ટીકાનો અર્થ**–શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારાદિરૂપ **મૃત્યુંજય** નામક મંત્રના સ્મરણ સહિત, 'પરિશુદ્ધ' એટલે ઈહલોકની આશંસાદિ દોષોરહિત અને 'વિધાનપૂર્વક'

એટલે કષાયનિરોધ, બ્રહ્મચર્ય, દેવપૂજાદિ રૂપ વિધિના પાલનપૂર્વક, એક મહિના સુધી લાગટ ઉપવાસ કરવામાં આવે, તેને તપપ્રધાન મહા મુનિઓ **મૃત્યુઘ્નતપ** કહે છે. (૧૩૪)

[ ૩ ]

**आदिकर्मकमाश्रित्य, जपो ह्यध्यात्ममुच्यते ।**
**देवतानुग्रहाङ्गत्वादतोऽयमभिधीयते ॥३८०॥**

**जपः सन्मन्त्रविषयः, स चोक्तो देवतास्तवः ।**
**दृष्टः पापापहारोऽस्माद्विषापहरणं यथा ॥३८१॥**

**देवतापुरतो वाऽपि, जले वाऽकलुषात्मनि ।**
**विशिष्टद्रुमकुञ्जे वा, कर्तव्योऽयं सतां मतः ॥३८२॥**

**पर्वोपलक्षितो यद्वा, पुत्रंजीवकमालया ।**
**नासाग्रस्थितया दृष्टया, प्रशान्तेनाऽन्तरात्मना ॥३८३॥**

**विधाने चेतसो वृत्तिस्तद्वर्णेषु तथेष्यते ।**
**अर्थे चाऽऽलम्बने चैव, त्यागश्चोपप्लवे सति ॥३८४॥**

**मिथ्याचारपरित्याग, आश्वासात्तत्र वर्तनम् ।**
**तच्छुद्धिकामता चेति, त्यागोऽत्यागोऽत्यमीदृशः॥३८५॥**

**यथाप्रतिज्ञमस्येह, कालमानं प्रकीर्तितम् ।**
**अतो ह्यकरणेऽप्यत्र, भाववृत्तिं विदुर्बुधाः ॥३८६॥**

**मुनीन्द्रैः शस्यते तेन, यत्नतोऽभिग्रहः शुभः ।**
**सदाऽतो भावतो धर्मः, क्रियाकाले क्रियोद्भवः ॥३८७॥**

**–योगबिन्दौ ।**

**અર્થ**–ધાર્મિક પુરુષનું પ્રધાન લક્ષણ (કર જપાદિ રૂપ) જપ છે. એ પણ અધ્યાત્મ કહેવાય છે. જે દેવતાનો જપ કરવામાં આવે, તે દેવતાના અનુગ્રહનું તે અંગ છે. એ કારણે હવે જપને કહીએ છીએ. (૩૮૦)

જપનો વિષય વિશિષ્ટ મંત્ર છે. તે મંત્ર દેવતાની સ્તુતિરૂપ હોય છે. દેવતાની સ્તુતિરૂપ વિશિષ્ટ મંત્રના (પુનઃ પુનઃ પરાવર્તનરૂપ) જપથી પાપનો અપહાર થાય છે. જેમ તેવા પ્રકારના મંત્રોથી (સ્થાવર–જંગમ) વિષનો અપહાર થતો પ્રત્યક્ષ દેખાય છે. (૩૮૧)

આ જપ દેવતાની સન્મુખ અથવા સ્વચ્છ જળવાળા જળાશયોની આગળ અથવા પત્રો, પુષ્પો અને ફળોથી લચેલાં વૃક્ષોવાળા વનપ્રદેશની અંદર કરવા માટે સત્પુરુષોની આજ્ઞા છે. (૩૮૨)

હાથની આંગળીઓ ઉપર, રૂદ્રાક્ષ નામક વૃક્ષના ફળની માળા ઉપર કે નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરીને તથા અંતરાત્માથી શાન્ત થઈને, (૩૮૩)

મંત્રોના અક્ષરોને વિષે, અર્થને વિષે અને પ્રતિમાદિ આલંબનને વિષે ચિત્તની વૃત્તિ પરોવવી. જ્યારે ચિત્તની વિપરીત ગતિ થવા લાગે, ત્યારે જપનો ત્યાગ કરવો. (૩૮૪)

વ્યાકુળ ચિત્ત વખતે જપનો ત્યાગ કરવાથી (અંદરથી અશાન્ત છતાં બહારથી શાન્ત આકાર કરવારૂપ) માયાચારનો ત્યાગ થાય છે તથા વિશ્રાંતિ લેવાથી જપમાં સારી રીતે

પ્રવૃત્તિ થાય છે. એ રીતે શુદ્ધિની કામનાથી કરેલો ત્યાગ એ અત્યાગ છે. (૩૮૫)

(બે ઘડી આદિ) જેટલા કાળ માટે પ્રતિજ્ઞા લીધી હોય, તેટલા કાળપ્રમાણ જપ કરવો. પ્રતિજ્ઞા કરવાથી જપ સિવાયના કાળે પણ જપમાં મનોવૃત્તિ કાયમ રહે છે, એમ બુધ પુરુષો કહે છે. (૩૮૬)

(જપ સિવાયના કાળે પણ શુભ વૃત્તિ રહેતી હોવાથી) મહા મુનિઓએ પ્રતિજ્ઞા લેવા રૂપ અભિગ્રહને વખાણ્યો છે. અભિગ્રહ વડે ભાવરૂપ ધર્મ થાય છે અને ક્રિયાકાળે ક્રિયાથી (પણ) ધર્મ થાય છે. (માટે અભિગ્રહને વખાણ્યો છે.) (૩૮૭)

卐

જન્મ સમયે જો નવકારને ભણવામાં આવે, તો તે જન્મ પામ્યા બાદ બહુ ઋદ્ધિને આપનારો થાય છે; જો મૃત્યુ સમયે ગણવામાં આવે, તો મરણ બાદ તે સુગતિને આપનારો થાય છે; જો આપત્તિ વખતે ગણવામાં આવે, તો તે સેંકડો આપત્તિઓનું ઉલ્લંઘન કરાવનારો થાય છે; અને જો ઋદ્ધિ વખતે ગણવામાં આવે, તો તે ઋદ્ધિને વિસ્તારે છે.

# પરિશિષ્ટ પાંચમું

## નમસ્કારના અર્થની ભાવના યાને નમસ્કારનો બાલાવબોધ.

### [૧]

**આ** બાલાવબોધના કર્ત્તા કોણ છે તે નિર્ણય થઈ શકતો નથી, તો પણ એક સમર્થ જ્ઞાની અને શ્રદ્ધાળુ આત્માની એ કૃતિ છે, એમ તેને વાંચતાં જ સમજાઈ જાય છે. તેમાં 'વિ. સં. ૧૭૨૮ વર્ષે ચૈત્ર સુદ ૮ ભોમે ગણી શ્રી તિલકવિજય વાચનાર્થં'–એમ અંતે લખેલું હોવાથી, તેથી પણ પ્રાચીન છે એ નિઃશંક છે. રાધનપુર પાસેના સાંતલપુર ગામમાં પૂ. પં. શ્રી મુક્તિવિજય ગણિવરના ભંડારની હસ્તલિખિત પ્રતનો આ ઉતારો છે. નમસ્કારના જપની સાથે જો તેના અર્થની ભાવના કરવામાં આવે, તો તે જપ શીઘ્ર ફળદાયી થાય છે. આરાધકોને **શ્રી પરમેષ્ઠિ નમસ્કાર**ના અર્થની શાસ્ત્રોક્ત ભાવના કરવા માટે આ બાલાવબોધ ઘણો ઉપયોગી નીવડે તેવો છે. તેમાં વર્ણવેલી વસ્તુ વિશુદ્ધ ગુરુપરંપરાથી પ્રાપ્ત છે અને આજ સુધી અવિચ્છિન્ન પ્રવાહથી ચાલી આવેલી સંઘમાન્ય છે. ભાષા પ્રાસાદિક છે અને વાંચતાં જ આહ્લાદ ઉત્પન્ન કરે તેવી છે. નવેય પદોનો શાસ્ત્રોક્ત અર્થ જાણવાનું પ્રમાણભૂત સાધન હોવાથી અહીં તેને અક્ષરશઃ મૂળ ભાષામાં જ લીધી છે.

## । श्री शंखेश्वर-पार्श्वनाथाय नमः ।

'नमो अरिहंताणं' 'મારો નમસ્કાર શ્રી અરિહંતને હો !' જે શ્રી અરિહંત ભગવંતો ૩૪ અતિશય સહિત, ૩૫ વચનાતિશય પરિકલિત, ૧૮ દોષ અદૂષિત (તે ૧૮ દોષો અનુક્રમે ૫-અંતરાય, હાસ્યાદિ ષટ્ક, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, રાગ અને દ્વેષ), અષ્ટ મહાપ્રાતિહાર્ય સહિત, (તે પ્રાતિહાર્યો (૧) બારગુણું ઉંચું અશોક વૃક્ષ, (૨) કુસુમની વૃષ્ટિ, (૩) પરમેશ્વરની વાણી યોજન લગી ગુહરી ગાજે, (૪) ૨૪ જોડા ચામરો ઢળે, (૫) ચાર સુવર્ણમય સિંહાસન, (૬) પૂર્વવિભાગે ૧૨ આદિત્ય થકી અધિક તેજે કરી ભામંડળ ઝળહળે, (૭) મસ્તક ઉપર (આકાશમાં) દેવદુંદુભિ વાજે, અને (૮) ઉપરાઉપર ત્રણ ત્રણ છત્ર એવંકારે ચાર દિશામાં ૧૨ છત્ર ધરાવે, એ આઠ પ્રાતિહાર્યો યુક્ત) ત્રણ ગઢ, તેમાં પહેલો ગઢ રત્નમય અને મણિમય કોશીસાં, બીજો ગઢ સુવર્ણમય અને રત્નમય કાંગરા, ત્રીજો ગઢ રજતમય અને સુવર્ણમય કોશીસાં હોય, સુવર્ણમય ભૂપીઠ બાંધીયું, ઉંધે બીંટે પંચવર્ણી ફૂલના પગર. બાર પર્ષદા પૂરાય, તે કેવી ? સાધુ, વૈમાનિક દેવી અને સાધ્વી-એ ત્રણ પર્ષદા આગ્નેય ખૂણે રહે. જ્યોતિષ, ભવનપતિ, વ્યંતર-એ ત્રણેયની દેવીઓ નૈઋત્ય ખૂણે રહે. જ્યોતિષી, ભવનપતિ અને વ્યન્તર-એ ત્રણ દેવો વાયવ્ય ખૂણે રહે અને વૈમાનિક દેવો, પુરુષો અને મનુષ્યની સ્ત્રીઓ-એ ત્રણ ઈશાન ખૂણે, એ રીતે પર્ષદા પૂરાય. ૮૦૦૦૦ પાવડીયાં ચિહું પાસે ત્રણ ત્રણ પોળે, એ પ્રમાણે ૧૨ પોળ,

અપૂર્વ તોરણ, કળાકૃત સમવસરણમાંહી **ત્રિભુવન લક્ષ્મી સહિત, અંતરંગ વૈરીરહિત, વિશ્વાધીશ, પરમ જગદીશ** સુવર્ણમયી કમળે બેઠા, સમસ્ત જીવરાશિ દીઠા, યોજનગામિની વાણી, સર્વભાષાનુસારિણી, અનંત દુઃખનિવારિણી, સકલ સૌખ્યકારિણી, ઇસ્યી વાણીએ ચિહું મુખે ચિહું પ્રકારે પરમેશ્વર ધર્મોપદેશ દેતા, કેવળજ્ઞાન ધરતા, ચૌદ રાજલોકના મસ્તક ઉપર ૪૫ લાખ યોજનપ્રમાણ મુક્તિશિલા તીહાં પહુતા, અંનતબલ, અનંતગુણ, અનંતજ્ઞાન, પુરુષમાંહી ઉત્તમોત્તમ, એવા જિનનું જે નામ તેને નામઅરિહંત કહીએ, જે ત્રિભુવનમાંહી શ્રી વીતરાગની મૂર્તિ તેને સ્થાપના-અરિહંત કહીએ, જે શ્રી શ્રેણીકાદિ મહાપુરુષો (ભાવિ) તીર્થંકર પદવીયોગ્ય જીવ તે દ્રવ્યઅરિહંત કહીએ, જે વિરહમાન પરમેશ્વર શ્રી **સીમંધરસ્વામિ** પ્રમુખ તીર્થંકરો તે ભાવ-અરિહંત કહીએ. એહવા જે અરિહંત અનંતાનંત હુઈઆ, થશે અને થઈ રહ્યા છે, તેહનું ધ્યાન પંચવર્ણ અષ્ટદલ કમલરૂપે ધ્યાઇએ. તે પરી સાંભળો.

નાભિકમળે, તિહાં કમળનું નાળ, તિહાંથી (નાભિથી) વૃદ્ધિ પામી બ્રહ્મપ્રદેશે વિકાસ પામ્યું, અરિહંત શ્વેતવર્ણ જિસ્યું મુક્તાફલનો હાર, જિમ વૈતાઢ્યપર્વત, જિમ પૂર્ણિમાનો ચંદ્ર, જિમ ક્ષીરસમુદ્રનું ફીણ, જિમ સ્ફટિકરત્ન, જિસી સિદ્ધશિલા નિર્મળ, જિસ્યું શ્વેત આતપત્ર (છત્ર), જિસ્યો ઐરાવણ ગજેન્દ્ર, જિમ દેવદૂષ્ય વસ્ત્ર, જિસ્યો દક્ષિણાવર્ત શંખ, જિસ્યું કામધેનુ દૂધ, તિસ્યા પરમેશ્વર

નિર્મળ, દુષ્ટાષ્ટકર્મ ૧૫૮ પ્રકૃતિ રહિત, ઇસ્યા ઉજ્જવળ અરિહંત જે જગન્નાથ આકાશની પરે નિરાલંબ, પૃથ્વીની પરે સર્વંસહ, મેરૂની પરે નિષ્પ્રકંપ, સમુદ્રની પરે ગંભીર, ચંદ્રમાની પરે સૌમ્ય, સૂર્યની પરે તપતેજ, સિંહની પરે અક્ષોભ્ય, બાવનાચંદનની પરે શીતલ, વાયુની પરે અપ્રતિબદ્ધ, ભારંડપક્ષીની પરે અપ્રમત્ત, જગત્ત્રય વંદનિક, મહા મુનીશ્વરને ધ્યાવવાયોગ્ય, કેવળજ્ઞાને કરી ત્રિભુવન દિનકર, ઇસ્યા શ્રી વીતરાગ રહે. 'नमो अरिहंताणं'–એ પદમાં તેમને મારો નમસ્કાર હો.

'नमो सिद्धाणं'–એ પદથી મારો નમસ્કાર શ્રી સિદ્ધોને હો ! જે સિદ્ધો સિદ્ધાન્તે ૧૫ ભેદે કહ્યા છે. (૧) તીર્થંકરસિદ્ધ–ઋષભદેવાદિ, (૨) અતીર્થંકરસિદ્ધ–પુંડરિક-ગણધરાદિ, (૩) તીર્થસિદ્ધ–અનેક ગણધરો, (૪) અતીર્થસિદ્ધ-મરૂદેવા માતા, (૫) ગૃહસ્થલિંગે સિદ્ધ–શ્રી ભરતેશ્વરાદિ, (૬) અન્યલિંગે સિદ્ધ–વલ્કલચિરી, (૭) સ્વલિંગસિદ્ધ–અનેક સાધુઓ. (૮) સ્ત્રીલિંગસિદ્ધ–આર્યા ચંદનબાલાદિ, (૯) પુરુષલિંગસિદ્ધ–અનંત પુરુષો, (૧૦) નપુંસકલિંગ-સિદ્ધ–ગાંગેય, (૧૧) પ્રત્યેકબુદ્ધસિદ્ધ–કરકંડુ, (૧૨) સ્વયં-બુદ્ધસિદ્ધ, (૧૩) બુદ્ધબોધિતસિદ્ધ, (૧૪) એકસિદ્ધ, (૧૫) અનેકસિદ્ધ, જિહાં એક સિદ્ધ છે તિહાં અનંતા સિદ્ધો રહેલા છે. તે શરીરરહિત, સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્ર ધરતા, કેવળજ્ઞાને કરી સર્વ જીવના ભેદાનુભેદ જાણતા, અનંત ગુણ-અનંત બળ–અનંત વીર્ય સહિત, જન્મ–જરા–મરણ–

રોગ–શોક–વિયોગ–આધિ–વ્યાધિપ્રમુખ સકલ દુઃખ થકી મુક્ત, ઈન્દ્ર–ઉપેન્દ્રાદિ સર્વ દેવતાનાં સુખ અને ચક્રવર્તી આદિ મનુષ્યોનાં સુખ, તે એકત્રિત કીજે, તે પિંડ અનંતગુણું કીજે (તો પણ), તે એક સિદ્ધને (સુખને) અનંતમે ભાગે ન આવે. એવા સિદ્ધનાં સુખ આકાશે ન માય. સિદ્ધ થયા, બુદ્ધ થયા, ચૌદરાજને પારે સમય સમય પ્રત્યે અનંતાનંત સુખ ભોગવતાં, જે સિદ્ધ રક્તકાન્તિ ધરતા, જિસ્યું ઉગતો સૂર્ય, હિંગુળનો વર્ણ, દાડિમ જાસુલનું ફૂલ, અર્ધગુંજારંગ, નિષધપર્વત, રક્તોત્પલ કમલ, મરકત રત્ન, ચોળનો રંગ, કંકુનો રોળ, ચુના સહિત તંબોળ, ઇસી રક્તવર્ણે સિદ્ધની પાંખડી ધ્યાઈએ.

સંસ્થાન, સંઘયણ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કે જે સિદ્ધને રહ્યા નથી, ૪૫ લાખ યોજનપ્રમાણ મુક્તિશિલા ઉપર, યોજનના ૨૪મા ભાગમાં અવસ્થાન કરતાં શરીર-રહિત કેવળ તેજઃપુંજાકાર, ત્રૈલોક્યના સાર એવા સિદ્ધો '**नमो सिद्धाणं**'–એ પદમાં રહ્યા છે, તેને મારો નમસ્કાર હો!

'**नमो आयरियाणं**' મારો નમસ્કાર શ્રી આચાર્યોને હો, જે શ્રી આચાર્ય પંચવિધિ આચાર પરિપાળે, રાગ–દ્વેષ અંગ થકી ટાળે, સકલ સિદ્ધાન્ત-સૂત્રના અર્થને જાણે, ભવ્ય જીવ પ્રતિબોધી માર્ગે આણે. દંભરહિત, છત્રીશ ગુણ સહિત, (તે છત્રીશ ગુણ–પાંચ ઇન્દ્રિયને સંવરે. નવ બ્રહ્મચર્યની વાડમાં વસે. ક્રોધ, માન, માયા, લોભ, ૪ કષાય પરિહરે. સર્વ પ્રાણાતિપાત વિરમણવ્રત, સર્વ મૃષાવાદ

વિરમણવ્રત, સર્વ અદત્તાદાન વિરમણવ્રત, સર્વ મૈથુન વિરમણવ્રત, સર્વ પરિગ્રહ વિરમણવ્રત–એ પાંચ મહાવ્રત ધરે. ઈર્યાસમિતિ આદિ અષ્ટપ્રવચનમાતા પરિપાલે. એ ૩૬ ગુણ ધારે.) શુદ્ધ પ્રરૂપક, જ્ઞાન–ક્રિયા–સંયમના આધાર, શ્રી જિનશાસન સાધાર, સકલ વિદ્યા નિધાન યુગપ્રધાન, ગુણગણ-રત્નાકર, મહિમા–મહોદધિ, અતિશય સમુદ્ર, મહા ગીતાર્થ, જ્ઞાનપરમાર્થ, શ્રી સૂરિમંત્રસ્મરણકરણ તત્પર, શ્રી સૂરિવર, તેહનો વર્ણ–જિસ્યો તપાવ્યું સુવર્ણ, હરિદ્રાનો રંગ, આઉલનું ફૂલ, હરિયાલનો વાન, પરિપક્વ સહકારનું ફલ, શિખરીપર્વત, પીતવર્ણરત્ન, તિસ્યા શ્રી આચાર્ય પીળી કાંતિ ધરતા. '**नमो आयरियाणं**' ઇણીપદે શ્રી આચાર્યને મારો નમસ્કાર હો.

'**नमो उवज्झायाणं**' પદથી મારો નમસ્કાર ઉપાધ્યાયને હોજો. શ્રી ઉપાધ્યાય દ્વાદશાંગ સિદ્ધાંત ભણે. (તે કિસ્યાં? શ્રી 'આચારાંગ' આદિ અગીયાર અંગ તથા 'રાજપ્રશ્નીય' આદિ ૧૨ ઉપાંગ, ૧૪ પૂર્વ (તેમાં) પહેલું પૂર્વ જે અંબાડી સહિત હાથી જેવડો મશીનો પૂંજ કીજે, તેટલે ઘોળી "ઉત્પાદ' પૂર્વ લખાય. બીજું 'આગ્રાયણી' પૂર્વ એવા બે હાથીપ્રમાણ મશી હોય (ત્યારે લખાય.) ત્રીજું ચાર હાથીપ્રમાણ (મશીથી), એમ ઉત્તરોત્તર વધતાં ૧૪મું લોકબિંદુસાર લખતાં ૮૧૯૨ હાથીપ્રમાણ મશીનો ઢેર કીજે તો લિખાય.) એ ૧૪ પૂર્વને ધરે, તથા કુશલાનુબંધ, આઉર પચ્ચક્ખાણ, મરણવિધિ, ઈત્યાદિ દશ પયન્ના, ૪ મૂલ-

સૂત્ર, ૭ છેદ, એ સિદ્ધાંત શિષ્યોને ભણાવે અને પોતે ગુણે, જે ઉપાધ્યાય (પોતે) ગુણે કરી આચાર્યપદયોગ્ય, નિર્વિકાર, વિદ્યાના સત્રકાર, શ્રી ઉપાધ્યાય તેહનો વર્ણ, જિસ્યો પાંચીરત્ન, નીલપર્વત, વસંત માસે વનખંડ, અશોકવૃક્ષ, નીલોત્પલ કમલ, નીલા નગીનાનો વીજો, મેઘ ઉઠે મેદિની, નવે અંકુરે નીલવર્ણ, તિસ્યા ઉપાધ્યાય નીલ કાંતિએ કરી દીપ્તિવંત હુંતા. 'नमो उवज्झायाणं'–એ પદમાં શ્રી ઉપાધ્યાયને મારો નમસ્કાર હો!

'नमो लोए सव्वसाहूणं' લોકમાંહી સર્વ સાધુને મારો નમસ્કાર હો! જે સાધુ ૧૬ દોષ ઉત્પાદનના, ૧૬ ઉદ્ગમના, ૧૦ એષણાના, એવં ૪૨ દોષ વિશુદ્ધ આહાર લીએ. સમસ્ત ઇંદ્રિય દમે, સંસારે ન રમે, ૨૨ પરિષહ સહે, નવકલ્પે વિહરતા રહે, જે સાધુ સંસાર થકી ઉપરાંઠા (અળગા) ચાલે, ભવ્ય જીવને મુક્તિસુખ હેલા માત્રમાં આપે, જે મુનીશ્વર તણા ૨૭ ગુણ ધરે, (તે કેવા? વ્રતષટ્ક ધરે, પાંચ ઇંદ્રિય નિગ્રહે, ભાવસત્ય, કરણસત્ય, ક્ષમા, નિર્લોભતા, યથોક્ત ક્રિયાકરણ, મન–વચન–કાયનિરોધ, કાયષટ્ક (રક્ષણ), સંયમયોગ (રમણ), શીતાદિ વેદના સહન, મરણાંત ઉપસર્ગ સહે, એ ૨૭ ગુણયુક્ત હોય.) એવા શાંત–દાંત–કાંત, વૈરાગ્યના સમુદ્ર, સાહસિક શિરોમણિ, ગુણવંતમાંહી અગ્રેસર, સજ્જન, સદા પ્રસન્ન, જીવલોકના બાંધવ, કુગતિરૂપી સમુદ્રના શોષણહાર, કેવળધરા, ઋજુમતિ, વિપુલમતિ, શ્રુતધર, ક્ષીરાસ્રવ, સંભિન્નસ્રોત, કોષ્ઠબુદ્ધિ, ચારણશ્રમણ,

વૈક્રિય, પૈદાનુસારિણી, આશિવિષ, આકાશગામિની, બહુરૂપિણી, અક્ષીણમહાનસીલબ્ધિ, આદિ ૨૮ લબ્ધિના ધરનારા, મોહ, માયા, લોભ, સ્નેહના પ્રતિબંધ ખંડીયા, મહંત, ઉત્તમ સત્પુરુષના ચિન્હને પોતે આચરણ કરી હર્ષ ઉપજાવે, પંચ પ્રકારે વિષય, ૧૬ કષાય, ૯ નોકષાય અને ઘરબાર, કુટુમ્બપરિવાર, હર્ષ, વિષાદ, જેણે મુનીશ્વરે સર્વ પરિહર્યા, સર્વસંગ પરિત્યાગ કરી મોક્ષમાર્ગ સાધે, બિહું પ્રકારે યતિધર્મ–શ્રાવકધર્મ બોલે, તીન રત્ન જ્ઞાન–દર્શન–ચારિત્ર ધરે, ચાર વિકથા છાંડે, પાંચ નિદ્રા ટાળે, પાંચ સમિતિ, પાંચ મહાવ્રત, પાંચ સ્વાધ્યાય, પાંચ જ્ઞાન આરાધે; પંચપરમેષ્ઠિધ્યાતા, પંચમગતિને માટે ઉત્કંઠીયા, અનેક દેવતા, મનુષ્ય, તિર્યંચના કીધા ઉપસર્ગ સહે, છ બાહ્ય, છ અભ્યંતર–એ બારે પ્રકારે તપ કરે, ક્ષમાના ભંડાર, ધર્મના ઢિંગ, પુણ્યે કરી પવિત્ર ગાત્ર, સૂક્ષ્મ–બાદર સર્વ જીવની રક્ષા કરે, આર્ત્ત–રૌદ્ર ધ્યાન દૂરિ છાંડે, ધર્મધ્યાન–શુકલધ્યાન ધરતાં સર્વંસહ, સમ તૃણ–મણિ, સમ લોષ્ઠ–કાંચનં, વાસી ચંદન કલ્પસમાન અને સમશત્રુ–મિત્ર, પરબ્રહ્મસ્વરૂપ ભાવતા, કૃષ્ણકાન્તિ ધરતા, જિસ્યો અરિષ્ટરત્ન, શ્યામ વર્ણ ગજેન્દ્ર, કાજલવાન, સજલમેઘ, કૃષ્ણરાજી વિમાન, તિસ્યા શ્રી સાધુ ગરૂઆ, સત્તર ભેદે સંયમ સેવતાં, સંસારમાર્ગ રૂંધતા, પાંચ ભરત, ઐરવત, મહાવિદેહ પંદર ક્ષેત્રમાંહી જે સાધુ તે 'नमो लोए सव्वसाहूणं' પદમાં રહે છે, તેમને મારો નમસ્કાર હો!

'एसो पंच-नमुक्कारो' આ પરમેષ્ઠિનમસ્કાર કિસ્યો છે?

એ પાંખડી જમણે પાસે નીલાડને કાનની વચ્ચે રાતી–પીળી કાંતિ ધરતા ધ્યાચે.

'सव्व–पावप्पणासणो' એણી જપે અનંતાનંત ભવ પ્રતિ સાત વ્યસન સેવીયા, પંદર કર્માદાન પોષીયા, મિથ્યાત્વ પ્રવર્તાવીયા, અધર્મ કરવે કરી શ્રી જિનધર્મની અવહેલના કીધી, ષટ્કાય અનેક યંત્ર જોહુરવે કરી, બ્રહ્મવ્રત ખંડીવઈ, દીનોદ્ધાર–જિર્ણોદ્ધાર ન કરવો, દાનને અણદેવે, ભાવના ન સેવે, સહસ્ર–લાખ–કોટી–અનંતભવે કર્મ બાંધીયા. તે કીસ્યા છે? જ્ઞાનાવરણ પાંચ ભેદે, તેની ઉત્કૃષ્ટી સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમપ્રમાણ, જિસ્યું ચક્ષુ આગળ પડ, તીસ્યું જ્ઞાનાવરણીય પહેલું જાણવું. બીજું દર્શનાવરણીયના નવ ભેદ, ૩૦ કોડાકોડી સાગર ઉત્કૃષ્ટ સ્થિતિ, પ્રતિહાર સરિખું. ત્રીજું વેદનીયકર્મ, તેના બે ભેદ ૩૦ કોડાકોડી સાગરસ્થિતિ, મધુલિપ્ત, ખડ્ગધારા સદૃશ જાણવું. ચોથું મોહનીયકર્મ ૭૦ કોડાકોડી સાગરોપમપ્રમાણ, તેના ૨૮ ભેદ, મદિરા સરિખું જીવને પરાભવે. પાંચમું આયુકર્મ ચિહુ ભેદે, તેની તેત્રીસ સાગરપ્રમાણ સ્થિતિ હડિસમાન. છઠ્ઠું નામકર્મ, તેહના ૧૦૩ ભેદ, ૨૦ કોડાકોડી સાગરપ્રમાણ સ્થિતિ, ચિત્ર( કાર )સમાન. સાતમું ગોત્રકર્મ તેના બે ભેદ, ૨૦ કોડાકોડી સાગરપ્રમાણ કુંભકાર સરિખું. આઠમું અંતરાયકર્મ ૩૦ કોડાકોડી સાગરસ્થિતિ, તેના પાંચ ભેદ, ભંડારી સરિખું, એવા કર્મ સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત, નિકાચિત, તે કર્મની પ્રકૃતિ કેટલી? બંધ, ઉદય, ઉદીરણા, સત્તા તે ચિહું પ્રકારે છે. તે પ્રકારે ૧૫૮ પ્રકૃતિના

બંધ સબલ તે પાપ જીવને પોહતે છે, તે સઘળાય પાપનો ફેડણહાર છે. એ પદની પાંખડી જમણા કાન પાછલ કોટ વચ્ચે પીલી-નીલી કાંતિ ધરતા ધ્યાઈએ.

વળી એવાં પંચપરમેષ્ઠિ કીસ્યું વર્તે?

**'मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं'** સર્વ માંગલિકમાંહી પ્રથમ માંગલિક છે. તે માંગલિક ઘણા બોલાય, દધિ, દૂર્વા, સિદ્ધાર્થ, અક્ષત, વિવાહ ઉત્સવ પ્રકરણ, બિંબપ્રતિષ્ઠા, પ્રાસાદ, સાધુ, સાધર્મિકવાત્સલ્ય, સંઘવીપદ, એહવા માંગલિકમાંહી શ્રી નવકાર ઉત્કૃષ્ટ માંગલિક છે, એ પાંખડી ડાબા કાન પાછળ કોટ વચ્ચે નીલી-કાલી કાંતિ ધરતા ધ્યાઈએ. જિમ પર્વતમાંહી મેરૂપર્વત, ગજેન્દ્રમાંહી ભદ્રજાતીય, સમુદ્રમાંહી સ્વયંભૂરમણ સમુદ્ર, દેવમાંહી શ્રી વીતરાગદેવ, ગ્રહગણમાંહી ચંદ્રમા, સરોવરમાંહી માનસરોવર, સર્વ આભરણમાંહી મુકુટપ્રધાન, અનેક તીર્થમાંહી શ્રી સિદ્ધક્ષેત્ર, વૃક્ષમાંહી કલ્પવૃક્ષ, કુસુમમાંહી ચંપક, સ્રીમાંહી રંભા, વાજિંત્રમાંહી ભંભા, પર્વમાંહી શ્રી પર્યુષણાપર્વ, વ્રતમાંહી શીલવ્રત, રસમાંહી અમૃત, તિમ મંત્રમાંહી નવકારમંત્ર, રાજાધિરાજ, જેહને પ્રભાવે શાકિની, ડાકિની, ભૂત, પ્રેત, પિશાચ, ઝોટિંગ, મોગા, વ્યંતર, યક્ષ, રાક્ષસ, સિંહ, વ્યાઘ્ર, અષ્ટાપદ, સર્પ પ્રમુખનો ભય ફિટે. અગ્નિના, ઠાકુરના, વૈરિના, ઈહલોકના ભય, પરલોકે નરકના, નિગોદના, તિર્યંચના દુઃખ, હીનજાતિ, હીનકુલ, દારિદ્રય, દૌર્ભાગ્ય, સર્વ રોગનો શમાવણહાર, સમસ્ત વાંછિત, રાજઋદ્ધિ, ભોગસંયોગ, પરિવાર, ધન-ધાન્યની પ્રાપ્તિ, જે

મંત્રથી હોય, જે વાંછે તે પામે, એ પાંખડી કાલી-રાતી કાંતિ ધરતી દીપે.

શ્રી નવકાર, નવપદ, આઠ સંપદ, અડસઠ અક્ષરપ્રમાણ, તેમાંહી ૭ અક્ષર ભારે, ૬૧ અક્ષર હળવા જાણવા. ઇસ્યા શ્રી પંચપરમેષ્ઠિ મહામંત્રમાંહી આકાશગામિની વિદ્યા, સુવર્ણસિદ્ધિ, રૂપસિદ્ધિ, રસસિદ્ધિ છે. ઇસ્યું અષ્ટદલકમલ મન-વચન-કાય સહિત ભાવે એક નવકાર ગુણે, લાખ નવકાર ગુણ્યાનું ફલ પામે. ઇસ્યો શ્રી પંચપરમેષ્ઠિ મહામંત્ર નવકાર જે જીવ સમરઇ, ધ્યાયઇ, ચિંતવઇ, સદૈવ નિરંતર આરાધઇ, તે જીવ સંસારમાંહી ન ભમઇ અને સકલ વાંછિત-સિદ્ધિ ફળ પામઇ.

ઇતિ શ્રી નવકારમહામંત્ર બાલાવબોધ સમાપ્ત. વિ. સં. ૧૭૨૮ વર્ષે ચૈત્ર સુદી ૮ ભોમે લીપિકૃતં-ગણિ તિલકવિજય વાચનાર્થં, શુભં ભવતુ શ્રી સંઘસ્ય, ચિરં જયતુ ઇદં પુસ્તકં 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથપ્રસાદાત્ જિનપ્રસાદાચ્ચ' લેખક-પાઠકયોઃ શ્રી છ શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી ।।

卐

**શ્રી નમસ્કાર મહામંત્ર સર્વ રક્ષકોનો પણ રક્ષક છે.**

# પરિશિષ્ટ છઠ્ઠું

## શ્રી પંચપરમેષ્ઠિ બાલાવબોધ.

### [૨]

**શ્રી જિનાય નમઃ**

'नमो अरिहंताणं' માહરો નમસ્કાર શ્રી અરિહંત ભગવંતને થાઓ. કિસ્યા છે તે શ્રી અરિહંત? જે અરિહંતે રાગ-દ્વેષરૂપી વઈરી જીત્યા છે, અનઈ અઢારે દોષે રહિત છે. કિસ્યા છે તે અઢાર દોષ?

**अन्नाण कोह मय माण लोभ माया रइ य अरइय।**
**निद्दा सोग अलियवयण चोरिय मच्छर भयो य॥१॥**
**पाणिवह पेमकीला पसंग हासाइ जस्स ए दोसा।**
**अट्ठारस विप्पणट्ठा नमामि देवाहिदेवं तं ॥२॥**

એ અઢાર દોષરહિત અરહંત ભગવાન જ્ઞાનસ્વરૂપ, કેવલવરદર્શન, શાંત, દાંત, કૃપાસાગર, કરૂણાસમુદ્ર, ત્રૈલૌક્યનાથ, ત્રૈલોક્યતણા સ્વામી, જગત્ત્રયગુરુ, જગત્ત્રયપીડહર, ધર્મવરચક્રવર્તી, સાંપ્રતકાલે મહાવિદેહ ક્ષેત્રે ચોરાશી લક્ષ પૂર્વાયુ, પાંચસઈ ધનુષપ્રમાણ દેહકાય, વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન, અષ્ટોતરસહસ્ર લક્ષણોપેત, સુરૂપ, સુંદરાકાર, ચઉતીસ અતિશય બિરાજમાન, પઈત્રીસ વચન-વાણી તણા અતિશયે કરી સહિત, અષ્ટમહાપ્રાતિહાર્યે કરી શોભાયમાન, સિંહાસન, છત્રત્રય, શ્વેત ચામર,

ધર્મધ્વજ, પાદપીઠ, ધર્મચક્ર, દેવદુંદુભિ, ભામંડલ સહિત, ચઉસઠ્ઠી ઈંદ્રમહિત, સાંપ્રતકાલે જંબૂદ્વીપે મહાવિદેહ ક્ષેત્રે શ્રી સીમંધરસ્વામી, શ્રી યુગમંધરસ્વામી, શ્રી બાહુસ્વામી, શ્રી સુબાહુસ્વામી–એ ચાર તીર્થંકર જંબૂદ્વીપે સુદર્શનમેરૂને ચિહું પાસે નમસ્કરૂં. શ્રીસુજાતસ્વામી, શ્રી સ્વયંપ્રભુસ્વામી, શ્રી રૂષભનાથસ્વામી, શ્રી અનંતવીર્યસ્વામી–આ ચાર તીર્થંકર પૂર્વધાતકીખંડે વિજયમેરૂને ચિહું પાસે નમસ્કરૂં. શ્રી સૂરપ્રભસ્વામી, શ્રી. વિમલસ્વામી, શ્રી વજ્રધરસ્વામી, શ્રી ચંદ્રાનનસ્વામી–એ ચાર તીર્થંકર પશ્ચિમધાતકીખંડે અચલમેરૂને ચિહું પાસે નમસ્કરૂં. શ્રી ચંદ્રબાહુ, શ્રી ભુંજગસ્વામી, શ્રી ઈશ્વરસ્વામી, શ્રી નેમપ્રભુસ્વામી–એ ચાર તીર્થંકર પુષ્કરાર્ધે મંદરમેરૂને ચિહું પાસે નમસ્કરૂં. શ્રી વયરસેનસ્વામી, શ્રી મહાભદ્રસ્વામી, શ્રી દેવજસસ્વામી, શ્રી અજિતવીર્યસ્વામી –એ ચાર તીર્થંકર પશ્ચિમ પુષ્કરાર્ધે વિદ્યુન્માલી મેરૂને ચિહું.પાસે નમસ્કરૂં. એ વીસ વિહરમાન અરિહંતભગવંત કેવલીપ્રમુખ આપણઈ પરિવાર પરિવર્યા હુંતા હિવડાનઈ કાલે જયવંતા વર્તઈ, તે શ્રી અરિહંત પ્રત્યે મારાં નમસ્કાર, પંચાંગ પ્રણામ, ત્રિકાલ વંદના સદા થાઓ.

'नमो सिद्धाणं' માહરઉં નમસ્કાર શ્રી સિદ્ધભગવંત પ્રત્યે થાઓ. કિસ્યા છે તે સિદ્ધ? જે સિદ્ધ આઠ કર્મક્ષય કરી મોક્ષ–સિદ્ધિ પુહતા. તે આઠ કર્મ કિસ્યા ક્ષય કીયા? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય–એ આઠ કર્મની અઠ્ઠાવન સો (૧૫૮)

પ્રકૃતિ ક્ષય કરી સિદ્ધ પુહતા. કિહાં છઈ તે સિદ્ધ ? ઉર્ધ્વલોકે જ્યોતિષચક્ર ઉપરિ અસંખ્યાત કોડાકોડી યોજને સૌધર્મ-દેવલોક-સૌધર્મ આદિ દેઈનઈ બારહ દેવલોક, બારહ દેવ-લોક ઉપરિ બેહડાનઈ આકારે નવગ્રૈવેયક, નવગ્રૈવેયક ઉપરિ પંચપંચોત્તર વિમાન વિજય ૧, વૈજયન્ત ૨, જયંત ૩, અપરાજિત ૪, એ ચાર વિમાન ચિહું પાસે અર્ધચંદ્રમાને આકારે, પાંચમું વિમાન પૂરા ચંદ્રમાને આકારે તેહનું નામ સર્વાર્થસિદ્ધ મહાવિમાન, તેહની ધ્વજાપતાકા ઉપરે બારહ યોજન અધિકેરી ઈસી પ્રાગ્ભારાનામ પુઢવી ચઉદ રજ્જુલોક ઉપરે, ત્રસનાડીને મસ્તકે જિસ્યઉ બીજનઉ ચંદ્રમા તિસઈ આકારે.

**महा–उज्ज्वल–निर्मल–गोक्षीरहार–संकास–पांडुरा ।**
**उत्तान-छत्र-संस्थान-संस्थिता भणिता जिनवरेन्द्रैः ॥१॥**

**अट्ठ–जोयण–बाहिल्ला सा मज्झिमवियाहिया ।**
**परियायंत ति चरमा मच्छी पव्वत्तणोयरी ॥२॥**

इसी पब्भारा पुढवी जोयण चउविसमे अग्गविभागे અલોક નીચે, ચઉદ રાજલોક ઉપરે સિદ્ધ છે.

**कहं पडिहया सिद्धा कहं सिद्धा पयट्ठिया ।**
**इहं बोहिं चइत्ताणं तत्थ गंतूण सिज्झइ ॥१॥**

**असरीरा जीवघणा उवउत्ता दंसणेण नाणेण ।**
**सागारमणागारं लक्खणमेयं तु सिद्धाणं ॥२॥**

समत्तनाणदंसण वीरियं सुहुमं तहेव अवगहणं ।
अगुरुलहुमव्वाबाहं अट्ठगुणा हुंति सिद्धाणं ॥ ३ ॥
नवि अत्थि माणुसाणं तं सुक्खं नत्थि सव्वदेवाणं ।
जं सिद्धाणं सुक्खं, अव्वाबाहं उवगयाणं ॥ ४ ॥

પન્નર ભેદે જે સિદ્ધ છે, અનંતાનંત જ્ઞાન-દર્શનમય શાશ્વત સુખમાં લીન છે, તે શ્રી સિદ્ધભગવંત પ્રત્યે માહરો નમસ્કાર, પંચાંગ પ્રણામ, ત્રિકાલ વંદના થાઓ.

'नमो आयरिआणं' માહરો નમસ્કાર શ્રી આચાર્ય પ્રત્યે થાઓ. કિસ્યા છે તે આચાર્ય? પાંચવિધ આચાર પ્રતિપાલઈ. કિસ્યા છે પાંચવિધ આચાર? જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર-એ પંચવિધ આચાર પ્રતિપાલઈ.

गीयत्थे जे य संविग्गे अणआलस्स दढव्वया ।
अक्खलिए चरित्तेसु रागद्दोस-विवज्जए ॥ १ ॥
निट्ठविय-मयट्ठाणे समिइ-कसाय-जिइंदिए ।
विहरिज्जा तेण सिद्धिं तु छउमत्थेण वि केवली ॥ २ ॥
पडिरूवो तेयस्सी जुगप्पहाणागमो महुरवक्को ।
गंभीरो धिइमंतो उवएसपरो य आयरिओ ॥ ३ ॥
अपरिस्सावी सोमो संगहसीलो अभिग्गहमई य ।
अविकत्थणो अचवलो पसंतहियओ गुरू होइ ॥ ४ ॥

पडिरूवाइ चउद्दस खंतिमाईय दसविहो होइ ।
बारसय भावणाओ सूरिगुणा हुंति छत्तीसं ॥५॥
पंचिंदिअ-सवरणो नवविह दंसण बंभचेरगुत्तिधरो ।
चउविह-कसाय-मुक्को अट्ठारस-गुण-संजुओ ॥६॥
पंच-महव्वय-जुत्तो पंचविहायार-पालण-समत्थो ।
पंच-समिइ-तिगुत्तो छत्तीस गुणो गुरू मज्झ ॥७॥

એવા છત્રીસ ગુણે કરી બિરાજમાન ગણગચ્છમાંહિ મેઢીસમાન.

मेढी आलंबणं खंभं दिट्ठा जीवस्स उत्तमा ।
सूरी जं होइ गच्छस्स तम्हा तंतं परिक्खए ॥

ઇસ્યા આચાર્ય પ્રત્યે માહરો નમસ્કાર, ત્રિકાલ વંદના સદા સર્વદા થાઓ.

'नमो उवज्झायाणं' માહરો નમસ્કાર શ્રી ઉપાધ્યાય પ્રત્યે થાઓ. કિસ્યા છે તે ઉપાધ્યાય ? જે ઉપાધ્યાય દ્વાદશાંગી-સૂત્ર ભણે, ભણાવઈ. કિસ્યા તે દ્વાદશાંગીસૂત્ર ? શ્રી આચારાંગ, શ્રી સૂયગડાંગ, શ્રી ઠાણાંગ, શ્રી સમવાયાંગ, શ્રી વિવાહ-પન્નત્તિ, શ્રી જ્ઞાતાધર્મકથાંગ, શ્રી ઉપાસકદશાંગ, શ્રી અંત-ગડદશાંગ, શ્રી અણુત્તરોવવાઇદિશાંગ, શ્રી પ્રશ્નવ્યાકરણાંગ, શ્રી વિપાકસૂત્ર, શ્રી દૃષ્ટિવાદ-એ દ્વાદશાંગીસૂત્ર ભણે-ભણાવે. એહના સાચા સૂત્ર, અર્થ, વિચાર કહે, શ્રી વીતરાગનઉ માર્ગ પ્રકટ કરે. આપણપઈ ધર્મની સ્થિતિ રહઈ, અનેરાનઈ ધર્મની સ્થિતિ રાખઈ.

ससरीरेपि निरीहा बज्झब्भंतर–परिग्गह–विमुक्का ।
धम्मोवगरणमित्तंपि धरंति चरित्तरक्खट्ठा ॥
पंचिंदियदमणपरा जिणुत्तसिद्धंतगहियपरमत्था ।
पंचसमिया तिगुत्ता सरणं मह एरिसो गुरूणो ॥

ઇસ્યા જે ઉપાધ્યાય દ્વાદશાંગીના ભણાવહાર ને શ્રુત-ધર શ્રી ઉપાધ્યાય પ્રત્યે માહરઉ નમસ્કાર, પંચાંગ પ્રણામ, ત્રિકાલ વંદના સદા, સર્વદા થાઓ.

'नमो लोए सव्वसाहूणं' સર્વ લોકમાંહિ જે છે સાધુ તેહ સાધુ પ્રત્યે માહરો નમસ્કાર થાઓ. કિસ્યા છે તે લોક? અઢાઈ દ્વીપ, પનરહ કર્મભૂમિ, પાંચ ભરતક્ષેત્ર, પાંચ મેરૂનઈ, દક્ષિણનઈ પાસે, પાંચ ઐરવતક્ષેત્ર, પાંચ મેરૂનઈ ઉત્તરઈ પાસે પાંચ મહાવિદેહક્ષેત્ર. પાંચ મેરૂનઈ ઉભય **પરિક** પનરહ કર્મભૂમિ, પંચતાલીસ લક્ષયોજનપ્રમાણ માનુષક્ષેત્ર, તે માંહિ એક સત્તરિ આર્યક્ષેત્ર, તેહ માંહિ જિ કે છે સાધુ રત્નત્રય સાધઈ. કિસ્યા છઈ તે રત્નત્રય? સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર–એ રત્નમય સાધઈ, પાંચ મહાવ્રત ધરઈ, છઠું રાત્રિભોજન વરજઈ, સાત ભય ટાલઈ, આઠ મદ વરજઈ, નવકલ્પી વિહાર કરઈ, દસ ભેદ સંયમધર્મ આદરઈ, બારે ભેદે તપ તપઈ, સત્તરહ આશ્રવદ્વાર રૂંધઈ, અઢારસ સહસ સીલાંગરથ ધરઈ, બાવીસ પરીસહ સહઈ, તેત્રીસ આશાતના ટાલઈ, બઈતાલીસ દોષ વિશુદ્ધ મધુકરી વૃત્તિઈ આહાર લ્યેઈ, પંચ દોષરહિત મંડલી ભુંજઈ, જે સમશત્રુ–મિત્ર સમલેટ્ઠુકંચણ,

પંચસમિયા, તિગુત્તા, અમમા, અકિંચણા, અમચ્છરા, જીઇંદિયા, જીયકસાયા, નિમ્મલબંભચેરવાસા, સજ્ઝાયઝાણજુગ્ગા, દુક્કરતવચરણરયા, અરસાહારા, વિરસાહારા, અંતાહારા પંતાહારા, અરસજીવી, વિરસજીવી, અંતજીવી, પંતજીવી, તુચ્છાહારા, લૂહાહારા, સુક્કા, ભુક્કા, નિમ્મંસા, નિસ્સોણિયા, કિસિઅંગા, નિરાગસરણા, કુખ્ખિસંબલા, અજ્ઞાતકુલે ભિક્ષા વત્તિણો મુણિણો હવંતિ.

**काली पव्वंगसंकासे किसेधमणिसंतए ।**
**माइन्ने असणपाणस्स अदीणमणसो चरे ॥**

ઇસ્યા છે સર્વજ્ઞપુત્ર સાધુ સંસાર ભય થકી ઉભગા, કિસઉ તે સંસાર, નહિ જેહનો પાર, આદિ અંત રહિત, જન્મ–જરા–મરણ–વ્યાધિ ભય કરીને ભરિત, પૂરિત કષાયે કરીને કલિત, આશા સંપત્તિના પાશ, મોહજાલ બંધન, રાગ–દ્વેષ સંપત્તિ, મહાઉદંડલોલા વેલા, મિથ્યાત્વરૂપી મહાતમોંધકાર, આઠ મદ અહંકાર સ્વપ્ના, પર્વત પંચવિષય, અભિલાષરૂપી ચોર, અસંયતિના હિંસામય આવર્તસમાન, ઉન્માર્ગ ભયંકર, સંસારસમુદ્ર જીવને રૂલવાનું સ્થાન કે તેહ માંહિ જે ભવિકજન આસનસિદ્ધિગામી, જિનમત સાંભળી જાગરૂક હુઆ, સંવર તણે વેગે જિનોપદેશિત માર્ગ સાંભળી સંસારસમુદ્ર તરવા ભણી પાંચ મહાવ્રત રૂપીઊ વાહણ સજ્જ કરી તે વાહણ સીલસંપન્ને બાંધણે દઢ સુબંધ બાંધઈ, તે વાહણમાંહિ સમકિતસંપન્ન, અચલ અણડોલતઉ નિરતિચાર રક્તતા થંભ થાપઈ, જ્ઞાન–દર્શન–ચારિત્ર રતને કરી ભરઈ આત્મા

સંપન્ન नात्तयउ, જ્ઞાનસંપન્નાલોચન, સમતારૂપિણી દૃષ્ટિ, શુભ ધ્યાન સંપન્નવાઉ, જિનોપદેશ શ્રી જીવદયા, મોક્ષમાર્ગરૂપ દ્વીપ સન્મુખ પંચ સમિતિ તણે આઉલે, ત્રિહું ગુપ્તિ તણે નાંગરે, ગામે એગરાઈએ, નગરે પંચ રાઈઅં, વાસી-ચંદણ-સમાણ-કપ્પે, મેરૂની પરે અકંપ, આકાશની પરે નિરાલંબ, વાઉની પરે અપ્પડિબંધ, ભારંડ પંખિયાની પરે અપ્રમત્ત, સૂર્યની જેમ તેજોલેશ્યાવંત, ચંદ્રની જેમ સૌમ્ય લેશ્યાવંત, સાગરના પાણીની જેમ શુદ્ધ હૃદય, સમુદ્ર જિમ ગંભીર, કુંજર જિમ સૌંડિર, વૃષભ જિમ જાતથામ, સિંહ જેમ દુર્ધર, શંખ જેમ નિરંજન, ગેંડાના શૃંગ જેમ એકાકી, જલ જિમ સવ્વ ફાસે, અગ્ગી જેમ તેઅસા જલંતે, કૂર્મ જિમ ગુપ્તેંદ્રિય, પૃથ્વી જિમ સર્વંસહ, કમલપત્ર જિમ નિર્લેપ, ઇસ્યા છે સાધુભગવંત, દયાતણા પ્રતિપાલક, ભગવતી અહિંસા સર્વ ભૂતને ક્ષેમકરી, મહાપુરૂષ સેવી, કાયર-કાતર જીવપરિહરી, તેહના પ્રતિપાલક, અનાથ જીવના નાથ, અપીહર જીવના પીહર, અશરણ જીવના શરણ, સર્વજ્ઞપુત્ર, નિઃકિંચણ, નિરહંકારી, નિઃપરિગ્રહી, નિરારંભી, શાંત, દાંત, રત્નત્રયસાધક, અઢાઈ દ્વીપ માંહે જીકે છે સાધુ, તે સવિ સાધુ પ્રત્યે માહરો નમસ્કાર, પંચાંગ પ્રણામ, ત્રિકાલ વંદના સદા સર્વદા થાઓ.

'एसो पंच-नमुक्कारो सव्व-पावप्पणासणो' એ પંચ-પરમેષ્ઠિને નમસ્કાર ભાવસહિત કિજનઉ (કરાતો) કિસ્યું કરઈ? સર્વ પાપ ફેડણહાર, કિસ્યા તે પાપ? ઈણિરિ જીવે દેવગતિ-નરકગતિ-તિર્યંચગતિ-મનુષ્યગતિ, એ ચતુર્ગતિ

સંસારમાંહિ ભ્રમણ કરતા મિથ્યાત્વ-અવિરતિ-કષાય યોગે કરી, કૃષ્ણ-નીલ-કાપોત એ ત્રિહું અશુભ લેશ્યાએ કરી અને આર્ત-રૌદ્ર એહ અશુભ ધ્યાને કરી જે જીવહિંસાદિક પાપ ઉપાર્જન વડે કરી, તે સઘલઉ ઈણિઈ પંચપરમેષ્ઠિ નમસ્કાર સ્મરીનઈ ક્ષય જાયઈ. વલી કિસ્યો છે ?

'मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं' ઈણિઈ સંસારિ, દધિ, દૂર્વા, ચંદન, પૃથ્વી, સરિસવ, સ્વસ્તિકાદિક, સર્વ મંગલિક કાર્યમાંહિ પ્રથમ મંગલિક એ નવકાર જાણિવઓ (જાણવો), તેહ ભણિ સર્વ શુભ કાર્ય આરંભતા પૂરિ સમરિવઓ જિમ એહનઈ પ્રભાવે તે સર્વ શુભ કાર્ય નિવિઘ્ન પણઈ વૃદ્ધિવંતા થાઈ. યતઃ-

भोयणकाले समये पडिबोहे पुरपवेस-निग्गमणे ।
पंच-परमिट्ठि-मंतो समरिज्जइ सव्ववारासु ॥

એ પંચપરમેષ્ઠિ નમસ્કાર અતીત-અનાગત-વર્તમાન ચઉવીસી તણઈ આદિ જિનોક્ત, અર્થે શાશ્વત (શાસ્યતઉ) ચૌદ પૂર્વનઉ સાર, અર્થપૂર્વક ધ્યાવઓ (ધ્યાઇવઓ), ઈણિઈ નવકારમાંહિ અરિહંતાદિક પાંચ અધિકાર, નવપદ, આઠ સંપદા, અડસઠી અક્ષર, તે માંહિ સાત ભારી એકસઠી હલૂઆ. અને એ નવકાર કિસ્યો ફલ ?

वाहि जल जलण हरि करि तक्कर संगाम विसहर भयाइं ।
नासंति तक्खणेणं जिण नवकारप्पभावेणं ॥

जो गुणइ लक्खमेगं पूएइ विहीइ जिण नमुक्कारं ।
तित्थयरनामगोयं सो बंधइ नत्थी संदेहो ॥
अट्ठेवय अट्ठसया सहस्सं तु अट्ठ लक्ख कोडीओ ।
जो गुणइ भत्तिजुत्तो सो पावइ सासयं ठाणं ॥

નવકાર તણો ફલ જાણિવઓ, એ પંચપરમેષ્ઠિમાંહિ કુણ વડા? સિદ્ધ વડા. તો અરિહંતને કિસ્યા ભણી પહિલઉ? નમસ્કાર કહિયઈ છે, પછી સિદ્ધને કીજઈ. જેહ ભણી આપણ અરિહંતને ઉપદેશે કરી સિદ્ધ જાણીયઈ, અને જે માર્ગ દિખાડઈ, તેહ ભણી સિદ્ધ વડા મૂકી અરિહંતને નમસ્કાર કરિયઈ અને અરિહંત વ્રત લેતા 'નમો સિદ્ધાણ' કહી સામાયિક ઉચ્ચરઈ, તેહ ભણી સિદ્ધ વડા કહીયઈ.

卐

इति श्री पंचपरमेष्ठि नमस्कार बालावबोधार्थः संपूर्णः लिखितः पठनार्थं स्त्रपुण्यायेति श्रेयोऽस्तु ॥ छः ॥

卐

હૃદયમાં ભાવપૂર્વક સ્મરણ કરાતો શ્રી નવકારમંત્ર સર્વ ભયોનો નાશ કરે છે, સર્વ પાપોનો નાશ કરે છે અને સર્વ વિઘ્નોને શમાવે છે, એમાં લેશ પણ સંદેહ નથી.

# પરિશિષ્ટ સાતમું

## મનોવિજ્ઞાનની દૃષ્ટિએ શ્રી નમસ્કાર મહામંત્ર

### [ ૩ ]

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી આ વિચારણીય પ્રશ્ન છે કે-શ્રી નમસ્કાર મહામંત્રનો મન ઉપર શો પ્રભાવ પડે છે? આ મંત્રને સર્વકાર્યસિદ્ધિપ્રદ કહેવામાં આવ્યો છે, તો આ મંત્રથી આત્મિક શક્તિનો વિકાસ શી રીતે થાય છે? મનોવિજ્ઞાન માને છે કે-માનવની દૃશ્ય ક્રિયાઓ તેના ચેતન મનમાં અને અદૃશ્ય ક્રિયાઓ અચેતન મનમાં થાય છે. મનની આ બંને ક્રિયાઓને 'મનોવૃત્તિ' કહેવાય છે. સાધારણતઃ 'મનોવૃત્તિ' શબ્દ ચેતન મનની ક્રિયાઓ બતાવવા માટે વપરાય છે. પ્રત્યેક મનોવૃત્તિના ત્રણ અંશો છે. જ્ઞાનાત્મક, સંવેદનાત્મક અને ક્રિયાત્મક. આ ત્રણેય અંશો એક-બીજાથી છૂટા ન પાડી શકાય તેવા છે. માણસને જે કાંઈ જ્ઞાન થાય છે, તેની સાથે વેદના અને ક્રિયાત્મક ભાવ પણ અનુભવાય છે. જ્ઞાનાત્મક મનોવૃત્તિના સંવેદન, પ્રત્યક્ષીકરણ, સ્મરણ, કલ્પના અને વિચાર-આ પાંચ ભેદો છે; સંવેદનાત્મક મનોવૃત્તિના સંદેશ, ઉમંગ, સ્થાયી ભાવ અને ભાવનાગ્રંથી-આ ચાર ભેદો છે અને ક્રિયાત્મક મનોવૃત્તિના સહજક્રિયા, મૂલવૃત્તિ, ટેવ, ઈચ્છિતક્રિયા અને ચરિત્ર-આ પાંચ ભેદો કરવામાં આવ્યા છે. શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણથી જ્ઞાનાત્મક

મનોવૃત્તિ ઉત્તેજિત બને છે, તેથી તેની સાથે અભિન્ન રૂપથી સંબદ્ધ 'ઉમંગ' સંવેદનાત્મક અનુભૂતિ અને 'ચરિત્ર' નામક ક્રિયાત્મક અનુભૂતિને ઉત્તેજન મળે છે. તાત્પર્ય એ છે કે– માનવમગજમાં જ્ઞાનવાહી અને ક્રિયાવાહી–એમ બે પ્રકારની નાડીઓ હોય છે. આ બંને નાડીઓનો પરસ્પર સંબંધ હોય છે, પણ એ બંનેનાં કેન્દ્ર જુદાં હોય છે. જ્ઞાનવાહી નાડીઓ અને મગજનું જ્ઞાનકેન્દ્ર માનવના જ્ઞાનવિકાસ માટે અને ક્રિયાવાહી નાડીઓ તથા ક્રિયાકેન્દ્ર તેના ચરિત્રના વિકાસ માટે કાર્ય કરે છે. ક્રિયાકેન્દ્ર અને જ્ઞાનકેન્દ્રનો ઘનિષ્ઠ સંબંધ હોવાથી શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના વડે (સ્મરણ અને ચિંતન વડે) જ્ઞાનકેન્દ્ર અને ક્રિયાકેન્દ્રનો સમન્વય થાય છે, તેથી માનવમન સુદૃઢ બને છે અને તેને આત્મિક વિકાસની પ્રેરણા મળે છે.

મનુષ્યનું ચરિત્ર તેના સ્થાયી ભાવોનો સમુચ્ચય માત્ર છે. જે મનુષ્યના સ્થાયી ભાવો જેવા પ્રકારના હોય છે, તેનું ચરિત્ર પણ તેવા પ્રકારનું હોય છે. મનુષ્યનો પરિમાર્જિત અને આદર્શ સ્થાયી ભાવ જ હૃદયની અન્ય પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરે છે. જે માણસનો સ્થાયી ભાવ સુનિયંત્રિત નથી, અથવા જેના મનમાં ઉચ્ચ આદર્શો પ્રત્યે શ્રદ્ધારૂપ સ્થાયી ભાવો ઉદ્દીપિત થતા નથી, તેનું વ્યક્તિત્વ તથા ચરિત્ર સારાં હોતાં નથી. દૃઢ અને સુંદર ચરિત્ર બનાવવા માટે એ આવશ્યક છે કે–માણસના મનમાં ઉચ્ચ આદર્શો તરફ શ્રદ્ધાસ્પદ સ્થાયી ભાવ હોવો જોઈએ તથા તેના અન્ય સ્થાયી ભાવો તે

(શ્રદ્ધાસ્પદ) સ્થાયી ભાવ દ્વારા નિયંત્રિત હોવા જોઇએ. સ્થાયી ભાવો જ માનવના અનેક પ્રકારના વિચારોનાં જનક હોય છે. આ સ્થાયી ભાવો જ માનવની સમસ્ત ક્રિયાઓનું સંચાલન કરે છે. ઉચ્ચ આદર્શથી ઉત્પન્ન થતા સ્થાયી ભાવો અને વિવેક વચ્ચે ઘનિષ્ટ સંબંધ છે. કયારેક કયારેક વિવેક વિના જ સ્થાયી ભાવો મુજબ જીવનક્રિયાઓ થાય છે. જેમ કે–વિવેક ના કહેતો હોય તો પણ શ્રદ્ધાવશ ધાર્મિક પ્રાચીન કાર્યોમાં પ્રવૃત્તિ થવી, અથવા કોઈની સાથે કલહ થઈ ગયા પછી તેની જુટ્ઠી નિંદા સાંભળવાની પ્રવૃત્તિ થવી. આવા કૃત્યોમાં વિવેકનો સાથ નથી હોતો, કેવળ સ્થાયી ભાવ જ કાર્ય કરતો હોય છે. વિવેક માનવની ક્રિયાઓને રોકી શકે અથવા વાળી શકે છે. વિવેકમાં તે તે ક્રિયાઓના સંચાલનની શક્તિ નથી. તાત્પર્ય એ છે કે–**આચરણને પરિમાર્જિત અને વિકસિત કરવા માટે કેવળ વિવેક પ્રાપ્ત કરવો એ જ પૂરતું નથી, પણ સાથે સાથે સ્થાયી ભાવોને સુયોગ્ય અને સુદઢ બનાવવા જોઇએ.**

વ્યક્તિના મનમાં જ્યાં સુધી કોઈ સુંદર આદર્શ અથવા કોઈ મહાન્ વ્યક્તિ તરફ શ્રદ્ધા અને પ્રેમનો સ્થાયી ભાવ નથી, ત્યાં સુધી દુરાચારથી દૂર થઈને સદાચારમાં તેની પ્રવૃત્તિ થઈ શકતી નથી. જ્ઞાનમાત્રથી દુરાચાર રોકી શકાય તેમ નથી. તે માટે તો ઉચ્ચ આદર્શ પ્રત્યે શ્રદ્ધારૂપ ભાવનાનું હોવું અનિવાર્ય છે. શ્રી નમસ્કાર મહામંત્ર

એ એક એવો ઉચ્ચ અને પવિત્ર આદર્શ છે કે-તેનાથી સુદૃઢ એવા સ્થાયી ભાવની ઉત્પત્તિ થાય છે. જેમ જેમ શ્રી નમસ્કાર મહામંત્રનો મન ઉપર વારંવાર પ્રભાવ પડશે, અર્થાત્ દીર્ઘકાળ સુધી આ મહામંત્રની ભાવના મનમાં સ્થિર બનશે, તેમ તેમ સ્થાયી ભાવોમાં સુધારો થશે જ અને ઉચ્ચ આદર્શથી નિયંત્રિત બનેલા આ જ સ્થાયી ભાવો માનવના ચરિત્રના વિકાસમાં સહાયક થશે.

આ મહામંત્રના મનન, સ્મરણ, ચિંતન અને ધ્યાનથી પૂર્વાર્જિત કાષાયિક ભાવોમાં અવશ્ય પરિવર્તન થાય છે. મંગલમય આત્માઓના સ્મરણથી મન પવિત્ર થાય છે અને પુરાતન પ્રવૃત્તિઓમાં સંશોધન થાય છે. આ સંશોધનથી જીવનમાં સદાચાર આવે છે. ઉચ્ચ આદર્શથી ઉત્પન્ન થતા સ્થાયી ભાવના અભાવમાં વ્યક્તિ દુરાચાર તરફ પ્રવૃત્ત બને છે, તેથી મનોવિજ્ઞાન સ્પષ્ટ રૂપે કહે છે કે-માનસિક ઉદ્વેગ, વાસના અને વિકાર ઉચ્ચ આદર્શ તરફની શ્રદ્ધાના અભાવમાં દૂર કરી શકાય તેમ નથી. વિકારને આધીન કરવાની પ્રક્રિયા બતાવતી વખતે કહેવાયું છે કે-પરિણામ-નિયમ, અભ્યાસનિયમ અને તત્પરતાનિયમ દ્વારા ઉચ્ચ આદર્શને મેળવીને વિવેક અને આચરણને દૃઢ કરવાથી જ માનસિક વિકાસ અને સહજ પાશવિક પ્રવૃત્તિઓને દૂર કરી શકાય છે.

શ્રી નમસ્કારમંત્રના પરિણામનિયમનો અર્થ અહીં એ છે કે-આ મંત્રની આરાધના કરનાર વ્યક્તિ જીવનમાં

સંતોષની ભાવના જાગ્રત કરે અને સમસ્ત સુખોનું કેન્દ્ર આ મંત્રને સમજે. અભ્યાસનિયમનું તાત્પર્ય એ છે કે-આ મંત્રનું મનન, ચિન્તન અને સ્મરણ નિરંતર કરે. આ એક સિદ્ધાંત છે કે-જે યોગ્યતાને પોતામાં પ્રગટ કરવી હોય, તે યોગ્યતાનું વારંવાર સ્મરણ તથા ચિંતન કરવું જોઈએ. પ્રત્યેક વ્યક્તિનું ચરમ લક્ષ્ય જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય રૂપ શુદ્ધ આત્મશક્તિને પ્રાપ્ત કરવું તે છે. આ શુદ્ધ, અમૂર્ત, રત્નત્રયસ્વરૂપ, સચ્ચિદાનંદ આત્મા જ પ્રાપ્ત કરવાયોગ્ય છે, તેથી જ રત્નત્રયસ્વરૂપ પંચપરમેષ્ઠિવાચક શ્રી નમસ્કાર મહામંત્રનો અભ્યાસ પરમ આવશ્યક છે. આ મંત્રના અભ્યાસથી શુદ્ધ આત્મસ્વરૂપમાં તત્પરતાની સાથે પ્રવૃત્તિ કરવી, તે તત્પરતાનિયમને જીવનમાં ઉતાર્યો કહેવાય છે. મનુષ્યમાં અનુકરણની પ્રધાનવૃત્તિ દેખાય છે. આ વૃત્તિના કારણે શ્રી પંચપરમેષ્ઠિનો આદર્શ સામે રાખીને તેના અનુકરણથી પોતાનો વિકાસ કરી શકાય છે.

•

મનોવિજ્ઞાન માને છે કે-મનુષ્યમાં ભોજન શોધવું, દોડવું, લડવું, ઉત્સુકતા, રચના, સંગ્રહ, વિકર્ષણ, શરણાગત થવું, કામપ્રવૃત્તિ, શિશુરક્ષા, બીજા પ્રત્યે પ્રેમ. આત્મપ્રકાશન, વિનીતતા અને હાસ્ય-આ ચૌદ મૂળ વૃત્તિઓ (Insitets) દેખાય છે. આ વૃત્તિઓનું અસ્તિત્વ સંસારના સર્વ પ્રાણીઓમાં દેખાય છે. પરંતુ મૂળ વૃત્તિઓમાં મનુષ્યની વિશેષતા એ છે કે-તે આ વૃત્તિઓમાં સમુચિત પરિવર્તન કરી શકે છે. કેવળ મૂળ વૃત્તિઓથી સંચાલિત જીવન અસભ્ય અને

પાશવિક કહેવાશે, માટે મનુષ્યની મૂળ વૃત્તિઓમાં Repress-ion દમન, Inhibition વિલયન, Redirecsion માર્ગાન્તરીકરણ અને Sublimasion શોધન (ઉચ્ચીકરણ)– આ ચાર પરિવર્તનો થતાં રહે છે. (મનુષ્ય તે કરી શકે છે.)

પ્રત્યેક મૂળ વૃત્તિનું બળ તેનું બરાબર પ્રકાશન થવાથી વધે છે. જો કોઈ મૂળ વૃત્તિના પ્રકાશન ઉપર કાંઈ નિયંત્રણ નથી રાખવામાં આવતું, તો તે મનુષ્ય માટે લાભદાયક ન બનતાં હાનિપ્રદ બને છે, માટે દમનની ક્રિયા થવી જોઈએ. ઉદાહરણ તરીકે એમ કહી શકાય કે–સંગ્રહની વૃત્તિ જો સંયમિત રૂપમાં રહે, તો તેથી મનુષ્યના જીવનની રક્ષા થાય છે, પણ જો તે વધી જાય તો કૃપણતા અને ચોરીનું રૂપ ધારણ કરી લે છે. આવી જ રીતે દ્વંદ્વ અથવા લડવાની પ્રવૃત્તિ પ્રાણરક્ષા માટે ઉપયોગી છે, પણ જો તે વધી જાય છે તો મનુષ્યની રક્ષાનું કારણ ન બનતાં તેના વિનાશનું કારણ બને છે. આવી જ રીતે અન્ય મૂળ વૃત્તિઓના વિષયમાં પણ કરી શકાય. તેથી જ જીવનને ઉપયોગી બનાવવા માટે એ આવશ્યક છે કે–મનુષ્ય પ્રતિસમય પોતાની વૃત્તિઓનું દમન કરે અને તેઓને નિયંત્રણમાં રાખે. વ્યક્તિત્વના વિકાસ માટે મૂળ વૃત્તિઓનું દમન તેટલું જ આવશ્યક છે, કે જેટલું તેઓનું પ્રકાશન.

મૂળ વૃત્તિઓનું દમન, વિચાર અથવા વિવેક વડે થાય છે. કોઈ બાહ્ય સત્તા વડે કરાતું દમન માનવજીવનના વિકાસ માટે હાનિકારક થાય છે. માટે શૈશવથી જ (બાલ્યવયથી જ) શ્રી નમસ્કારમંત્રના આદર્શ વડે માનવીની મૂળ વૃત્તિઓનું

દમન સરળ અને સ્વાભાવિક રીતે થાય છે. આ મંત્રનો આદર્શ હૃદયમાં શ્રદ્ધાને અને દૃઢ વિશ્વાસને ઉત્પન્ન કરે છે, કે જેથી મૂળ વૃત્તિઓના દમનમાં મોટી સહાય મળે છે. શ્રી નમસ્કાર મહામંત્રના ઉચ્ચારણ, સ્મરણ, ચિંતન, મનન અને ધ્યાન વડે મન ઉપર એવા સંસ્કારો પડે છે, કે જેથી જીવનમાં શ્રદ્ધા અને વિવેકનું ઉત્પન્ન થવું સ્વાભાવિક થાય છે. મનુષ્યનું જીવન શ્રદ્ધા અને સદ્‌વિચારો ઉપર જ અવલંબિત છે. શ્રદ્ધા અને વિવેક વિના મનુષ્ય મનુષ્ય તરીકે જીવી ન શકે, તેથી મૂળ વૃત્તિઓનું દમન અથવા નિયંત્રણ કરવા તેને મહામંગલ શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ પરમ આવશ્યક છે. આ પ્રકારના ધાર્મિક વાક્યોનાં ચિંતનથી મૂળ વૃત્તિઓ નિયંત્રિત થાય છે તથા જન્મજાત સ્વભાવમાં પરિવર્તન થતું જાય છે, નિયંત્રણની પ્રવૃત્તિ ધીમે ધીમે આવે છે. જ્ઞાનાર્ણવમાં આચાર્ય શુભચન્દ્રે બતાવ્યું છે કે–મહામંગલ વાક્યોની વિદ્યુત્‌શક્તિ આત્મામાં એવા પ્રકારનો શૉક (Shock–કરંટ–શક્તિ) આપે છે, કે જેથી આહાર, ભય, મૈથુન અને પરિગ્રહજન્ય સંજ્ઞાઓ સહેલાઇથી પરિષ્કૃત બની જાય છે. જીવનતળને ઉન્નત બનાવવા માટે આ પ્રકારના મંગલ વાક્યોને જીવનમાં ઉતારવા એ પરમ આવશ્યક છે.

મૂળ વૃત્તિઓના પરિવર્તનનો બીજો ઉપાય 'વિલયન' છે. વિલયન બે પ્રકારે થઈ શકે છે–નિરોધથી અને વિરોધથી. નિરોધનું તાત્પર્ય એ છે કે–વૃત્તિઓને ઉત્તેજિત થવાનો અવસર જ ન આપવો. આથી મૂળ વૃત્તિઓ થોડા જ સમયમાં નષ્ટ થાય છે. **વિલિયમ જેમ્સનું** કથન છે કે–જો કોઈ વૃત્તિને

દીર્ઘકાળ સુધી પ્રકાશિત થવાનો અવસર ન મળે, તો તે નષ્ટપ્રાયઃ થઈ જાય છે. ધાર્મિક આસ્થા વડે વ્યક્તિ પોતાની વિકારી વૃત્તિઓને અવરૂદ્ધ કરીને તેનો નાશ કરી શકે છે. વિરોધથી વિલયન એ રીતે થાય છે કે–જે એક સમયમાં એક વૃત્તિ કાર્ય કરતી હોય, તે જ સમયે તેનાથી વિપરીત બીજી વૃત્તિને ઉત્તેજિત થવા દેવી. આવું કરવાથી બે પરસ્પર વિરોધી વૃત્તિઓનો એકીસાથે ઉદય થવાથી બંનેનું બળ ઘટી જાય છે. આ રીતે બંનેના પ્રકાશનની રીતમાં અંતર પડી જાય છે, અથવા બંને શાન્ત બની જાય છે. જેમ કે–દ્વંદ્વવૃત્તિ જ્યારે વેગ પકડતી હોય, ત્યારે સહાનુભૂતિની વૃત્તિને વેગ આપવામાં આવે તો પૂર્વવૃત્તિનું વિલયન સરલતાથી થઈ જાય છે. શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ આ દિશામાં પણ સહાયક રૂપે સિદ્ધ થાય છે. આ શુભ વૃત્તિના ઉત્પન્ન થવાથી અન્ય વૃત્તિઓને સહજ વિલીન કરી શકાય છે.

મૂળ વૃત્તિના પરિવર્તનનો ત્રીજો ઉપાય 'માર્ગાન્તરીકરણ છે. આ ઉપાય દમન અને વિલયન બંને ઉપાયોથી શ્રેષ્ઠ છે. મૂળ વૃત્તિના દમનથી માનસિક શક્તિ સંચિત થાય છે. જ્યાં સુધી આ સંચિત શક્તિનો ઉપયોગ ન કરવામાં આવે, ત્યાં સુધી તે હાનિ કરી શકે છે. શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ એવું અમોઘ અસ્ત્ર છે, કે જેથી નાનપણથી વ્યક્તિ પોતાની મૂળ વૃત્તિઓનું માર્ગાન્તરીકરણ કરી શકે છે. ચિન્તન કરવાની વૃત્તિ મનુષ્યમાં દેખાય છે. જો માણસ આ વૃત્તિમાં વિકારી ભાવનાઓને સ્થાન ન આપે અને આ પ્રકારના

મંગલ વાક્યોનું ચિંતન કરતો રહે, તો એથી ચિંતનવૃત્તિનું સુંદર માર્ગાન્તરીકરણ થાય છે. એ સત્ય છે કે–મનુષ્યનું મન નિરર્થક નથી રહી શકતું, તેમાં કોઈ ને કોઈ પ્રકારના વિચાર અવશ્ય આવવાના જ. તેથી ચારિત્રભ્રષ્ટ કરનાર વિચારોના સ્થાને ચારિત્રવર્ધક વિચારોને જો સ્થાન આપવામાં આવે, તો મનની ક્રિયા પણ ચાલતી રહેશે તથા તેના ઉપર શુભ પ્રભાવ પણ પડતો રહેશે. જ્ઞાનાર્ણવમાં શ્રી શુભચન્દ્રાચાર્યે બતાવ્યું છે કે–

अपास्य कल्पनाजालं, चिदानन्दमये स्वयम् ।
यः स्वरूपे लयं प्राप्तः, स स्याद्रत्नत्रयास्पदम् ॥
नित्यानन्दमयं शुद्धं, चित्स्वरूपं सनातनम् ।
पश्यात्मनि परं ज्योति–रद्वितीयमनव्ययम् ॥

અર્થાત્–સમસ્ત કલ્પનાજાળને દૂર કરીને પોતાના ચૈતન્ય અને આનંદમય સ્વરૂપમાં લીન થવું, એ નિશ્ચયથી રત્નત્રયની પ્રાપ્તિનું સ્થાન છે. જે આ વિચારમાં લીન રહે છે કે–"હું નિત્ય આનંદમય છું, શુદ્ધ છું, ચૈત્યન્ય રૂપ છું, સનાતન છું, પરમ જ્યોતિ (જ્ઞાનપ્રકાશ) રૂપ છું, અદ્વિતીય છું અને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સહિત છું." તે વ્યક્તિ વ્યર્થ વિચારોથી પોતાની રક્ષા કરે છે અને પવિત્ર વિચાર અથવા ધ્યાનમાં પોતાને લીન રાખે છે. માર્ગાન્તરીકરણનો આ સુંદર પ્રયોગ છે.

મૂળ વૃત્તિઓના પરિવર્તનનો ચોથો ઉપાય 'શોધ'

છે. જે વૃત્તિ પોતાના અપરિવર્તિત રૂપમાં નિંદનીય કર્મ રૂપે પ્રકાશિત થાય છે, તે શોધિત રૂપમાં પ્રકાશિત થાય તો શ્લાઘનીય બની જાય છે. વાસ્તવિક રીતે મૂળ વૃત્તિનું શોધન એક પ્રકારનું તે વૃત્તિનું માર્ગાન્તરીકરણ છે. કોઈ પણ મંગલ વાક્યનું ચિંતન આત્માને આર્ત્ત અને રૌદ્રધ્યાનથી દૂર રાખીને ધર્મધ્યાનમાં સ્થિર કરે છે, તેથી ધર્મધ્યાનનું પ્રધાન કારણ એવા શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ અને ચિંતન આત્માનું પરમ આવશ્યક બને છે.

ઉપર્યુક્ત મનોવૈજ્ઞાનિક વિશ્લેષણનો અભિપ્રાય એ છે કે–શ્રી નમસ્કાર મહામંત્ર વડે કોઈ પણ વ્યક્તિ પોતાના મનને પ્રભાવિત કરી શકે છે. આ મંત્ર મનુષ્યના ચેતન, અવ-ચેતન અને અચેતન–એમ ત્રણેય પ્રકારના મનને પ્રભાવિત કરી અચેતન અવચેતન ઉપર સુંદર સ્થાયી ભાવનો સંસ્કાર નાખે છે, કે જેથી મૂળ વૃત્તિઓનો પરિષ્કાર થાય છે અને અચેતન મનમાં વાસનાઓને એકત્ર થવાનો અવસર રહેતો નથી. આ મંત્રની વિદ્યુતશક્તિથી આરાધકનું આંતરિક દ્વંદ્વ શાન્ત બની જાય છે અને નૈતિક ભાવનાઓનો ઉદય થાય છે, કે જેથી અનૈતિક વાસનાઓનું દમન થઈ નૈતિક સંસ્કારો ઉત્પન્ન થાય છે. આંતરમાં ઉત્પન્ન થયેલી વિદ્યુત બાહ્ય અને આંતરમાં પ્રકાશ ઉત્પન્ન કરે છે, કે જેથી વાસનાત્મક સંસ્કારો ભસ્મ થઈ જાય છે અને જ્ઞાનનો પ્રકાશ વિસ્તરે છે. આ મંત્રના નિરંતર ઉચ્ચારણ, સ્મરણ અને ચિંતનથી આત્મામાં એક શક્તિ ઉત્પન્ન થાય છે, કે જેને આજની ભાષામાં 'વિદ્યુત'

કરી શકાય. આ શક્તિથી આત્માનું શોધન થાય છે અને સાથે સાથે આ મંત્રથી આશ્ચર્યજનક કાર્યો પણ કરી શકાય છે.*

卐

---

ભારતીય જ્ઞાનપીઠ તરફથી બહાર પડેલ 'मंगलमंत्र णमोकार एक अनुचिन्तनम्'—એ નામના હિન્દી પુસ્તકના 'મનોવિજ્ઞાન અને નમસ્કાર-મંત્ર'—એ પ્રકરણનો આ ગુજરાતી અનુવાદ છે. પુસ્તકના મૂળ લેખક શ્રી નેમિચંદ્ર જૈન જ્યોતિષાચાર્ય છે. શ્રી નમસ્કારમંત્રના પ્રેમીઓ માટે આ પુસ્તક મનનીય છે.

**અહો ! આ નવકારમંત્ર જગતમાં કોઈ અદ્વિતીય ઉદાર છે, કે જે સ્વયં આઠ સંપદાઓને ધારણ કરે છે, પરંતુ સ્તુતિ કરાયેલો તે નવકાર સજ્જનોને અનંત સંપદાઓ આપે છે.**

# પરિશિષ્ટ આઠમું

## મંત્ર-જપ

## [ ૪ ]

શબ્દની શક્તિના સદુપયોગ અથવા દુરુપયોગથી ઘણા પ્રાચીનકાળથી માનવજાતિ પરિચિત છે. આદિવાસીઓએ પોતાના ગૂઢ ક્રિયાકાંડોમાં તથા પ્રતીકોમાં આ શક્તિ ગૂંથી લીધી હતી. વીસમી સદીની સંસ્કૃતિએ રાજકીય પ્રચાર અને વ્યાપારી જાહેરાતોમાં તેનો દુરુપયોગ કર્યો છે.

'શબ્દ' અને 'ભાવ' એકબીજા સાથે સંકળાએલા છે. ઈશ્વરના 'નામ' સાથે ઈશ્વરનો 'ભાવ' જોડાયેલો છે. શબ્દની શક્તિનું આધ્યાત્મિક જીવનમાં જે મહત્ત્વ છે, તે સમજવું જોઈએ. આ મહત્ત્વ માત્ર સ્વાનુભવ વડે સમજાય તેવું છે.

જેમને જપનો અનુભવ નથી, તેમને આ ક્રિયા નિરર્થક અને યાંત્રિક લાગે છે અને તેઓ તેનો તિરસ્કાર કરે છે. તેઓ કટાક્ષપૂર્વક કહે છે કે-'ચોક્કસ શબ્દો વારંવાર ગણવાથી શું લાભ?'

સત્ય એ છે કે-આપણે આપણી જાતને તપાસી નથી. શું આપણો સર્વ સમય યુક્તિપૂર્ણ વિચારાધારામાં જાય છે?

મોટા ભાગના માનવીઓનો ભાગ્યેજ થોડો સમય કોઈ એકાદ વિષય ઉપર વ્યવસ્થિત વિચાર કરવામાં જતો હશે!

આપણી જાગૃતિના ઘણા કલાકો નિરર્થક વિચારોમાં, ત્રૂટક ઇન્દ્રિયાનુભવમાં, સ્મૃતિના વેરવિખેર અંશોમાં, પુસ્તકો કે છાપાની નકામી વિગતોમાં કે ભય, અણગમો, અરુચિ, ઉશ્કેરાટ અને આળશમાં વહી જાય છે.

જો આપણે વીશ મનુષ્યોની માનસવૃત્તિનું નિરીક્ષણ કરીશું, તો સમજાશે કે–ભાગ્યેજ એક અથવા બે વ્યક્તિનું મન વ્યવસ્થિતિ કાર્ય કરતું હશે. બાકીના અઢાર કે ઓગણીશના વિચારો અને ભાવોની અસંબદ્ધતા આપણને આશ્ચર્ય પમાડશે.

આપણામાંના મોટા ભાગના મનની આ સ્થિતિ છે. બાહ્ય સંજોગોથી આપણી વિચારધારા બંધાએલી છે. આબોહવાની ઠંડી–ગરમી આપણા ભાવો ઉપર અસર કરે છે, તેમજ માખી અને મચ્છરનો ગણગણાટ આપણને વ્યગ્ર કરે છે.

આવી માનસિક પરિસ્થિતિમાં ઇશ્વરના નામના જપ વડે આપણે અનિયંત્રિત ભાવો ઉપર કાબૂ મેળવી શકીએ છીએ.

આપણા મનમાં જ્યારે એકાદ મિત્રનું કે શત્રુનું, અથવા કોઈ ચિંતાનું કે ઈચ્છિત પદાર્થનું નામ આપણે ગણગણતા હોઈએ છીએ, ત્યારે આવા પ્રત્યેક શબ્દની આસપાસ તેનું પોતાનું માનસિક વાતાવરણ રચાયેલું હોય છે.

'યુદ્ધ, કૅન્સર કે ધન' જેવા શબ્દનો દશ હજાર વાર ઉચ્ચાર કરો. આ શબ્દ સાથે સંકળાયેલા વિચારો વડે તમારી ભાવનાઓ રંગાશે. બરાબર એવી જ રીતે ઇશ્વરનું નામ તમારા માનસિક ભાવોમાં શુભ પરિવર્તન લાવશે–અવશ્ય લાવશે.

શાસ્ત્રોમાં વારંવાર ભગવાનના નામનું શરણ લેવાની વાત આવે છે. 'ઈશ્વરનું નામ એવો અભેદ કિલ્લો છે, કે જેને પ્રાપ્ત કરનારા ભક્તો ભયરહિત છે.' આ કાંઈ કવિતાની ઉપમા નથી, પરંતુ આપણા આધ્યાત્મિક જીવનનું એક વાસ્તવિક સત્ય છે.

જ્યારે મન, ચિંતા કે ભય વડે અથવા શારીરિક વેદના વડે ભયંકર વ્યગ્ર બની ગયું હોય અને સ્થિરતાપૂર્વક વિચાર ન થઈ શકતો હોય, ત્યારે ઈશ્વરના નામનો જાપ કરો! સર્વ વ્યગ્રતા શમી જાય ત્યાં સુધી જાપ કરો!! જાપને દૃઢતા-પૂર્વક વળગી રહો!!!

જ્યારે ભગવન્નામની શક્તિનો તમને જીવનમાં અનુ-ભવ થશે, ત્યારે તમારી શ્રદ્ધા દૃઢ બનશે. સતત અભ્યાસ વડે જપક્રિયા સ્વાભાવિક બને છે. પછી જાપ માટે ઈચ્છા-પૂર્વક પ્રયત્ન કરવો પડતો નથી.

નામજપની સાથે ભગવાનના ગુણોનું ચિંતન–ધ્યાન પણ અગત્યનું છે. નામજપ અને ધ્યાન–બન્ને કાર્યો એક-બીજા સાથે સંકળાએલાં છે. જપ દ્વારા તેની આગળની ભૂમિકા ધ્યાનપ્રાપ્ત થાય છે, તેમજ જપ વડે આપણું ચંચળ મન કેન્દ્રિત બને છે.

આપણે વારંવાર જે 'નામ'નું ઉચ્ચારણ કરીએ છીએ, તેના 'ભાવો' આપણામાં સ્ફુરે છે. જો આધ્યાત્મિક સાધનામાં આપણે ટેવાયેલા ન હોઈએ, તો જપ સમયે મનમાં અનેક સંકલ્પ–વિકલ્પો જાગે છે. પરંતુ જપની દૃઢતા વડે સંકલ્પ–

વિકલ્પો પણ રાજસિક કે તામસિકને બદલે સાત્ત્વિક બનતા જાય છે. જપ દ્વારા સંકલ્પ-વિકલ્પમાં દોડતું મન ફરી ફરીને ભગવાનના નામમાં આવે છે અને ધીમે ધીમે આપણામાં એકાગ્રતા પ્રગટે છે.

ભારતમાં, શિષ્ય જ્યારે ગુરુ પાસે દીક્ષા અર્થે આવતો, ત્યારે ગુરુ તેને દીક્ષામંત્ર આપતા. આ મંત્રની આરાધના શિષ્યને જીવનભર કરવાની રહેતી. આ ગુરુમંત્ર ઘણો પવિત્ર ગણાતો, એને અંત્યત ગુપ્ત રાખવામાં આવતો અને શિષ્યને ગુરુ તરફથી વ્યક્તિગત દર્શાવેલી સાધનાનું એ સત્ત્વ ગણાતું.

આ રીતે ગુરુપ્રદત્ત બીજમંત્ર દ્વારા આધ્યાત્મિક જ્ઞાન ગુરુ-શિષ્યની પરંપરામાં આવતું.

પ્રાપ્ત થયેલો ગુરુમંત્ર અત્યંત ગુપ્ત રાખવો જોઈએ. મંત્ર ફરી ફરીને ગણવો તેનું નામ 'જપ.' મણકાની માળા વડે જપ થઈ શકે છે. માળા વડે જપ કરવાની સ્થૂલ ક્રિયા અને સૂક્ષ્મ ક્રિયાનું સંધાણ સરળ બને છે. માળાના ઉપયોગથી શરૂઆતમાં સાધકનું મન સરળતાથી જપમાં પરોવાય છે અને નિત્ય જપમાં સંખ્યાની ગણતરી માટે પણ માળા સહાયક બને છે.

જપનું સાધન માત્ર હિન્દુધર્મમાં છે એવું નથી, ખ્રિસ્તીધર્મમાં પણ જપનો ઉપદેશ છે તથા મંત્રો પણ દર્શાવ્યા છે.

પ્રાર્થના અને જપ સંબંધી કેટલાક ઉલ્લેખો ખ્રિસ્તીધર્મના પુસ્તકો 'The way of Pilgrim' અને 'The Pilgrim Continues His way'માંથી અહીં આપીએ છીએ.

ઈશ્વરનું નામ સતત વાણી દ્વારા જપવું, હૃદયમાં તેનું ભાવપૂર્વક સ્મરણ કરવું અને આત્મા વડે તેમાં તન્મય થવું. માનસ ચક્ષુઓથી ઈશ્વરનું સતત સાન્નિધ્ય અનુભવવું અને તેની કૃપા માણવી. સુતાં અને જાગતાં સર્વ જગ્યાએ, સર્વ સમયે આ પ્રમાણે કરવું. ત્યારે આ ભાવના ભાવવી કે–'હે પ્રભુ ! મારા ઉપર દયા કરો.'

સાધક જ્યારે આ ભાવનાથી રંગાય છે, ત્યારે તે ઉંડો આત્મસંતોષ અનુભવે છે. પ્રાર્થનાની અનિવાર્ય અગત્ય તેને હવે સમજાય છે. તેને લાગે છે કે–પ્રાર્થના વગર જીવી શકાય નહિ. પછી પ્રાર્થના તેના શ્વાસોચ્છ્વાસ સાથે વણાઈ જશે.

પોતાને આધ્યાત્મિક માર્ગમાં આગળ વધેલો ગણનારા કેટલાક લોકો એમ માને છે કે–એકની એક પ્રાર્થના કરવી નિરર્થક છે. આવી યાંત્રિક અર્થહીન ક્રિયાઓ માત્ર અણસમજુ માટે છે.

બાહ્યની યાંત્રિક દેખાતી જપક્રિયા વડે પ્રાપ્ત થતાં રહસ્યથી તેઓ અપરિચિત છે. તેઓ જાણતા નથી કે–વારંવાર વાણી દ્વારા થતો જપ કયી રીતે સાચા હૃદયની પ્રાર્થના બને છે ? જ્યારે સમગ્ર જીવન સાથે જપ વણાઈ જાય છે, ત્યારે તેમાંથી પ્રસન્નતા પ્રગટે છે. તે આત્મસાત્

બની જાય છે, તેથી આત્માને પ્રકાશ તથા પોષણ પ્રાપ્ત થાય છે અને અંતે આત્માને ઈશ્વરમય બનાવે છે.

એક ખ્રિસ્તી સંત પ્રાર્થના માટે કહે છે કે-સંસારની ચિંતાઓમાં ડૂબેલા તથા દેવળમાં ન જઈ શકનારાઓ માટે પણ પ્રાર્થના અશક્ય નથી. ગમે ત્યાં ગમે ત્યારે તમે ઈશ્વરની ભક્તિ કરી શકો છો–તેનું સ્મરણ કરી શકો છો.

જ્યારે ધંધે લાગેલા હો ત્યારે, પ્રવાસમાં હો ત્યારે, ગલ્લા ઉપર બેઠેલા હો ત્યારે, કંઈ કામ કરતા હો ત્યારે, સર્વ સમયે, સર્વ સંયોગોમાં અને સર્વ સ્થળે પ્રાર્થના થઈ શકે છે. આ માર્ગે સાધકને સફળતા મળશે અને સતત જપ વડે ઈશ્વરનું નામ તેના હૃદયમાં વણાઈ જશે. અનુભવથી તેને સમજાશે કે–વારંવાર પ્રાર્થના જે મોક્ષનો અદ્વિતીય ઉપાય છે, તે વાણીનો જપ તેને મનની તન્મયતામાં લઈ જશે અને આત્માની અનંત સમૃદ્ધિનું મહારાજ્ય પ્રાપ્ત કરાવશે*

卐

---

* મંત્રજપ સંબંધી આ લખાણ પાતંજલ યોગસૂત્ર ઉપર અંગ્રેજી ટીકાના પ્રસિદ્ધ લેખક સ્વામી પ્રભવાનંદ અને ક્રીસ્ટોફર ઇશરવુડે 'How to know God' (London Edition) –એ નામના પુસ્તકના પૃ. ૩૬ થી ૪૧ માં લખ્યું છે તેનો આ ગુજરાતી સારાંશ છે. સહૃદય વાચકો તેમાંથી સાર ગ્રહણ કરશે એવી આશા છે.

# સાધના

**સાધના**, સેવા કે ઉપાસના—એ ત્રણેય એક જ અર્થને કહેનારા શબ્દો છે. જગતમાં ભિન્ન ભિન્ન પ્રકારના સાધ્યની સિદ્ધિને માટે ભિન્ન ભિન્ન વસ્તુઓની સાધના, સેવા અને ઉપાસના થઈ રહેલી હોય છે. તે સર્વમાં શ્રી જૈનશાસન કયી વસ્તુની સાધના કર્ત્તવ્યરૂપ ગણે છે તથા તેને સિદ્ધ કરવા માટે કયો માર્ગ ઉપદેશે છે, એ તપાસવું અહીં પ્રસ્તુત છે.

**હેયપુરુષાર્થ : અર્થ અને કામ :**

પ્રાણીઓને સાધવાલાયક પુરુષાર્થો (Human ends)[1]

---

૧—પુરુષાર્થ એટલે પુરુષની ઇચ્છા અને પ્રયત્નનો વિષય, જેને મેળવવા માટે મનુષ્ય ઇચ્છા અને પ્રયત્ન કરે છે, તે પુરુષાર્થ કહેવાય છે. તેના ચાર પ્રકાર છે—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. પુરુષના સર્વ પ્રયત્નોનું સાધ્ય માત્ર સુખ જ છે, તેથી સુખ એ જ મુખ્ય પુરુષાર્થ—પુરુષપ્રયોજન છે. પરન્તુ સુખની કલ્પના જીવોની બે પ્રકારે હોય છે. એક બાહ્ય અને બીજી અભ્યંતર. બાહ્ય સુખ અને તેનાં સાધનો માટેનો પ્રયત્ન એ અનુક્રમે કામ અને અર્થ માટેનો પુરુષાર્થ છે. અભ્યંતર સુખ અને તેનાં સાધનો માટેનો પ્રયત્ન, એ અનુક્રમે મોક્ષ અને ધર્મપુરુષાર્થ કહેવાય છે.

તે ચાર છે. ધર્મ, અર્થ કામ અને મોક્ષ. અર્થ અને કામ–એ બે પુરુષાર્થો પુરુષ પ્રયત્નથી સાધ્ય હોવા છતાં, એ માટેનો પ્રયત્ન પરિણામે આત્માને હાનિકર હોવાથી, તેને શ્રી જૈનશાસને આદર આપ્યો નથી. અર્થ અને કામ–એ બે પુરુષાર્થોને મનુષ્યજીવનમાં આદર કે ઉત્તેજન નહિ આપવાનું બીજું કારણ એ પણ છે કે–એ પુરુષાર્થ પ્રત્યે જીવનો પ્રેમ અનાદિકાળથી લાગી રહેલો છે અને એ બે અસદ્ વસ્તુઓના નૈસર્ગિક અનુરાગથી જ જીવ અનેક પ્રકારની નિરર્થક તકલીફો પ્રત્યેક સ્થાને ભોગવી રહ્યો હોય છે. એમાંથી બચવા માટેનો અને એ અયોગ્ય વસ્તુઓના રાગમાંથી છૂટવા માટેનો અવસર જીવને મનુષ્યભવ આદિ ઉત્તમ ભવોમાં જ મળે છે. અન્ય ભવોમાં સારાસાર, યુક્તાયુક્ત કે કાર્યાકાર્યનો વિવેક કરવાની, તે શક્તિ જીવને પ્રાપ્ત થઈ શકતી નથી, કે જે મનુષ્યભવમાં પ્રાપ્ત થાય છે; અને એ વિવેકશક્તિનો સંપૂર્ણ અમલ પણ મનુષ્યભવમાં જ થઈ શકે છે. તેથી તેવો ભવ પ્રાપ્ત થયા પછી પણ આત્મા અર્થ અને કામના અનુરાગથી ન છૂટે અને તેના પ્રેમમાં પડી રહી અનેક પ્રકારનાં પાપોને આચરે, તેના જેવું અસમંજસ અને અઘટિત ચેષ્ટિત બીજું એક પણ ન હોઈ શકે.

કામપુરુષાર્થ એ જીવને સાક્ષાત્ સુખ આપનાર છે. અર્થપુરુષાર્થ એ કામપુરુષાર્થનું સાધન હોવાથી જીવને પરંપરાએ સુખને આપનાર થાય છે; તો પણ એ કામ પુરુષાર્થજનિત સુખનો જ્યારે વિચાર કરવામાં આવે છે, ત્યારે તે

સુખ નહિ પણ સુખના આભાસમાં છૂપાયેલું ભયંકર કોટિનું દુઃખ જ છે, એમ લાગ્યા સિવાય રહેતું નથી. ખસનો રોગી ખસને ખણીને જે સુખ ઉપાર્જન કરે છે, તે સુખની સ્થિતિ જેટલા કાળની છે તથા તે સુખનું પરિણામ જેવા પ્રકારનું છે, તેટલી જ સ્થિતિ અને તેવા જ પરિણામવાળું કામજનિત સુખ છે. પાંચેય ઈન્દ્રિયોના વિષયોના સેવનથી થનારૂં સુખ, એ ક્ષણવાર રહેનારૂં અને દીર્ઘકાળના દુઃખને લાવનારૂં છે, એ વાતનો ઈન્કાર કોઈથી પણ થઈ શકે એવો નથી. અને એવા સુખનો ઉપભોગ કરવાની ખાતર જ અર્થોપાર્જનનું કષ્ટ સહન કરવું, એ પોતાના હાથે જ પોતાના માટે દુઃખનો ઊંડો ખાડો ખોદવા જેવું છે. શ્રી જૈનશાસન પ્રબોધે છે કે-જીવોને અનેક પ્રકારનુ' કષ્ટ આપનાર છતાં અનાદિકાળથી પ્રિય એવા અર્થ અને કામપુરુષાર્થ માટે ધર્મશાસ્ત્રકારોએ ઉપદેશ કરવો, એ સળગતી અગ્નિની જવાળામાં ઘી હોમવા જેવું છે. અર્થ, કામ અને તેનાં સાધનો આદિ ઉપર જીવને સ્વાભાવિક અનુરાગ લાગેલો છે. એ અનુરાગ રૂપી અગ્નિની અંદર, એની જ એક જરૂરિયાતના ઉપદેશરૂપી ઘીની આહુતિ કરનાર, અજ્ઞાન આત્માઓ હિતોપદેશક બનવા માટે સર્વથા અયોગ્ય છે. બળેલાને બાળવા કે પડેલાને પાડવા એ જેટલું અયોગ્ય અને અઘટિત કાર્ય છે, તેથી કેઈગુણું અઘટિત કાર્ય અર્થ અને કામની જરૂરિયાત દર્શાવનારો ઉપદેશ કરવો, તે છે.

**શંકા-સમાધાન :**

અહીં એ પ્રશ્ન થશે કે-અર્થ અને કામનો મનુષ્ય-જીવન ઉપર કાંઈ પણ ઉપકાર નથી ? એનો જવાબ એ છે કે-અર્થ અને કામનો મનુષ્યજીવન ઉપર જે કોઈ પણ જગ્યાએ વાસ્તવિક ઉપકાર થઈ રહ્યો હોય, તો તે તેને ઉપ-કારી તરીકે નહિ પણ અપકારી તરીકે સ્વીકાર્યા પછી જ છે. વિષ, શસ્ત્ર અને અગ્નિ આદિ જોખમી વસ્તુઓથી પણ મનુષ્ય પોતાનું ઇષ્ટ સાધી શકતો હોય અને તે વસ્તુઓને પણ પોતે પોતાના જીવનને સહાયક બનાવી શકતો હોય, તો તેનું કારણ તે જોખમી વસ્તુઓના અપકારનો તેને સતત ખ્યાલ હોય છે, તે જ છે. એ ખ્યાલ જો તેના મગજમાંથી નીકળી જાય, તો એ વિષ, શસ્ત્ર કે અગ્નિ આદિ વસ્તુઓમાંથી પોતાના પ્રાણ બચાવવાને બદલે શીઘ્ર વિનાશ કરનારો જ થાય, એમાં કોઈ પણ જાતનો સંદેહ નથી. પ્રાણનો નાશ કરનાર વિષ પણ પ્રાણને બચાવે, જો તેને ઔષધ રૂપ બનાવ્યા પછી વાપરવામાં આવે. એ જ રીતે શસ્ત્ર અને અગ્નિ પણ પ્રાણઘાતક હોવા છતાં રક્ષક બની શકે, જો તેનો યોગ્ય રીતિએ ઉપયોગ કરવામાં આવે. એવી રીતે જગતની કોઈ પણ એવી વિનાશકારક વસ્તુ નથી, કે જેનો યોગ્ય રીતિએ, યોગ્ય સમયે, યોગ્યના હાથે ઉપયોગ કરવામાં આવે તો લાભ ન કરે. પરંતુ તે તે વિનાશક વસ્તુઓને લાભકારક સ્થિતિમાં લાવ્યા પછી જ જેમ તેનો ઉપયોગ કરવામાં આવે છે અને નુકશાનકારક સ્થિતિમાં તો તેનો સ્પર્શ પણ અયોગ્ય માન-

વામાં આવે છે, તેમ અર્થ-કામ માટે પણ સમજવાનું છે.

## ઉપાદેય પુરુષાર્થ : ધર્મ :

યોગ્ય આત્માઓ અનર્થકર એવા અર્થ-કામને પણ પોતાની યોગ્યતાના બળે અર્થકર બનાવી શકે છે. એ યોગ્યતા બીજી કોઈ જ નહિ પણ એની અનર્થકરતાની પૂરે-પૂરી પિછાન અને અનર્થકર ન થાય તે રીતે તેનો ઉપયોગ કરવાની આવડત. જેમ અગ્નિ ચીપિયાથી પકડીને જો ચૂલામાં મૂકવામાં આવે, તો તે રસવતીને બનાવનારો થાય છે, પરંતુ તેને જો હાથવતી પકડવામાં આવે અને ગાદી ઉપર મૂકવામાં આવે, તો અનેક ઉત્પાતોનો મચાવનાર થાય છે. તેમ પ્રાપ્ત થયેલા અર્થ અને કામ પણ આત્માના અહિતમાં ન વપરાય, કિન્તુ હિતમાં જ વપરાય, તેવી જાતિની વ્યવસ્થા યોગ્ય આત્માઓ કરી શકે છે. રસવતી તૈયાર કરવા માટે અપ્રાપ્ત અગ્નિને પ્રાપ્ત કરવા માટેની પણ જેમ આવશ્યકતા રહે છે, તેમ અમુક અમુક પ્રસંગોએ અપ્રાપ્ત એવા અર્થ-કામને પ્રાપ્ત કરવાની પણ આવશ્યકતા સ્વીકારવી યોગ્ય ગણાય. પરન્તુ અગ્નિ જેટલી જ તે સાવધાનીથી કરવામાં આવે, તો જ હિતદાયક બને, અન્યથા પરમ અહિતને કરનારાં થાય, એ લેશ પણ ભૂલવા જેવું નથી. પ્રાપ્ત અર્થ-કામનો કેવી રીતે ઉપયોગ કરવો, કયી અવસ્થામાં અપ્રાપ્ત અર્થ-કામને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો, કયી અવસ્થામાં પ્રાપ્ત અર્થ-કામને પણ દૂર કરવા પ્રયાસ કરવો, એ વગેરે સમજાવવું અને તેનો યથાયોગ્ય અમલ કરાવવો, એ જ ધર્મશાસ્ત્રકારોનું કાર્ય છે.

અર્થ-કામની વાસ્તવિક અનર્થકરતાને સમજાયા પછી જ ધર્મની અર્થકરતાનો વાસ્તવિક ખ્યાલ આવે છે. જ્ઞાનીપુરુષો ફરમાવે છે કે-ધર્મનું પ્રથમ કાર્ય જગતને અનર્થકર એવા અર્થ-કામના અનર્થોથી બચાવવાનું છે અને મોક્ષની પ્રાપ્તિ કરાવવી એ ધર્મનું દ્વિતીય કાર્ય છે. જે ધર્મમાં અર્થ અને કામથી થતા અનર્થોથી બચાવવાની તાકાત નથી, એ ધર્મ જીવને મોક્ષની પ્રાપ્તિ કરાવી આપે, એ સર્વથા અસંભવિત છે. મોક્ષ એ પ્રાપ્તવ્ય છે અને તે ધર્મદ્વારા જ, તથાપિ અર્થ-કામ પ્રત્યેના જીવના અસદનુરાગને એ જો ન હઠાવી શકે, કિન્તુ તેમાં પુષ્ટિ કરે, તો તે ધર્મ, મોક્ષ પ્રાપ્ત કરાવવો તો દૂર રહો, સંસારની આપત્તિઓ પણ ટાળવા સમર્થ થઈ શકતો નથી, કિન્તુ આપત્તિઓની પરંપરાને વધારનારો જ થાય છે. એ જ કારણે શ્રી જૈનશાસન અર્થ-કામની અયોગ્ય વાસનાથી બચાવનાર અને મોક્ષને પમાડનાર એવા ધર્મપુરુષાર્થને જ એક ઉપાદેય (આદર કરવાલાયક) તરીકે ફરમાવે છે.

## અર્થપુરુષાર્થની અનર્થકારિતા :

કોઈ પણ વસ્તુની સારાસારતાનો વિચાર કરવા માટે એનાં કારણ, સ્વરૂપ, વિષય, ફળ વગેરે સઘળી બાજુઓને અવશ્ય જોવી જોઈએ. વસ્તુ માત્રની અનંત અવસ્થાઓ હોય છે, જેમાંની કેટલીક મુખ્ય અવસ્થાઓની વિચારણા કરવાથી વસ્તુના મૂળ સ્વરૂપનું ભાન થાય છે. એ અવસ્થાઓની પેટા અવસ્થાઓ પણ અનેક પ્રકારની હોય છે. તે સર્વનો કદાચ વિચાર ન થાય અને માત્ર મુખ્ય અવસ્થાઓનો

વિચાર થાય, તો પણ વસ્તુના સ્વરૂપની પિછાન થઈ શકે છે. અર્થની એ મુખ્ય અવસ્થાઓનો વિચાર કરતાં એમાંની એક પણ અવસ્થા સ્વપરોપકારક સાબીત થતી નથી, કિન્તુ સ્વ-પર-હિતોપઘાતક સાબીત થાય છે. અર્થના કારણ તરીકે સામાન્ય રીતે [1]અસિ, મસિ, કૃષિના વ્યાપારો, વિવિધ પ્રકારનાં વાણિજ્ય અને શિલ્પો, વિચિત્ર પ્રકારનાં ધાતુવાદ અને રસાયણો તથા સામ, દામ, દંડ, ભેદાદિ નીતિઓને [2]ગણાવી શકાય. એમાનો કોઈ પણ પ્રકાર એવો નથી, કે જેમાં હિંસાદિ પાપોનું ઓછું-વધતું સેવન ન હોય. કોઈને કોઈ પ્રકારના પાપસેવન વિના લક્ષ્મીનું ઉપાર્જન થઈ શકતું નથી. હિંસાદિ પાપોનું આસેવન એ જીવની દુર્ગતિમાં પરમ નિમિત્ત છે. આ થઈ અર્થના કારણ(Cause)ની વિચારણા.

---

૧–Arts of fighting, writing and farming. commerce and mechanics, minerals and chemicals, engineering and politics.

[2]કહ્યું છે કે–

**उत्तमं प्रणिपातेन, शूरं भेदेन योजयेत् ।**
**नीचमल्पप्रदानेन, सदृशं च पराक्रमैः ॥ १ ॥**

'ઉત્તમ'ને પ્રણિપાત એટલે 'શામ'નીતિ વડે, 'શૂર'ને 'ભેદ'નીતિ વડે, 'નીચ'ને અલ્પપ્રદાન એટલે થોડું આપવા રૂપ 'દામ'નીતિ વડે અને 'સદૃશ' એટલે સમાનને પરાક્રમ એટલે 'દંડ'નીતિ વડે જોડી શકાય છે, અર્થાત્ વશ કરી શકાય છે. આ બાબતને વધુ સ્પષ્ટ કરવા નીચે મુજબ એક શિયાળનું દૃષ્ટાન્ત રજુ કરવામાં આવે છે.

## એક શિયાળનું દૃષ્ટાન્ત

જંગલમાં એક શિયાળ હતું. એક વખત તે ભૂખ્યું થવાથી ખોરાકની શોધ માટે આમ–તેમ ભટકવા લાગ્યું. તેણે કોઈ એક સ્થળે મરેલા હાથીનું કલેવર જોયું. ઘણા દિવસ ચાલે તેટલો ખોરાક મળવાથી તે અતિ આનંદિત થયું. તેટલામાં ત્યાં એક સિંહ આવ્યો. બુદ્ધિશાળી શિયાળ 'પ્રણિપાત' કરીને તેની સામે આવીને ઉભો રહ્યો અને કહેવા લાગ્યો કે–આ તો મરેલો હાથી છે. આપ જેવા માટે તેને સ્પર્શ કરવો પણ યોગ્ય નથી. આપ તો જીવતા હાથીના ગંડસ્થળને ભેદીને જ તૃપ્ત થનારા છો. પોતાની પ્રશંસાના ગીત સાંભળીને સિંહ ત્યાંથી વિદાય થયો. ત્યાર બાદ એક વાઘ આવ્યો. શિયાળભાઈ તેને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે–આપનો દુશ્મન 'વાઘ' હમણાં જ આ હાથીને મારીને આપને દેખવાથી સામેનાં કૂવામાં ભયનો માર્યો પેસી ગયો છે. તે ઘણા વખતે આપના લાગમાં આવ્યો છે, માટે આપે તેને આ વખતે છોડવો ન જોઈએ. વાઘ કૂવાના થાળા ઉપર જઈને અંદર જુએ છે, તો પોતાના પડછાયા રૂપ બીજા વાઘને જોઈ, તેને પોતાનો દુશ્મન માનીને, ક્રોધથી તેના ઉપર એવી રીતે તૂટી પડ્યો કે–કૂવામાં તેના પ્રાણ પણ ચાલ્યા ગયા.

ત્યાર બાદ કાગડાનું એક મોટું ટોળું આવી પહોંચ્યું. તે મરેલા હાથીના કલેવરને ખાવાને તૈયાર થઈ ગયું. તેને જોઈને બુદ્ધિશાળી શિયાળે, હાથીના કલેવરમાંથી થોડા ટૂકડાઓ લઈને આમ–તેમ ફેંક્યા. તેથી સંતોષિત થઈને

ઝઘડઓ તે ટૂકડાઓ લઈને ત્યાંથી ઉડી ગયા. બાદ તરત જ તેના જેવું એક બીજું શિયાળ ત્યાં આવીને ઉભું રહ્યું. તેની સાથે તેણે યુદ્ધ કરીને, મલ્લકુસ્તી કરીને અને હેરાન-પરેશાન કરીને એવી રીતે ભગાડી દીધું કે–ફરી તે જંગલનું બીજું શિયાળ કે ક્ષુદ્ર પ્રાણી ત્યાં લગીર પણ ફરકી ન શકે. એ રીતે પોતાની બુદ્ધિ વડે જંગલના શિયાળે હાથીના કલેવરની નિત્ય ઉજાણી કરી. 'શામ'નીતિ વડે 'સિંહ'ને, 'ભેદ'નીતિ વડે 'વાઘ'ને, 'દામ'નીતિ વડે, 'કાક'ને અને 'દંડ'નીતિ વડે બીજા 'શિયાળ'ને જેમ તેણે વશ કર્યા, તેમ ધન અને રાજ્યાદિ સંપત્તિઓના સ્વામીઓને પણ એ ચારેય પ્રકારની નીતિનો આશ્રય લેવો પડે છે અને તો જ તેઓ પોતાની ધનાદિ સંપત્તિનું સંરક્ષણ કરી શકે છે.

અર્થના સ્વરૂપ(Nature)નો વિચાર કરતાં તે ક્ષણ-ભંગુર છે. સદા અસ્થિર અને ચંચળ છે. તે પ્રાપ્ત કરવા માટે ગમે તેટલો પ્રયાસ કરવામાં આવે તો પણ ભાગ્યનું સહ-કારીપણું હોય તેટલા જ પ્રમાણમાં તે પ્રાપ્ત થઈ શકે છે. તે પ્રાપ્ત થયા પછી સંરક્ષણાદિની ચિન્તા ઉત્પન્ન કરે છે. સંરક્ષણ કરવા છતાં અચાનક જ્યારે તે ચાલી જાય છે, ત્યારે ચિત્તને અધિક સંતાપ આપે છે. અપ્રાપ્તકાળમાં તે આર્ત્તધ્યાન કરાવે છે અને પ્રાપ્તકાળમાં રૌદ્રધ્યાન કરાવે છે. વિયોગકાળે આર્ત્ત–રૌદ્ર ઉભય પ્રકારના ધ્યાન વડે તે અસમાધિની વૃદ્ધિ કરે છે.

અર્થનો વિષય (Subject) વિચારતાં સુવર્ણાદિ વસ્તુઓ એ અર્થપુરુષાર્થનો વિષય છે અને એ પુદ્ગલમય

છે. પુદ્ગલની સ્થિતિ સદા એકસરખી ટકતી નથી, તેમાં પરાવર્તન થયા કરે છે. તેનું મૂલ્ય પણ જરૂરીઆત-બીનજરૂરીઆત પ્રમાણે વધતું-ઓછું થયા કરે છે. કોઈ પણ પુદ્ગલ સ્વયં સુખરૂપ કે દુઃખરૂપ નથી. શુભ પુદ્ગલ પણ પરિણામવશાત્ અશુભ બની જાય છે અને અશુભ પુદ્ગલ પણ પરિણામવશાત્ શુભ બની જાય છે. કારણના વશથી એક જ પુદ્ગલ એક વખત શુભ લાગે છે અને પ્રયોજન મટયા પછી એ જ પુદ્ગલ ફરી અશુભ લાગે છે. પોતાના અભિપ્રાયથી અન્યને જે પુદ્ગલ આનંદ આપનારૂં થાય છે, તે જ પુદ્ગલ બીજાને તેના અભિપ્રાયથી દુઃખ આપનારૂં પણ થાય છે. એકના એક પુદ્ગલ ઉપર જીવને કાળાદિ સામગ્રી પામીને રૂચિ-અરૂચિ ઉભય થતી પ્રત્યક્ષ અનુભવાય છે. એ કારણે કોઇ પણ પુદ્ગલ જીવને નિશ્ચયથી ઈષ્ટ જ છે કે અનિષ્ટ જ છે, એવો નિયમ બાંધી શકાય એમ નથી. * સોનું, રૂપું, હીરા, પન્ના, માણેક, મોતી, ધન ધાન્ય, જમીન, જાગીર, દ્વિપદ, ચતુષ્પદ, સૈન્ય, ગ્રામ, રાજ્યાદિ સઘળી અર્થસંપત્તિઓ ભિન્ન ભિન્ન પ્રકારના પુદ્ગલમય છે. તે જીવને સદા માટે એકસરખી રીતે ઉપકારક કે સુખકારક બની શકતી નથી. જુદા જુદા કારણવશાત્ તેની તે જ સામગ્રી ઉપર શુભાશુભ ભાવ થયા કરે છે અને એ શુભાશુભ ભાવથી રાગી-દ્વેષી બનેલો જીવ કર્મબંધન કર્યા કરે છે. કર્મબંધનથી સંસાર એટલે

---

*Nothing is good or bad, but thinking makes it so. —Shakespeare.

જન્મ–મરણની પરંપરા વધે છે અને જન્મ–મરણની પરંપરા એ જ સર્વ દુઃખોનું મૂળ છે.

અર્થનાં કારણ, સ્વરૂપ અને વિષય–એ ત્રણેય આ રીતે જો જીવને દુઃખજનક જ છે, તો તેનું ફળ (Fruit) પણ દુઃખકારક હોય એમાં કાંઈ પણ આશ્ચર્ય નથી. તો પણ એ અર્થથી જ કામસામગ્રી પ્રાપ્ત થઈ શકે છે, એ કારણે કામોપભોગના અર્થી આત્માઓ આગળ–પાછળનાં એ સઘળાં કષ્ટોને અવગણીને પણ અર્થપ્રાપ્તિની પાછળ મચ્યા રહે છે અને પાપ કરવામાં પાછું વળીને જોતા નથી. છતાં અર્થથી મળતાં કામભોગનાં સાધનો અને એ સાધનોથી મળતાં સુખોનો જો વિચાર કરવામાં આવે, તો એ સુખના લેશની ખાતર ભૂત અને ભાવિમાં ઉત્પન્ન થતું મહાન્ કષ્ટ વેઠવા માટે કોઈ પણ બુદ્ધિમાન તૈયાર ન જ થાય. વિષયનું સુખ કેટલું તુચ્છ છે, એ વસ્તુનો વિચાર આપણે કામપુરુષાર્થની અનર્થકરતાના વિચાર વખતે કરવાનું રાખી, આટલા તુચ્છ ફળને બાદ કરતાં જે શેષ ફળ અર્થપુરુષાર્થના સાધકને પ્રાપ્ત થાય છે, તે જરા જોઈ લઈએ. અર્થપુરુષાર્થનો સાધક આત્મા જેટલા અર્થને એકઠો કરે છે, તે બધો આરંભાદિ પાપનું અધિકરણ બને છે અને પાપના અધિકરણ ઉપર મમત્વભાવ ધારણ કરનાર આત્માનો સંસારમાં પાત થાય છે.

પાપના અધિકરણરૂપ એ લક્ષ્મી કવચિત્ દુશ્મનોને પણ ઉપકારક થાય છે. અને જો એમ ન થાય, તો પણ એના મમત્વવાનને સર્પ–ઉંદરાદિ નીચ ભવોની પ્રાપ્તિ તો અવશ્ય

કરાવે છે. ધનના મમત્વ માત્રથી થનારૂં અને અલ્પકાળ ટકવાવાળું માત્ર થોડુંક આભિમાનિક સુખ છોડી દઈએ, તો એના પરિણામે જીવો જે દુર્ગતિનાં દીર્ઘકાળ સુધીનાં દારૂણ દુઃખોનો ભોગવટો કરે છે, તેનો વિચાર પણ કંપારી ઉત્પન્ન કરે તેવો છે. ધન માટેના આરંભોના પાપથી ભારે થયેલો જીવ સંસારસાગરના તળિયે ડૂબી જાય છે. એ તો જન્માન્તરના કષ્ટની વાત છે. પરન્તુ આ જન્મનાં કષ્ટો પણ ધનના માલિકને ઓછાં નથી. રૂષ્ટ રાજાઓનો, ચોરાદિ દુષ્ટ લોકોનો, દુષ્ટ સગા–સબંધી–સાથીઓ અને મિત્રાદિનો ભય તેને નિરંતર સતાવે છે. એ ધનનો ભોગવટો પોતાને તો માત્ર થોડો જ થાય છે. એનો મોટો ભોગવટો પોતાના સિવાય અન્યના જ ભાગે જાય છે. ચિન્તા અને વ્યાકુળતા તો ધનની સાથે જ આવે છે, અને વ્યાકુળતાને વિવશ થયેલો જીવ ક્ષણ માત્ર માનસિક સુખનો અનુભવ કરી શકતો નથી. ધન ઉપર મમત્વના યોગે ધર્મ–કર્મ પણ વિસરી જવાય છે. એટલું છતાં પણ એ લક્ષ્મીનો મોટો સંચય રોગ, જરા અને મરણની ભયાનક આપત્તિ વખતે સહેજ પણ સંરક્ષણ આપી શકતો નથી. ધનથી ધર્મ થવાનો પણ જે ગુણ બતાવવામાં આવે છે, તે પણ તેથી ઉત્પન્ન થતાં પાપોના હિસાબે કાંઈ જ નથી, કારણ કે–ધનથી થનારો ધર્મ આરંભાદિથી–પ્રાણિવધાદિથી યુક્ત હોય છે. અને તેવો ધર્મ ગમે તેટલો મોટો હોય, તો પણ નિરારંભ અને નિઃસંગપણે થતા નિર્દોષ ધર્મના લેશને પણ પહોંચી શકતો નથી. દ્રવ્યસ્તવ જો અધિકમાં અધિક ફળ આપે, તો બારમા સ્વર્ગથી અધિક નહિ

જ. જ્યારે ધનના સંગનો સર્વથા પરિત્યાગ કર્યા પછી નિરારંભ અને નિઃસંગપણે થતો ધર્મ તે જ ભવમાં મોક્ષ-સુખની સંપત્તિને આપનારો થાય છે. આ રીતે જે ધન પરભવમાં સાથે લઈ જઈ શકાતું નથી, આ ભવમાં પણ મુખ્ય આપત્તિઓને નિવારતું નથી તથા જેના ઉપાર્જન, રક્ષણ અને સંગ્રહાદિમાં મહારંભાદિ પાપોનું નિશ્ચિત સેવન કરવું પડે છે, એવા ધનનો યોગ થવા છતાં જેઓને એનું સત્ક્ષેત્રમાં વપન કરવાનું દિલ થતું નથી, એ આત્માઓના દયાપાત્રતા વર્ણનાતીત બને છે. તેઓનો જન્મ તેઓને નરકાદિનાં દુઃખોનો સમાગમ કરાવવા માટે જ થયો છે, એમ જ્ઞાનીપુરુષોનું જે કથન છે, તે તદ્દન સત્ય છે. એ જ કારણે વિશ્વના સઘળા જ્ઞાની અને વિવેકી પુરુષોએ તેનો પરિત્યાગ કરવામાં જ પોતાનું શ્રેય માન્યું છે અને સામર્થ્ય ફોરવ્યું છે.

## કામપુરુષાર્થની કટુતા :

**અર્થ** એ દુર્ગતિદાયક હોવા છતાં પણ એનાથી પ્રાપ્ત થનારાં કામસુખોની અભિલાષાવાળા આત્માઓને એનો મોહ છૂટતો નથી. કેટલાક આત્માઓ કામની ખાતર નહિ પણ અર્થની ખાતર જ અર્થ ઉપાર્જન કરવામાં રસિયા હોય છે. તેઓના અધ્યવસાય અતિ સંક્લિષ્ટ હોય છે. શાસ્ત્રોમાં તેઓને નરાધમ તરીકે વર્ણવેલા છે, કારણ કે–તેઓનાં ચિત્ત સદા માયા, શોક, ભય, ક્રોધ, લોભ, મોહ અને મદથી ઘેરાયેલાં હોય છે. એમાંનો એકેક દોષ પણ દુર્ગતિનું કારણ

છે, તો પછી એ સઘળા દોષોનું જ્યાં સંગમસ્થાન હોય, ત્યાં એ ચિત્તની ક્લિષ્ટતાનું વર્ણન થવું જ અશક્ય છે. એ કારણે ઇતર દર્શનકારોએ એવા આત્માઓને તામસપ્રકૃતિ-વળા ગણાવ્યા છે અને જૈનશાસ્ત્રકારોએ પણ તેઓને અધમ લેશ્યાઓવાળા વર્ણવ્યા છે. કામની ખાતર અર્થોપાર્જનની ઇચ્છાવાળા આત્માઓ તેટલા ક્લિષ્ટ અધ્યવસાયવાળા નથી હોતા, તો પણ તેઓનું ચિત્ત પણ હંમેશાં રાગગ્રસ્ત તથા વિવેકવિકલ હોય છે. તેઓ પણ દુર્ગતિના અધિકારી થાય છે. અર્થપુરુષાર્થની જેમ કામપુરુષાર્થનાં પણ કારણ, સ્વરૂપ, વિષય અને ફળ ગર્હણીય છે. કામનું કારણ જે અર્થ છે, એ તો સ્વભાવથી જ અસુંદર છે; કામનું સ્વરૂપ તીવ્ર અભિષ્વંગ છે, તે પણ સંતાપને પેદા કરનારૂં છે; કામનો વિષય સ્ત્રીકલેવર છે, તે પણ અત્યંત અશુચિમય છે; અને કામનું ફળ તો અત્યંત કટુ અને વિરસ છે, તેથી તે પણ જીવને અનિષ્ટ જ છે. કામની સાધનસામગ્રી જેમ લક્ષ્મી છે, તેમ શરીર, વય, કળા, દાક્ષિણ્ય, અનુરાગ, દૂતિ આદિના વ્યાપારો, રતિક્રીડા વગેરે છે. એ સઘળી વસ્તુઓ સ્વયં અશુભ છે. ક્ષણ માત્રમાં વિપરિણતિને પામનારી છે તથા અતિ અલ્પ અને કલ્પિત સુખને આપનારી છે. એટલું જ નહિ પણ સરસવ જેટલાં સુખને આપી મેરૂ જેટલાં કષ્ટને આપે છે, અથવા બિન્દુ માત્ર સુખનો અનુભવ કરાવી સાગર જેટલાં દુઃખોમાં નાંખે છે. **કામસુખની તૃષ્ણાથી જ જીવને સ્વર્ગ અને મોક્ષનાં અનંત સુખો હારી જવાં**

પડે છે તથા નરક અને તિર્યંચગતિઓનાં દુઃસહ કષ્ટોને ભોગવવાં પડે છે.

**ધર્મપુરુષાર્થની પ્રધાનતા :**

કામજનિત સુખ એ અતિ અલ્પકાલીન, કલ્પિત અને આરોપિત છે, તેથી તેનાં કારણોની સાધના માટે સેવાતો પરિશ્રમ કોઈ પણ પ્રકારનાં વિશિષ્ટ ફળને આપનારો થતો નથી. કામજન્ય સુખ, એ આરોપિત એટલા માટે છે કે તે પરાધીન છે. અનારોપિત અને તથ્ય સુખ તેને જ કહેવાય, કે જેમાં પરની આધીનતા ન હોય. કામજન્ય સુખમાં ઈન્દ્રિયો, તેના વિષયો અને વિષયોનાં સાધનોની આધીનતા અવશ્ય રહેલી છે. એટલું જ નહિ પણ તે કામજન્ય સુખ ઉત્સુકતા રૂપી દુઃખથી સંમિશ્રિત છે. કામસુખ, એ ઉત્સુકતા એટલે ચાલી જવાનો ભય અને વ્યાકુળતા રૂપી દુઃખના પ્રતિકારથી ઉત્પન્ન થયેલું હોય છે. જીવને ઉત્સુકતા એ જ દુઃખ છે અને ઉત્સુકતાની નિવૃત્તિ એ જ સુખ છે. કામજન્ય સુખ-દુઃખોમાં, એ ઔત્સુકયની નિવૃત્તિ અને પ્રવૃત્તિ, એ જ મુખ્ય ભાગ ભજવે છે. ઔત્સુકયના અભાવથી જન્મનારાં સુખનો અનુભવ ઔત્સુકયવાળાને હોતો નથી. ઈન્દ્રિયજન્ય કામસુખો એ દુઃખરહિત કદી હોઈ શકતાં નથી, કારણ કે-એની પ્રાપ્તિ, ઉપભોગ અને વિયોગ સમયે વ્યાકુળતા અને ઉત્સુકતા રહેલી જ હોય છે. સોજાની પુષ્ટિ, વધ્યનું મંડન કે જળોનું રૂધિરપાન, એ જેમ અધિક દુઃખને માટે છે, તેમ કામભોગ વખતનો સઘળોય અભ્યુદય એ અધિક દુઃખને માટે

જ થાય છે. તીવ્ર અગ્નિના તાપથી તપતા લોઢાની જેમ જ્યાં ઔત્સુકયરૂપી અગ્નિ વડે ઈન્દ્રિયોની સદા તપ્તતા સુખરૂપ જળને શોષવી રહી હોય, ત્યાં સુખની કલ્પના કરવી એ મિથ્યા ભ્રમ છે. જ્યાં પહેલાં તથા પછી અરતિ અને ઔત્સુકયરૂપી અગ્નિના સ્પર્શથી ઈન્દ્રિયોનો સમુદાય તપી રહ્યો હોય, ત્યાં શાન્તિ નહિ કિન્તુ સંતાપ જ હોય, એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી. સુખના અનુભવકાળે પણ જ્યાં તેના પ્રતિપક્ષી કારણો ઉપર દ્વેષ કાયમ બેઠેલો હોય, ત્યાં સુખ માનવું એ ફોકટ છે. એક મહાપુરુષે કહ્યું છે કે–**કામજનિત સુખ એ ભયરૂપી અગ્નિની ભસ્મ છે.** * કારણ કે–એ સુખની ચારેય બાજુ નાના પ્રકારના ભયો પ્રસરેલા હોય જ છે. ઇન્દ્રિયોના સુખમાં આહ્લાદ જેવું કાંઈ નથી. જે છે તે એક સ્કંધ (ખભા) ઉપરના ભારને ઉતારી અન્ય સ્કંધ (ખભા) ઉપર મૂકવા જેવું છે. દુઃખની એ પ્રકારની વિનિવૃત્તિ–ફેરફાર, એ જ ઇન્દ્રિજન્ય આહ્લાદનું તત્ત્વ છે. મોહનીયકર્મના ઉદયથી ચિત્ર–વિચિત્ર વસ્તુઓમાં સુખ–દુઃખની કલ્પના થાય છે. પરન્તુ એ સુખ–દુઃખની કલ્પના અને મોહનીય-કર્મની પરતંત્રતા, એ સઘળું આત્મા ઉપરનું બંધન જ છે. એ બંધનથી જ્યાં સુધી જીવ મુક્ત બનતો નથી, ત્યાં સુધી સાચા સુખનો આસ્વાદ તેનાથી દૂર ને દૂર જ રહે છે.

---

* **भवसौख्येन किं-भूरि, भयज्वलनभस्मना ।**
**सदा भयोज्झितं ज्ञानं, सुखमेव विशिष्यते ॥ १ ॥**

—**ज्ञानसार अष्टक**

## સાચું સુખ :

સાચું સુખ એ નિર્મળ આત્મસ્વરૂપના લાભથી થાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાન–દર્શન–ચારિત્રમય છે. ઇન્દ્રિયાદિની સહાય વિના જ આત્મા સર્વ વસ્તુનો જ્ઞાતા બને અને સ્વરૂપરમણતા રૂપી સુખનો અનુભવ કરે, એ જ સાચું સુખ છે. જે સુખનો અનુભવ કરતી વખતે દુઃખની આત્યંતિક નિવૃત્તિ થાય છે, શરીર અને મન સંબંધી સર્વ દુઃખોનો વિલય થાય છે તથા આધિ, વ્યાધિ અને ઉપાધિજન્ય ત્રિવિધ તાપોનો અભાવ થાય છે, એ જ સાચા સુખની દશા છે. કોઈ પણ પ્રકારનું દુઃખ ન હોવું, એ જ જીવનું સાચું સુખ છે. દુઃખગર્ભિત સુખ તે સુખ નહિ પણ દુઃખ જ છે. જે સુખ પામ્યા પછી વિશેષ સુખની તૃષ્ણા ન રહે, તે નિરૂપમ સુખ છે. બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાની કે તજવાની ઇચ્છા કે તૃષ્ણાનો જ્યાં સર્વથા અભાવ છે, તે જ પરમ સુખ છે. સાધવાયોગ્ય સિદ્ધ થઈ ગયા પછી અને મેળવવાયોગ્ય મેળવી લીધા પછી જીવને જે દશા પ્રાપ્ત થાય છે, એ જ સાચું સુખ છે. સર્વ તૃષ્ણાનો અંત એ જ જીવનો મોક્ષ છે. તૃષ્ણાનો અંત થયા પછી ઉત્સુકતા રહેતી નથી. સર્વ ઇચ્છિતની પ્રાપ્તિ થયા પછી નવું મેળવવાની ઇચ્છા કે ઉત્સુકતા ચાલી જાય છે. ઉત્સુકતા ચાલી ગયા પછી કોઈ પણ પ્રવૃત્તિ કરવાની બાકી રહેતી નથી, તે જ મુક્ત્યવસ્થાનું નિરૂપમ સુખ છે. સર્વ સુખનું મૂળ આ રીતે સ્વસ્થપણું, ઉદ્વેગ રહિતપણું અને ઔત્સુક્યરહિતપણું જ છે. સ્વસ્થપણાને

નાશ કરનાર જીવની ઉત્સુકતા છે, તેથી એ ઉત્સુકતા સર્વ દુઃખોનું બીજ છે. ઉત્સુકતાનું બીજ મોહ છે. મોહથી તૃષ્ણા અને તૃષ્ણાથી ઉત્સુકતા ઉત્પન્ન થાય છે. ઉત્સુકતાથી અસ્વસ્થતા અને અસ્વસ્થતાથી દુઃખ ઉત્પન્ન થાય છે. જ્યારે **મનુષ્ય પોતાને માટે જે કાર્ય હિતકારી નથી, એ કાર્ય કરવા માટે પ્રવૃત્ત થાય છે, ત્યારે સમજવું કે– તે તેના મનની અસ્વસ્થ અવસ્થાનું પરિણામ છે.** અને મનની એ અસ્વસ્થતા ઉત્સુકતામાંથી જન્મે છે. જીવને પરંપરાએ અહિતકારી માર્ગમાં પ્રવૃત્તિ કરાવનારી એ ઉત્સુકતા જ છે. ઉત્સુકતા ચિત્તની સ્વસ્થતાનો નાશ કર્યા વિના રહેતી નથી. ચિત્તની સ્વસ્થતાનો નાશ એ જ દુઃખ છે. ઉત્સુકતા-રહિતપણે પ્રવૃત્તિ કરવી, એ જ સાચી સ્વસ્થતાની નિશાની છે. શાન્તિ, આનંદ અને સ્વસ્થતા વગેરે એક જ અર્થને કહેનારા શબ્દો છે. સંપૂર્ણ સ્વસ્થતા તે જ શાશ્વત શાન્તિ છે, તે જ સાચો આનંદ છે અને તે જ પરમ સુખ છે. મોક્ષનું કે સુખનું સાચું સ્વરૂપ કોઈ હોય, તો તે જ છે. જગતના બાહ્ય પદાર્થોથી, વિષયોથી કે અન્ય વસ્તુઓથી જે આનંદ મળે છે, તે ક્ષણિક છે. તે મેળવ્યા પછી અન્ય આનંદ કે સુખ મેળવવાની ઈચ્છા ઉભી રહે છે, તેથી તે સુખ પરમ સુખ નથી. મોક્ષનું સુખ એ જ પરમ સુખ છે, કારણ કે–તેને મેળવ્યા પછી કોઈ પણ સુખ મેળવવાની કામના રહેતી નથી.

**સુખનો સાચો આધાર :**

સુખને માટે જીવને આત્મા સિવાય અન્ય વસ્તુની

અપેક્ષા જ્યારે રહેતી નથી, ત્યારે જ તેને સાચી સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. મોક્ષસુખને છોડીને બાકીનાં સર્વ સુખો આત્મા બાહ્ય વસ્તુ ઉપર આધાર રાખે છે. પાંચેય ઇન્દ્રિયોનું સુખ તેના વિષયોની પ્રાપ્તિ ઉપર અવલંબેલું છે. જો અનુકૂળ વિષય ન મળ્યો કે પ્રતિકૂળ વિષય મળ્યો, તો દુઃખ થાય છે. માનસિક સુખ જો કે ઇન્દ્રિયસુખ કરતાં અધિક છે અને થોડા અધિક કાળ સુધી ટકે છે, તો પણ આખરે તે પણ ક્ષણિક છે. તેનો આધાર પણ બાહ્ય સાધનો (પુસ્તકાદિ) અને મન, ઇન્દ્રિયો ઉપર રહેલો છે. પાંચ ઇન્દ્રિયો અને મનથી જ શ્રુતજ્ઞાન થાય છે અને શ્રુતજ્ઞાનથી જીવને સુખ થાય છે. જો ઇન્દ્રિયો નિર્મળ ન હોય અને મન એકાગ્ર ન હોય, તો શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ અસુલભ બને છે અને શ્રુત-જ્ઞાનના અભાવમાં તેવા પ્રકારના માનસિક સુખનો અનુભવ થઈ શકતો નથી. વૃદ્ધાવસ્થામાં મન અને ઇન્દ્રિયો જ્યારે નિર્બળ બને છે, ત્યારે શ્રુતજ્ઞાનજનિત માનસિક સુખનો પણ અંત આવે છે. લેખનશક્તિ કે વકતૃત્વશક્તિથી જે સુખનો અનુભવ થાય છે, તે પણ શ્રુતજ્ઞાનની સહાયથી જ થાય છે. તેમાં પણ ઉપર લખેલી સર્વ વસ્તુઓની અપેક્ષા ઉપરાન્ત, એ લેખ અને ભાષણ સંબંધી અન્યોના અનુકૂળ અભિપ્રાય આદિની પણ અપેક્ષા રહે છે. સારો પણ લેખ તથા સુંદર પણ ભાષણ જો લોકોમાં પ્રશંસાદિને ન પામે અગર વિરુદ્ધ અભિપ્રાયને મેળવે, તો તેના લેખકાદિના માનસિક સુખમાં મોટો વિક્ષેપ ઉભો થવા સંભવ છે.

આ રીતે સુખનો આધાર જ્યાં સુધી આત્મા સિવાય અન્ય પદાર્થો ઉપર રાખવામાં આવે છે, ત્યાં સુધી સાચા સુખથી દૂર રહેવાનું જ થાય છે. આત્માનું સુખ કે આત્મિક આનંદ મેળવવામાં પારકા ઉપર આધાર રાખવો પડતો નથી. માત્ર આત્માની સ્વસ્થતા ઉપર જ તેનો આધાર છે, માટે તે જ સાચું સુખ છે. શાસ્ત્રો કહે છે કે–

(૧) 'अविक्खा अणाणंदे ।'–'અપેક્ષા એ જ અનાનંદ છે.'

(૨) 'अपेक्षाया दुःखरूपत्वात् ।'–'પારકાની અપેક્ષા રાખવી એ જ દુઃખરૂપ છે.'

(૩) 'परस्पृहा महादुःखम् ।'–'પરસ્પૃહા એ જ મહાદુઃખ છે.'

(૪) 'निःपृस्हत्वं महासुखम् ।'–'નિઃસ્પૃહત્વ એ જ મહાસુખ છે.'

એ વગેરે વાક્યોનું તાત્પર્ય એ છે કે-જ્યાં સુધી મનુષ્ય સુખને માટે પરપદાર્થો ઉપર આધાર રાખે છે, ત્યાં સુધી જ તે દુઃખી છે. આત્મા સિવાયના સર્વે પરપદાર્થો, વિષયો અને તેનાં સાધનો ઉપાધિરૂપ છે, દુઃખરૂપ છે અને તે કારણથી તેના ઉપર આધાર રાખનારા આત્માઓ દુઃખને જ પામે છે. કહ્યું છે કે–

**"આત્મસ્વરૂપ એ જ પોતાની વસ્તુ છે અને પરસ્વરૂપ એ જ પારકી વસ્તુ છે, એવો આત્મા અને અનાત્માનો અથવા ચેતન અને જડ વચ્ચેનો ભેદ જેણે યથાર્થ જાણ્યો છે, તેણે જાણવાયોગ્ય સઘળું જ જાણ્યું છે."**

આત્મા સિવાય બીજા પદાર્થો મેળવવાથી દુઃખની નિવૃત્તિ થાય છે, તો પણ તે નિવૃત્તિ અનિવૃત્તિ સ્વરૂપ જ છે, કારણ કે–એક દુઃખની નિવૃત્તિ થવા છતાં અન્ય અનેક દુઃખોની અનિવૃત્તિ તે જ સમયે રહેલી હોય છે. જગતના બાહ્ય પદાર્થો પ્રાપ્ત થવાથી સુખ મળે છે, તેમાં તે પદાર્થોને મેળવવામાં સહવા પડતાં દુઃખોને ન ગણીએ, તો પણ તે સુખ, દુઃખની આત્યન્તિક નિવૃત્તિ નહિ કરાવનાર હોવાથી દુઃખરૂપ જ છે. એ બાહ્ય પદાર્થોથી મેળવેલું સુખ અતૃપ્તિ સ્વભાવવાળું હોય છે, તેથી તે મળ્યા પછી બીજું સુખ મેળવવા માટે મન તલસ્યા જ કરે છે અને તે મળેલું સુખ ગમે તેટલો વખત ટકે તો પણ અનન્તકાળની અપેક્ષાએ તો ક્ષણિક જ છે. તથા ભોગકાળે પણ વિયોગની ચિન્તાદિનાં દુઃખથી મિશ્રિત છે અને પરિણામે પણ કર્મનો બંધ કરાવી જન્માદિનાં અનંત દુઃખની વૃદ્ધિ કરાવનાર જ થાય છે. કહ્યું છે કે–

**"જે સુખની પછી દુઃખ રહેલું છે, તે સુખ સુખ નથી પણ દુઃખરૂપ છે. જે આરોહણ ફેર અવરોહણ કરાવનાર છે, એ આરોહણ આરોહણ નથી, કિન્તુ અવરોહણ–પતન જ છે."**

ત્રણ ભુવનના સર્વ પદાર્થો પ્રત્યેની અભિલાષાનો જ્યારે સર્વથા વિલય થાય છે, ત્યારે તે આત્માની સઘળી ઉત્સુકતા ટળી જાય છે અને એ ઉત્સુકતાનો અભાવ થયા પછી પ્રયોજનના અભાવે હિતકર–અહિતકર કાર્યોમાં પ્રવૃત્તિ–નિવૃત્તિ રહેતી નથી. એ પ્રવૃત્તિ–નિવૃત્તિનો અભાવ થવાથી

આત્મામાં જ આત્મા વડે આત્માને સુખ અનુભવાય છે. એ જ શાશ્વત શાન્તિ, પરમાનંદ કે સાચા સુખનું સ્વરૂપ છે. એ સુખ ઉત્સુકતાના નાશથી જન્મે છે, તેથી ઉત્સુકતાનો નાશ કરવા માટે પ્રયાસ કરવો, એ જ એક પરમ પુરુષાર્થ છે. એ પુરુષાર્થનું નામ ધર્મપુરુષાર્થ છે. **મોક્ષપુરુષાર્થ એ ધર્મપુરુષાર્થનું ફળ છે. ધર્મપુરુષાર્થ એ મોક્ષપુરુષાર્થનું મૂળ છે.**

**ધર્મકથાનો આદર :**

કામપુરુષાર્થમાં જેમ મલિન કામભોગોમાં રાગનો ઉત્કર્ષ વધીને વિપર્યાસ વધતો જાય છે અને વધતો વધતો દુર્ગતિમાં પરિણમે છે, તેમ ધર્મપુરુષાર્થમાં એથી વિપરીત થાય છે. ધર્મપુરુષાર્થનાં સાધન, સ્વરૂપ, વિષય અને ફળ—એ ચારેય અંગો વિશુદ્ધ છે. દયા, દાન, ક્ષમાદિ એનાં અંગો–કારણો છે; આત્માનો વિશુદ્ધ અધ્યવસાય એ એનું સ્વરૂપ છે; શ્રી પંચપરમેષ્ઠિ આદિ પરમ તત્ત્વોની ભક્તિ, ઉપાસના અને આજ્ઞાપાલનાદિ; એ એનો વિષય છે અને ઉત્તમ પ્રકારના દેવભવનાં અને મુક્તિનાં સુખો; એ એનું ફળ છે. એ પ્રત્યેક વસ્તુઓ ચિત્તવિશુદ્ધિનું રસાયણ છે અને વિશુદ્ધ ચિત્તથી જીવ પુણ્યબંધ અને કર્મનિર્જરાને કરે છે. પુણ્યબંધ અને કર્મનિર્જરા એ પરંપરાએ સ્વર્ગાપવર્ગમાં પરિણમે છે. મોક્ષને વિષે એકતાન મતિવાળા, ઉત્તમ લેશ્યાઓને ધારણ કરનારા, સાત્ત્વિક પુરુષો જ ધર્મપુરુષાર્થનું આસેવન કરી શકે છે. અર્થ અને કામપુરુષાર્થ,

એ લોકોને ઇષ્ટ હોવા છતાં, પાપવૃદ્ધિના જનક હોવાથી, પરોપકારરસિક પુરુષો એની કથાનો પણ પરિત્યાગ કરે છે. પરોપકારરસિક પુરુષો આ લોક–પરલોકમાં હિતકારી અને સર્વને અમૃતતુલ્ય એવી સુવિશુદ્ધ ધર્મકથાનો જ આદર કરે છે. જે કથામાં ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્યાદિની પ્રધાનતા છે તથા જે અનુકંપા, ભક્તિ, સકામનિર્જરાદિ પદાર્થોના વિસ્તૃત વર્ણનોથી ભરેલી છે, તે ધર્મકથા જ ઉત્તમ પુરુષોને આનંદ આપનારી છે. ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયોથી આચ્છાદિત મતિવાળા શ્રોતાઓને ધર્મકથા આનંદ આપનારી થતી નથી, તેનું કારણ તેઓની અયોગ્ય પ્રકૃતિ છે. કષાયની પરિણતિથી તેવા આત્માઓ સદાય પરલોકના સુખથી પરાઙ્મુખ હોય છે, આ લોકને જ પરમાર્થ તરીકે અને પરમ તત્ત્વ તરીકે પિછાને છે તથા પોતાના સિવાય અન્ય સર્વ જીવો ઉપર સદાય નિરનુકંપ રહે છે. તેવા અધમ પુરુષો સુગતિની પ્રતિપક્ષિણી અને દુર્ગતિની જ એક કંદલી સમી અનર્થથી ભરેલી અર્થકથાને જ ચાહે છે, પરંતુ તેથી વિપરીત સ્વભાવવાળી ધર્મકથાને મનથી પણ ઇચ્છતા નથી.

બીજા કેટલાક જીવો પાંચ ઈન્દ્રિયોના વિષયવિષથી હંમેશાં મોહિત મનવાળા રહે છે, ભાવશત્રુ સમાન ઈન્દ્રિયોને અનુકૂળ વિષયોમાં જ પ્રવર્તાવનારા હોય છે અને પરમાર્થના માર્ગથી અજાણ તથા સુંદરાસુંદર વસ્તુઓમાં અનિશ્ચિત મતિવાળા હોય છે, તેમજ મધ્યમ લેશ્યાવાળા રાજસી

સ્વભાવના હોય છે. તેઓ કામકથામાં જ આનંદ માને છે, કે જે કામકથા પંડિતજનોને મન હસનીય છે. કરનાર કે સાંભળનારની માત્ર વિડંબના જ કરનાર છે તથા આ ભવ અને પરભવના દુઃખોને જ માત્ર વધારનાર છે. એ કામકથામાં આસક્ત થયેલાઓને પણ ધર્મકથા ગમતી નથી.

ધર્મકથા તેઓને જ પસંદ આવે છે કે–જેઓ જન્મ, જરા અને મરણનાં દુઃખોથી ઉદ્વિગ્ન થયેલા હોય છે, જન્માન્તરની કુશળતા–અકુશળતાનો વિચાર કરનારા હોય છે, કામભોગોથી વિરક્ત થયેલા હોય છે, પાપલેપથી મુક્તપ્રાયઃ બનેલા હોય છે તથા પરમપદના સ્વરૂપને સારી પેઠે સમજનારા હોય છે. એવા સાત્ત્વિક મનોવૃત્તિવાળા અને શુભ લેશ્યાઓને ધારણ કરનારા આસન્ન મુક્તિગામી ઉત્તમ પુરુષ જ સ્વર્ગાપવર્ગ ઉપર સમારોહણ કરવા માટે નિઃશ્રેણિ-તુલ્ય, પંડિતપુરુષો વડે પ્રશંસનીય અને મહાપુરુષો વડે આસેવિત–સર્વ કથાઓમાં સુંદર એવી ધર્મકથાને વિષે અનુરક્ત બને છે.

### ઉપદેશ કરવાયોગ્ય પુરુષાર્થ :

ઉત્તમ આત્મા સિવાય અન્ય પુરુષોને ધર્મકથા પ્રત્યે અનુરાગ પણ ઉત્પન્ન થઈ શકતો નથી, તો પછી ધર્મપુરુષાર્થ પ્રત્યે ઉત્સાહ તો ક્યાંથી જ પ્રગટી શકે? તો પણ અર્થ અને કામપુરુષાર્થની નિઃસારતા અને હેયતા જેમ

જેમ આત્માને સમજાતી જાય છે, તેમ તેમ ધર્મપુરુષાર્થ પ્રત્યે તેની મતિ ઉલ્લસિત થતી જાય છે. એ કારણે શ્રી જૈન-શાસન સૌથી પ્રથમ અર્થ અને કામપુરુષાર્થની અસારતા સમજાવવા માટે પ્રયત્ન કરે છે. જેની જરૂરીઆત જીવને સ્વભાવથી જ સમજાયેલી છે અને જેના પરિણામે જ જીવો અનેક પ્રકારની આપત્તિઓના અધિક ને અધિક ભોગ થાય છે, તેના પ્રત્યે જ જીવોનો અનુરાગ વધે એવી જાતનો ઉપદેશ આપવો, એ દયાળુ ઉપદેશકોનું કર્તવ્ય નથી જ. **દ્રવ્યદયા પણ ભાવદયાગર્ભિત હોય અને સમ્યગ્જ્ઞાન-માંથી જન્મેલી હોય, તો જ પ્રશંસનીય ગણાય છે.** અન્યથા સંસારમોચક મિથ્યાદૃષ્ટિઓની (ભાવદયાશૂન્ય) દ્રવ્યદયા પણ પ્રશંસાને પાત્ર થવી જોઈએ. પરંતુ દુઃખી જીવોને સુખી કરવા માટે મારી નાંખવા જેવી અધમ મનો-વૃત્તિ પેદા કરાવનાર હોવાથી એવી દયાને પરમાર્થના માર્ગમાં લેશ પણ ઉત્તેજન આપવામાં આવ્યું નથી. અર્થ–કામની નિઃસારતાનું ભાન એ જીવોના અર્થ–કામના અનુરાગરૂપી વિષનો નાશ કરનાર છે અને એ રીતે એ વિષથી રહિત થયેલા પુરુષોને અવસ્થાવિશેષે સેવવો પડતો અર્થ–કામ–પુરુષાર્થ ક્વચિત્ દુર્ગતિદાયી બનતો નથી. પરંતુ અર્થ–કામના અનુ-રાગરૂપી વિષથી ભરેલા આત્માઓને, એ પુરુષાર્થની સાધના કરવાનો ઉપદેશ, મોહના નશામાં ચકચૂર બનાવી આત્મ-ભાન ભૂલાવનારો જ થાય છે. અર્થ–કામ જીવને કાંઈ પણ લાભ કરતા નથી?–એ પ્રશ્નનો ઉત્તર અહીં મળી રહે છે.

કોઈક આત્માઓને એ પુરુષાર્થો અનર્થકર નહિ થતાં જો અર્થકર થયા હોય કે થતા હોય, તો તેનું કારણ એ પુરુષાર્થવિષયક તે આત્માનો અનાદિકાલીન અયોગ્ય અનુરાગ, સુયોગ્ય ઉપદેશના બળે પ્રથમથી દૂર થયેલો હોય છે. પરંતુ જેટલા પ્રમાણમાં એ અયોગ્ય વસ્તુ પ્રત્યેનો અનુરાગ ગયેલો નથી હોતો, તેટલા પ્રમાણમાં તે આત્માઓને પણ તે અનુરાગરૂપી વિષનું દુષ્પરિણામ ભોગવવું પડે જ છે. આ વગેરે કારણોએ શ્રી જૈનશાસનમાં એક ધર્મપુરુષાર્થ જ ઉપાદેય મનાયેલો છે. ધર્મપુરુષાર્થ એટલે મોક્ષ માટે સર્વજ્ઞોનાં વચનોને અનુસરીને થતો મૈત્ર્યાદિ ભાવયુક્ત જીવોનો શુભ પ્રયત્નવિશેષ.

**ધર્મના પ્રકાર :**

એ ધર્મના ચાર પ્રકાર પડી જાય છે. નામધર્મ,

---

* શાસ્ત્રોમાં કહ્યું છે કે–અર્થ–કામનો ઉપદેશ એ રોગીને કુપથ્યના ઉપદેશની જેમ અહિતકર છે : સળગતા ઘરમાં ઘીની આહુતિના પ્રક્ષેપતુલ્ય છે : તરસ્યાને તપાવેલું તાંબું પાવાલાયક છે : ક્ષત ઉપર ક્ષાર નાંખવા બરાબર છે : ફાંસો ખાનારના પગ પકડવા સમાન છે : ડૂબતાને ગળે શિલા બાંધવાતુલ્ય છે : પડતાના પગ ઉપર પાટુ અને માથા ઉપર ઘનના ઘા કરવા બરાબર છે : વાનરને મદિરા પાવાતુલ્ય છે : હડકાયાને મેઘની ગર્જના અને ઉન્માથિતને મયૂરના ઉલ્લાપ સમાન છે.

સ્થાપનાધર્મ, દ્રવ્યધર્મ અને ભાવધર્મ. એ ચારમાં પણ ભાવધર્મ એ જ ઉપાદેય છે. એ ભાવધર્મની પ્રાપ્તિ જીવોને મિથ્યાત્વમોહનીયાદિ કર્મના ક્ષયોપશમથી થાય છે. ભાવધર્મ આત્મસ્વભાવરૂપ છે અને એ આત્મસ્વભાવ મૈત્ર્યાદિ ભાવ અને પ્રશમાદિ લિંગથી ગમ્ય છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય–એ ચાર પ્રકારના ભાવો, એ જેમ જીવોના ભાવધર્મને જણાવનાર છે, તેમ શમ, સંવેગ નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયાદિ લિંગો પણ જીવોના ભાવધર્મને જણાવનાર છે. એ જાતિનો મૈત્ર્યાદિ ભાવ અને પ્રશમાદિ લિંગગમ્ય જીવસ્વભાવરૂપ ભાવધર્મની પ્રાપ્તિ જીવને તો જ ઘટે, કે જો જગતમાં જીવ હોય, કર્મ હોય તથા જીવ અને કર્મનો સંબંધ પણ હોય. એ ત્રણમાંથી જો એકની પણ હયાતિ ન હોય, તો ભાવધર્મની હયાતિ પણ ન હોય. એ કારણે જીવ, કર્મ અને એ બેના સંયોગ તથા વિયોગનું સ્વરૂપ કેવા પ્રકારનું છે, તે જાણવું આવશ્યક થઈ પડે છે.

**ધર્મ કરનાર આત્મા *:**

**આત્મા** છે, પરલોક છે અને પરલોકનું કારણ કર્મ છે, એમ તો પ્રાયઃ પ્રત્યેક આસ્તિક દર્શનકારો માને છે.

---

* ચાર્વાકદર્શન માને છે કે–જીવ શરીરથી ભિન્ન નથી. મંદિરાના અંગથી જેમ મદિરા ઉત્પન્ન થાય છે, તેમ પાંચ ભૂતોના સંયોગથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. જળથી જેમ પરપોટા અને અરણિથી જેમ અગ્નિ, તેમ ચૈતન્ય એ શરીરનો ગુણ છે. જીવ નથી માટે પરલોક અને પુણ્ય–પાપ વગેરે

પરંતુ તેના સ્વરૂપમાં જૈનદર્શન અને અન્યદર્શનોનાં નિરૂપણો વચ્ચે ઘણો તફાવત છે. આત્મા છે-એમ માન્યા પછી તે કેવો છે, ક્યાં છે, તેની અતીત, અનાગત અને વર્ત્તમાન અવસ્થા શું છે, એના સંગત વર્ણનો જૈનશાસ્ત્રોમાં જેવાં મળે છે, તેવાં બીજે નથી. આત્મા છે-એમ માન્યા પછી પણ જો તેને પરિણામી (ફેરફાર પામવાના સ્વભાવવાળો) માનવામાં ન આવે, તો તેને સુખ-દુઃખ, પુન્ય-પાપ કે બંધ-મોક્ષવાળી અવસ્થાઓ કદી પણ ઘટી શકે નહિ. એકાન્તવાદીઓ આત્માને કૂટસ્થ (અપ્રચ્યુત, અનુત્પન્ન,

---

કાંઈ નથી. કપટી અને ધૂર્ત લોકો પરલોકાદિનો ખોટો ભય દેખાડીને લોકોને ભોગસુખથી ઠગે છે અને તપ, જપ, વ્રત-નિયમાદિના નિરર્થક ક્લેશમાં નાંખે છે. આગામી સુખની કલ્પિત સ્પૃહાથી વર્ત્તમાનમાં મળેલાં સુખને છોડવા, એ કેવળ મૂર્ખતા છે.

ચાર્વાકોની આ માન્યતાને જૈનદર્શન સર્વથા અસત્ય, અત્યંત પાપીષ્ટ, સઘળાં સદ્વ્યાપારોની વિરોધી તથા પાપ-વ્યપારોને પુષ્ટિ કરનારી છે, એમ માને છે. જીવના જ્ઞાન, સંશય, વિપર્યયાદિ ગુણો સૌ કોઈને અનુભવસિદ્ધ છે. તે ગુણોનો આશ્રય પાંચ ભૂતો નથી, કારણ કે-પૃથ્વી આદિ ભૂતો ઈન્દ્રિયગ્રાહ્ય છે અને જ્ઞાનાદિ ગુણો ઈંદ્રિયગ્રાહ્ય નથી, કિન્તુ અતીન્દ્રિય છે. જ્ઞાનાદિ ગુણોનું ઉપાદાન શરીરને પણ ન મનાય. જો શરીરને માનીએ, તો શરીરની હાનિએ જ્ઞાના-દિની પણ હાનિ અને વૃદ્ધિએ જ્ઞાનાદિની વૃદ્ધિ કેમ ન થાય?

સ્થિરૈક સ્વભાવવાળો) નિત્ય માને છે. કૂટસ્થ નિત્યવાદીના મતે, આત્માને કર્તૃત્વ-ભોક્તૃત્વ, કાંઈ પણ ઘટી શકતું નથી. જ્ઞાન-ઇચ્છાદિનો જીવની સાથે સંબંધ, એ જીવનું કર્તૃત્વ છે, સુખ-દુઃખાદિનો સંબંધ તે જીવનું ભોક્તૃત્વ છે તથા અદૃષ્ટ (કર્મ), શરીર અને ઇન્દ્રિયાદિનો સંબંધ તે જીવના જન્મ, જીવન અને મરણ આદિ છે. આત્માને એકાન્ત

---

એકીસાથે જન્મેલા અને કાયાદિક સરખી સ્થિતિને પામેલાની પણ પ્રજ્ઞાદિક સ્થિતિ સરખી કેમ નથી? જે વસ્તુ નજરે ન દેખાય, તે ન હોય એમ પણ નહિ. વાયુ આંખે દેખાતો નથી, છતાં શું નથી? સ્પર્શલક્ષણથી જેમ વાયુ સિદ્ધ છે, તેમ જ્ઞાનલક્ષણથી જીવ પણ સિદ્ધ છે. બાળકની પ્રથમ સ્તન-પાનપ્રવૃત્તિ તે પૂર્વભવની વાસનાને સૂચવનારી છે અને એ જ પરલોક માટે મોટું પ્રમાણ છે. મનુષ્ય૦ સમાન છતાં એક સુખી અને એક દુઃખી, એક રાજા અને એક રંક, એ પુણ્ય-પાપ વિના કેમ સંભવે? પરલોક માટે તપ-નિયમાદિ સહન કરનારા મહાપુરુષોના પ્રયત્નને નિષ્ફળ કેમ કહેવાય? પરમાર્થ માટે કષ્ટસહન એ નિષ્ફળ નથી, કિન્તુ ભોગલંપટ પુરુષો ક્ષણિક ભોગસુખને માટે જે કષ્ટ સહન કરે છે, તે નિષ્ફળ છે અને ભવિષ્યમાં કષ્ટની પરંપરાને આપનાર છે. પરલોક અને મોક્ષ માટે થતાં તપ-જપ એ કષ્ટરૂપ નથી, પણ આગામી અનંત કષ્ટના નિવારક છે અને તેથી કટુ ઔષધપાનના ન્યાયે જ્ઞાની અને પરમાર્થી પુરુષો તેને આચરે છે અને આચરવા માટે ઉપદેશે છે.

નિત્ય અગર એકાન્ત અનિત્ય માનવાથી આત્માની સાથે ઉપરોક્ત એક પણ સંબંધ ઘટી શકતો નથી.

**એકાન્ત નિત્ય પક્ષમાં આવતાં દૂષણો :**

પૂર્વાવસ્થાના ત્યાગપૂર્વક ઉત્તરાવસ્થાની પ્રાપ્તિ, એ જ સંબંધ છે. કૂટસ્થ નિત્યવાદીના મતમાં એવો સંબંધ કેવી રીતે ઘટી શકે? સંબંધ વિના સંબંધીમાં કર્તૃત્વ, ભોક્તૃત્વાદિ ધર્મો પણ કેમ ઘટી શકે? પૂર્વાવસ્થામાં અપ્રમાતા આત્મા ઉત્તરાવસ્થામાં પ્રમાતા બને છે, એ વાત સર્વાનુભવસિદ્ધ છે. ક્ષણે ક્ષણે જ્ઞાનની અને સુખ–દુઃખની હાનિ–વૃદ્ધિ થયા કરે છે, તેમજ જન્મથી મરણપર્યંત જીવની અનેક અવસ્થાઓ ફરે છે. જ્ઞાનેચ્છાદિનું કર્તૃત્વ અને સુખ–દુઃખાદિનું ભોક્તૃત્વ જીવનું અનુભવસિદ્ધ છે, તે એકાન્ત નિત્યપક્ષમાં કેવી રીતે ઘટે? એકાન્ત નિત્યપક્ષમાં સુખ–દુઃખનું વેદન અને ઘટ–પટાદિ સંવેદનોનો ભેદ જેમ ઘટતો નથી, તેમ બંધ–મોક્ષનો ભેદ પણ ઘટતો નથી. આત્માને જો એકાન્ત નિત્ય અને અપરિણામી માનવામાં આવે, તો તેવા આત્માને સર્વદા બંધ રહેવો જોઈએ યા સર્વદા મોક્ષ જ રહેવો જોઇએ. બંધનું કારણ આત્માનો હિંસાદિને વિષે કરવા, કરાવવા કે અનુમોદવા રૂપ પરિણામ અને મોક્ષનું કારણ હિંસાદિની વિરતિનો પરિણામ છે. નિત્ય પક્ષમાં આ રીતે હિંસા અહિંસાદિની પરિણતિનો ભેદ કેવી રીતે ઘટે?

સાંખ્ય મતવાળા કહે છે કે–આત્મા અકર્તા હોવાથી પુણ્ય–પાપ બાંધતો નથી અને બંધનો અભાવ હોવાથી તેનો

મોક્ષ પણ થતો નથી. પ્રકૃતિ કર્તા હોવાથી બંધ-મોક્ષ પ્રકૃતિના જ થાય છે. તેઓનું આ કથન અજ્ઞભાષિતતુલ્ય અથવા અવિચારિત રમણીય છે. બંધ-મોક્ષ જો પ્રકૃતિનો જ હોય, તો આત્માની તો સદા એકસરખી અવસ્થા રહી. સંસાર પણ તેને માટે સરખો છે અને મોક્ષ પણ સરખો છે. તો પછી આત્માએ યમ-નિયમાદિ દુષ્કર અનુષ્ઠાનોનું આસેવન કરવાનું શું પ્રયોજન છે? આત્માને જો બંધ નથી, તો તેને ભવભ્રમણનો ભય રાખવાની પણ શી જરૂર છે? અથવા આત્માનો જો મોક્ષ થતો જ નથી, તો તેને મુક્તિપદની અભિલાષા રાખવાની કે તે માટે તપશ્ચરણાદિ દુષ્કર અનુષ્ઠાનોનું સેવન કરવાની પણ શી જરૂર છે? વળી મોક્ષ માટેનો પ્રયત્ન આત્મા નહિ પણ પ્રકૃતિ કરે છે, એમ કહેવું પણ પ્રલાપતુલ્ય છે. પ્રકૃતિ અચેતન છે. અચેતનમાં ઘટાદિની જેમ આલોચના સંભવતી નથી. આલોચના વિના મુક્ત્યર્થક અનુષ્ઠાન કેવી રીતે ઘટે? પ્રકૃતિની આલોચનામાં પુરુષ પ્રયોજક છે, એમ કહેવું પણ વ્યર્થ છે. સાંખ્યોએ પુરુષને નિત્યૈકસ્વભાવવાળો માન્યો છે. તે જો બંધ-મોક્ષમાં પ્રયોજક છે, તો સદાપ્રયોજકત્વની આપત્તિ આવશે અને તેથી સર્વદા મુક્તિ યા સર્વદા મુક્ત્યભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**पुरुषोऽविकृतात्मैव, स्वनिर्भासमचेतनम् ।**
**मनः करोति सान्निध्यादुपाधिः स्फटिकं यथा ॥१॥**

સાંખ્યોનું કથન છે કે-પુરુષ અવિકૃત સ્વભાવવાળો, પોતાને પ્રગટ કરનારો તથા અચેતન છે. સ્ફટિક જેમ

ઉપાધિના સાન્નિધ્યથી વિકૃત દેખાય છે, તેમ પ્રકૃતિના સાન્નિધ્યથી પુરુષ પણ કર્તા છે તેમ દેખાય છે. અથવા જેમ ચંદ્ર સ્વભાવે અવિકૃત સ્વભાવવાળો હોઈને ચંદ્રોપલના પયઃક્ષરણમાં કદાચિત્ પ્રયોજક બને છે, કવચિત્ નથી બનતો, તેમ આત્મા પણ સ્વભાવથી અવિકૃત સ્વભાવવાળો હોવા છતાં પ્રકૃતિની અલોચનામાં કદાચિત્ પ્રયોજક થાય છે, કદાચિત્ થતો નથી.

તેઓનું આ કહેવું પણ અનુભવવિરૂદ્ધ છે. સ્ફટિક પણ ઉપાધિના યોગે પરિણામાન્તર પામે જ છે અને ચંદ્રમા પણ નિત્યાનિત્યાત્મક છે. જો સર્વદા એક જ સ્વરૂપવાળો હોય, તો તે ચંદ્રોપલના પયઃક્ષરણમાં સદા પ્રયોજક બનવો જ જોઈએ. પરંતુ સદા પ્રયોજક નથી બનતો, તેથી તેને કવચિત્ પ્રયોજક અને કવચિત્ અપ્રયોજક ઉભય સ્વભાવ-વાળો માનવો જોઈએ.

વળી સાંખ્યો જો પ્રધાનને અર્થાત્ પ્રકૃતિને એક, અક્રિય અને નિત્ય માને, તો તેને પણ બંધ–મોક્ષ ન ઘટે. જો પ્રધાનનો મોક્ષ માનવા માટે તેને પરિણામી માને, તો તેના સ્વરૂપનો જ નાશ થાય અને મોક્ષ વખતે પ્રકૃતિનું પ્રકૃતિત્વ ચાલ્યું જાય. પછી તેનું સ્વરૂપ જ ક્યાં રહ્યું? સાંખ્યનો સિદ્ધાન્ત છે કે–પ્રકૃતિનો વિયોગ તે મોક્ષ છે. એ વિયોગનો અર્થ જો પ્રકૃતિનું પરિણામાન્તર માનવામાં આવે, તો પ્રકૃતિની નિત્યતા ન રહે અને સ્વરૂપ પણ ન રહે. એ કારણે પ્રકૃતિને પણ બંધ–મોક્ષ ઘટી શકે નહિ. એકાન્ત નિત્ય

પક્ષમાં મોટું દૂષણ તો એ આવે છે કે-પુરુષ અને પ્રકૃતિ અથવા ચેતન અને જડ, ઉભય કોઈ પણ જાતના પરિણામને જો પામનાર ન હોય, કિન્તુ નિર્વિકાર હોય, તો એ બંને તત્ત્વોના મિશ્રણરૂપ ક્ષણ ક્ષણમાં દેખાતી વિવિધતા જગતમાં કેવી રીતે દેખાય ? વિવિધતાની ઉપપત્તિ જૈનદર્શને સ્વીકારેલ પરિણામી નિત્યત્વવાદ અથવા નિત્યાનિત્યત્વ વાદથી જ ઘટી શકે છે.

આત્માને સુખ–દુઃખવેદન, ઘટ–પટવિજ્ઞાન અને બંધ–મોક્ષ આદિ પ્રત્યય પ્રત્યક્ષ અનુભવાય છે. એ અનુભવ-પ્રમાણના આધારે જ આત્મા અપરિણામી (કૂટસ્થ) નિત્ય નહિ પણ પરિણામીનિત્ય છે, એમ સિદ્ધ થાય છે.

## એકાન્ત અનિત્ય પક્ષમાં દૂષણો :

આત્માને એકાન્ત અનિત્ય માનનારાના પક્ષમાં પણ સુખ–દુઃખનો ભોગ, વિચિત્ર પ્રકારનું સંવેદન અને બંધ–મોક્ષાદિ કાંઈ પણ ઘટી શકે નહિ. ક્ષણિક આત્મા ક્ષણ માત્ર રહે છે. તે સુખ–દુઃખ ઉભયનો અનુભવ કેવી રીતે કરી શકે ? તેથી તેના મતે સુખ ભોગવનાર આત્મા જુદો અને દુઃખ ભોગવનાર આત્મા જુદો, એમ માનવું પડશે.

લોકમાં જે સુખ ભોગવે છે, તે જ દુઃખ ભોગવનારો છે. પૂર્વભવે જેણે કર્મ બાંધ્યું છે, તે જ આ ભવમાં કર્મને ભોગવે છે. જે આત્મા શારીરિક અને માનસિક અનેક પ્રકારનાં દુઃખોને ભોગવે છે, તે જ આત્મા મોક્ષ માટે પ્રયત્ન

કરીને મોક્ષ મેળવે છે. એ વગેરે પ્રમાણુસિદ્ધ પ્રસિદ્ધ વ્યવહાર છે, તે ક્ષણિક એકાન્ત પક્ષમાં કેવી રીતે ઘટી શકે ? ક્ષણિક એકાન્ત પક્ષમાં કર્મ કરનાર અન્ય, ફળ ભોગવનાર અન્ય, મોક્ષ માટે પ્રયાસ કરનાર અન્ય અને મોક્ષ મેળવનાર પણ અન્ય ઠરે છે. જો એમ ન માને અને અન્વય માને, તો ક્ષણિકતાનો સિદ્ધાન્ત ટકતો નથી, કારણ કે-અન્વય નિત્યતાની સિદ્ધિ કરે છે.

'આ તે જ છે'-એવું પ્રત્યભિજ્ઞાન થવા માટે વસ્તુ અને તેનો દૃષ્ટા ઉભયની અવસ્થિતિ આવશ્યક છે. ક્ષણિક એકાન્ત પક્ષમાં એ જાતિનું પ્રત્યભિજ્ઞાન કે સ્મરણ વગેરે કદી પણ ઘટે નહિ.

**આત્માનું કર્તૃત્વ :**

આત્માનું ભોક્તૃત્વ માનવું અને કર્તૃત્વ ન માનવું, એથી કૃતનાશ અને અકૃતાગમ રૂપી દોષો * ઉપસ્થિત થવા ઉપરાન્ત લોકવિરોધ આદિ બીજા પણ અસંખ્ય દોષો ઉત્પન્ન થાય છે. 'આ માણસ પોતાનું કરેલું કર્મ ભોગવે

---

* Breach of the law of the Conservation of moral values. The law of Conservation of moral values means that there is no loss of the effect of work done and that there is no happening of events to a person, except as the result of his own work.

છે.'–એવો પ્રસિદ્ધ લોકવ્યવહાર આત્માને અકર્તા માન-નારાના મતમાં ઘટતો નથી.

સ્વભાવ એ જ સુખ-દુઃખનો આપનાર છે પણ કર્મ નથી, એમ કહેવું એ પણ ખોટું છે. સ્વભાવ ભાવરૂપ છે કે અભારૂપ ? જો અભાવરૂપ હોય, તો અભાવ એ તુચ્છ સ્વરૂપ છે, તેથી કાંઈ કરી શકે નહિ. જો ભાવરૂપ છે, તો નાનારૂપ છે કે એકરૂપ ? જો એકરૂપ છે, તો નિત્ય છે કે અનિત્ય ? નિત્ય કોઈનું કારણ હોઈ શકે નહિ, જ્યારે અનિત્ય એક હોઈ શકે નહિ.

અનેક ભાવરૂપ સ્વભાવ મૂર્ત છે કે અમૂર્ત ? જો મૂર્ત હોય, તો કર્મ જ છે. અમૂર્ત વસ્તુ આકાશની જેમ સુખ-દુઃખનું કારણ બની શકે નહિ. જીવને અનુગ્રહ ઉપઘાત મૂર્તપુદ્ગલથી જ થાય છે.

જીવ અમૂર્ત હોવા છતાં જેમ સુખ-દુઃખનું કારણ બને છે, તેમ અમૂર્ત કર્મ કેમ ન બને ? એનો ઉત્તર એ છે કે-સંસારી જીવ એકાન્તે અમૂર્ત નથી. જીવ અનાદિ કર્મ-સંતતિ-પરિણામાપન્ન સ્વરૂપ હોવાથી કથંચિત્ મૂર્ત છે. જો મુક્ત જીવો કેવળ અમૂર્ત છે, તો તે સુખ-દુઃખ બન્નેનું કારણ બનતાં નથી, કેવળ સુખ પ્રત્યે જ કારણ બને છે. વળી સુખ-દુઃખનું કારણ સ્વભાવ છે, તો તે કાર્યગત ભાવ છે કે કારણ-ગત ? કાર્યગત ભાવ, કારણ હોઈ શકે નહિ. કારણગત ભાવને કારણ માનવાથી કર્મ જ આવશે.

કેટલાકો સુખ-દુઃખના કારણ તરીકે કર્મને નહિ પણ

નિયતિને માને છે, તે પણ ખોટું છે. નિયતિને એકરૂપ માનવાથી સકળ કાર્યોની એકરૂપતા થશે, વિચિત્રરૂપ માનવાથી તેને ભેદક કોઈ અન્ય માનવું પડશે. તે નિયતિ છે કે બીજું કાંઈ? નિયતિ માનવાથી અનવસ્થા દોષ પ્રાપ્ત થશે, બીજું કાંઈ માનવાથી નિયતિવાદનો ઉચ્છેદ થશે.

કેટલાક યદચ્છાવાદીઓ કહે છે કે-ઘટાદિને જેમ સ્વકૃત કર્મવિપાક વિના પણ ઘી, તેલ, સુરાદિ વિચિત્ર ઉપભોગ થાય છે, તેમ પ્રાણીઓને પણ સ્વકૃત કર્મવિપાક વિના યદચ્છાથી સુખ–દુઃખોપભોગ ઘટી જશે. તેઓનું આ કહેવું પણ મિથ્યા છે. ઘટાદિની વિચિત્ર ઉપભોગ્યતા તેના ઉપભોક્તા દેવદત્તાદિના કર્મપરિપાકના સામર્થ્યથી છે. સમાન માટી અને સમાન કુંભકારથી બનેલા સમાન સ્થાન–સ્થિતિવાળા ઘટોમાં પણ તૈલાદિ વિચિત્ર ઉપભોગ તથા વિભિન્ન વિનાશક હેતુઓનો ઉપનિપાત થાય છે, તેનું કાંઈ કારણ હોવું જોઈએ. તે કારણ તે ઉપભોક્તાનું કર્મ છે. અન્યથા સર્વનો સરખો ઉપભોગ તથા યુગપત્ વિનાશ થવો જોઈએ.

કેટલાક કાલવાદીઓ કહે છે કે-વિચિત્ર પ્રકારના સુખ–દુઃખાનુભવનું કારણ દ્રવ્યાવસ્થારૂપ યા સમયાવલિકાદિરૂપ કાળ છે. તેઓનું આ કથન પણ સત્ય નથી. વિચિત્ર પ્રકારના સુખ–દુઃખાનુભવોનું કારણ એકાન્ત કાળ નથી, કારણ કે–તુલ્ય કાળવાળાને પણ સુખ–દુઃખાનુભવનું વૈચિત્ર્ય દેખાય છે.

સુખ–દુઃખાનુભવના વૈચિત્ર્યનું પ્રધાન કારણ કર્મ છે,

જ્યારે કાળાદિ તેનાં સહકારી કારણો છે. જેમ અંકુરનું પ્રધાન કારણ બીજ છે, જ્યારે પૃથ્વી, જળ, હવા, પ્રકાશાદિ તેનાં સહકારી કારણો છે;તેમ સુખ–દુઃખાનુભવ વૈચિત્ર્યનું પ્રધાન કારણ શાતા–અશાતા–વેદનીયકર્મ છે, એમ શ્રી જિનાગમ ફરમાવે છે.અમૂર્ત સુખ–દુઃખાનુભવનું પ્રધાન કારણ મૂર્તકર્મ કેવી રીતે ઘટી શકે ?–એવી શંકા અસ્થાને છે, કારણ કે–સુખ–દુઃખાનુભવ કરનાર સંસારી આત્મા કથંચિત્ મૂર્ત છે. અથવા અમૂર્ત આત્મા સાથે ક્ષીર–નીરન્યાયે મળી ગયેલું કર્મ કથંચિત્ અમૂર્ત છે. મૂર્ત મૂર્તને કે અમૂર્ત અમૂર્તને પ્રધાન કાર્ય-કારણભાવ ઘટી જવામાં કોઈ જાતિની હાનિ નથી. કર્મરૂપે પરિણામ પામેલ કાર્મણવર્ગણાના સમૂહરૂપ પુદ્ગલોને પારિણામિક ભાવની સાથે ઔદયિકભાવ પણ શ્રી પ્રશમરતિકાર અને શ્રી તત્ત્વાર્થસૂત્રકારે માનેલો છે, તેથી કર્મપુદ્ગલ પણ કથંચિત્ અમૂર્ત સિદ્ધ થાય છે. *

સુખાભિલાષી જીવ દુઃખફળવાળું કર્મ કેમ કરે ? એવી શંકા પણ નહિ કરવી. રોગી જેમ જાણવા છતાં પણ અપથ્યક્રિયા કરે છે, તેમ મિથ્યાત્વાદિથી અભિભૂત જીવ

---

* भावे धर्माधर्माम्बरकालाः पारिणामिके ज्ञेयाः ।
उदयपरिणामि रूपन्तु सर्वभावानुगा जीवाः ॥१॥

અર્થ–ધર્મ, અધર્મ, આકાશ અને કાળ–એ ચાર દ્રવ્યો પારિણામિક ભાવે હોય છે, રૂપ એટલે પુદ્ગલ-દ્રવ્ય ઔદયિક અને પારિણામિકભાવે હોય છે અને જીવો સર્વ ભાવોવાળા હોય છે.

પણ દુઃખફલક કર્મ કરે છે. જીવ સુખનો તીવ્ર અભિલાષી હોવા છતાં, જ્યાં સુધી સુખના ઉપાયોનું તેને અજ્ઞાન છે, ત્યાં સુધી તે સુખને પ્રતિકૂળ ફળવાળું કર્મ ઉપાર્જન થાય તેવી પ્રવૃત્તિ કર્યા જ કરે છે. વ્યાધિની નિવૃત્તિને ઈચ્છતો પણ રોગી, જેમ વિચિત્ર પ્રકારના મોહથી વ્યાધિનિવૃત્તિને પ્રતિકૂળ ક્રિયા કરે જ છે, તેમ ક્રોધ–લોભાદિ વિકારોને વશવર્તી જીવ, ક્રોધ–લોભાદિ દોષોના દુષ્ટ વિપાકો જાણવા છતાં ક્રોધ–લોભાદિ દોષોનું સેવન કર્યે જાય છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગોને પરવશ જીવ સુખની ઈચ્છા રાખીને પણ દુઃખફલક કર્મોને કરે છે. મિથ્યાત્વાદિનો હેતુ પૂર્વકૃત કર્મ છે અને મિથ્યાત્વાદિથી ફેર નવીન કર્મ બંધાય છે. એમ બીજાંકુરવત્ અનાદિ કર્મની પરંપરા ચાલ્યા કરે છે. સર્વ કર્મ કર્મવ્યક્તિની અપેક્ષાએ આદિવાળું છે અને કર્મસંતતિની અપેક્ષાએ આદિ વિનાનું છે.

કર્મ, સત્તા માત્રથી ફળ આપતું નથી પણ પ્રતિનિયત વીર્યવિશેષથી ફળ આપે છે. જો કર્મ સત્તા માત્રથી ફળ આપે, તો સર્વ કર્મ સર્વ ફળને આપે અથવા શાતા–અશાતા ઉભયનો યુગપત્ (એકીસાથે) અનુભવ થાય; માટે સત્તા માત્રથી કર્મ ફળ આપતું નથી પણ પ્રતિનિયત સ્વભાવને આધીન થઈને જ અમુક પ્રકારના ફળને આપે છે. કર્મનો એ પ્રતિનિયત સ્વભાવ, સ્વસંબંધી જે જીવ, તદ્ગત શુભાશુભ પરિણામની અપેક્ષા રાખે છે. કર્મનો પ્રતિનિયત

સ્વભાવ ઘડાવવામાં જીવનો અધ્યવસાય નિમિત-કારણ થાય છે અને એ જ જીવનું કર્તૃત્વ છે. એ પ્રતિનિયત સ્વભાવનું પરિણામીકારણ કર્મ છે. કોઈ પણ કાર્ય પરિણામી અને ઇતર કારણ વિના હોતું નથી. કર્મનો (અમુક પ્રકારના ફળનો અનુભવ કરાવનાર) પ્રતિનિયત સ્વભાવ થવામાં કર્મ ઉપાદાનકારણ છે અને જીવવીર્ય, જીવપરિ-ણામ અથવા જીવનો અધ્યવસાય નિમિત્તકારણ છે. યુક્તિથી અને શ્રી જિનેશ્વરદેવોના આગમથી પણ એ વાત સિદ્ધ થાય છે. શ્રી જિનેશ્વરદેવોનું આગમ ફરમાવે છે કે–

जाव णं एस जीवे एयइ, वेयइ, परिप्फुरइ, ताव णं एस सतट्ठठविहबंधए वा ।

અર્થ–જ્યાં સુધી આ જીવ હાલે છે, ચાલે છે અને કંપાયમાન થાય છે, ત્યાં સુધી તે સાત અથવા આઠ પ્રકારનાં કર્મને બાંધે છે.

**આત્માનું ભોક્તૃત્વ :**

જીવને સ્વકર્મનો કર્તા માન્યા બાદ જો કર્મનો ભોક્તા ન માનવામાં આવે, તો કૃતવૈફલ્ય નામનો દોષ પ્રાપ્ત થાય છે તથા સ્વસંવેદન સિદ્ધ શાતા–અશાતાના અનુભવનો પણ જીવને આકાશની જેમ અપલાપ થાય છે. શાતા–અશાતા વેદનીયાદિ કર્મવિપાકના અનુભવરૂપ જીવની વિચિત્ર પરિ-ણતિ, એ જ જીવની ભોગક્રિયા છે.

અચેતન કર્મ પ્રતિનિયત ફળ કેવી રીતે આપી શકે ? –એ શંકા મોટા વિદ્વાનોને પણ મુંઝવે છે. તેનો નિર્ણય નહિ થઈ શકવાથી, કર્મને ફળ આપવામાં પ્રેરનાર તરીકે કેટલાકને ઈશ્વરની અને બીજી પણ અનેક પ્રકારની કલ્પનાઓ કરવી પડે છે. કર્મના ફળદાનમાં પ્રેરક તરીકે જીવ-સહગત કર્મને નહિ પણ ઈશ્વરને માનવાથી પ્રથમ તો દૃષ્ટહાનિ અને અદૃષ્ટપરિકલ્પના, એ બે દોષો આવીને ઉભા રહે છે.

ઈશ્વરને સ્વીકારનારાઓ કહે છે કે–જીવ કર્મને પરતંત્ર હોવાથી, એ અવસ્થામાં કર્મ–ફળ–પ્રદાન–પ્રેરક–સામર્થ્ય જીવમાં ક્યાંથી હોઈ શકે ? અને એ સામર્થ્ય જો જીવના પોતામાં જ હોય, તો સુખની ઈચ્છાવાળો જીવ દુઃખફલક કર્મનો અનુભવ કરે જ શું કરવા ? માટે કર્મફળ આપવામાં પ્રેરક, સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને સંપૂર્ણ ન્યાયી એવા એક ઈશ્વરને માનવો જ જોઈએ. તે સિવાય કરેલ શુભાશુભ સઘળાં કર્મોનું ફળ જીવોને પોતપોતાના કાળે કોઈ પણ જાતના પક્ષપાત વિના વેદન થાય છે, તે ઘટે જ નહિ.

એમ કહેનાર ઈશ્વરવાદીઓની સામે અનેક પ્રશ્નો છે.

તેઓને પ્રથમ પ્રશ્ન એ છે કે–ઈશ્વર કર્મનું ફળ આપવા માટે પ્રેરાય છે, તે કયા ફળને ઉદ્દેશીને ? કૃતકૃત્ય હોવાથી ફળના ઉદ્દેશ વિના જ જો પ્રવૃત્તિ કરતો હોય, તો તેની પ્રેક્ષા-પૂર્વકારિતાનો વિઘાત થાય છે. પ્રેક્ષાપૂર્વકારી આત્માઓ પ્રયોજન વિના કોઈ પણ પ્રવૃત્તિ કરતા નથી.

જો ફળને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરતો હોય, તો ઈશ્વર કેવા ફળને ઉદ્દેશીને કરે છે? યતિ, વણિક કે કામી જેમ ધર્મ, અર્થ અને કામને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરે છે, તેમ ઈશ્વર એ ત્રણમાંથી કોને ઉદ્દેશીને પ્રવૃત્તિ કરે છે? ઈશ્વર કૃત્યકૃત્ય હોવાથી એ ત્રણમાંથી એક પણ ઉદ્દેશ તેને ઘટતો નથી. તેથી ઈશ્વરવાદીઓ ઈશ્વરનો એવો સ્વભાવ જ માને છે કે—તે ફળનિરપેક્ષપણે જ પોતાના સ્વભાવથી કર્મનું ફળ આપવા માટે પ્રેરણા કરે છે. એ રીતે ઈશ્વર ઉપર નિષ્ફળ પ્રવૃત્તિ કરવાનો કે અકૃતકૃત્યપણાનો આવતો દોષ ટાળવા જતાં, ઈશ્વરનો તેવો સ્વભાવ માનવામાં પ્રમાણશૂન્યતાનો દોષ આવીને ઉભો રહે છે.

અચેતન કર્મ, કર્મનું નિયત ફળ પ્રદાન કરી શકે નહિ અને કર્મનો કર્તા આત્મા પણ કર્મપરતંત્ર હોવાથી પ્રેરણાસામર્થ્ય ધરાવી શકે નહિ, એમ ઈશ્વરવાદીઓ કહે છે તેમાં વ્યભિચારદોષ છે.

કર્તા આત્મા, કર્મપરતંત્ર હોવા છતાં કર્મ કરવાનું સામર્થ્ય ધરાવે છે. તે જ પ્રમાણે તે આત્મા કર્મફલદાન પ્રેરણામાં પણ સામર્થ્ય ધરાવે, એમ માનવામાં શી હાનિ છે?

તેની સામે ઈશ્વરવાદીઓ કહે છે કે—કર્મપરતંત્ર આત્મા કર્મનો કર્તા પણ નથી. કર્મનો કર્તા પણ ઈશ્વર છે. તો તેમને એ પ્રશ્ન છે કે—જ્ઞાની, દયાળુ અને વીતરાગ એવો ઈશ્વર

કદી અશુભ કર્મ કરે ? તેના ઉત્તરમાં એમ કહે છે કે–કર્મ તો જીવ પોતે કરે છે, પણ ઈશ્વર જીવને પ્રેરણા કરે છે. તો પણ એકને શુભ કર્મ અને બીજાને અશુભ કર્મ કરવાની પ્રેરણા જો ઈશ્વર આપે, તો ઇશ્વરમાં રાગાદિક દોષોની આપત્તિ આવીને ઉભી રહે છે. ઈશ્વર તો જીવના કર્મ પ્રમાણે પ્રેરણા આપે છે, એમ માનવાથી જીવનું કર્તૃત્વ સિદ્ધ થાય છે, કારણ કે–જીવનું શુભાશુભ કર્મ ઈશ્વરે નહિ પણ જીવે જ કર્યું છે. ઈશ્વર તો માત્ર જીવના કર્મને આધીન થઈને પ્રવૃત્તિ કરનાર ઠરે છે! માટે કર્મ કરવામાં જેમ જીવનું સામર્થ્ય સિદ્ધ થાય છે, તેમ પ્રેરણામાં પણ જીવનું સામર્થ્ય જ સિદ્ધ થાય છે, તેથી કર્મ–ફળ–પ્રદાન માટે ઈશ્વરની કલ્પના કેવળ નિર્વિષયિકા ઠરે છે.

એ રીતે યુક્તિબળ અને અનુભવસામર્થ્યથી આત્મા ભોક્તા–સિદ્ધ થવા છતાં જો ઇશ્વરવાદીઓ એનો સઘળો આરોપ ઇશ્વર ઉપર કરવા તૈયાર થતા હોય, તો તે તેઓનો ગાઢ સ્વદર્શનાનુરાગ અથવા અતિશય ભક્તિ–તરલિત–ચિત્તતા સૂચવે છે. આથી જૈનો ભક્તિશુન્ય છે એમ ઠરતું નથી, **પણ ભક્તિના આવેશમાં જૈનો અસત્ કલ્પનાઓને સ્થાન આપવા તૈયાર નથી.** ઇશ્વરભક્તિમાં ઇશ્વર કર્તૃત્વવાદીઓ કરતાં જૈનો કોઈ પણ રીતે ઉતરતા નથી, બલ્કે અનેક રીતે ચડિયાતા છે. તેનું કારણ તેઓ પ્રમાણુસિદ્ધ ઇશ્વરને સ્વીકારે છે, તે છે. અને એવા પ્રમાણુસિદ્ધ ઈશ્વરની ભક્તિ, ભક્તિ કરનાર આત્માને શીઘ્ર ઇશ્વરત્વને આપનાર

થાય છે, એમ તેઓ સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધાના બળથી માને છે.

લોક અને આગમપ્રમાણ પણ જીવનું કર્મ-ફળ-ભોક્તૃત્વ સિદ્ધ કરે છે. લોકમાં સુખી માણસને જોઈને કહેવાય છે કે-

पुण्यवानेष यदित्थं सुखमनुभवति ।

આ આદમી પુન્યવાન છે, કે જે આવા પ્રકારનાં સુખને અનુભવે છે. આપ્તપ્રણીત શ્રી જિનાગમ પણ કહે છે કે-

सव्वं च पएसतया भुंजइ, कम्मणुभावओ इयरं (भज्जं)।

જીવ સર્વ કર્મને પ્રદેશતયા ભોગવે છે, અનુભાવ વડે ભોગવે પણ છે અને નથી પણ ભોગવતો. તાત્પર્ય કે-જીવને બાંધેલ સઘળું કર્મ પ્રદેશોદયથી ભોગવવું જ પડે છે, વિપાકોદયથી ભોગવવું પડે જ એવો નિયમ નથી.

લૌકિક શાસ્ત્રો પણ કહે છે કે-

नाऽभुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि ।

અબ્જો કલ્પો વડે પણ નહિ ભોગવેલું કર્મ ક્ષય પામતું નથી.

બંધાયેલ કર્મ વિપાકોદય અથવા પ્રદેશોદય વડે જીવને અવશ્ય ભોગવવું જ પડે છે. જો કે એ બે પ્રકારના ઉદયને

તેઓ જાણતા નથી, તો પણ તેઓનું આગમ 'કર્મનો ભોગવટો જીવને કરવો પડે છે'–એ વાતની સાક્ષી પૂરે છે.

## કરેલ કર્મ તુરત કેમ ફળતું નથી ?

પ્રત્યેક વસ્તુ ફળવા માટે જેમ કાળની અપેક્ષા રાખે છે, તેમ કર્મ પણ ફળ આપવા માટે યોગ્ય કાળની અપેક્ષા રાખે છે. અનુભવેલ વસ્તુના સંસ્કાર જ્યારે ઉદ્‌બુદ્ધ થાય ત્યારે (કાળાન્તરે) સ્મરણ થાય છે, તેમ આજે કરેલ શુભ યા અશુભ ક્રિયાથી બંધાયેલ કર્મ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવાદિની યોગ્ય સામગ્રી મળે ત્યારે ફળે છે. વળી સ્મરણ જેમ અનુભવ કરનારને જ થાય છે પણ અન્યને નહિ, તેમ સુખ–દુઃખરૂપી ફળ પણ કર્મ કરનાર પોતાને જ થાય છે, અન્યને નહિ.

જીવને કર્મનો સંબંધ થવામાં કારણ ધર્મ્ય યા અધર્મ્ય પ્રવૃત્તિ છે. તે કર્મ આઠ પ્રકારનું યા એકસો ને અટ્ઠાવન પ્રકારનું શ્રી વીતરાગના આગમોમાં કહેલું છે.

કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે અને ઉત્તરપ્રકૃતિ એકસો ને અટ્ઠાવન છે. તેનું વિસ્તારથી સ્વરૂપ શ્રી કર્મગ્રન્થ, કમ્મપયડિ, પંચસંગ્રહ આદિ આકર ગ્રન્થોમાં વર્ણવેલું છે.

રજ્જુ વડે જેમ અમૂર્ત આકાશ બંધાતું નથી, તેમ મૂર્તકર્મ વડે અમૂર્ત આત્મા શી રીતે બંધાય ? એનો ઉત્તર એ છે કે–મૂર્તકર્મ વડે બંધાનાર આત્મા એકાન્તે

અમૂર્ત નથી પણ કથંચિત્ ( અનાદિ કર્મસંતતિની અપેક્ષાએ ) મૂર્ત પણ કહી શકાય છે.

મૂર્તકર્મ અમૂર્ત આત્માને અનુગ્રહ ઉપઘાત કેવી રીતે કરે ? તેના ઉત્તરમાં જાણવું કે–મદિરાપાન, હૃતપુર-( ધતુરા )નું સેવન કે વિષ–પિપિલીકાદિનું ભક્ષણ જેમ વિજ્ઞાનનો ઉપઘાત કરે છે તથા બ્રાહ્મી આદિ ચૂર્ણો અને સર્પિષ ( ઘી ) આદિ પદાર્થોનું સેવન વિજ્ઞાનને અનુગ્રહ કરે છે, તેમ અશાતાવેદનીયાદિ કર્મો જીવને ઉપઘાત કરે છે અને શાતાવેદનીયાદિ કર્મો જીવને અનુગ્રહ કરે છે.

### જીવ અને કર્મનો સંબંધ :

જીવ અને કર્મ પરસ્પર કેવી રીતે મળી ગયેલાં છે, એ સમજવા માટે ક્ષીર–નીર અને લોહાગ્નિ દષ્ટાન્ત પ્રસિદ્ધ છે. શરીર તેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. **શરીરને અનુગ્રહ થવાથી જીવને અનુગ્રહ થાય છે, શરીરને ઉપઘાત થવાથી જીવને ઉપઘાત થાય છે અને એ જ રીતે જીવના સુખે શરીરને સુખ અને જીવના દુઃખે શરીરને દુઃખ પણ પ્રત્યક્ષ અનુભવાય છે.** શરીર અને જીવના લક્ષણ અને સ્વરૂપાદિ ભિન્ન હોવા છતાં જેમ પરસ્પર અભિન્નતા અનુભવાય છે, તેમ જીવ અને કર્મનાં પણ લક્ષણ અને સ્વરૂપાદિ ભિન્ન હોવા છતાં સંસારી અવસ્થામાં બન્ને પરસ્પર મળી ગયેલાં છે. જીવની સાથે લાગેલાં કર્મ-સ્કંધોને શ્રી જૈનશાસ્ત્રોમાં કાર્મણશરીર તરીકે સંબોધ-

વામાં આવે છે. એ કાર્મણશરીરના સંબંધથી જ ઔદારિકાદિ શરીરો ઉત્પન્ન થાય છે. જીવની ઔદારિકાદિ શરીરની સાથે જે એકમેકતા જણાય છે, તે કાર્મણશરીરને લીધે જ હોવાથી કાર્મણશરીર પણ જીવની સાથે અભિન્નપણે મળી ગયેલું છે, એ વાત સ્વતઃ સિદ્ધ થાય છે.

જીવ અને કર્મ આદિનો લક્ષણ–સ્વરૂપાદિ વડે ભેદ તથા પરસ્પર વ્યાપ્તિ અને એકદેશાવસ્થાન આદિ વડે અભેદ, એ રીતે ભેદાભેદ હોવાથી શ્રી જૈનશાસ્ત્રોમાં બંને કથંચિત્ ભિન્નાભિન્ન મનાય છે અને તેથી જ હિંસા–અહિંસાદિક સઘળી વસ્તુઓ શ્રી જૈનશાસનમાં પરમાર્થપણે ઘટી જાય છે. એકાન્ત ભેદ કે એકાન્ત અભેદ માનનાર દર્શનોમાં હિંસા–અહિંસાદિની વ્યવસ્થા ઉપચારથી જ કરવી પડે છે પણ પરમાર્થથી થઈ શકતી નથી.

## જીવ અને શરીરનો સંબંધ :

શુભાશુભ ધ્યાનની તીવ્રતા વખતે શરીરના અનુગ્રહ ઉપઘાતની કાંઈ પણ અસર જીવ ઉપર થતી જણાતી નથી, તે જીવ અને શરીરના કંથચિત્ ભેદને સિદ્ધ કરે છે. જેમ કે–કાયોત્સર્ગ વખતે શુભ ધ્યાનમાં રહેલા મુનિને થતું સંપૂજન કે વ્યાપત્તિ સુખ–દુઃખનિમિત્તક થતાં નથી. કવચિત્ દેહની આપત્તિ વખતે પણ ધ્યાનના બળથી એકાન્ત સુખનો અનુભવ થાય છે. અને તીવ્ર કામાર્ત્ત મનુષ્યને સ્ત્રક્–ચન્દનાદિ * સુખનાં સાધનોની હયાતિ વખતે પણ કામોદ્રેકની

* પુષ્પમાળા અને ચંદનના વિલેપનાદિ.

પરવશતાથી મહત્ દુઃખ થતું અનુભવાય છે. અનિષ્ટ આહારનું ભોજન પણ તત્ત્વજ્ઞ મુનિને સુખ આપી શકે છે, જ્યારે ઈષ્ટ આહારનું ભોજન પણ અતત્ત્વજ્ઞ કામીને દુઃખ આપે છે. આ નિયમ આધ્યાત્મિક સુખ-દુઃખ માટે છે. આધિભૌતિક કે આધિદૈવિક સુખ-દુઃખ માટે આ નિયમ બાંધી શકાતો નથી. શરીરને થતો અનુગ્રહ આત્માને સુખ ઉપજાવે છે, જ્યારે શરીરને થતો ઉપઘાત આત્માને દુઃખ ઉપજાવે છે. ઈષ્ટ આહાર માનસિક સુખની વૃદ્ધિ કરે છે, જ્યારે અનિષ્ટ આહાર માનસિક દુઃખની વૃદ્ધિ કરે છે. આ વાત શરીર અને આત્માના કંથચિત્ અભેદને સિદ્ધ કરે છે. આ રીતે શરીર અને આત્માનો ભેદાભેદ વ્યવહારિક દૃષ્ટાન્તોથી પણ સિદ્ધ છે.

## શ્રી જૈનશાસને દર્શાવેલ સાધના:

આથી સ્પષ્ટ થશે કે-આત્મા સ્વરૂપે નિર્મળ છે, પ્રકાશ સ્વભાવવાળો છે, અનન્તજ્ઞાન, દર્શન, સુખ અને વીર્યવાળો છે, કિન્તુ તેનું સ્વરૂપ કર્મથી આવરિત થયેલું છે. એ આવરણ ખસે એટલે એ આત્મા મૂળ સ્વરૂપમાં પ્રકાશી ઉઠે છે. આત્માને કર્મથી મુક્ત બનાવવો, એ જ શ્રી જૈનશાસને દર્શાવેલ સાધનાનું લક્ષ્ય છે. એ લક્ષ્ય પ્રાપ્ત કરવાનો માર્ગ આત્મગુણોની આરાધના છે. આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે. તેની આરાધના જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોનું બહુમાન, ભક્તિ, સેવા, ઉપાસનાદિ કરવા વડે થાય છે. અશુભ પરિણામથી ઉપાર્જન કરેલ જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મોનો એથી વિનાશ થાય છે. રાગ-દ્વેષનો પરિણામ

જ્ઞાનની, જ્ઞાનીની અને જ્ઞાનનાં સાધનોની ઉપાસનામાં અંતરાય કરનાર છે. રાગ–દ્વેષના અતિ નિબિડ પરિણામોને શ્રી જૈનશાસનમાં દુર્ભેદ્ય ગ્રંથિ માનેલી છે. એ ગ્રંથિનો જ્યાં સુધી ભેદ ન થાય, ત્યાં સુધી જીવને મહા નિર્જરા કરાવનારા શુભ પરિણામ જાગતા નથી. ગ્રંથિભેદ કરવાનો અધ્યવસાય જીવને અપૂર્વકરણના બળે થાય છે. કર્મોની ઘણી દીર્ઘ સ્થિતિઓને ખપાવી, જીવ જ્યારે પલ્યોપમ અસંખ્યેય ભાગ ન્યૂન એક કોટાકોટિ સાગરોપમપ્રમાણ સ્થિતિ કરે છે, ત્યારે તે ગ્રંથિદેશને પ્રાપ્ત કરે છે, ત્યાં અપૂર્વકરણથી તેનો ભેદ કરે છે અને મોક્ષના કારણભૂત સમ્યક્ત્વગુણને પ્રાપ્ત કરે છે. પછી તે ઉત્કૃષ્ટ સ્થિતિનાં કર્મ બાંધતો નથી. વ્યાધિતને જેમ સદૌષધ વડે રોગ નાશ પામવાથી અત્યંત આનંદ થાય, તેનાથી પણ અનન્તગુણો તાત્ત્વિક આનંદ સમ્યગ્દર્શન પામતી વખતે સમ્યગ્દૃષ્ટિ આત્માને થાય છે. સમ્યક્ત્વનો શુભ પરિણામ જીવની વિચારણાને પલટાવી નાંખે છે. અપરાધી ઉપર પણ તે આત્માને કોપ આવતો નથી. દેવ અને મનુષ્યલોકનાં સુખોને પણ તે દુઃખરૂપ દેખે છે. પરલોકનો માર્ગ જેટલો સાધી શકાતો નથી, તેનું તે અત્યંત દુઃખ ધરાવે છે. ભયંકર ભવસાગરમાં પ્રાણીસમૂહને અનેક દુઃખોથી પીડિત જોઈને, પોતાની શક્તિ મુજબ તેઓનાં દુઃખો દૂર કરવાને તે પ્રયાસ કરે છે અને શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં તત્ત્વોને જ એક સત્ય તરીકે સ્વીકારે છે અને નિઃશંકપણે સદ્દહે છે.

સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનથી શુભ પરિણામવાળો બનેલો જીવ, થોડા જ કાળમાં ભવસમુદ્રને લંઘી જવા માટે જહાજતુલ્ય સમ્યક્ચારિત્રરૂપી નાવને પ્રાપ્ત કરે છે અને એથી ભવસમુદ્રને લંઘી જાય છે.

ચારિત્ર એ પણ આત્માનો એક શુભ પરિણામ છે અને તે અહિંસાદિ ક્રિયાઓનાં આચરણથી વ્યક્ત થાય છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ મૂલ તથા પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણોના પાલન દ્વારા, તે આત્મા પૂર્વ કરતાં પણ અધિક કર્મસ્થિતિઓને ખપાવી અનન્તજ્ઞાનાદિ ગુણોને હસ્તગત કરે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રસ્વરૂપ રત્નત્રયીના સતત સત્કારપૂર્વકના આસેવનથી આત્મા મોક્ષ મેળવે છે. અન્ત વિનાનું, અપાર અને કોઈથી પણ ઝૂંટવી લઈ શકાય નહિ એવું શાશ્વત સુખ મોક્ષમાં છે. એ સુખની આગળ સંસારનાં ત્રણેય લોકનાં અને ત્રણેય કાળનાં સુખ તુચ્છ છે. *

---

* જીવને મોક્ષ છે અને મોક્ષમાં સુખ અનંત છે. એ સંબંધમાં ઘણો વાદવિવાદ તથા મતમતાન્તર લોકમાં પ્રચલિત છે. જેમ કે–

મોક્ષમાં સુખ છે, એમ કહેવું એ સાચું નથી. જ્યાં શરીર નહિ, ઇન્દ્રિયો નહિ અને વિષયો નહિ, ત્યાં સુખ કેવી રીતે હોય? જો મોક્ષમાં દુઃખ નથી એમ કહેતા હો, તો દુઃખનો અભાવ તો મૂર્છામાં અને પાષાણ-સ્તંભમાં પણ હોય છે, તો તેવી મૂર્છાવાળી કે પાષાણ

શ્રી જૈનશાસને જગતમાં જે સાધનાનો માર્ગ દર્શાવ્યો છે, તે અર્થ, કામ કે તેવી જ કોઈ પૌદ્ગલિક વસ્તુઓની સાધનાનો નહિ, કિન્તુ જેમાં સર્વ પૌદ્ગલિક વસ્તુઓની સાધનાનો પરિત્યાગ છે એવી આત્મિક સાધનાનો માર્ગ દર્શાવ્યો છે. આત્મિક સાધના એટલે આત્મગુણોની સાધના અને આત્મગુણોની સંપૂર્ણ સાધના, સર્વકર્મના ક્ષયથી નિષ્પન્ન થતા મોક્ષ સિવાય શક્ય નથી. તેથી શ્રી જૈનદર્શનની સાધનાનું પ્રધાન લક્ષ્ય મોક્ષ યાને સર્વકર્મરહિત અવસ્થા છે. કર્મરહિત અવસ્થામાં જે સુખ છે, તે જ શાશ્વત, નિરાબાધ અને સમ્પૂર્ણ છે. એ અવસ્થાનું બીજું નામ સિદ્ધાવસ્થા છે. શ્રી જૈનશાસને મોક્ષની સાધનાનો જે માર્ગ પ્રરૂપ્યો છે તેનો વિચાર કરતાં પહેલાં, તે મોક્ષ સંબંધી આ જગતમાં કેવા કેવા પ્રકારની માન્યતાઓ ચાલી રહી

---

જેવી અવસ્થા માટે કોણ વિદ્વાન પ્રયત્ન કરે ? કાળ અનંત થયો છે અને મોક્ષમાર્ગ સદા ચાલુ છે, તો આજ પહેલાં સંસારનો વિલય કેમ ન થયો ? એક સ્થાને વ્યાપક જીવને મુક્તિસ્થાન જુદું કેવી રીતે હોય ? જો મુક્તિસ્થાન જુદું હોય, તો પણ પરિમિત સ્થાનમાં અનંત જીવો કેવી રીતે રહી શકે ? પહેલો ભવ કે પહેલો મોક્ષ ? જો મુક્તિમાં પહેલું કોઈ ન હોય, તો તેનો પ્રારંભ કેવી રીતે થયો ? જ્યાં ગીત નહિ, નૃત્ય નહિ, વાજિંત્ર નહિ, હાવભાવ નહિ, શૃંગાર–વિલાસ નહિ અને હાસ્ય–કુતૂહલ નહિ, તેવા મુક્તિસ્થાનમાં જવા કરતાં જંગલના શિયાળ થવું શું ખોટું ?

છે તે પ્રથમ જોઈ જવું જોઈએ, કારણ કે—સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયા પહેલાં તેના માટેની પ્રવૃત્તિ સુદૃઢ અને મક્કમ બની શકતી નથી.

**મોક્ષ સંબંધી ભિન્ન ભિન્ન માન્યતાઓ :**

**ચાર્વાકદર્શન** તો મોક્ષ જેવા પદાર્થની હયાતિ જ સ્વીકારતો નથી. પરન્તુ તે સિવાયનાં બધાં આસ્તિક દર્શનો એકીઅવાજે અને અન્તિમ ધ્યેય તરીકે મોક્ષને જ માને છે. મોક્ષ એ દરેક આસ્તિકદર્શનોનું લક્ષ્યસ્થાન છે અને એને જ સર્વસ્વના ભોગે પ્રાપ્તવ્ય તરીકે આદરપૂર્વક સ્વીકારે છે. તે તે દર્શનકારો આત્માના મોક્ષનું જે સ્વરૂપ વર્ણવે છે તે અને તેમાં કેવા ગુણ–દોષ રહ્યા છે તે, નીચેના વર્ણનથી સમજાશે.

---

શ્રી જૈનદર્શન કહે છે કે—મુક્તિ નથી, એમ કહેનાર ભવાભિનંદી છે અથવા અભવ્ય છે અથવા જડબુદ્ધિ છે. જેઓને મુક્તિસુખની કામના નથી અને જેઓ કેવળ ભવસુખની જ સ્પૃહાવાળા છે, તેઓને શાસ્ત્રકારોએ દુષ્ટ બુદ્ધિવાળા અને બહુલસંસારી કહ્યા છે.

શરીર, ઈન્દ્રિય અને વિષયથી થનાર સુખ, એ સુખ નથી પણ દુઃખના મૂળ છે—વ્યાધિનો પ્રતિકૂળ પ્રતિકાર છે. સાચું સુખ તે છે, કે જેમાં ઈન્દ્રિયોની વૃત્તિ નથી. એવું ઉદાર-ઉપશમજનિત સુખ મહાત્માઓને અનુભવસિદ્ધ છે. ઈન્દ્રિયસુખ એ પરાધીન છે, જ્યારે ઉપશમસુખ એ સ્વાધીન છે. ચંદ્રની ચંદ્રિકાની જેમ મુક્તિનું

**વૈશેષિકદર્શન** કહે છે કે-બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, ધર્મ, અધર્મ, પ્રયત્ન, ભાવના અને દ્વેષ, એ નવેય ગુણોનો સર્વથા ઉચ્છેદ થવાથી જીવનો મોક્ષ થાય છે. મોક્ષમાં બુદ્ધિ, સુખ આદિ ગુણો રહેતા નથી. વિશેષમાં તેઓ કહે છે કે-શાસ્ત્રાભ્યાસથી તત્ત્વજ્ઞાન થાય છે, તત્ત્વ-જ્ઞાનથી મિથ્યાજ્ઞાન નાશ પામે છે, મિથ્યાજ્ઞાનના નાશથી રાગાદિ દોષ નાશ પામે છે, રાગાદિ દોષોનો ક્ષય થવાથી

---

સુખ આત્માનું સ્વાભાવિક સુખધામ છે. મુક્તિ મેળવવાના પ્રયાસના પ્રારંભ કે અંતમાં આત્મા સિવાય પરપદાર્થની કથા જ નથી. જો પ્રશમસુખની તરતમતા દેખાય છે, તો તેનો પ્રકર્ષ પણ માનવો જોઈએ. એનું જ નામ શિવસુખ છે. જો દોષ અને આવરણોની હાનિ દેખાય છે, તો તેનો નિઃશેષ નાશ પણ માનવો જોઈએ. તેનું જ નામ પરમ-પદ છે. જયાં સુધી શરીર અને મન છે, ત્યાં સુધી જ દુઃખને સ્થાન છે. શરીર અને મનના નાશની સાથે આધિ અને વ્યાધિસ્વરૂપ દુઃખનો પણ નાશ છે. સર્વ શત્રુઓનો ક્ષય, સર્વ વ્યાધિઓનો વિલય, સર્વ પદાર્થોનો સંયોગ અને સર્વ ઈચ્છાઓની પૂર્તિથી જે સુખ-લાભ થાય છે, તેનાથી અનંતગુણો સુખ-લાભ મોક્ષમાં રહેલો છે.

જીવરાશિ અનંતાનંત છે, તેથી અનંત જીવો સિદ્ધ થવા છતાં-મોક્ષમાં જવા છતાં ભવ અક્ષત રહે છે. જો જીવની સંખ્યાને પરિમિત માને, તો જ ભવ ખાલી થાય અથવા મુક્તને જન્મ લેવો પડે. જે સિદ્ધો થયા અને હવે

પ્રવૃત્તિ અટકે છે, પ્રવૃત્તિ અટકવાથી ધર્માધર્મ (અદૃષ્ટ અથવા કર્મ) અટકે છે અને ધર્માધર્મ અટકવાથી જન્માદિ નાશ પામે છે. જૈનો કહે છે કે-ઈન્દ્રિયોથી ઉત્પન્ન થનારાં બુદ્ધિ, સુખ, દુઃખ કે ઈચ્છાદિનો મોક્ષમાં નાશ ઈષ્ટ છે. પરન્તુ આત્માના સ્વાભાવિક જ્ઞાનાદિ અતીન્દ્રિય ગુણો જો નાશ પામતા હોય, તો એવી મુક્તિનો અર્થ જ શું છે, કે જયાં વર્ત્તમાનમાં જેટલું જ્ઞાન અને સુખ છે, તેટલું પણ ન રહે? સર્વથા જ્ઞાન અને સુખરહિત અવસ્થા અનંતકાળ

---

થશે, તે નિગોદનો એક અંશ છે. સમુદ્રનું એક બિંદુ જવાથી સમુદ્રને શી હાનિ છે?

શરીરપ્રમાણ આત્મામાં જ બંધ-મોક્ષ ઘટે છે. વ્યાપક જીવને જેમ મોક્ષ નથી, તેમ ભવ પણ કેવી રીતે ઘટે? શરીરપ્રમાણ જીવ ચૌદમા ગુણસ્થાનકે યોગનિરોધ કરી ત્રીજો ભાગ હીન શરીરની અવગાહના કરી, સિદ્ધશિલા ઉપર જઈને વસે છે અને તેથી આગળ ધર્માસ્તિકાય નહિ હોવાથી જતો નથી. જયાં એક સિદ્ધ ત્યાં અનંતા સિદ્ધ દૂધમાં સાકરની જેમ ભળી જાય છે. રૂપીને રૂપી પદાર્થમાં ભળતા હજુ સંકડાશ હોય, પણ અરૂપીને કેવી રીતે હોય? જેમ કાળ અનાદિ છે, તેમ સિદ્ધિ પણ અનાદિ છે. બીજાંકુરવત્ અનાદિ ભાવોમાં પૂર્વાપરનો વિવાદ હોઈ શકે નહિ. જેને મોક્ષતત્ત્વની સદ્દહણા થાય, તેનું જ મન ધર્મમાં સ્થિર રહે. મુક્તિની ઈચ્છાને જ મોટો યોગ માનેલો છે અને મુક્તિની ઈચ્છાવાળાને જ અમૃતક્રિયાનો સંયોગ માનેલો છે.

માટે પ્રાપ્ત થાય, એવી (જ્ઞાન-સુખરહિત) મુક્તિ ઉપર કોઈ પણ વિબુધ જનને આસ્થા ન જ થાય, એ તદ્દન સ્વાભાવિક છે.

**મીમાંસકો** માને છે કે-મુક્ત આત્મા સદા સ્વસ્વરૂપમાં સ્થિત રહે છે. તે બંધન, દુઃખ તથા ક્લેશથી રહિત હોય છે અને કામ, ક્રોધ, મદ, ગર્વ, લોભ અને દંભ-એ છ પ્રકારની ઉર્મિઓથી પર હોય છે. બ્રહ્મનું સ્વરૂપ આનંદ છે અને તે મોક્ષદશામાં પ્રગટ થાય છે. તે સમયે બ્રહ્મનું રૂપ જોઈને બધાં બંધનો છૂટી જાય છે. બંધનો છૂટી જવાથી મોક્ષદશામાં આત્મા પોતાનામાં જ નિત્ય એવા આનંદનો લાભ મેળવે છે. જ્યાં માત્ર બુદ્ધિ જ પહોંચી શકે પણ ઈન્દ્રિયો ન પહોંચી શકે, એવું કદી પણ નાશ નહિ પામનારૂં સુખ જેમાં રહેલું છે, તેનું નામ મોક્ષ છે. મોક્ષદશાનું સુખ અવધિ વિનાનું, અખંડ અને ઘણામાં ઘણું છે. એથી વધારે સુખ બીજે કોઈ ઠેકાણે સંભવી શકતું નથી. એ રીતે મોક્ષના સુખનું વર્ણન **મીમાંસકો** કરે છે, તો પણ એ સુખને પ્રાપ્ત કરવાના એને અનુરૂપ ઉપાયો તે લોકો નથી દર્શાવતા. જૈનો કહે છે કે-મોક્ષમાં કર્મજન્ય સુખનો અભાવ છે, પણ સ્વભાવજન્ય સુખ વિદ્યમાન છે, તેથી તે સુખની પ્રાપ્તિ માટેના ઉપાયો પણ તેને અનુરૂપ જોઈએ. યજ્ઞ-યાગાદિ હિંસ્ર અનુષ્ઠાનો કે તત્ત્વજ્ઞાનશૂન્ય શુષ્ક કર્મકાંડો આત્માને સ્વભાવજન્ય સુખસ્વરૂપ મુક્તિ અપાવવાને કેવી રીતે સમર્થ થઈ શકે? વિષયસુખને જેમ લોકો ચાહે છે, તેમ આત્માને

પણ લોકો ચાહે છે, તેથી આત્માનો સહજ સ્વભાવ સુખ-મય છે એમ સાબીત થાય છે. એ સહજ સ્વભાવમાંથી ઉદ્ભવતું આત્મિક સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય યજ્ઞ-યાગાદિ અનુષ્ઠાનો નથી, કિન્તુ વિષયસુખથી આત્માને વિમુખ બનાવી, સમ્યગ્દર્શનાદિ આત્મગુણોની પ્રાપ્તિના ઉદ્યમમાં જોડનાર, નિરવદ્ય એવી આવશ્યકાદિ ક્રિયાઓ અને જ્ઞાનાદિ આચારોનું પાલન છે. *

સાંખ્યમતવાળા કહે છે કે-આત્મા શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપ છે, કિન્તુ એક સળીને પણ વાંકી વાળવા તે અશક્ત છે, માટે અકર્તા છે. તે સાક્ષાત્ ભોગવનાર પણ નથી. એ આત્મા જડ અને ક્રિયા કરનારી પ્રકૃતિનો સમાશ્રિત છે અને તેથી જ તેના ઉપર અજ્ઞાનનું અંધારૂં પથરાઈ રહેલું છે અને એમ છે માટે જ, જે સુખ વગેરે ફળ પ્રકૃતિમાં રહેનારૂં છે, તેનું પ્રતિબિંબ પોતામાં પડે છે તેને પોતે પોતાનું માની લે છે. એવા મોહને લીધે પ્રકૃતિને સુખસ્વભાવ-વાળી માનતો આત્મા સંસારમાં ભટકે છે. એને જ્યારે

---

* **આવશ્યક** છ છે. સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન.

**આચારો** પાંચ છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રા-ચાર, તપાચાર અને વીર્યાચાર.

એના વિસ્તાર માટે જુઓ '**સવિવરણ શ્રી પંચ-પ્રતિક્રમણ સૂત્ર.**'

વિવેકજ્ઞાન થાય છે કે–પ્રકૃતિ દુઃખનો હેતુ છે અને એની સાથે સંબંધ રાખવો નકામો છે, ત્યારે એ આત્મા પ્રકૃતિએ કરેલાં કર્મફળને ભોગવતો નથી. અને એ પ્રકૃતિ પણ એમ સમજે છે કે–આ આત્માએ મારી પોકળતા જાણી લીધી છે અને હવે એ મારૂં કરેલું કર્મફળ ભોગવવાનો નથી, ત્યારે એ કોઢણી સ્ત્રીની પેઠે તેનાથી દૂર ખસે છે. પ્રકૃતિની શક્તિ જયારે આ રીતે નરમ પડી જાય છે, ત્યારે આત્મા એના મૂળ રૂપમાં આવી જાય છે. એનું જ નામ મોક્ષ છે. એ મોક્ષદશામાં સાંખ્યો અનન્ત ચૈતન્ય માને છે, પરન્તુ અનન્ત આનન્દ માનતા નથી; કારણ કે–એમના મતે આનન્દ એ પુરુષનો નહિ પણ પ્રકૃતિનો ધર્મ છે.

જૈન સાંખ્યોને પૂછે છે કે–જો જ્ઞાનની સાથે આત્માને સંબંધ નથી પણ પ્રકૃતિને છે, તો તમારા મતે આત્મા અજ્ઞાન સિદ્ધ થાય છે. તો પછી જે અજ્ઞાનને લીધે સંસારી આત્મા પ્રકૃતિમાં રહેલું સુખ વગેરે પોતાનું માને છે, તે જ આજ્ઞાનને લીધે મુક્તાત્મા પણ પ્રકૃતિમાં રહેલાં સુખ–દુઃખ વગેરે ફળોને પોતાના કેમ નહિ માને? એ આપત્તિમાંથી બચવા માટે મોક્ષમાં ચતન્યની જેમ અનન્ત-જ્ઞાન પણ તમારે માનવું જ પડશે. અન્યથા ઉભયત્ર સરખી અજ્ઞાન અવસ્થા માનવાથી તમોએ માનેલી મુક્તિમાં કાંઈ વિશેષતા રહેશે નહિ.

બૌદ્ધદર્શન કહે છે કે–જે મનુષ્ય આત્માને સ્થિર અને નિત્ય માને છે, તેને આત્મા ઉપર સ્નેહ થાય છે. એ

સ્નેહને લઈને ભોગોમાં આસક્તિ થાય છે અને તેથી સંસાર વધે છે. ' આત્મા છે '–એમ જાણવાથી જ ' હું અને બીજો ' –એવી સ્વ–પરની ભાવના થાય છે અને તે સ્વ–પરની ભાવના જ રાગ–દ્વેષનું મૂળ છે. રાગ–દ્વેષ બધા દોષોનું મૂળ છે, માટે મુમુક્ષુએ શરીર, સ્વજન, સ્ત્રી, પુત્રાદિ સર્વને અનાત્મક, અનિત્ય, અસ્થિર, અશુદ્ધ અને દુઃખરૂપ માનવાં જોઈએ. એથી સ્નેહ થતો અટકી જાય છે. એ ભાવનાના વિશેષ અભ્યાસથી વૈરાગ્ય થાય છે. વૈરાગ્યથી નવો આશ્રવ અટકી જાય છે અને પરિણામે મુક્તિ મળે છે.

જૈનદર્શન કહે છે કે–આત્મા ઉપરના સ્નેહથી થનારી બધી જ પ્રવૃત્તિ આત્માને ક્લેશ કરનારી થાય છે, એમ કહેવું ખોટું છે. આત્માના સ્નેહથી દુઃખમિશ્રિત વિષયસુખોમાં પ્રવૃત્તિ થાય, તે રોગીને કુપથ્યની જેમ અવશ્ય કષ્ટ કરનારી છે. પરન્તુ એ જ આત્મસ્નેહથી ડાહ્યા રોગીને પથ્યસેવનની જેમ અતાત્ત્વિક સુખનાં સાધન સ્ત્રી વગેરેને છોડીને પરમાર્થસુખના ઉપાયભૂત એવા સમ્યગ્દર્શનાદિ સાધનોની સાધનામાં પ્રવૃત્તિ થાય, તે આત્માને એકાન્તે ફાયદો જ કરે. પરન્તુ તમારી જેમ નિત્ય આત્મા માટે અનિત્યપણાની ભાવના કરવી, એ મૃષાભાવના છે. એવી મિથ્યાભાવના ભાવવાથી તો આત્મા મૃષાવાદી અને માયાચારી બને છે. વળી એ ભાવના ભાવનાર તો કોઈ એક સ્થિર આત્મા જોઈએ જ. અસ્થિર આત્મા અનિત્યપણાની સતત ભાવના શી રીતે ભાવી શકે ? પૂર્વે બંધાયેલો જ પછી છૂટો થઈ શકે. એ કારણે પણ મોક્ષને મેળવનાર કોઈ

એક સ્થિર આત્મા છે, એમ માનવું જ જોઈએ. ક્ષણિકવાદમાં જાણે કોઈ, કરે કોઈ અને મેળવે કોઈ અથવા એની લડાઇમાં ત્રીજો મેળવી જાય, એ સ્થિતિ ઉભી થાય છે. વળી વસ્તુ માત્ર જો ક્ષણવિનાશી છે, તો પછી ક્ષણ બાદ પોતાની મેળે જ નાશ પામનાર રાગાદિના નાશ માટે જુદો પ્રયત્ન કરવાનો જ ક્યાં રહે છે ? માટે એ પ્રયત્ન કરનાર આત્મતત્ત્વ સ્થિર છે, એમ માનવું જ જોઈએ. એ આત્મતત્ત્વનો અહિંસાપ્રધાન તપના આચરવા વડે મોક્ષ થઈ શકે છે. અનિત્યવાદની ભાવના ભાવનાર આત્મા, સ્થિર રહેતી જ્ઞાનધારા દ્વારા અનેક જાતના તપના અનુષ્ઠાનથી મોક્ષને મેળવી શકે છે અને એ મોક્ષ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત સુખમય છે.

જૈનો જે પ્રકારના મોક્ષને માને છે, તેના સમર્થન માટે વધુમાં જણાવે છે કે—ઉપચય–અપચયને પ્રાપ્ત થનારા પદાર્થો સામગ્રીના સદ્ભાવે સર્વ પ્રકારે નાશ પણ થાય જ છે. રાગાદિ દોષસમૂહનો ઉપચય–અપચય સર્વ મનુષ્યોને પ્રત્યક્ષ છે. મનુષ્યોમાં રાગ–દ્વેષની વધ–ઘટ પ્રત્યક્ષ દેખાય છે. તે હેતુ વિના સંભવી શકતી નથી. જે હેતુથી વધ–ઘટ થવાવાળી ચીજ ઘટે છે, તે હેતુની પૂરેપૂરી સામગ્રી પ્રાપ્ત થતાં તેનો સદંતર નાશ થાય જ. સૂર્યનાં મંદ કિરણોથી જો થોડી ટાઢ નાશ પામે છે, તો સૂર્યના પ્રખર તાપથી પ્રબળ ટાઢ નાશ પામે જ છે એ જ ન્યાયે થોડી શુભ ભાવનાઓના બળથી થોડા રાગ-દ્વેષ ઘટતા દેખાય છે, તો એ જ ભાવના-

ઓના પ્રકર્ષથી સંપૂર્ણ રાગ-દ્વેષ રૂપી દોષોનો ક્ષય થાય એમાં આશ્ચર્ય નથી. રાગ-દ્વેષના ક્ષયથી અનાદિ કર્મમળનો આત્યંતિક નાશ થાય છે, કારણ કે-કર્મમળને ઉત્પન્ન કરનાર અને વધારનાર રાગ-દ્વેષ જ છે. કર્મમળનો સર્વથા વિનાશ, એનું જ નામ મોક્ષ છે.

રાગ-દ્વેષ અને કર્મમળના ક્ષયથી મોક્ષમાં અનંત જ્ઞાન પ્રગટે છે. પરિમાણનો અતિશય ઉત્કર્ષ જેમ આકાશમાં વિશ્રામ પામે છે, તેમ બુદ્ધિનો અતિશય ઉત્કર્ષ ક્યાંક વિશ્રાન્ત થવો જોઈએ. જ્ઞાનની માત્રા પ્રત્યેક મનુષ્યમાં વધતી-ઓછી દેખાય છે, એટલું જ નહિ પણ એક જ મનુષ્યની જ્ઞાનમાત્રા અવસ્થા ફરવાની સાથે ફરતી જાય છે. થોડાં આવરણ ખસવાથી થોડું જ્ઞાન પ્રકાશે છે, તો સર્વ આવરણ ખસવાથી આત્મા સંપૂર્ણ જ્ઞાનવાન બને એમાં શી નવાઈ? વધતી જતી પહોળાઈનો અંત જેમ આકાશમાં આવે છે, તેમ વધતા જતા જ્ઞાનનો અંત સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવે છે. મોક્ષમાં એ સર્વજ્ઞપણું સર્વ કર્મમળનો ક્ષય થવાથી સદાકાળ રહે છે. એવા અનંત જ્ઞાન અને અનંત સુખમય મોક્ષ અથવા સિદ્ધાવસ્થા માટે ઉદ્યમ કરવાનું જૈનદર્શન ઉપદેશે છે.

**મોક્ષનું સુખ :**

આ સિદ્ધાવસ્થા કે મોક્ષનું સુખ શાશ્વત, નિરાબાધ અને સંપૂર્ણ છે. તેનાં મુખ્ય કારણ નીચે મુજબ છે*

* The teachings and lives of libera-

૧. સિદ્ધાત્માઓ સર્વથા રાગ–દ્વેષ અને મોહરહિત હોય છે. જીવની એ ત્રણેય પ્રકૃતિઓ પરમ સંક્લેશસ્વરૂપ છે. રાગથી અભિષ્વંગ પેદા થાય છે,[1] દ્વેષથી અપ્રીતિ ઉત્પન્ન થાય છે[2] અને મોહથી કાર્યાકાર્યનો વિવેક

---

ted souls prove the possibility of liberation and show also the path to be followed for the purpose. Three things are necessary for liberation. They are the perfect faith in the teachings of the omnisient teachers, correct knowledge of their teachings and right conduct. Right conduct consists in to practice of abstinence from all injury to life, from false hood, from stealing, from sensuality and from attachment to sensual objects. By the joint culture of right faith, right knowledge and right conduct, the passious are controlled and the Karmas that fetter the soul to matter are removed. The obstacles being removed, the soul attains natural perfection. ie. infinite faith, infinite knowledge, infinite power and infinite bliss. This is the final state of the Soil in liberation according to jain scriptures.

**નાશ પામે છે-અજ્ઞાન વધે છે.**[3]અભિષ્વંગ, અપ્રીતિ અને અજ્ઞાન–એ ત્રણ ચિત્તના અતિ સંકિલષ્ટ અધ્યવસાયો છે, સંકિલષ્ટ કર્મના કારણભૂત છે અને પરંપરાએ સંક્લેશને વધારનારા છે. રાગાદિ સંકિલષ્ટ અધ્યવસાયોથી અભિભૂત થયેલા આત્માઓને આ સંસારમાં એક ક્ષણવાર પણ સુખ હોતું નથી. એ દુષ્ટ અધ્યવસાયોને પરાધીન એવા આત્માઓ, આ સંસારસાગરમાં નવાં નવાં કિલષ્ટ કર્મોનું ઉપાર્જન કરીને, જન્મ-મરણના અપાર દુઃખોને અનુભવે છે. રાગાદિના અભાવે જીવને જે સંક્લેશરહિત સુખ થાય છે, તે જ સાચું સુખ છે. એ સુખને રાગાદિથી રહિત આત્માઓ જ જાણી શકે છે. સન્નિપાતથી ગ્રહિત આત્મા સન્નિપાતના અભાવમાં થનારા સુખને જેમ જાણી શકતો નથી, તેમ રાગ-દ્વેષ અને મોહ–એ ત્રણ દોષોથી પરતંત્ર એવો આત્મા પણ, એ ત્રણ દોષોથી રહિત અવસ્થામાં થનારા સુખને જાણી શકતો નથી.

૨. સિદ્ધના જીવોને જન્માદિનો અભાવ છે, તેથી તેઓનું સુખ અવ્યાબાધ છે. બીજ બળી ગયા પછી જેમ અંકુરો પ્રગટ થતો નથી, તેમ સિદ્ધના જીવોને કર્મરુપી બીજ બળી જવાથી જન્મરૂપી અંકુરો પ્રગટ થતો નથી. જ્યાં જન્મ નથી, ત્યાં જરા નથી; જ્યાં જરા નથી, ત્યાં મરણ નથી; અને જ્યાં મરણ નથી, ત્યાં ભય નથી.

---

१–" अविषयेऽभिष्वंगकरणाद्रागः।"

२–" तत्रैव अग्निज्वालाकल्पमात्सर्यापादनाद् द्वेषः "

३–" हेयेतरभावाधिगमप्रतिबन्धविधानान्मोह : ॥ "

૩. સિદ્ધોનું સુખ અવ્યાબાધ છે. તેનું ત્રીજું કારણ સિદ્ધના જીવોને સદાકાળ ઔત્સુક્યની નિવૃત્તિ છે. સંસારનાં સુખોનો અનુભવ પણ જીવને ઔત્સુક્ય કે અભિલાષની નિવૃત્તિથી જ થાય છે. પરંતુ ઈન્દ્રિયવિષયોના ભોગ પર્યન્તે થનારી ઔત્સુક્ય નિવૃત્તિ સ્વલ્પ કાળ માત્ર રહેવાવાળી છે. એટલું જ નહિ પણ એક નિવૃત્તિ અન્ય વિષયની અભિલાષા અને ઉત્સુકતા ઉભી કરીને જ જાય છે અને તે ઉત્સુકતાની પરંપરાઓ જ્યાં સુધી નિવૃત્તિ થતી નથી, ત્યાં સુધી દુઃખ કાયમ રહે છે. સિદ્ધના જીવોને તે નિવૃત્તિ સાર્વકાલિકી હોય છે. સર્વ કાળ માટે સર્વ અભિલાષની નિવૃત્તિ, એ જ સિદ્ધપણું છે. તેથી તેઓનું સુખ સર્વ સંસારી જીવોનાં સર્વ સુખો કરતાં પણ અનન્તગુણું અધિક બને છે. સિદ્ધોનું અનન્ત સુખ આ રીતે અનુભવ, યુક્તિ અને આગમ આદિ સર્વ પ્રમાણોથી સિદ્ધ છે. પરંતુ ત્રણેય ભુવનમાં તે સુખની કોઈ જોડી નહિ હોવાથી તેનું યથાર્થ કથન કોઈ પણ ઉપમા વડે થઈ શકતું નથી. સર્વજ્ઞ ભગવાનો પણ વાણીદ્વારા એ સુખનું યથાસ્થિત કથન કરી શકતા નથી. તેટલા માત્રથી તે સુખનો આ જગતમાં અભાવ છે, એમ કહેવું તે મિથ્યા છે.

**મોક્ષસુખનું વર્ણન અશક્ય:**

જો સર્વ જીવોને અનુભવગમ્ય એવું વૈષયિક સુખ પણ અન્યની આગળ કથન કરી શકાતું નથી, તો પછી સિદ્ધાત્માઓનું પરોક્ષ આત્મિક સુખ વાણીના વિષયમાં ન ઉતરે એમાં આશ્ચર્ય જ શું છે? કહ્યું છે કે–

" કુમારી જેમ સ્ત્રીસુખને ન જાણે અથવા અંધપુરુષ જેમ ઘટરૂપને ન જાણે, તેમ બ્રહ્મ (મોક્ષ), જે સ્વયંવેદ્ય છે, તેને અબ્રહ્મ (મોક્ષ નહિ પામેલા આત્માઓ) કદી પણ ન જાણી શકે."

એ વાત વધુ સ્પષ્ટ સમજવા માટે બે કન્યાઓનું દૃષ્ટાન્ત છે. પુરુષથી અસંયુક્ત, અભિન્નરજસ્ક સ્ત્રીને કન્યા કહેવામાં આવે છે. એવી બે કન્યાઓને પરસ્પર અત્યંત પ્રીતિ હતી. બન્નેને પરસ્પર સંકેત થયો કે–પુરુષના ભોગથી થનારું સુખ પરસ્પર એક–બીજીએ એક–બીજીને કહેવું. એમાંથી એક કન્યાનું પાણિગ્રહણ થયું. બીજીએ તેણીને પૂછયું કે–કેવું સુખ છે? તેણીએ કહ્યું કે–' હે સખી! એ સુખને હું કહેવા માંગુ તો પણ કહી શકું તેમ નથી.' બીજી કહે છે કે–' તું કરેલી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે.' કાળાન્તરે તે પણ પરણી અને સ્વપતિ સાથે રહી. પતિનું સુખ સ્વાનુભવથી જાણ્યું. તે વર્ણનાતીત છે, એમ સાક્ષાત્ જાણીને પોતાની મેળે જ તે પોતાની સખી પાસે ગઈ અને કહ્યું કે–' હે સખી! જેવું તેં કહ્યું તેમજ છે. બીજાને આ સુખ કહી શકાય તેવું નથી.'

એ પ્રમાણે જે સિદ્ધિનું સુખ છે, તેને સિદ્ધો જ જાણે છે, કારણ કે–તેનો અનુભવ તેઓને જ છે. તે સુખને નહિ પામેલા આત્માઓને તેનો અનુભવ નથી, તેથી તેઓ કેવી રીતે જાણી શકે અને કહી શકે? જ્ઞાની પણ તેનું વર્ણન કહી શકતા નથી. તે માટે કહ્યું છે કે–

'જાણે પણ ન શકે કહી પુર ગુણ, પ્રાકૃત તિમ ગુણ જાસ,
ઉપમા વિણ નાણી ભવમાંહિ, તે સિદ્ધ દિઓ ઉલ્લાસ રે.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો.

—ઉપા. **શ્રી યશોવિજયજી** ગણિ.

સંસારમાં જેટલાં સુખો છે, તેટલાં અન્ય પદાર્થોના સંયોગથી થયેલાં હોય છે. અસંયોગી સુખ સંસારમાં છે નહિ, તે કેવળ મોક્ષમાં છે, તેથી તેની ઉપમા પણ જગતમાં મળતી નથી. એવા નિરૂપમ સુખનિધાન મોક્ષની પ્રાપ્તિ, એ જ સાચી આત્મસાધના છે અને એનું જ બીજું નામ જૈન સાધના છે.

૧. કેટલાક કહે છે કે—જીવને મોક્ષ છે, પણ [illegible] નક્કી થયેલું હોય છે, ત્યારે જ મળે છે. તે પહેલાં ગમે તેટલા ઉપાય કરવા છતાં તે મળી શકતો નથી. દર્શન-જ્ઞાન-ચારિત્રથી મોક્ષ મળે, તો દર્શન-જ્ઞાન-ચારિત્ર શેનાથી મળે? ગુણ વિના જેમ ગુણ મળે, તેમ ગુણ વિના મોક્ષ કેમ ન મળે? **મરૂદેવા** ચારિત્ર વિના મોક્ષ પામ્યા કે નહિ? **ભરત** રાજાએ આરિસાભુવનમાં કેવળજ્ઞાન મેળવ્યું કે નહિ? કેટલાક થોડા કષ્ટે મોક્ષ પામે છે અને કેટલાક ઘણા કષ્ટે મોક્ષ પામે છે, તેમાં કારણ જેની જેવી ભવિતવ્યતા. નિયતિ વિના સાધ્ય સિદ્ધ થતું નથી. પહેલાં જોયેલા ભાવોમાં કાંઈ પણ વૃદ્ધિ-હાનિ થઈ શકતી નથી. ફોકટ કાયકષ્ટ કરવાથી શો લાભ? ક્રિયા-કષ્ટ કેવળ લોકરંજન માટે છે માટે નિરર્થક છે.

જૈનદર્શન કહે છે કે-મોક્ષને માન્યા પછી તેનાં કારણોની અવગણના કરવી, એ એની પાછળ કામભોગજનિત સુખોની લંપટતા સિવાય બીજો કોઈ હેતુ નથી. કાર્ય છે અને કારણ નથી-એમ કહેવું, એ શું સાચું છે? જો સર્જિત મુજબ બધું થાય છે, તો દુશ્મન ઉપર રોષ, મિત્ર ઉપર તોષ, સ્ત્રી ઉપર પ્રેમ અને વ્યભિચારી ઉપર રીસ શા માટે? જો સર્જ્યું અને દીઠું જ થતું હોય, તો ઘડો બનાવવા માટે દંડ અને રસોઈ કરવા માટે અગ્નિની શી જરૂર છે? જો સર્જ્યું હશે, તો તૃપ્તિ થશે-એમ માનીને ભોજનક્રિયા બંધ કેમ કરવામાં આવતી નથી? પાપમાં ઉદ્યમ આગળ પાછળ અને ધર્મમાં સર્જ્યું કહેવું, એ ન્યાય છે કે અવળી મતિ છે? પહેલા ગુણની પ્રાપ્તિ જે ગુણ વિના થાય છે, તેમાં પાકેલી ભવસ્થિતિની દયા છે. ફળનો પાક બે રીતે થાય છે-એક ઉપાયથી અને બીજો કાળથી. એ રીતે કર્મનો પાક પણ બે રીતે થાય, તેમાં શી હાનિ છે? અથવા પહેલા ગુણની પ્રાપ્તિ ગુણ વિના થાય તેનું કારણ પૂર્વસેવા મૃદુતર હોય છે, તેથી સહેલાઈથી થઈ શકે છે પણ ઉત્તરસેવા સહેલી હોતી નથી. તેમાં ઘણાં કષ્ટ તથા અરિષ્ટ રહેલાં છે. જ્ઞાનપૂર્વક જે કષ્ટ સહન થાય છે, તેને તપ કહેવાય છે. તેને અશુભ કર્મોનો ઉદય મનાય નહિ. ઘણાં ઈંધન ઘણા કાળે બળે અને થોડાં ઈંધન થોડાં કાળે બળે. અગ્નિમાં જેમ અભંગ દાહકશક્તિ છે, તેમ મોક્ષનાં કારણોમાં પણ કર્મને દહન કરવાની અખંડ શક્તિ રહેલી છે. દંડાદિક વિના જેમ ઘટ થતો નથી, તો પણ માટીના

ભેદથી જેમ ઘટનો ભેદ થાય છે, તેમ જીવદળના ભેદથી ફળમાં ભેદ પડે છે. વ્રતાદિના પાલન વિના કદી કોઈ નો પણ મોક્ષ થતો નથી. જો વ્રતપાલન છતાં કોઇની સિદ્ધિ ન થાય, તો પણ વ્રતાદિથી વિરમવું ઉચિત નથી. ફળસંદેહ છતાં કૃષિકાર શું બીજ વાવવાની ક્રિયા નથી કરતો ? માટે જ્ઞાનાદિક ગુણમાં મુક્તિના હેતુપણાનો લેશ માત્ર સંશય રાખવો યોગ્ય નથી. જીવ છે, તે નિત્ય છે, જીવ ઉપર કર્મ છે, જીવ તે કર્મનો કર્તા છે, જીવનો મોક્ષ છે અને એ મોક્ષનો માર્ગ પણ છે. એ છએ વસ્તુ ઉપરની અખંડ શ્રદ્ધાને જ શ્રી જૈનશાસનમાં સમ્યક્ત્વ માનેલું છે અને એ સમ્યક્ત્વ જ મોક્ષનું બીજ છે. સમ્યક્ત્વ સહિતનાં જ્ઞાન અને ચારિત્રને જ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તરીકે સ્વીકારેલાં છે. કહ્યું છે કે—

"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः"

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર—એ ત્રણેય એકત્ર મળીને મોક્ષમાર્ગ બને છે.

---

## ચાર પુરુષાર્થમાં ધર્મ અને મોક્ષપુરુષાર્થની શ્રેષ્ઠતા

पुमर्था इह चत्वारः कामार्थौ तत्र जन्मिनाम् ।
अर्थभूतौ नामधेयादनर्थौ परमार्थतः ॥ १ ॥

આ જગતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ ચાર પુરૂષાર્થો છે. તેમાં કામ અને અર્થ—એ બે પુરુષાર્થો તો પ્રાણીઓને નામથી જ પુરુષાર્થરૂપ છે, પરમાર્થથી તો તે અનર્થરૂપ જ છે.

अर्थस्तुमोक्ष एवैको धर्मस्तस्य च कारणम् ।
संयमादिर्दशविधः संसाराम्भोधितारणम् ॥ २ ॥

ચાર પુરુષાર્થોમાં ખરી રીતે પરમાર્થરૂપ તો એક મોક્ષપુરુષાર્થ છે અને તેનું કારણ ધર્મ છે. તે ધર્મ સંયમ વગેરે દશ પ્રકારનો છે અને સંસારસાગરથી તારનારો છે.

अनन्तदुःखः संसारो मोक्षोऽनन्त सुखः पुनः ।
तयोस्त्यागपरिप्राप्ति हेतु धर्मं विना न हि ॥ ३ ॥

અનંત દુઃખરૂપ સંસાર છે અને અનંત સુખરૂપ મોક્ષ છે, તેથી સંસારના ત્યાગનો અને મોક્ષની પ્રાપ્તિનો હેતુ ધર્મ વિના બીજો કોઈ નથી.

मार्गश्रितो यथा दुरंक्रमात् पंगुरपि व्रजेत् ।।
धर्यस्थो घनकर्मापि तथा मोक्षमवाप्नुयात् ॥ ४ ॥

પાંગળો માણસ પણ વાહનના આશ્રયથી જેમ દૂર જઈ શકે છે, તેમ જીવ ઘણા કર્મથી ભરેલો હોય છતાં પણ ધર્મનો આશ્રય કરવાથી મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

–ત્રિશષ્ઠિશલાકાપુરુષચરિત્ર–પર્વ ૧૦–સર્ગ ૧૩
શ્રી મહાવીર ભગવાનની અંતિમ દેશનામાંથી.

જપ દ્વારા શ્રી પરમેષ્ઠિ નમસ્કારને હૃદયમાં વસાવ્યા પછી કોઈ અશુભ ભાવ ત્યાં રહી શકતો નથી અને ઉચ્ચ ભાવનાઓના મોજાં સદા હૃદયમાં ઉછળ્યા કરે છે.

*

દિવસે કે રાત્રે, સુખમાં કે દુઃખમાં, શોકમાં કે હર્ષમાં, ઘરમાં કે બહાર, ભૂખમાં કે તૃપ્તિમાં, પ્રવાસમાં કે સ્થિરતાના સ્થાનમાં—એમ સર્વત્ર સર્વદા શ્રી પંચ-પરમેષ્ઠિઓનું સ્મરણ કરવું જોઈએ.

*

શ્રી નવકારમંત્ર અપરાજિત મંત્ર છે, જગતના સઘળા મંત્રોમાં પ્રથમ છે, મહાન્ છે, અનુપમ છે, જગતમાં પ્રસિદ્ધ છે, જગત્વંદનીય છે અને જગતનું હિત સાધનારો છે.

*